સંકટમાં સબુરી—પરીણામ ફતેહ.

ચંદ્રબા અને બેચરસીંઘ.

એક સંપૂર્ણ વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

કુંવરજી વિ. કલ્યાણજી ઠક્કર.
લોહાણા.
કચ્છમુંદ્રા.

મુંબઈ.

રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસમાં
સાંકળચંદ મેહાસુખરામે છાપી.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫.

કીંમત રૂ. ૧ા સવા. (કોરી ૫ પાંચ)
ટપાલ ખર્ચ આના બે વધારે.

અર્પણ પત્રિકા.

શેઠ પરસોતમભાઈ નરસી

ભાટીયા

કચ્છ ભદ્રેસરવાળા.

મુ૦ જંગબાર.

સાહેબ,

પ્રીતની રીત સાચવવામાં આપ સારા ગુણો ધરાવો છો. વિદ્યાંને ઉત્તેજન આપવાને આપની ઉદારતા નિરંતર ઉત્કંઠિત છે. પૈસાદાર છતાં ગર્વ રહિત વરતનાર જણાયા છો. સભ્યતાને આપે સ્વિકારી છે. એ વિગેરે સારા ગુણોને લીધે તથા આ પુસ્તક છપાવનાર ઉપર આપ અપૂર્વ સ્નેહભાવ રાખો છો તેના પ્રતિચિન્હમાં યાદગીરી દાખલ આ લઘુ ગ્રંથ માન પૂર્વક અર્પણ કરૂં છું.

સેવક

કુંવરજી વિ. ક. ઠક્કર.

કર્ત્તા તરફથી વિનંતી અને પ્રસ્તાવના.

પ્રિય વાચનાર ગૃહસ્થો આ તમારા સેવકે કેલવણીના બાબમાં સંપૂર્ણ સહેલ કરી નથી, પુસ્તકો રચવા કે તેની નકલ કરવાના રસ્તાતો બિલકુલ જોયાજ નથી. આમ છતાં એક અજાણ્યા મારગમાં ચાલવાની આ પહેલ વહેલી હામ બીડી છે તેમાં ફતેહ મેલવી શકયો છું કે નહિં તે બાબત નકકી કરવાનો અભીપ્રાય આપના હાથમાં રહેલો છે.

આ સેવકે સન ૧૮૯૪ ના જાન્યુવારી માસમા મુંદ્રા ન્યાયાધિશ રા. રા. રતનશંકર ભાઇશંકરની બદલી થતાં ત્યાની પ્રજા તરફથી તેમને માન પત્ર આપવા માટે ગોઠવણ થઇ હતી. તે પ્રસંગે થયેલા મેલાવડામાં એક ભાંગેલ તુટેલ લખીત ભાષણ તૈયાર કરેલ. મેં વિદ્વાનોની સમક્ષ મોટી જાહેર સભામાં છુટ જુબાનથી રાસ્ત ત્વારીખનું બિયાન કરવાની પહેલ વહેલી શરૂઆત ત્યાં કરી હતી. મારા મનથી તો બહુજ મહેનતથી ભાષણ તૈયાર કરેલ પણ મારા જીગરમાં આ વાત રમી રહી હતી કે, વિદ્વાનોના મનને તે એક કંટાળા ભરેલું થઇ પડશે. તોપણ આ સેવકે તો પોતાની મુરાદ પ્રમાણે જાહેરાતમાં દેખાવ દે બનાવેલ ભાષણ બહુજ મુશીબતે વાંચી સંભલાવ્યું આ રસ્તો પસાર કરી ગયા પછી મારા મનને બહુજ ખુશાલી પેદા થઈ હતી. અને કદરદાન ગૃહસ્થોએ મીઠી જુબાનથી તે વખ્તે આગળ વધવાને માટે ભલામણ કરી હતી. વળી એજ મૂદતમાં કેટલાક મારા મિત્રો તરફથી સુચના કરવામાં આવી કે, તમારી કલમથી એકાદ વારતાનું પુસ્તક બનાવવામાં આવે તો તે વાંચવા અમારી ઇચ્છા છે. પરંતુ તે કામ સંપૂર્ણ થવા માટે મને શક રહે છે. એવો જવાબ મારા તરફથી અપાઇ ગયો. તોપણ મારી ઇચ્છા એકાદ કલ્પિત વારતા લખી તૈયાર કરવા તરફ દોડાઇ જેના પરિણામે ફુરસદના વખ્તમાં થોડાં થોડાં પાના ચીતરવા લાગ્યો હતો. જેથી આ પુસ્તક તૈયાર થયું છે.

કોઇપણ પુસ્તકની મદદ વગર એકાદ કલ્પિત વાર્તા તૈયાર કરવી એ કામ સહેલ છે. એમ તો કહેવાય નહીં. તોપણ ઉમેદ ધરાવનાર માણસ મહેનત કરે તો છેવટે ઓછો વધતો ફાવે તો ખરોજ. આળશુ અથવા નિરૂદયમી માણસને ત્યાં ફતેહમંદી પોતાની મેળે ચાલી ચલાવી આવતી નથી એ કુદરતી કહેવત છે. એ કહેવત ધ્યાન પર રાખી હુ

આ કામ પછવાડે મંડયો તો છેવટે આ નાની સરખી બુક તૈયાર કરી શકયો છું. લેકીન એટલાજ કારણસર મને ખુશી થવા જેવું કંઈ નથી. કારણ વાર્તાની કિંમત તેના છેલા પરિણાંમ ઉપરથી થાય છે. હું બિન અભ્યાસ વાલો વળી પુસ્તક રચવામાં માહેતગારી રહીતનો હોવાના કારણથી મારી લુલી લંગડી બિન કસાયલી કલમથી અશુદ્ધ અને રસ વગરની લખાવટથી બનેલ આ પુસ્તક નિતીવાળા બહાદુરો અને વિદ્વાનોને અણ ગમતું થૈ પડશે. એવી બીક તળે હું અવલથીજ દબાયલો છું. પરંતુ તે દબાણ તળે રહી જવા કરતા પોતાની આવડત પ્રમાણે આરંભેલુ કામ સુજ્ઞ જનોની સેવામાં મૂકવું એ ડહાપણ ભરેલું અને શિખવા માટે ગોયા એક સાધન રૂપ છે. એમ મારી માન્યતા હોવાથી હું પહેલા દબાણથી હેબતાયો નહિં. વિદ્વાનો પાસે પોતાની આવડત પ્રમાણે તૈયાર કરેલ કામ બતાવવાથી તેઓ આપણને હશી કાઢશે નહિં પરંતુ પોતાની ચાલુ રીત પ્રમાણે આપણને સુધારવાની તજવીજ કરશે. એ નિયમ જાહેર જાણવામાં હોતાં આ ગ્રંથ બહાર પાડું છું. અને માનું છું કે, મને કંઇ પણ શિખવાનું મળશે.

ઉદ્ધતી વયના જુવાનીઆઓ થોડી કેલવણીના કારણસર અવલ અશુદ્ધ અને રસ વગરના પુસ્તકો તૈયાર કરી શકવા શિવાય વિદ્વાનોને રૂચે એવા ગ્રંથો તો કયાંથી બનાવી શકે, આવી અવસ્થા વાળા જુવાનીઆઓને આગળ વધારવાની કોશીશ કરનારા મહેરબાનોની સંખ્યા કરતાં તેમને તોડી પાડનારાઓની સંખ્યા આજ કાલ વિશેષ જોવામાં આવે છે. પરંતુ તેમ કરવામાં તેઓને કંઇ ફાયદો નથી. અને સામા ધણીની ઉમેદને તેઓ રદ બાતલ કરી નાખે છે. પરંતુ તેમ કરવા કરતાં એક અજાણ્યા માણસનો હાથ ઝાલી તેને આગળ વધારવાની કોશિશ કરવામાં આવે તો તેમની શોભા વધવા જેવું છે.

મારી હાલત હું ઉપર સંક્ષેપમાં બતાવી ગયો છું તેવા પ્રકારની હોવાના પરિણામે આ પુસ્તકનું દરેક પાનું ભુલોથી નિરાલું જોવામાં આવશેજ નહિ. તોપણ પ્રિય વાંચનાર આ શબ્દ ધ્યાનપર લઇ કંટાળાને પોતાનાં મગજમાં જગ્યા આપશે નહીં એવી ઉમેદ છે. "ખામી વિનાનુ કોઇ માણસ નથી. ખામી વિનાનું કોઈ કામ નથી, તેવીજ રીતે ખામી વિનાનું કોઈ પુસ્તક નથી"

આ પુસ્તકમાં કેટલીક રાગ રાગણીઓ પ્રસંગોપાત દાખલ કરવામાં આવી છે પિંગળના જ્ઞાન વગર હરેક કવિતા અથવા રાગ રાગણી શુદ્ધ રીતે બની શકતી નથી. આમાં જે કંઈ રાગ રાગણીઓ દાખલ કરવામાં

આવી છે. તે માત્ર ચાલતા જમાનાને અનુસરીજ છે, મારૂં લખાણ અને કવિતા દોષવાળી જણાશે. અને તેથી સુજ્ઞજનોને હશવું આવશે. માત્ર તે ઉપરથીજ હું માની લઇશ કે, પુસ્તકે કંટાળો આપ્યો નથી, છેવટે હું એટલુંજ માંગી લેઉં છું કે, આ પુસ્તકમાંની ભુલો અને અશુદ્ધ લખાણથી આપ કાયર નહીં થતાં તેને સુધારી વાંચવા કૃપા કરશો. તેના પર રીવ્યુ લઇ મને ખાનગી બોધ દાખલ મોકલવા તસ્દી લેશો તો આભાર માનીશ.

આ પુસ્તકમાં દાખલ થએલાં વિષયોનો સંક્ષેપ હેવાલ આ પ્રમાણે છે. ચંદ્રબા, એક સારા નબીરાની ઓલાદ છે તેણીએ થોડીક કેળવણી સંપાદન કરેલી અને તે દરેક બાબતમાં સારા ગુણવાળી હતી. પણ ફક્ત એચરસીંગ ઉપરના પ્યારમાં તે હેરાન થઇ હતી. ચાહે તેવા વિચારવાળા માણસો કુદરતી પ્યારની શકિત આગળ લીન થઇ જાય છે. તેવાજ પરિણામમાં ચંદ્રબા ફસાઇ ગઇ હતી. તેણીનો વાહાલો બાપ પદમશીંગ તે સંસારીક મોહપાસમાં જાણીતી થાય તે પેહેલા વિખુટો પડી ગયો હતો. જેથી હઠીશીંગ નામના પોતાના કાકાના આસરા તળે તે રહી હતી. હઠીસંગ એક વહેમી સ્વભાવનો તામસી માણસ હતો. તેની સાથે પોતે નક્કી કરેકી વાતને ગમે તેમ થાઓ તોપણ નહીં છોડનાર હતો, છોકરીઓને સંસારનો સાથી શોધી આપવાનો હક્ક વાલીઓનો છે. એ રીત પુરાતનથી ચાલતી આવે છે. તે દરમ્યાન એકાદી છોકરી પોતાના પસંદ કરેલ સાથી સાથેના પ્યારની ખબર વ્હેમી વાલીઓને પડે તો તેના પરિણામો કેવાં ઉલટ સુલટ આવે છે. હઠીલા લોકો કેટલે દરજ્જે ખોટા કાવતરા કરે છે. તે બાબત હઠીશંગની વરતણુક ઉપરથી જણાઇ આવશે.

ભદ્રસીંગ એક આબરૂદાર પૈસાવાળો વૃદ્ધ ગૃહસ્થ હતો. ચંદ્રબાના રૂપ અને ગુણ ઉપર તે મોહીત થઇ પડયો હતો. પોતાની ઉમેદ પાર પાડવાને માટે તેણે કેવી કેવી નીચ યુક્તિઓ લુચ્ચી સલાહકારોની સલાહથી કામે લગાડી હતી. જેનું પરિણામ તેના માટે કેવું આવ્યું એ બિના મનન કરવા લાયક છે.

ચાલુ રૂઢીના બળથી કેટલાક માબાપો પોતાની વહાલી પુત્રીઓને આગળ પાછળના વિચાર કર્યા વગર આબરૂ કમાવાની ખાતર અથવા તો પૈસાની લાલચે પોતાની મરજીમાં આવે તે સાથે લગ્ન કરી આપે છે. તેમાં છોકરીઓ કેવી રીતે પિલાય છે એ વિષય પણ ધ્યાન ખેંચનારો અને દયા ઉપજાવનારો છે.

હલકી બુનીયાદના અથવા તો લુચ્ચા અથવા વશીલદાર બેધડકથી

વરતનારા કારભારીઓ આગળ કવી રીતે વર્તતા હતા અને પ્રજાને પોતાના સ્વાર્થની ખાતર કેટલીક હદે હેરાન કરતા તે બાબતમાં થોડોક હેવાલ આપવાની કોશિશ આ ગ્રંથમાં કરવામાં આવી છે. ઇંગ્રેજ સરકારના અમલમાં જે ન્યાય અને સ્વતંત્રતાનો આપણે લાભ લઇએ છીએ તેવો લાભ આપણા વડીલોએ આગળના વખતમાં લીધો નહિં હશે, એમ કેટલાક સંયોગો ઉપરથી આપણે માની શકીએ છીએ. જે કામો અને જેવાં ખાતાંઓ હાલ હાસ્તિમાં દેખાવ આપે છે અને ભવિષ્યમાં આપશે એવી આપણને આશાઓ છે. તેવાં કામો અને ખાતાઓ વિશે પ્રજાને નિંદ્રામાં પણ ખ્યાલ નહિં આવેલ હશે. દેશી રજવાડામાં પણ ઘણી જગોએ સુખશાન્તિ પ્રસરી રહી છે. લાલચુ કારભારીઓ અને કામદારો પડી ભાગ્યા છે. પ્રજાને પસંદ પડતા કાનુનો અને સ્વરાજ્યના હકો આપવામાં આવે છે. કચ્છાધિપતિ મહારાઓ શ્રી ખેંગારજી સવાઇ બહાદુરના મુલકમાં પ્રસરી રહેલી ખુશાલી પ્રજા તરફના પ્યાર બાબેનો હેવાલ કુદરતી રીતે ગ્રંથ કર્તાના જુસ્સામાં ઉભરાઇ જવા લાગ્યો જેથી સંક્ષેપમાં વિદિત કરવામાં આવેલ છે. આગળના વખતમાં કેટલાક રાજ્યોમાં જેમ ખોટી કમાઇની ચોપટો અને તરકટના બનાવનારા કારભારીઓ હતા. તેમજ સારી નિષ્ઠાવાળા સ્વતંત્ર દયાળુ અને ન્યાઇ અમલદારો નહોતા એમ નહોતું. જ્યારે તે વખતમાં તેવાઓની સંખ્યા જુજ હતી. ત્યારે હાલના વખતમાં આપણને તેવાઓ વિશેષ જોવામાં આવે છે. લુચ્ચાઓને યોગ્ય બદલો વેળાસર મળે છે. જેમ રાજ્યકર્તા તરફથી પ્રજાપર વ્યાજબી હકોની નવાજેસ કરવામાં આવે છે તેમ પ્રજા પણ રાજ્યભક્ત બનતી જાય છે.

ખરા પ્યાર અને અંદરની લાગણી બહુમકંમપણે સાબુત હોય છે. તો છેવટે એક બીજાનો મેળાપ કુદરતી રીતે થવા વગર રહેતો નથી. ખેચરસીંગ અને ચંદ્રબાએ ઘણા સંકટો સહન કર્યા. તોપણ બંનેની મોહોબત કાયમ હતી. તો ધારેલી આશાઓને તેઓ પામ્યા હતા. સંકટ વચે સબુરી ગ્રહણ કરવાથી પરિણામ સારૂં આવે છે. ખોટાં કાવતરાં કરનારાઓ અંતે ફસાય છે, ને તેમને દીલગિરીમાં આવવું પડે છે.

પ્યારની લાગણી કોઇના તરફ નહિં બંધાય તો ઘણુંજ સારૂં છે. અગરચે બંધાય તો ચંદ્રબા અને ખેચરસીંગના જેવી સાબુત હોવી જોઇએ.

આ વાર્તા કલ્પિત અને એક અલ્પમતિના જુવાનીયા માણસના હાથે લખાએલી છે. તેમાં કોઇ જગોએ ખુલા શબ્દોની હાજરી જોવામાં

આવે તો ગ્રહસ્થોએ દરગુજરકરવાની મહેરબાની કરવી.

વાકય રચના વ્યાકરણદોષ વીગેરેમાં યોગ્ય સુધારા સુચવી તથા પ્રસંગોપાત બીજી સુચનાઓ કરી જે કીમતી મદદ મુંબઈના મી. નારાણજી હરીરામ દેવસીએ આપીછે તે બદલ તેમનો આભારી થયો છું. ફેરકોપી લખવામાં મુંદ્રાના અધીકારી નરભેશંકર કેશવજીએ જે કાંઈ મેહેનત લીધી છે તેનો અને કચ્છી કાફીઓની રાગણી તૈયાર કરવામાં તુર્ક ઇબ્રામ તાલબે આપેલી સુચના માટે તેમનો આભાર માનું છું.

કેટલાક મારા મેહેરબાન મીત્રો જેઓએ દુર દેશાવરમાં રહ્યા છતાં મારાપર સંપુર્ણ પ્રીતીભાવરાખી આ પુસ્તકને આશ્રય આપેલો છે તેમનો ઉપકાર માની પ્રસ્તાવના પુરી કરવાની રજા લઉં છું.

માઘ શુકલપક્ષ અષ્ટમી સુર્યવાર સંવત ૧૯૫૨	કું. વી. ક. ઠક્કર કર્ત્તા.

ઇશ્વર સ્તુતિ

રાગ–સુણી

તોજેનાલે આઉં કુળબાની–કર ખેર *ગુરાં મેહેરબાની–તોજે નાલે આઉં. ટેક
હિનદુનિયાંકે જાણુા કુડી–આખર આયે ફના, સાંઇ. આખર આયે ફના;
હાલ *કૈયાં ૧આઉં રોસન આંકે–દુર કર્યો હેરાની. તોજે૦ ૧
તું જગ કરતા તું દુઃખ હરતા–સાચો સ્વામિ તું છો, પ્રભુ, સાચો સ્વાંમિ તું છો;
કેક દુઃખીના દુઃખ તેં કાપ્યા–લ્યો ગરીબની મેહેમાંની. તોજે૦ ૨
આદમકે પર મેહેર તુમારી–ખેર રખો તુમ જારી, યાર, ખેર રખો તુમ જારી;
નામ જીગરમે જો નર ભુલા–કી ઉસને બડી નાદાની. તોજે૦ ૩
૪ઘલડી રમુંજી આયે ૩ત્વારી–અબ ગડી આંકે મિલા, સાંઇ, અબ ગડી આંકે૦
ઉમેદ તપ્યે ધીધ લાય–મરખો મુંસે ભેગાની. તોજે૦ ૪
નામ નીરંતર હૈયે રાખુ–ગુણ તારા શું ભાંખુ, પ્રભુ, ગુણ તારા શું ભાંખુ;
મેહેર ન હોય તારી મુરારી–તો થાય બહુ હેરાની. તોજે૦ ૫
દુનિયાકે સબ હવસ કુડે–દેખા અજબ તમાશા, યાર, દેખા અજબ તમાસા;
હરદમ મેરે શીનેમે તુમ–રહોગે સેવક માની. તોજે૦ ૬
૪સઢકે તોજે નાલે મથા આઉં–માંકે માં છડેયો, સાંઇ, માંકે માં છડેયો;
ફરી મિલાં વચ પંધ અઈ ૫ડાઢા–દુર કયો વેરાની. તોજે૦ ૭
આવો પધારો કાનજી કારા–મોરેલી વાળા માવા, પ્રભુ, મોરેલી વાળા માવા;
દર્શન આપો પાવન થાઉં–માફકરો નાદાની. તોજે૦ ૮
બંદગી બોલુ ૬શના સુનાવું–હરદમ યાદ રખુંગા, યાર, હરદમ યાદ રખુંગા;
૭કારસાજ કર ૮દીદર હમપર–ખાવીંદ હો દીલજાની. તોજે૦ ૯
અજાણે રસ્તે ચાલવુ મારે–થર થર કાયા કંપે, પ્રભુ, થર થર કાયા કંપે;
૯અજો મુઇંક આયે તુઇંજો–આદીલ બોલુ જુબાની. તોજે૦ ૧૦
વગર કસાયલ કલમ છે મારી–ન માલી મે તી લેખાય, ન માલી મે તી લેખાય;
૧૦તરીસે હમકું દુર કરોગે–લખતા હું મેં કહાની. તોજે૦ ૧૧
નાલો તુઇંજો મિઠો લગેતો–હૈયે નહીં વિસરાં, સાંઇ, હૈયે નહીં વિસરાં;
"કુંવરજી"ચે ૧૧ગદા અઇંકે–પાર ઉતાર્યો જાની. તોજે૦ ૧૨

---

* માગવું * કેહેવું ૧ હું ૨ મારી ૩ ધીરજ વગરની ૪ દુખણા લેવો ૫ મજબુત ૬ તારીફ ૭ કાર્ય કરનાર ૮ નજર ૯ ભરૂસો ૧૦ સમુદ્ર ૧૧ ભેટવું.

રાગ ઉપરનો.

એક મળવાનો દુઃખ સાલેઃ એક મળવાનો દુઃખ સાલે,
રહી ઉમેદ આપ હવાલે. ટેક.
ઉમેદનો દરખત જે મારો, ૫રતી તારી ચોકી—પ્રભુ ૫રતી તારી ચોકી;
અપરાધી જેમ કેદ રહે છે, છે આ તેજ મિસાલે—એક. ૧
વિચાર મારા અહર્નીસ જુદા, જુદા ભેદ બતાવે—પ્રભુ જુદા ભેદ બતાવે,
બતાવ મુજને સીધો રસ્તો, તે રસ્તે આ ચાલે—એક. ૨
કોઈ સવાલી તુજ દરગાથી—નથીજ વળતો ખાલી, પ્રભુ નથીજ વળતો ખાલી.
કયાં ઢુંઢું હું તદન અજાણ્યો, ઉમેદ મળસે કાલે—એક. ૩
હુ મુર્ખ છઉ કાંઇ ન જાણુ—બોલી શકું તે કયાંથી—પ્રભુ બોલી શકું તે કયાંથી;
આપ કૃપાથી દુર રહું તો, કેમ કલમ મુજ ચાલે—એક. ૪
સિરનામી 'કુંવરજી' માગે, આપછો અંતર જામી—પ્રભુ આપછો અંતર જામી;
મેહરકરો શ્રીકૃષ્ણ મુરારી, રાખો દાસ મિસાલે—એક. ૫

કચ્છી કાફી.

તોજી દરગા દસણજો પંધ પરં.
કોભૈયાં કડે પુજે હી માર—તોજી દરગા ટેક.
દુખી થ્યો હી આય વિચારો, પાછોવર હણે નાંયઆરો;
છો કેયેતો હી સુખ ખારો, ઈ લોક કેયેતા પુઠકાર.—તોજી૦ ૧
વાટે મે અંઇ દુગર કારા, સિંહ ગજે ઉત બ્યા શીયાડા,
દેબતજા જત વજે નગારા, ખેરં વસાય તુ કર મેરૂ.—તોજી૦ ૨
સાથ મુઇજે કોય ન હલધો, ઉમેદ માંકે દોસ્ત મલધો;
ગડણથીધો ધીધ દસધો, ઉન માર લાંય હેરાન હી.ર.—તોજી૦ ૩
તલ્પી તલ્પી જીવ મરે તો, અસક છડ ઈ તન ચવે'તો;
'કુંવરજી'ચે હાલ દસે તો, મલ સેણ અચેત્યુ અંધારં.—તોજી૦ ૪

રાગ—સસઈ.

નમુ નમુ બંધ છોડાધે—હરદમ બોલુ મેં રાધે—ટેક.
જીનકું ઢુંઢુ વો નહીં મીલતા, જો કોઇ તુમસે મીલાધે—હરદમ૦
જલ્દ આકર દરશન પાઉં, એસા રસ્તા બતાધે—હરદમ૦
નરસી મહેતો પ્રલાદ સદામો, ઉનકી સંગ જોડાધે—હરદમ૦
સારદા માતા અવિચળ દેવી, ખોપ તેરા સમાધે—હરદમ૦
કછું નહીં જાનુ તુમકો માલુમ, મુજકો પાર લંગાધે—હરદમ૦

જુકો ભુલ્યો ચંગુ નાલો 'તોજો, જન્મ ડુંભાહિત ખાખે—હરદમ૰
પાપી જનો પણ પાર ઉતર્યા, તારૂ નામ આરાધે—હરદમ૰
'ઠક્કર' સોવાલી તુમ હો વાલી, દાસકી છાપ લગાવે—હરદમ૰

અચો નતા કો જાની, સે મુકે ચોયાર—(બે વાર)
તલ્પે ગડણુ લાય રૂ, અંઇ અચો—ટેક.
ધલડી ત્વારી. વઠી જસે બારી.
કડે તું વતાઇને ડોં, સે મુકે ચોયાર—તલ્પે. ૧
ખેણ દીયાં મેવા, કઇ યાં આણીં સેવા;
મનકે જલ્યો તા કો, સે મુકે ચોયાર—તલ્પે. ૨
એકે બોલાઇયે, ધીધતો વતાઇયે;
અપરાધ મુંઇ જો છો, સે મુકે ચોયાર—તલ્પે. ૩
"ઠક્કર" ઉન મારૂ, લાયકઇયાં કારૂ;
ફડેઉ અચી કંધો ભો, સે મુકે ચોયાર—તલ્પે. ૪

ચંદ્રબા અને બેચરસીંઘ ચાલુ વાર્તા.

પ્રકરણ ૧ લું.

પદમસીંગનું કુટુંબ.

માલો દરીયા લાલ જો, નિત્ય હૈયેમે રમીર્યો;
પ્રગટ જોતજી રોશની, ઉન ઉજાશ તેં હીરચ્યો.

જમાનાએ જેની ઉપર પોતાની અસાધારણ મુદત ખતમ કરેલ છે પરિણામે જેને બુઢાપાએ ઘેરી લીધો છે એવા એક બુજરગ આદમીની મીઠી જુબાનથી સાંભળવામાં આવ્યું છે કે પ્રાચીન કાળમાં પૂર્વે ભદ્રાગિરી નામે એક ખુશનુમા આબાદી ભરેલું શહેર હસ્તિ ભોગવતું હતું. તેની રચના ગેયા દુઃખી દીલને આરામીયત બક્ષનાર, દરદીના દરદને દફે કરનાર, રોજીના શોધનારને આસરો દેનાર અભ્યાસીઓને જ્ઞાન આપનાર અર્થાત બધી બાબતોથી ભરપૂર હતું. જેમાં કોઇ રીતની ખામી તો જોવામાં આવતીજ નહિં. તેનો દેખાવ રંગીલો રસીલો રમણીય અને દીલને રીજાવનાર હતો. તે પચરંગી પ્રજાથી ભરપૂર હતું. ત્યાં ધર્મ દાન વિદ્યા અને જ્ઞાનનો પસારો ઘણો હતો. નીતિ અને સંસારીક રીત ભાતની સમજ દરેક જગોએ મળતી હતી. એવા આબાદ શહેરમાં હિંદુ જ્ઞાતિનો એક સખ્સ નામે પદમસીંગ રહેતો હતો. આ માણુસ પૈસે ટકે સાધારણ હતો. પોતાનો રોજીનો વ્યાપાર કરી પેદા કરતો હતો પંડે ગરીબ સ્વભાવનો સરળ રસ્તે ચાલનાર ધર્મી ખસલત ધરાવનાર હતો. તેના કુટંબમાં તેની ઓરત નામે નંદીબાઇ તથા એક છોકરો અને એક છોકરી એમ કુલ ચાર જણુ સુખશાન્તિમાં દીવસો ગુજારતાં હતાં. છોકરાનું નામ ભાણુસીંગ અને છોકરીનું નામ ચંદ્રબા હતું. આ ભાઇ બેનની ચંચલાઇ માટે તથા તેમની હુશિઆરી, રૂપ, ગુણ, માટે જે બિના સાંભળવામાં આવી છે તે સઘળી આ જગોએ લખવામાં આવે તો બહુજ લંબાણ થઇ જવા સંભવ છે. ટુંકામાં આ બન્ને ફરઝંદ બધી બાબતોમાં સંપૂર્ણ હતાં.

આપણી આ વાર્તાની નાયક જ્યારે ઉપલી ચંદ્રપ્રભા છે: ત્યારે તેણીને આપણે અવલ યાદ રાખવાની છે. આ બાઈએ થોડીક કેળવણી લીધેલ હતી. અધુરી કેળવણીથી કેટલીએક બાળકીઓના ભેજામાં મગરૂરીનો વપન ભરાઈ જાયછે સત્યતા મુકાવે છે પણ આ બાળકી તેથી મુક્ત હતી તેની વય આ વખ્તે સુમારે બાર વર્ષની હતી. જ્યારે તેના ભાઇ ભાણુસીંગની ઊમર ૧૦ વર્ષની હતી. આ બંને બાળકો સંપી ચાલતાં હતા. કુદરતી રીતે ભાઈ બેનનો પ્યાર તેમનામાં સંપૂર્ણ હતો. તેમ તેના મા બાપોનો પ્યાર તેમનાપર અપૂર્વ હતો.

એક રોજ પદમસીંગને એવો વિચાર ઉત્પન્ન થયો કે વ્યાપાર અર્થે માલ ખરીદ કરવા માટે તથા અહિંનો માલ દેશાવર ખાતે લઇ જવો. એમ ધારી જવા બાબે મુહુર્ત જોશીકને જોવરાવી સારે દીવસે એક વાહણના અંદર કેટલોક માલ ભરાવી. પોતે તેજ વહાણમાં બેશી ભદ્રાગિરીથી રવાનો થયો. એકાદ બે દીવસ વહાણ સમુદ્રની અંદર ચાલ્યુ ગયું પણ તેમના કમ નશિબને લેધે એકાએક તોફાન થવાથી. એ વહાણમાં બેઠેલા શખ્સો બાપડા દરીયાના તોફાનમાં ફસાઈ પડયા. વહાણના કટકે કટકા થઇ ગયા. આવા ખબરો દરીયામાં મુશાફરી કરનારા બીજા શખ્સોના મેહોડેથી ભદ્રાગિરી શહેરમાં આવી પહોંચ્યા. જે વાત તેના કુટુંબને કાને આવતાં ત્યાં કરૂણાજનક દેખાવ થઇ રહ્યો હતો. પોતાના પતિના હાલ હવાલના ખબરો સાંભળી બિચારી નંદીબાઈ અફશોશમાં ગિરફતાર બની ગઇ; તેના તેજસ્વી ચેહેરાપર ગોયા સીહાઇ રંગ પસરી રહ્યો; એકા એક અણધાર્યા દુઃખના વાદળે તેણીને ઘેરી લીધાથી તે વિલાપ કરવા લાગી કે, હે પ્રભુ મે પૂર્વે કેવા અઘોર પાપ કર્યા હશે કે જેના લીધે મારા તથા મારા બચ્ચાંઓની દુર્દશાના આવા દીવસોએ દેખાવ દીધો છે. હે જગત કર્તા, હું અહોનિશ તારી ભક્તિ કરૂં છું; સદ્ગુણ અને સાચવટને શરણ છું. હે શિવ, તારો હુકમ મેં કોઈ દીવસ ઉલંઘન કરેલ નથી છતાં એકદમ અમારા શિરછત્રને ઊપાડી લીધો છે (રડેછે). ભદ્રાગિરી શેહેરમાં પદમશંઘના જાણુ પીછાનવાલા શખશો વચે બહુ બેચેની પ્રશરી રહી. બધાજણો તેના ગુજરી જવાની વાત જાણી કલ્પાંત કરી બેશી રહ્યા. નંદીબાઇને રડતી જોઈ બિચારી ચંદ્રપ્રભા પણ ગાભરી બની જાય છે. તથાપિ પેદા થયેલા દુઃખને હયામાં સમાવી નંદીબાઇને છાની રહેવા અને કલ્પાંત નહીં કરવા સમજુત કરે છે, કે હે માતુશ્રી. ધીરજ પકડ છઠ્ઠીના લેખ લખ્યા હશે. તેમાં મીન મેખ થવાના નથી, ' જેમ ઇશ્વરને ગમશે

અને જેવા દહાડા આપશે તેવા સહન કરીશું. આ સંસાર દુઃખ રૂપ છે, મોટા મોટાઓને પણ આ ફાની દુનિયાએ દુઃખમાં રીબાવ્યાના ઘણા દાખલા છે. મહારાજા હરિશ્ચંદ્ર સંસારના જબરા સંકટ તલે કચરાઇ જઇ છેવટે એક નીચ જાતીને ત્યાં દાસ બની રહ્યા હતા એ વાત કોનાથી અજાણી છે. આ સંસારમાં ખરૂં સુખ હયાતી લગી રેહેવાની ઉમેદ ગોયા હવાના કિલ્લાની મીશાલે છે. ખરો માનવી તેજ કે જે સુખ દુઃખ સબુરી અને ધીરજ સાથે સહન કરી શકે. દુઃખમાં નાઉમેદ અને સુખમાં મોજીલા પણું બતાવેલું એ મુરખાઇનો નમુનો છે. જેવી રીતે દરેક ચીજો બદલાયા કરે છે. તેવીજ રીતે દુનીયામાં સુખ દુઃખનો ચક્ર હરતો ફરતો રહે છે. માજી તમે રૂદન ના કરો છાના રહો:—

કારાયલ રાગમાં.

રૂવણુ લગે તો અશાંકે ભારી ભારી, નાયે દીઘલ કોયે ઘલધારી. ટેક.
ગમરે ગુંધરશે નાયે કોયે આરો, ખેર કંધોઇસ ત્રીપુરારી મુરારી. નાયે૦
દુઃખરૂપ દુનીયા દુઃખજો શાધ્યો, શભરમે સુખ આએ ભારી ભારી. નાયે૦
તો જે રૂવણુશે ભા ગભરાયે, ઘલમે લગે માંકે કટારી કારી. નાયે૦
"ઠકકર" હાલ પાણુજો સુણીને, દુઃખમે કંધોઉ મદદ ગારી ભારી. નાયે૦

નંદીબાઈની ઉમર પાંત્રીશ વર્ષ અંદરની હતી. તે અતી ખુબસુરત નહોતી તોપણ નાજુક બાંધાવાળી હેત પ્યાર સીખેલી હતી સારા સ્વભાવની અને સુધરેલા વિચારની સમજુ ઓરત હતી. પણ લાઈલાજ આવી ભરજુવાનીમાં તેને રંડાપો પ્રાપ્ત થયો હતો આવા દુઃખના દીવસો કોઇ હરીફને પણ પરમેશ્વર ન દેખાડે. પતિ ગુજરી જવાના ખબરો જાણવામાં આવ્યા તે દીવસોથી તે અફસોસીમાં ગિરીફતાર બની ગઈ હતી અન પાણી તો મુદલ તેને ગમતુંજ નહિં.

ચંદ્રબાના બોધયુકત વચનો નંદીબાઇ તથા ભાણસીંગના દુઃખી દીલપર દીલાસારૂપી દવા તરીકે થઇ પડયા હતા આ પ્રમાણે હર વખત નંદીબાઈ અફસોસ કરતી હતી. ત્યારે ચંદ્રબા જૂદી જૂદી રીતે તેમને દીલાસા આપી સાંત રાખતી હતી. આવી રીતે કેટલીક મૂદત ચાલ્યા બાદ તેમના પર મુફલસીના દેવે પોતાનો ગલબો ચાલુ કર્યો જેના પરિણામમાં વખતે આ કોમળ વયના ભાઈ બેન ભૂખ્યાં પડી રહેતાં હતાં. તેઓના સંકટની ન વર્ણવી શકાય તેવી ત્વારિખ છે.

કાંરાયલ રાગ.

" નંદીબાઇ "

કશમત કરે વઇ બદ યારી યારી,
હરદમ અચીપઇ લાચારી.   ટેક.
સુખરે લદેવેઆ ઓચિંતા દુ:ખ પેઆ,
કતરા દીં રોંધાં હી જારી

" ચંદ્રબા "

છાની રો તું મારે અશાંજી,
શભર મે આએ ધલધારી ભારી.—હરધમ અચી.
ભાણસીંધ પાંજે ભા તેં માલક,
મેર કધો લાલ ધરીયા ભારી ભારી.—હરધમ અચી.
સુણ સુણ ઇશ્વર દુ:ખીયે તે મેર કર,
"ઠકકર" ખેર ગુરે પોકારી. ભારી.—હરધમ અચી

અહો જગકર્તાની કેવી ગહન ગતિ છે. જે કુટંબ સુખશાંતિમાં દહાડા કાઢતું હતું જેણે દુ:ખની વાત સ્વપ્નાનામાં પણ જોએલી કે સાંભળેલી નહિં તેવા કુટંબની આવી હાલહવાલી જોવાથી ગમે તેવી સખ્ત છાતીવાળા આદમીના જીગરમાં દયા ઉપજ્યા વગર રહે નહિં જે બનવાનું છે તે હમેશાં બને છે. ઈનસાન પોતાના નસીબના ચકકરના કેટલા ફેર છે ભવિષ્યમાં શું બનાવ બનવાના છે તે બાબતની આગાહી અવલથી મેળવી શકતો નથી. ગુદસ્ત દીવસોમાં શું બન્યું તે જાણે છે પણ એક પળ પછી શું બનાવ બનશે તે કહી શકતો નથી. એક ઝાડના છોડવામાંથી જેમ બીજાં ઝાડો બને છે અથવા બીમાંથી થાય છે તેજ મીશાલ એક બનાવમાંથી સારા નરસા બનાવો બને છે. વખતે એવા પરિણામો પણ આવે છે કે કોઇ વાર જીવવા કરતાં મોહોતનાં તેડાંને આદમી વધારે વહાલું ચાય છે.

પ્રકરણ ૨ જું.

કુટુંબપર મુફલસી—હઠીસીંગનું આવવું.

નંદીબાઈ ગામનાં દળણા દળી પોતાના છોકરાંઓનું ઉદરનિર્વાહ ચલાવવાના રસ્તાપર આવી હતી. વખતે કોઇ દયાળુ દીલના સખ્સની દ્દષ્ટિ આ કંગાળીયતમાં આવી પડેલ કુટંબ પર પડતી તો તેના તરફથી નજીવી જેવી રકમ તેઓને બક્ષિસ આપવાના દાખલા બનતા હતા. હે પ્રભુ કોઈપણ બચ્ચાંના પોષણ કરનારનો તેનાથી વખુટો કરતાં પહેલાં તેના આસરા હેઠળ વરતનારાઓ તરફ વિશેષ દયા થવાના દાખલા હસ્તિમાં આણ. જે ઈનશાન સુખમાં દહાડા ગમન કરતો હોય તેનાપર કંગાલીયતપણું પોતાનું જોર ચલાવે છે ત્યારે તેવાઓની દુઃખી લાગણીનો ખ્યાલ તેના જેવી દુઃખી હાલત ભોગવનારા શિવાય બીજા કોઇને માલુમ હોતો નથી. તેવી હાલત ભોગવ્યા પછી જે ઘણી સારી હાલતે પુગેલ હશે તેને અલબતે ખ્યાલ આવશે. આવી જીંદગીમાં થતાં દુઃખ ઉમરની દોરીને જલદી ઘસાડે છે. કલેજાને કોતરી ખાય છે. પરિણામે માણસ કમોતે મરી જાય છે. બસ આવા છુપા દરદોને સબુરી શિવાય ઓર મલમ પટી નથી.

રાતપર રાત દેખાવ હોતી નથી. એ અદ્દભુત નિયમ અનુસાર પદમસીંગનો નાનો ભાઇ નામે હઠીસીંગ જે લાંબી મુદતથી પરદેશમાં વસતો હતો તે એકાએક પોતાની જન્મભૂમીમાં આવ્યો. આવતાવેંત પોતાના ભાઇની પૂછા કરી તો તેના કુટંબની માઠી હાલત તેના જાણવામાં આવી હઠીસંગનો સ્વભાવ મુળથીજ "નામા તેસા ગુણા" એ કહેવતને અનુસરતો હતો તે એક મારગી હઠીલો ગુસ્સાવાળો પોતાના વિચારનેજ વળગી રહેનાર હતો. એજ ખરાબ ગુણોના પ્રતાપથી તેના અને પદમસીંગ વચ્ચે લાંબી મુદત લગી જુદાઈ પડી હતી, પરદેશમાં તેના વહાલા કુટંબને દેણા તરીકે ત્યાંની જમીનને અર્પણ કરી. તે અહીં આવ્યો હતો. (ત્યાં તેની ઓરત અને છોકરા ગુજરી જવાથી તેને ગમ્યું નહીં એટલે પોતાની જન્મ ભૂમી તરફ ફરયો) પુછા કરી નંદીબાઇના ઘરમાં દાખલ થયો. કેટલીક વાત ચીત કરી, તેણે ચંદ્રબા તથા ભાણસીંગ પર બહુ દયા ખાધી પોતા પાસે જે કંઇ પૈસા હતા તે નંદીબાઈને હવાલે કીધા, અને વસ્ત્ર વગેરે ખરીદ કરી ચાલુ હાજતો પુરી કરવા સુચના કરી હતી. થોડાક દહાડા તે પ્રમાણે ચાલ્યા બાદ હઠીસીંગે પોતાનો વિચાર પરદેશ

તરફ જવાનું જણાવી. નંદીબાઇ અને તેણીના બન્ને બાળકોને સાથે ચાલવાની તૈયારી કરવાનું કેહેતા ગુજરેલ દુરદશા પર વિચાર કરી નંદીબાઇએ હઠીસંગની સૂચના સ્વિકારી તેથી તે બધા પશ્ચિમ દેશ તરફ રવાના થઇ ગયા. ત્યાના એક મોટા શોભાયમાન શેહેરમાં હઠીશીંગે સોદાગરી વ્યાપાર ચાલુ કર્યો. જેમાં કર્મ સંયોગે તેને સારી આમદાની થઇ હતી એ શેહેરના જે ભાગમાં હઠીસીંગ રહેલ હતો ત્યાં રહેનારા બીજા કુટંબો સાથે ચંદ્રબાને પિછાન થઇ હતી. તેની સારી ચાલ અને મીલનસાર સ્વભાવથી બધા તેણી ઉપર પ્રિતી ભાવ રાખતા હતા. પોતા જેવડી બેનપણીયોમાં તેને ઘણું માન આપવામાં આવતું હતું દરેક બેનપણી પોતાના ખાનગી કામોમાં તેની સલાહ લેતીઓ તથા સુખ દુઃખની વાતો તેના પાસે ખુલ્લા દીલથી કરતી હતી ચંદ્રબાની બેનપણીઓમાં પ્રેમબાઈ તથા ગંગાબાઈ મુખ્ય હતી. આ બન્ને બાઇઓની ઉમર વીસ વર્ષ લગભગની હતી તેઓ પરણેલી હતી તેમના માવિત્રો સારા ધનાઢય હતા. બન્નેજણી સ્વરૂપવાન ચંચલ, ચાલાક, ચતુર, સદ્ગુણી હતી. પરંતુ તેના ચેહેરા ઉપરથી ગુણીજન લોકો એવી કલ્પના બાંધતા હતા કે, તેના સંસાર સાગર રૂપી વહાણ ખુશ ખુશાલી રૂપી સમુદ્રમાં દુઃખ રૂપી તોફાની પવનના જુલમથી હેરાન હોવો જોઇએ તોપણ આ બન્ને બાઇઓ એવી રીતે વરતતી હતી કે, અજાણ્યો માણસ તેમના કુટંબ તરફ નિહારી તેમને સુખીજ સમજે એમાં કંઇ નવાઈ નહોતી કારણ તેઓ સંતોષ ને સબુરી ગ્રહણ કરનારીઓ હતી. દીવાસા જેવા માંગલીક તહેવારના રોજે ધામ ધુમ થઇ રહી છે. કેટલીક સુવાગણ સ્ત્રીઓએ પોતાના શરીર ને સારા વસ્ત્ર અને ભાત ભાતના દાગીનાથી સોભાયમાન કરી રમક ઝમકથી એક સારા શોભિત દીલને ખુશ કરનાર એવા રળીઆમણાં ચોકમાં દાખલ થઇ આમાં ચંદ્રબા પણ સાથે હતી આ વખતનો દેખાવ ગમે તેવા દુઃખી દીલના માણુસને ખુશાલી ઉપજાવે તેવો હતોઃ—

રાસડો.

રાગ—રઘુપતીરામ

ચાલો સખી જમનામાં નાવા જઇએરે,
ત્યાંતો નાઇને પાવન થઇએ—ચાલો સખી૦ ટેક
વહાલો બનસી બજાવે છે વનમાંરે, તેતો સાલેગણી મારા મનમાંરે,
હુને સુખ ન આવે ભુવનમાં. ચાલો સખી૦ ૧

નૃત્ય કરે નારાયણ નાથ રે, ઝાલી એક બીજાનો હાથ રે
સાથે ગોવાલીયાનો છે સાથ. ચાલો સખી૦ ૨
વહાલો રાસ રમે છે રંગમાં રે, સોળસે ગોપિના સંગમાં રે;
તેનો ઉમંગ આવે મારા અંગમાં. ચાલો૦ ૪
"ઠક્કર કુંવરજી" પ્રેમથી ગાયરે, રાણી રાધાના વરને સોહાયરે;
મારા મનમાં આનંદ થાય. ચાલો૦ ૪

રાગ—ઉપરનો

હલો ભેણું ગોકલ હલંધાસી બાઇયું રે,
પાંજી કાન કરે તો વાઇયું—હલો૦ ટેક.
વહાલો રોકે તો જમના જો ઘાટરે બે આ કુડા કરે તો ઠાઠરે
તેંજો થઇની પેઓ આઓ ઊચાટ. હલો ભેણું૦ ૧
હલો દીઓ જસોદાકો ધાંઉરે તે મેં પેલાથીધીસે આંઊં રે,
કાન કોલાએ જલે પાંજી બાંઊં. હલો ભેણું૦ ૨
આંઇ સુણો જસોદા માડી રે કાન છેડ કરેતો દાડી રે,
એડો કાન આએ આંજો અનાડી. હલો ભેણું૦ ૩
"ઠક્કર કુંવરજી". પ્રેમસેં ગાય રે રાણી રાધાજે વરકે સોહાય રે,
પ્રભુ દાસઇ તોજો. ચોવાય. હલો ભેણું૦ ૪

પ્રકરણ ૩ જું.

ભદ્રસીંગનું આવવું અને ચંદ્રબા ઉપર મોહીત થવું.

આ સંસારી જીંદગીમાં સંકટ તો સર્વ માટે સરજીત છે એ અવિચળ નિયમ પ્રમાણે માનવિ માત્રનો કુલ બ્યહવાર ચાલ્યા કરે છે જેમ એક તંગદસ્ત હમેશાં તેવી હાલતમાં રહેતો નથી. તેમ એક તાલેવંત કોઈ લખેસરીના બીલોરી જગામાં દરેક જરૂરીઆતીની સંપૂર્ણતા દોલતના દરંગ છતાં પૂર્ણ સુખ ભોગવવાથી બેનસીબ રહે છે. ચંદ્રબા નાની વયની તોપણ ચપળતાવાળી અને સુધરેલા વિચારની હતી જે વિચિત્ર સંયોગો વચે તેણીને પોતાની જીંદગી પસાર કરવી પડતી હતી તે તરફ જોતાં તેની રીતભાત અને જીંદગી ગુજારવાની રીતી એકાંત અને નિયમિત હોવી જોઇએ એવી કલ્પના થશે. આ વખતે તેની ઉમર પંદર

વર્ષની થવા આવી હતી. તે સવાર સાંજ 'એકલી ફરવા નિકળતી હતી. અને પોતાના ઘરના દરવાજા બહાર નિકળી થોડી વાર સહેલ કરી પાછી ઘેર આવતી હતી. ચંદ્રબાના કાકા હઠીસંગનો તેનાપર ગણી તરહનું ગેરવ્યાજબી દબાણ હતું. તેણીનો બાપ બચપણમાંજ આ દુનિઆમાં તેને-મેલી જૂદાઈ કરી ગયો હતો. ત્યારે તેની મા પણ બીજાના આસરા તળે દીવસ ગુજારતી હતી. બીજું અતેલગતું કોઈ સગું નહિં હોવાથી તે હઠીસંગના આસરા તળે પડી રહી હતી. આવા નિરાધાર બચાંને દુનિયાના વ્યહવારમાં તથા પોતાના ભવિષ્યના સુખ માટે કેવી હારમારી ખમવી પડે છે તેનો ખ્યાલ તેવા કમનસીબ વાળાનેજ માલુમ હશે. તેની હાલત સદંતર નિરાધાર અને દયા ઉપજાવે તેવી હતી. આવા બાળકોને શું શું સોસવું પડતું હશે તેનો અનુભવ જલદીથી થઇ શકે તેમ છે ચંદ્રબાને બાહેર ફરતી જોઇ તેનાપર હઠીસંગની ઇતરાજી પેદા થઇ અને તેમ નહીં કરવા હઠીસંગે તેણીને સુચના કરી તોપણ ચંદ્રબા તેને મર્યાદા રહીતના કંઇ જવાબ આપતી નહીં તે સમજતી હતી કે મારા કાકાના ચાલુ સ્વભાવનો એ પરિણામ છે. વખતે વખતે તેણી પોતાની માતુશ્રીની રજા મેળવી પોતાની બેનપણીઓને ત્યાં જતી હતી. આ બિના હઠીસંગના જાણવામાં આવતા એક રોજ તેણે ચંદ્રબાને બહુ ધમકાવી તથા મારવાને તૈયાર થયો હતો, પરંતુ નંદીબાઇ અને ભાણુસીંગના કાલા વહાલાથી તે તેમ કરી શકયો નહીં. આ અરશામાં એકરોજ હઠીસંગનો મિત્ર નામે ભદ્રસીંગ દુર દેસથી તેને ત્યાં આવ્યો. જેને હઠીસંગે બહુ માન આપી પોતાને ત્યાં ઊતારો આપ્યો થોડીવારે બન્નેજણ ઘેર આવતા હતા. ત્યાં દરવજાપર ચંદ્રબા ઉભેલી. તેણીએ અજાણ્યા માણસને કાકા સાથે આવતો જોવાથી એકદમ ઘરમાં દાખલ થઇ ગઇ આ ઉતાવળથી તેણી ઘરના દીવાનખાનામાં અથડાઇ અને તેથી જુજ કિંમતની એક આરસીના ચુરે ચુરા થઇ ગયા ગભરાએલી ચંદ્રબા કાચના કટકા ભેગા કરે છે. એટલામાં આ બન્ને મરદો ઘરમાં દાખલ થયા. જેમાંથી હઠીસગે આરસી ભાંગેલી જોઇ ચંદ્રબાને દમભરાવી કહ્યું કે આ શું કર્યું છે. ચંદ્રાબએ ફિકાચેરાથી થએલ ખતાનુ બ્યાન કરી સંભળાવ્યુ બાદ કાકાના મો સામુ જોવા લાગી આ દેખાવ જોઈ ભદ્રસીંગ હશી પડયો. અને હઠીસંગે ચંદ્રબાને કહ્યું કે, આ કાચના કટકા તુરત ઉપાડી લે અને યાદ રાખ કે આજ પછી આવી કસુર થઈ તો બહુ ખરાબીમાં આવી પડીસ. આટલું બોલી તે તથા ભદ્રસીંગ ઘરમાં ગયા. ચંદ્રબાએ કાચના કટકા ભેગા કરી બહાર ફેંકી દીધા અને આંખરે તેણીનો જુસ્સો ભરાઇ આવવાથી રોવા લાગી.

હઠીસંગના ઘરનો દેખાવ બહુજ રમણીય હતો. ભદ્રસીંગ તેની હારતો નીહારતો જ્યાં ચંદ્રબા બેઠેલી હતી તે ઓરડામાં આવી પહોંચ્યો. ચંદ્રબાને દચકાં ભરતી જોઇ તેને સમજુત કરવા લાગ્યો કે, કેમ કાકાએ તમને ધમકાવી કે, ચંદ્રબાએ જવાબ દીધો કે હું નહીં જાણતી હતી કે એક અજાણ્યા સખ્સ રૂબરૂ કાકો મારી સાથે આવી વર્તણુક ચલાવશે. પહેલાએ કહ્યું કે તમારા કાકાએ ગુસ્સાના આવેશમાં તમને ધમકાવ્યાં તેના માટે તમારે આવી રીતે રડવું નહીં જોઇએ. તમારી આ રીતભાત એક સમજુ જુવાન છોકરીને ન છાજે તેવી છે. માટે બની ગએલ વાતને વીસારી મુકો. વારૂં પણ ચંદ્રબા, મને એક બાબતનો જવાબ દેશો. તમારી ઉમર કેટલા વર્ષની છે. વીસ દીવાળી તો તમારા પરથી ખતમ થઇ ગએલી હોવી જોઇએ નહીંરે આ મને પંદરમું વર્ષ ચાલે છે. એમ ચંદ્રબાએ બેધડક પાણાથી જવાબ દીધો. ઠીક હવે ચાલો મારી સાથે અને તમારા ઘરની રચના તો બતાવો. આમ ભદ્રસીંગે કહ્યાથી બન્નેજણ ઘરના જુદા જુદા ઓરડાઓમાં ફરતા હતા આ વખતમાં ભદ્રસીંગ ચંદ્રબાને સમજુત કરે છે કે તમારા કાકાના પેટે કાંઇ ફરઝંદ નથી. વળી તે પૈસે ટકે તુન્જર છે. તમારે તેના સ્વભાવ પ્રમાણે વર્તવું જોઇએ. કોઇપણ રીતે તેઓ ગુસ્સે થાય એવું કારણ આપતાં નહિં કે જેના પરિણામે તેની દોલતનો ગંજ તમારા ભવિષ્ય માટે સુખરૂપ થઈ પડશે. આ બોલો ચંદ્રબાના દીલમાં ભદ્રસીંગ માટે ધિક્કારની લાગણી પેદા કરતા થઈ પડયા હતા. બીજી સવારે હઠીસંગે પોતાના પરોણાને બીજાઓની સાથે ઓળખાણ કરાવવા તથા માન આપવા માટે એક મીજલસ કરી જેમાં ભાગ લેવા સારૂ પોતાના સગા વહાલા તથા દોસ્તદારોને આમંત્રણ કરેલ વખતસર ખાણાપર સર્વેજણ હાજર થયા આ મીજલસમાં ખેચરસીંગ નામે એક સાહુકારનો ફરઝંદ આમેજ થયો હતો. તેની ઉમર બાવીસ વર્ષ આસરેની હતી. તેનો ચહેરો કોઇબી ઓરતને અદેખાઈ પેદા કરાવ્યા વગર રહે નહીં એવો હતો. તે નાજુક બાંધાનો અને તેના વાળ કાળા તથા આંખો પણ અણીઆરી દેખાવવાળી હતી. તેને કાતરા કે મુંછ મુદ્દલ નહોતાં આ સખ્સ મીજલસમાં બધી તરફ નજર ચલાવતો હતો. તેવામાં આ દીવાનખાનાનો એક અંદરનો દરવાજો ખુલતાં તે તરફ તેની દૃષ્ટિ ખેંચાઈ જોએ છે તો એક પુનમના માહતાબ સરખી ખુબસુરત નાજની સામી ઉભેલ દીઠી. આ ખૂબસુરત ઓરત કોણ હશે તે વાત સમજવામાં વાંચનારને ઘણી મુશ્કેલી નડશે નહીં. તોપણ જણાવવું જોઇએ કે (ચંદ્રબા).

થોડી વારમાં કોઈ કામના પ્રસંગસર હઠીસંગે ચંદ્રબાને હાક મારવાથી તે બાહેર આવી. આ અરસામાં તેણીની નિગાહ એચરસીંગ તરફ પડતાં તેની ખુબસુરતી પર તે મોહિત થઈ પડી તેઓ બન્ને જણ પ્યારના આવેશમાં એક બીજા સામે ટગર ટગર જોવા લાગ્યા. (હા પ્યાર માત્ર તેમજ છે તે સરમ અને અદબને વિસરાવી દે છે).

ખાણું ખલાસ થયા પછી સૌ કોઇ પોતાના મકાન પર રવાને થઇ ગયા. આ મીજલસ એચરસીંગ અને ચંદ્રબા માટે અણધાર્યો દુઃખ અને અફસોસી તરીકે નિવડી હતી. મીજલસમાંથી ફરાકત થઈ એચર-સીંગ પોતાના ઘર તરફ રવાને થતાં રસ્તામાં તેને જુદી જુદી રીતના તુરંગો પેદા થવા લાગ્યા જેવા કે, પહેલી રૂપાળી ઓરત તે કોણ હશે. તેનું નામ શું હશે, તે પરણેલી હશે કે નહીં હું તેને મેળવી શકીશ કે કેમ? એવા એવા અનેક વિચારોએ તેને ઘેરી લીધો. જેના પરિણામે તેના ચહેરા પર અફસોસીના ચીન દેખાવા લાગ્યા તે પોતાને ઘેર ગયો. પણ તેનો જીવ કોઇપણ કામમાં લાગે નહિં. બસ જે મનોહર મૂર્ત્તિ તેણે જોઇ હતી તેનાજ ખ્યાલમાં તે ગરકાવ રહેતો હતો. ખાવાની રૂચી તો તેને લાગતીજ નહીં. મનમાં નીસાસો નાંખી તે બોલતો કે હે ઈશ્વર મારા મનના મનોરથ સંપૂર્ણ કર. પહેલી નાર સાથે મારો મેળાપ થવાની કૃપા કર. પણ હા મન–મારે તે ઓરત પર એકદમ મોહિત થઈ જવા પહેલાં તે પરેણી છે કે નહીં તે બાબતમાં કંઈ પુછા તો કરવી જોઇએ. હશે શું થયું પરણેલી હોય તોપણ આપણે એકવાર તો તેણીની આહા સ્વર્ગના સુખને પણ ભૂલાવે એવી ખીલતી જુવાનીની ભેટ તો લેવીજ તેના ગુલાબી હોઠ આહા.

કામ નિગા તેં કીધી મુજ ઉપર, ધીરજ હીણુ કીધો પ્રિય પ્યારી;
શાન્તિ હવે દીન રેન થશે નહિ, મારી ખરેખરી કારી કટારી.
જાણું નહીં તુજ નામ નિશાન, છતાં મળવાને થયો છું અધીરો;
કહો કરી કેમ હું ભેટીશ તુજને, ના જાણું પ્યારી હું તારો નબીરો.
જોઇ છે તુજને ત્યારથી મૂજને, ખાવું ને પીવું લાગે અકારૂં;
મુજ મનમાં તુજ મુર્ત્તી વસી છે, જ્યાં દેખું ત્યાં દર્શન તારૂં
વેદ પુરાણ કુરાણ તણા ગ્રંથ, જોયાં ઘણાં હું મનમાં જાણું;
નારી કટાક્ષની પીડા છે અનહદ, અનુભવ આવ્યાથી સત્ય પ્રમાણું.
હાય હવે કેમ ધીરજ રહે મન, ધીરજ ગઈ મુજ ઉડી આકાશે;
રાત દીવસ તુજ રટણ થયું મન, તુજ વીણ મુજથી કેમ રહેવાશે.

નેન કટારી તેં ખુબ હણી મુજ, જીવન દોરી લીધી તુજ હાથે;
મળ મુજથી આવી પ્યાર બતાવી, પ્રેમથી બોલ અરે મુજ સાથે.
સોલ સણગાર સજી કરી આવી તું, દીઠી લીધી મેં અચાનક તુજને;
કોએલ સરખા શબ્દ સુણાવી, ગાયલ કીધો છે પ્યારી તે મુજને.
અંતર લાગણી એને છે પૂરણ, "ઠક્કર" કહે છે હું મન જાણું;
જો તન લાગી સોતન જાણે, બુજ તમારી હું તો પ્રમાણું.

ચાલ જીવ હવે ફરી વાર એજ મહબુબના ઘર પાસેથી ચાલ્યા જઇએ કીસમતમાં સરજેલી હશે તો અનાયાસે તેણીનાં દર્શનનો લાભ થઇ જશે જો તેમ થશે તો હું મારો બધો ઇરાદો તેને જાહેર કરી દઇશ આમ વિચાર કરી તે બાહેર ચાલ્યો. પણ ચંદ્રબાના ઘર સુધી તે પહોંચે તે પેહેલાં રસ્તામાં તેનો એક પૂરાનો જીંદજાની મિત્ર નામે ભવાનસીંગ મળી ગયો, આ બન્નેની મિત્રાચારી વચે કોઇ જાતની જુદાઇ હતી નહીં જેથી બેચરસીંગે વિચાર કર્યો કે, આ મારા મિત્રને મારે ઘેર તેડી જઇ મારા મનની ઉમેદ સંપુર્ણ થવામાં તેની કંઇ મદદ માગું અલબતે તેથી કંઇ ફાયદો થશે ખરો, કહેવત છે કે "એક હાથે તાલી વાગતી નથી. બે સાથે મળવાથી બાર જણનું બળ પ્રાપ્ત થાય છે." ભવાનસીંગ સાથે થોડી આડી અવળી વાતો કરી તેને પોતાને ઘેર તેડી ગયો અને એકાંતમાં બેસાડી પોતે જોએલી નાઝની માટે જુદી જુદી રીતની વાંતો કરી બાદ બોલ્યો. મારા જુવાન દોસ્ત મને વાકેફ કરકે એ ઓરત કોણ છે, અને કેવી હાલતમાં છે.

ચંદ્રબા માટે કેટલીક બિના ભવાનસીંગના જાણવામાં હતી. તે બાબત તેણે બેચરસીંગને કેટલીક આગાહી આપી અને બોલ્યો. મારા વહાલા મિત્ર મને જણાવ કે તમારે એવડી પુછા શા માટે કરવી પડે છે વળી તમારા ચેહેરા ઉપરથી જણાય છે કે, તમે કોઇપણ બાબતની અફસોસીમાં ગિરફતાર દીસો છો.

નામદાર મિત્ર બેચરસીંગ બોલ્યો. હું તારાથી કાંઇ અજાણ્યુ રાખી તને અપમાન કરવા ચાહતો નથી. એક નૌજુવાન ઓરતે પલંવારમાં પોતાની ખુબ સુરતી અને નખરાથી મને ગાયલ બનાવી નાખ્યો છે. અહો તે મહબુબની તારીફ તે હું કેટલી કરૂં જ્યાં લગી હું તેને મારી અર્ધાંગના કરી શકું નહીં. ત્યાં લગી આ મારૂં જીવવું વૃથા છે.

મને કહે કે એવી તે કોણ ઓરત છે, કે જેણે પોતાના નખરાથી

તારા દીલને ગાયલ કરી નાંખ્યું છે. ભવાનસીંગે પુછ્યું તે બાબતનો કંઇ પણ જવાબ બેચરસીંગ આપે. તે પેહેલા તો ભવાનસીંગે, પોતાનું બોલવું આગળ ચલાવ્યું, પણ હા, હવે હું સમજ્યો, આપણ વચ્ચે શીરૂઆતમાં થએલ ગોષ્ટગો ઉપરથી મનાય છે કે પેહેલી ચંદ્રબાની મૃગલા સરીખી આંખોએ તારા નીખાલસ જીગરપર તળાપ મારી હશે. પણ એમ તો નક્કી જણાય છે કે તમે આગળ કોઇ દીવસ તેણીને જોઇ નહીં હશે. પણ આજે તેના કાકાએ કરેલ મીજલસમાં ભાગ લેવા ગયા હશો. જ્યાં તમારા પર આ એકાએક કામદેવે પોતાની ચડકારી કરેલ જણાય છે પણ વારૂ, હું નોહોતો જાણતો કે તમારા જેવા સમજુ શખ્સો એક પલવારના અરસામાં પોતાનો પ્યાર એક બેગાની ઓરતને હવાલે કરતા હશે. પણ એમાં તમને હું કાંઇ દોષ આપવાનું મુનાસબ ધારતો નથી. કારણ આજના વખતમાં ઊધરતા જુવાન છોકરાઓ કોઇબી ઓરતપર એકાએક આગળ પાછળનો કંઈ વિચાર કર્યાં વગર પ્યાર દોડાવવામાં વિલંબ લગાડતા નથી. મારા મેહેરબાન મિત્ર મારે કબુલ કરવું પડે છે કે જેણીએ તમારા દીલને જીતી લીધું છે તે ઓરત ખરેખર લાયકાત વાળીજ છે.

આપે કરેલા બ્યાન ઉપરથી જે કાંઇ બિના મારા જાણવામાં આવી તે પરથી હું મારી ઉમેદ ફલી ભૂતથશે. એમ કેટલાક કારણુસર માનું છું બેચરસીંગ બોલ્યો પરંતુ અયે દોસ્ત આપે છેલા જે વચનો કહ્યાં તે પરથી લગાર વિચાર તો કરો કે તમે મારા પ્યારને બિન આના કાનીએ કબુલ કીધો ત્યારે મેં તેણીને જોઈ તેના તીર રૂપી તેનુના બાણુ સહન કર્યાં તોપછી ટુંક મૂદતમાં તેનાં પર મોહીત થઇ પડું તેમાં નવાઇ પણ શી. બેચરસીંગે કહ્યું

પણ દોસ્ત તેણી તને ચાએ છે કે નહીંતે બાબતમાં કંઇપણ ખાત્રી કર્યાં હરોલ એકા એક આવી રીતના દુઃખમાં ગિરફતાર થવું એ એક મુંર્ખાઇનો નમુનો છે ભવાનસીંગે કહ્યું.

મારી ભવિષ્યની ઉમેદ બર લાવવા માટે હું બનતી તજવીજ કરીશ. પરંતુ તારા જેવા મિત્ર તરફથી શી રીતની મદદ મળશે. તે જાણવા માગું છું બેચરસીંગે પૂછ્યું.

હું તેના પાડોશમાં રહેલ છું તેની મા નંદીબાઇ સાથે મારે પિછાન છે. ચંદ્રબા સાથે પણ બોલવા વ્યહવાર છે. પ્રસંગોપાત હું આ વાત તેમના પાસે મુકીશ, અને બનતી સમજુત આપીશ. પણ તું જાણે છે કે નહીં ચંદ્રબાનો હાથ બીજાને સ્વાધીન કરવાની દોરી તેના કાકા હઠીસંગના હાથમાં છે. તે માણુસ એવો ક્રુર સ્વભાવનો છે કે પોતાના

હઠને મુકેજ નહીં. વળી સુધરેલા નિયમોથી તે આડો ચાલનાર છે, ભવાન સીંગે જવાબ દીધો.

પણ દોસ્ત તેણીની મરજી મારા તરફ થઇ અને પ્યારની ગાંઠ એકવાર બંધાઇ તો પછી હઠીસંગની શી મગદુર છે કે તે આપણા કામને આડે આવી શકે તોપણ તમે બનતી તજવીજ બહુ સત્વરથી કરો. હઠીસંગને આપણે ગમે તે પ્રપંચથી સમજાવશું એમ બેચરસીંગે કહ્યું.

ઠીક છે જે થાય તે ખરૂં એમ જવાબ દઇ ભવાનસીંગે રજા લીધી.

પ્રકરણ ૪ થું

બેચરસીંગ અને ચંદ્રસીંગની મહોબત.

ચંદ્રબા અને ભદ્રસીંગ વચેની વાતચીત

જે વખતે બેચરસીંગને પોતાના દીવાનખાનામાં બેઠેલો ચંદ્રબાએ જોએલ અને તેની દૃષ્ટિ તેના પર પડી. ત્યારથી મોહબતના ઝેરી પવને તેના જીગરને ગોયા કુંભારના ચાક મીસાલ ભમાવી મુકયું હતું. મીજલસ બરખાસ્ત થયા પછી ચંદ્રબા પોતાના ખાનગી ઓરડામાં બેઠી વિચાર કરતી હતી કે. જેના ભ્રુની કટાક્ષે મારા દીલને વીંધી નાખ્યું છે, તે શખ્સ કોણ હશે, કોનો ફરજંદ છે મારી ભવિષ્યની આશાઓ પરિપૂર્ણ કરવા માટે તેહુંને મળી શકશે કે નહીં એવી રીતના વિચારોમાં તે હેરાન થતી હતી.

હઠીસંગને ત્યાં આવેલ પરોણો ભદ્રસીંગ આરામમાં દીવસો ગુજારતો હતો. દરરોજ નવી નવી રીતની ગોઠવણો તેના માટે થયા કરતી હતી. આ માણસની ઉમર વર્ષ ૬૦ આસરેની હતી. તે પૈસે ટકે માલદાર હતો. પરંતુ તેની ખુબસુરતી બીજા કોઇએ છીનવી લીધેલ હોય એમ જણાતું હતું તે શરીરે જબર અને દેખાવે કરૂપવાન હતો તેના વાળ સફેદ હતા. પહેરવાસમાં સાદો હતો ચંદ મૂદત લગી તે હઠીસંગને ત્યાં રહેવાથી ચંદ્રબાની સારી ચાલ અને ચંચલાઈ બાબે કેટલીક માહેતી તે મેળવી શકયો હતો. તેની ઓરત લાંબી મુદતપર ગુજરી ગએલ હતી. અને ત્યારથી તેણે ફરી લગ્ન કરવાના વિચારને ભુંશી વાળેલ હતા. પરંતુ આ઼હી તેણે ચંદ્રબા સાથે પોતાનું લગ્ન કરવાનો દૃઢ વિચાર કર્યો. પ્રસંગોપાત તેણે પોતાનો મનસૂબો હઠીસીંગને જણાવી દીધો. એક તો તે પૈસેદાર વળી બહોળા કુટુંબવાળો સારી ખુનીયાદનો? આ મારો

મિત્ર છે. ભત્રીજી લાયક ઉમરે પહોંચી છે હવે તેને પરણાવવી જોઇશે. તો પછી ઘેર બેઠે ગંગા આવી ત્યારે સ્નાન કરવામાં વિલંબ કરવો એ નાદાની કહેવાય. એવા એવા વિચારો કરી હઠ્ઠીસીંગે ભદ્રસીંગની વાત કબુલ કીધી. પણ થોડી મુદત લગી આ વાત જાહેરમાં નહિં પાડવા બાબે વચન માગી પરોણાને તેના દેશ તરફ રવાને કર્યો.

એક રોજ હઠ્ઠીસંગે પ્રસંગોપાત ચંદ્રબાને કહ્યું કે વહાલી ભત્રીજી હવે તું મોટી થઈ છે. તારા હાથ માટે કોઈનું માગું હજી મુદલ આવતું નથી જેથી હું ફિકરમાં છું કે તારા માટે હવે શું કરવું. તને ચંદ મૂદતમાં પરણાવવી જોઇએ.

હઠ્ઠીસંગના આ બોલોની કાંઇ ખુલ્લી સમજ ચંદ્રબાના દીલપર પડી નહિં. જેથી તેણીને તરેહવાર ખ્યાલો આવવા લાગા. અહિંયાં કાકો ભત્રીજી વાત ચીત કરે છે તેવામાં એક અણધાર્યા આદમીએ ત્યાં દેખાવ દીધો. તે સખ્સ બીજો કોઇ નહિં પણ પહેલો આવી ગએલ પરોણો ભદ્રસીંગ હતો. તેણે જ્યારથી હઠ્ઠીસંગના ઘરની મોલાકાત છોડી હતી ત્યારથી તેના દીલને મૂદલ ચેન પડતું નહોતું. જેમ બને તેમ ચંદ્રબા સાથે પોતાના લગ્ન જલદી થઈ જાય અને પોતે તેણીનો ખાવિંદ બની તે સાથે સંસાર વ્યવહાર ચલાવે એવા વિચારોએ તેના કપટી દીલમાં વાસો કર્યો હતો. જેના પરિણામે તે એકાએક ફરીવાર અહીં આવી પહોંચ્યો. દીવાનખાનામાં કાકો ભત્રીજી બેઠાં હતા છે તે જોઈ ભદ્રસીંગ પોતાના મનમાં સમજ્યો કે મારો મિત્ર મારીજ ગોઠવણમાં લાગેલો જણાય છે પણ પેલી નાઝની મારા માટે ઇનકાર કરતી હશે. જેથી મારે તેણીને ખુશ કરવા માટે કાંઈ યુક્તિ કરવી જોઇએ. એવા વિચાર પર આવી ભદ્રસીંગ ચંદ્રબા સામું જોઇ બોલે છેઃ—

એક પંદર સોળ વર્ષની ઉમરે પહોંચેલી છોકરી છોકરવાદી અવતાર તજી ઓરત બને છે. હું તમારા માટે મારા દેશમાંથી કંઈ ભેટ લાવ્યો છું. આમ બોલી પોતાના ગજવામાંથી એક રૂમાલ કાઢયો. જેમાં એક ડાબલો હતો તે ખોલી તેમાંથી એક મોતીનો હાર કાઢી ચંદ્રબાના હાથમાં આપ્યો. તે ચંદ્રબાએ જોયા પછી કહેવા માંડયું કે ખચિત એ મારા માટેજ લાવ્યા છો. હું તમારી મોટી મહેરબાની સમજીશ. ભદ્રસીંગ તરફની વાતચીત થઈ રહી કે હઠ્ઠીસંગ બોલ્યો, અને વહાલી ભત્રીજી તારા માટે આજે હું પણ એક ભેટ લાવ્યો છું એમ કહી ગજવામાં હાથ નાંખી એક વીંટી કાઢી ચંદ્રબાના હાથમાં આપી આ અણધાર્યા લાભથી તથી પાસે બેઠેલા બન્ને જણોની પોતાપર બેહદ મહેરબાની જાણી

ચંદ્રબા પોતાના મનમાં આનંદથી ઉભરાઈ જવા લાગી થોડી વાર બેઠા પછી સૌ સૌને ઠેકાણે ગયા.

ભદ્રસીંગને એક દીવાનખાનામાં ઉતારો આપવામાં આવેલ ત્યાં તે એકાંતમાં બેઠો હતો થોડીવારે ચંદ્રબાને તેણે પોતા પાસે કાંઇ કામનુ બાનુ બતાવી બોલાવી તે બિચારી નિખાલસ મનની અને આ કપટી શખ્સના પ્રપંચથી અજાણી હતી જેથી તે પાસે ગઇ ભદ્રસીંગે થોડી આડી અવળી વાતો ચલાવ્યા પછી કહ્યું કે, કેમ હવે તું લાયક ઉમરની થઇ છો તારા માટે તેં શું કરવા ધાર્યું છે. મારા માનવા પ્રમાણે તારા કાકાએ તને એ બાબતમાં સૂચના કરી હશે. ચંદ્રબાએ જવાબ દીધો કે કંઇ પણ નહીં. પણ આજનો દીવસ કેવો ખુશાલી ભરેલો પસાર થયોછે.

તેતો હશે પણ ભવિષ્ય માટે કાંઇ વિચાર ગોઠવ્યો છે કે નહીં તને અમારા દેશમાં ચાલવાની ઉમેદ છે? ત્યાં તું સ્વતંત્રપણે વર્તી શકશ. અગરચેં સારો ભરથાર મળ્યો તો તારી બધી હાજતો પુરી પાડશે. ભદ્રસીંગે કહ્યું.

પણ નહીં હું હજી પરણાવવા લાયક થઇ નથી. ચંદ્રબાએ જવાબ દીધો આ જવાબથી. ભદ્રસીંગના મનમાં ફાળ પડી ગઇ તોપણ તેણે પોતાની વાત આગળ ચલાવી. અને ચંદ્રબાને પુછયું કે, આજની ભેટો તને ગમીકે નહીં તેણીએ જવાબ દીધો કે હા, ખચિત તે મને બહુ પસંદ છે.

પણ તમે પરણસો તો બહુ સુખી થશો. એકલા ફરી શકશો. તમારો કાકો તમને બાહેર નિકળતાં જે રોકત કરે છે. તે તમે જુવાન વયના ને કુંવારા છો તેથીજ, નહીં કે બીજું કોઇ કારણ હોય. પણ મેહેબાન મારો ચેહેરો તને ગમે છે કે નહીં ભદ્રસીંગે હાસ્ય વિનોદથી કહ્યું.

ભદ્રસીંગના ઉપલા બોલોથી ચંદ્રબા ગભરાઇ ત્યાંથી ઉઠી ઘરમાં ચાલી ગઇ પરંતુ આ માણસ પોતાના ઘરમાંથી કયારે રવાને થશે. એ ફિકર તેના મનમાં વધારે ફેલાઇ રહી હતી. તે દરરોજ પોતાની બેનપણીઓને ત્યાં ઘણો વખત કાઢતી હતી. વખતે ભદ્રસીંગ તેના જોવામાં આવતો તો તે નીચી ડોક કરી ચાલી જતી હતી. અને ભદ્રસીંગથી જેમ બને તેમ દુરની દુર રહેવાની તજવીજ કરવા લાગી.

એક રોજ દીવાનખાનામાં ભદ્રસીંગ અને ચંદ્રબા, અનાયાસે ભેગા થઇ ગયા ચંદ્રબાને જોતા વેંત ભદ્રસીંગ તેને આડો થઇ ઉભો અને કહેવા લાગ્યો કે, અહો તમે અહીં કયાંથી ઘણા દીવસ થયા. હું તમને કંઇ કહેવા વિચાર રાખું છું પણ તમે મળતા નથી. વારૂ હવે તમે પરણાવવાને તો લાયક થયા છો. છોકરવાદી વિચાર તજી દેવાનો આ તમારો વખત છે. તમેં સમજુ છતાં હઠ કરો છો, તેથી હું દીલગીર છું.

મેહેરબાની કરી હરવખત આ સવાલ મને પુછતા નહીં ચંદ્રબાએ જવાબ દીધો. આ વખતે તેણીનો ચેહેરો ગુસ્સાથી લાલચોળ બની ગએલ જણાતો હતો,

પણ મારે તો એજ બાબતસર વાત કરવાની છે. તમે શું સદા કુંવારી જીંદગી ગુજારવાના વિચારમાં છો, શું તમને પરણવું ગમતું નથી. ભદ્રસીંગે પુછયું.

મેં હજી કંઇ વિચાર કર્યોજ નથી તેમજ હું પરણવા લાયકની હજુ થઇજ નથી, મને માફ કરો, અને છેડોના હું તમારી પાસે વિનંતી કરૂં છું કે એ વાત મારી પાસે હવે કરતા નહીં ચંદ્રબાએ જવાબ દીધો.

પણ તમારા જેટલી ઉમરની છોકરીઓ તો ઘણીએ પરણી ગએલ છે અને બચ્ચાઓની મા બની આરામીયતમાં દહાડા કાઢે છે. આમ બોલી ભદ્રસીંગ બિચારી નિરાધાર છોકરીના શરીર નજીક આવી કાંઇ ચાળા કરવા જતો હતો પરંતુ ચંદ્રબા છેટે ખશી ગઇ. ધાસ્તીથી તેણીનું આખું શરીર થડ થડ ધ્રુજવા લાગું.

છટ છટ શું પ્યારી તને મારી સાથે પરણવું ગમતું નથી કે, આટલી બધી ગભરાઇ જાયછે ભદ્રસીંગે કહ્યું.

'શું હું તમારી સાથે પરણું તમે તમારી ઊમરનો વિચાર કરો છો કે નહીં ચંદ્રબાએ કરડો જવાબ દીધો.

શું મારી ઉમર બાબતમાં તમને શક છે. અરે જરા સાંભળ મારી ઉમર તો માત્ર ચાલીશ વર્ષની થઈ છે. તમે શું તેથી વધારે ગણો છો. ભદ્રસીંગ બોલ્યો.

એક લાંબા કદવાળો દેખાવે કદરૂપો એવા માણુસ પાસે ઉભવું પણ ચંદ્રબાને સહેવાતું નહિં. ત્યારે બોલવાનું મન તો કયાંથીજ થાય. બિચારી લાચાર થઈ છેવટે બોલી કે તમે મહેરબાની કરી મને રજા આપો. હું તમારો આભાર માનીશ. મારો કાકો આવશે અને દેખશે તો મને ખરાબ કરશે માટે જવા દો.

તેતો બધું જાણે છે. તેને આ વાત પસંદ છે. તારા લગ્ન મારી સાથે કરવાને તેણે મને વચન આપ્યું છે. તેથીજ હું તારી મરજી જાણવા માગું છું આમા હઠ પકડવામાં કંઇ ફાયદો નથી. માટે તારે મારી વાત કબુલ કરવી જોઇએ ભદ્રસીંગ બોલ્યો:—

શું મારા કાકાએ તમારી સાથે મને પરણાવી દેવા માટે સંકેત કર્યો છે ચંદ્રબા ગભરાટ સાથે બોલી ત્યાંથી ઝડપમાં બહાર નિકળી જઇ પોતાના ઓરડામાં ગઇ.

પ્રકરણ ૫ મું.

ભાણસીંગની જુદાઈ

પ્રિયવાંચનાર તમો ભદ્રસીંગ અને ચંદ્રબાના બાબમાં સહેલ કરવાનું કરો તે દરમ્યાન બિચારી ચંદ્રબાના બંધુ ભાણસીંગના નામને ભૂલી જતા નહીં હવે તમોને ભાણસીંગના બાબમાં થોડીએક વાકેફ ગારી અને તેના દુઃખની કહાણી જણાવું છું.

પોતાની બેનની મરજી વીરૂદ્ધ કાકા તરફથી તેના સગપણની વાતો કરવામાં આવે છે તે બેનને રૂચસે નહીં જે ધણીને કાકો પસન કરે છે. તે તદન નાલાયકછે તો આમાંથી કાંઇ વિપરીત પરિણામ આવશે. અથવા તો કોઇના જીવની ખરાબી થશે. આમ ભાણસીંગને ભાસતા તેણે એક રોજ કાકાને કહ્યું કે મારા વ્હાલા કાકા મેહેરબાની કરી મારી એક વાત કબુલ કરશો.

હઠીસંગે જવાબ દીધો કે બેટા બહુજ ખુશીની સાથે તારે જે કાંઇ કહેવાનું હોય તે કહે. આ ઉપરથી ભાણસીંગે પોતાના ભેજામાં જે શબ્દો ગોઠવ્યા હતા તે તેણે કહીં સંભળાવ્યા. આથી હઠીસંગ લાલચોળ બની ગયો અને આંખો ચડાવી તે બાળકને કેટલીક ગાળો આપી બોલ્યો. જા દુષ્ટ ચંડાળ હું અચ્છી રીતે જાણું છું કે મારા વિચારને આડે આવવામાં તું પણ ચંદ્રબા સાથે છો, માટે તારે આજેજ મારા ઘરમાંથી ચાલતી પકડવી કહી ત્યાંથી કાઢી મૂકયો.

આ બનાવથી બિચારા ભાણસીંગને બહુજ માઠું લાગ્યું. તેણે બિચાર કર્યો કે આ ઘરમાં રહેવા કરતાં અવલમંજલની જગોએ પહોંચ

ચવું વધારે સારૂ છે કાકાના અકૃત્ય હેઠલ રહી કટકો રોટલો ખાઇ આરામીયત લેવા કરતાં ભીખ માગી ગુજારો કરવો વધારે ઠીક છે. હકીકતસંગે તેને દમ ભરાવવાથી તે ગભરાયલા ચેહેરે અને દુઃખી દેખાવથી પોતાની માતુશ્રી પાસે ગયો જ્યાં નંદીબાઇ અને ચંદ્રબા ઉદાસી ભરેલા દેખાવમાં બેઠા હતા.

ગભરાએલ છોકરો જ્યારે પોતાના વાલી વારસો પાસે આવે ત્યારે કુદરતી રીત પ્રમાણે તેનો જુસ્સો ભરાઇ આવે છે. તે મીસાલ આ વખતે ભાણસીંગની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. તે લાગલોજ નંદીબાઇની ઓથમાં બેઠો અને ડચકા ખાવા લાગ્યો.

વહાલા ભાઇ આજે તું આમ દુઃખી શાથી થયો છે, હમેશા ખુશ મિજાજ અને હસતા ચેહેરાથી અમને દેખાવ દેછ છતાં એકાએક આમ ગભરાઇ જવાનું કારણ શું ચંદ્રબાએ તેનો હાથ ઝાલી સવાલ કર્યો.

પલવાર તો ભાણસીંગથી કંઇ બોલી શકાયું નહીં પણ પછી ડચકા ખાતો બોલ્યો કે નહીં બેન નહીં મને કંઇ દુઃખ નથી માત્ર તારી મરજી વિરૂદ્ધ થતી હીલચાલના દરદથી હું હેરાન થયો છું.

ત્યારે તો ભાઇ જણાવકે આજે એકાએક આ હીસો તારા નીખાલસ જીગરમાં શી રીતે જગા લેવા પામ્યો. ચંદ્રબાએ શાંતપણે પૂછ્યું.

આ ઉપરથી ભાણસીંગે બનેલા બનાવનું વૃત્તાંત જણાવી દીધુ બાદ પોતાનો ઇરાદો અહીં નહીં રહેવાનો જે હતો તે કહીં સંભળાવ્યો. આથી ચંદ્રબા અને નંદીબાઇને ઘણી અફસોસી પેદા થઇ.

પ્યારા ભાઇ મારા હૈયાના હાર તુંને નિહાળી હું હર વખત આનંદથી દીવસો ગુજારૂં છું. મારા સંકટમાં તું ગોયા સબુરીનો દરખત છો, તારા જવાથી અમોને કેટલું દુઃખ થશે. તે બાબત તારે અવલ વિચાર કરવો જોઇએ એકદમ છોકરવાદી વિચારો બાંધવા ન જોઇએ તું હજુ કોમળ વયનો છે. અવલ બાપ અને પછીથી માની ઓથમાં ઉછરેલ છો, સુરજની ગરમી તેં કોઇ દીવસ જોએલ નથી. તેમજ સરદીના દહાડાના સંકટોથી અજાણ્યો છે. તો પછી તારે સબુરી પકડી અહીં રેવામાં મજા છે. નહીં કે અમોને છોડી નાશી જવું. "ચંદ્રબાએ નિરાશ ચેહેરે પણ બેન તરફના ખરા પ્યાર ભર્યા દેખાવથી કહ્યું.

મારી વ્હાલી બેન જ્યારથી તારા સગપણની ગોઠવણ બાબતની વાત મારા જાણવામાં આવી છે. ત્યારથી હું મારા મનમાં દુઃખથી હેરાન છું લેકીન તે વાત મેં તમારી પાસે ખુલી કરી નહોતી હું વિશેષ હેરાન એટલા માટે છું કે મારી નિતી અને લાયકી સાથે નમ્રતાઇથી ભરેલી બેનને એક બુબખ બુઢા શખ્સ સાથે જોડાવી દેવા. કાકો ગોઠવણ કરે છે તેનું પરિણામ કોણ જાણે કેવું રૂપ પકડશે. વળી બેન, મને વધારે જણાવવા દયો કે કાકાએ મને આ ઘર છોડી જવાની ચેલેંજ કીધી છે. તો પછી મારે અહીંઆ હવે રહેવુંજ નથી. માત્ર આ ઘરમાં આપની છેલી મુલાકાત લેવાને આવ્યો છું હું હરગીજ રહેવાનો નથી, ભાણસીંગ ખુલા ચેહેરાથી બોલ્યો.

આ શબ્દો સાંભળી નંદીબાઇ અને ચંદ્રબાને રડવું આવી ગયુ બનેજણી ભાણસીંગને બાઝી રહી, આ વખતે ખરા કુદરતી પ્યાર અને હેતનો આબેહુબ ચિતાર ત્યાં થઇ રહ્યો હતો, એ દેખાવ ભજવી બતાવવા અથવા તેના વર્ણન બાબત સંપૂર્ણ હેવાલ લખી શકવા જેટલી તાકાદ આ સેવકની કલમમાં નથી.

મોહબત કહો યા પ્યાર એ એક જાતના ઉમદા પ્રકારની લાગણી છે. એ રસ્તામાં સેંકડો ઈનશાનોની જાન બરબાદ થઇ છે ખરી. તોપણ કુદરતી પ્રેમ અને હેત. વગર લાલચે અને વગર લેવે દેવે જે જન્મ લેછે તેતો માત્ર ફરઝંદ ઉપર મા નો અને ભાઇપર બેનનો પ્યારજ છે. એવી લાગણી બીજી જગોએ જોવામાં આવતી નથી. હાલના જેવો ગંભીર અને છાતી ફાડનારો દયા ઉપજાવનારો બનાવ તે પણ વળી સંસારી સંકટો વચ્ચે જન્મ પામનારો કોઇ જાહેર મેળાવડામાં તો બનેજ નહિં. પણ એક ખાનગી ઘરમાં બને છે. મનુષ્યમાત્રમાં હરેક રીતનો પ્યાર તો જોડાએલો છે. પ્યાર શબ્દ આસક માશુક વચ્ચે બનતા બનાવને અથવા તેમના મીલાપનેજ માત્ર લાગુ પડે છે એમ નથી. માબાપનો દીકરા દીકરીપર હેત, બેનનું ભાઈ તરફ હેત, શેઠનો નોકરપર હેત, અર્થાત આવા હેતને પણ પ્યાર શબ્દ લાગુ પડે છે. જે માણસ બધી બાબતોમાં નાલાયક હશે તેવા માણસો પણ પ્યાર શબ્દથી અલગ નહિં હોય.

હાલના પ્યારના દેખાવે તો એવું રૂપ પકડયું હતું કે, ગમે તેવી સક્ત છાતીવાળા અને દયાહીન શખ્સની નસોને પણ નરમ ઘેંસ જેવી બનાવી નાખે. આ વખતે પેહલો હઠીસંગ હાજર હોત તો તેને શું આ ઇનસાનો પર દયા ન આવે કે? અલબતે આવેજ.

દુઃખકાં ખાતી ચંદ્રબા બોલી ભાઈ હું અમને તજીને રઝળાવીને જવાની વાત પડતી મૂક ચંદ મૂદતથી તારા ચહેરાપર ગમગીની પ્રસરી રહેલી માલમ પડે છે. તું અગરચે તે દુઃખની બિના ગેબ રાખી બેઠો હતો. તોપણ તારો સુશોભિત ચહેરો તે બાબે આગાહી આપતો હતો. તે ભરમની વાત આજે ખુલી છે. હવે તું અમારાપર દયા કર જવાની વાત પડતી મુક સબુરી પકડ. અમે તારા દુઃખમાં ભાગ લેશું. મારા કર્મમાં જે કંઇ સરજ્યું હશે તે હું ભોગવીશ. તેના માટે તું હેરાન ન થા. ભાઇ રડ માં છાનો રહે તારા વિચારને ભુંશી વાર.

જનની જીવો એ રાગ.

ચંદ્રબા.—કહ્યું રે અમારૂં સાંભળી, કરો મનમાં વિચારજી;
તુજ વિણ મા કેમ જીવશે, નયણે નીર અપારજી–ગમરે જુદાઇનો નાદીઓ.

નંદી.—સુણ મુજ પુત્ર તું લાડકા, મારા પ્રાણ આધારજી;
અમથી જુદાઈ ના કરો, કરો દીર્ઘ વિચારજી–વહાલા પુત્ર મુજ૦

ભાણુ—સમજ સમજ મુજ બેનડી, કાકો ક્રુર જણાયજી;
કઠણ વચન મુજને કહ્યા, કહો કેમ રેહેવાયજી–છાની રહે મુજ બેનતું
નહિં રહું, નહિં રહું માવડી, મારે તજવો આ દેશજી;
લખ્યું રે હશે જે લલાટમાં, ટળશે નહિં લવલેશજી–હું નહિં રહું મુજ માવડી.

ચંદ્રબા—દયારે કરો અમ ઉપરે, વહાલા ભાઈ સુજાણજી;
ધીરજ ધરી રહો અહીંકને, દુઃખ દીલમાં ન આણજી–ગમરે જુદાઈ ના દીઓ.

નંદી.—કંથ ગયો પરદેશમાં, હજુ દુઃખનો નહિં પારજી;
પુત્ર તજવા તૈયાર તું, હવે કોણનો આધારજી–વહાલા પુત્ર મુજ૦

ભાણુ.– રજારે દીઓ ભગીની મા તમો, માગું હું જોડી હાથજી;
ઈશ કૃપાએ રૂડું થશે, મેળવશે દીનનો નાથજી–લખ્યારે કર્મના નહીં મટે.

છેલ્લા શબ્દો બોલ્યા પછી એકદમ કુદકો મારી ભાણુસીંગ ઘરથી બાહેર નિકળી ચાલ્યો. આથી નંદીબાઈ અને ચંદ્રબાને બહુ સંતાપ થયો. નંદીબાઈ બંને હાથ જોડી પ્રભુપ્રત્યે પ્રાર્થના કરે છે કે, હે દીનદયાળ અમારા માટે તો તેં કેવા કઠીન દહાડા ઘડ્યા કે, દુઃખપર દુઃખના દહાડા દેખાઇ આવે છે. મારો પુત્ર હવે કયાં જશે અને કયાં ભટકશે, તેનું

કોમળ શરીર તાપ અને ઠંડી શી રીતે સહન કરી શકશે, તે એકલો ક્યાં જશે, અને તેનું શું થશે. પ્રભુ તું તેની સંભાળ લેજે; તે અમને તરત મળે એવો દહાડો ઉઘાડજે. મા દીકરી એક બીજાને વળગી રડે છેઃ—

નંદીબાઇ—નાશી ગયો મુજ લાડકો, હવે કેમ રહેવાયજી;
દોષ પહેલાં ભવના નડયાં, જેનો નહિં કંઈ ઉપાયજી—હે જગ-
'દીસ તે શું કર્યું.

ચંદ્રબા—ધીરજ ધરો તમે મન વિશે, દુઃખી હૈયે ન થાઓજી;
આ રે દીવસો કાલે વઈ જશે, નહિં મનમાં મુંઝાઓજી—છાની
રહે મુજ માત તું.

આ વખતે બાહેરથી કોઈ માણુસ ઘરમાં આવવાનો અવાજ તેના કાનપર પડતાં તેઓ ચુપ થૈ ગયાં, અને જુવે છે તો હઠીસંગ જોવામાં આવ્યો.

કેમ આજે બંને જણી નવરાશમાં ઉભેલી દેખાઓ છો. શું ઘરના કામથી પરવારી રહ્યાં છો? પણ તેતો ઠીક. પહેલો ભાણુસીંગ ક્યાં છે હઠીસંગે પુછ્યું.

આનો જવાબ આપતાં ચંદ્રબાનું હૃદય ભરાઇ આવ્યું. તે એકાએક ગદગદ કંઠે રડવા લાગી. આથી હઠીસંગ ગુસ્સે થઈ બોલ્યો, શું છે બોલ તો ખરી. રડે છે શા માટે? જે હોય તે કહી દે.

બિચારો ભાઈ, અરે ભાણુસીંગ હમણાંજ અહિંથી નીસાઈ ગયો છે. (બંનેજણ રડે છે) ચંદ્રબા બોલી.

એથી શું થયું, તેમાં રડો છો શાને! એ હરામજાદો પણ મારા વિચારને આડે આવનાર બીજા નંબરનો નમુનો હતો. હવે ચુપ રહી ઘરમાં બેશી રહો ખાલી ધાંધળ ન કરો, એમ બોલી, હઠીસંગે બન્નેજણને ધમકાવી આથી ચંદ્રબા અને નંદીબાઈ ગુપચુપ બેશી ગયાં. હઠીસંગ ચાલતો થયો.

પ્રકરણ ૬ઠ્ઠું.

ભવાનસીંગની વાત–ચંદ્રપ્રભાના લગ્નનો હીંગામ.

એકરોજ સવારના બેચરસીંગના વહાલા મિત્ર ભવાનસીંગે હઠ્ઠીસંગના ઘરની મુલાકાત લીધી. તે જે ઘરમાં ગયો ત્યાં માત્ર નંદીબાઈ તથા ચંદ્રપ્રભા શિવાય કોઇની હાજરી નહતી. નંદીબાઈ ઘરના કામકાજમાં રોકાઈ હતી ત્યારે ચંદ્રપ્રભા ઉદાસ ચહેરે બેઠેલી તેના જોવામાં આવી, ચંદ્રબાએ ભવાનસીંગને આવકાર દઇ બેસાડયો. બાદ એકાએક ભવાનસીંગના મહોડાથી આ વચનો બહાર પડયાં. બાઈ આજે ઉદાસ થૈ કેમ બેઠાં છો શુ વહાલા ભાઇ ભાણસીંગની જુદાઇ યાદ આવી છે?

ના, ના, હું સહેજ આમ બેઠી છું, મને કાંઈ ઉદાસી છેજ નહીં. ભાઇની જુદાઇનો ઉભરો તો હરવખત આવે તેમાં નવાઈજ શી! ચંદ્રબાએ નીશાસો મૂકી જવાબ દીધો.

નહિં બેન તમારા બોલવામાં કાંઈ સહરાગત જેવું લાગે છે; મને ખરી બિના જણાવવામાં હરકત નથી. મને તમારા ભાઈ માફક ગણો હું તમારા સંકટોમાં યોગ્ય ભાગ લઈશ, ભવાનસીંગે કહ્યું.

આ માણસની પોતાની માતુશ્રી સાથે સંધ છે. વળી તે ભલા ખવાસનો અને આબરૂદાર છે. પોતાને કંઇપણ ફાયદો થશે. એવા વિચારથી ચંદ્રબાએ દીલ ખુલું કરી પોતાના દુઃખની કહાણી કહી સંભળાવી. જેમાં બેચરસીંગ ઉપર પોતાના પ્યારની વાત બહુજ વિસ્તારથી કરી ભદ્રસીંગ સાથે પોતાને પરણાવવા માટે હઠ્ઠીસંગના વિચારો બાબે તીરસ્કાર જણાવ્યો. આ વાત સાંભળી લીધા બાદ ભવાનસીંગે તેને દીલાસો આપ્યો; અને બેચરસીંગ સાથે તેના લગ્ન કરાવી દેવા માટે વચન આપી નંદીબાઇને બોલાવી અથઈતી વાત કહી સંભળાવી.

ભાણસીંગ હઠ્ઠીસંગના દુઃખથી નાશી ગયો છે. અને ચંદ્રપ્રભા માટે તેના તરફથી જે વિચારો થાય છે, તે કેવળ ધિક્કારવા લાયક છે, જેના પરિણામે ચંદ્રપ્રભા આપઘાત કરશે, અથવા નાસી જશે. એવા વિચાર નંદીબાઇને થવાથી તેણીએ પોતાને યોગ્ય લાગે તેમ કરવા ભવાનસીંગને હા પાડી.

આ ઉપરથી ભવાનસીંગે બેચરસીંગની હાલ હવાલી અને પ્યારની વાત ચંદ્રપ્રભાને જણાવી દીધી. તે સાંભળતાંજ તેણીના ચેહેરાપર એકાએક

ખુશાલીના ચિન્હો દેખાવા લાગ્યા. છેવટે ચંદ્રબાએ ભવાનસીંગ પાસે ફરીવાર વચન મેળવ્યું તે આપ્યા બાદ ભવાનસીંગ રજા માગી ચાલતો થયો. રસ્તામાં તેને એચરસીંગ મળતા બન્ને જણા એચરસીંગને ઘેર ગયા, જ્યાં બધી બાબત ભવાનસીંગે તેને કહીં સંભળાવી.

ભવાનસીંગના જવા બાદ નંદીબાઈ અને ચંદ્રબા એજ વિષય-પર વાતો કરતા હતા. એટલામાં હઠીસંગની ત્યાં હાજરી થઇ તેને જોતાં ચંદ્રબા ઉભી થઇ અને પુછવા લાગી કે કાકા શું. તમે મારા લગ્ન ભદ્રસીંગ જોડે કરવા ધારો છો કેઃ—

એકાએક આવો સવાલ તેણી શા માટે કરે છે, એ બાબતમાં પેહેલા તે હઠીસંગને શંકા પેદા થઇ, પણ વળી યાદ આવ્યું કે, ભદ્રસીંગ તરફથી ચંદ્રબાને પોતાનો વિચાર જણાવવામાં આવ્યો હશે. જેથી તે બોલ્યો કે. હા દીકરી ખચિત્ત તારા માટે એ બહુ લાયક ભરથાર છે. તે પૈસા વાળો છે, તને સુખી રાખશે, એવો બંદોબસ્ત હું કરીશ.

અરે પણ હું કદી તેની સાથે પરણીશ નહીં, કાકા હું તમને ફરીથી જણાવું છું કે, તેને હું મુદલ ચાહતી નથી, છતાં તમો તમારા વિચારને વળગી રહેશો અને ધારેલું કરશો તો મારા દહાડા સુખ ચેનને બદલે બળાપામાં ગુજરસે. ચંદ્રબાએ કહ્યુંઃ—

દીકરી તું હજુ નાદાન અને સંસાર સુખથી અજાણી છો દુનિયા હજુ તેં જોઇ નથી માટેજ તું આવું ગાંડુ બોલે છે. જો તું મારા કહ્યાસર ચાલશે, મારૂ કીધેલું કબુલ કરશે, તો પાછળથી એવો વખત તારા જોવામાં આવશે કે, તું ખુલ્લા દીલથી તારી હાલની નાદાની કબુલ કરશે. હઠીસંગે જવાબ દીધો.

નહીં નહીં હું હરગીજ તેની સાથે પરણનાર નથી, આમ બોલી ચંદ્રબા હઠીસંગના આગળ શિર નમાવી બે હાથ જોડી નમ્રતાથી વધારે બોલે છે, કાકા મારી અરજ કબુલ કરો. તે શખ્સથી હું કોઇ પણ. રીતના સુખની આશા રાખતી નથી. તેના સાથે જબરીથી મારા લગ્ન નહીં કરો, એના ઘરમાં જોકે પૈસાની રેલ છેલ હશે તોપણ મારે મન તે અંગાર બરોબર છે.

છટ છટ એવા તારા બેઅદબી ભરેલા વિચારને એક બાજુપર મુક હું સપ્ત રીતે કહું છું કે તેની સાથે હું કોલથી બંધાયો છું શાદુ તદન નક્કી કરી ચુકયો છું મારી વાતને હું બિલકુલ છોડતો નથી. એ

મારા ચાલુ સ્વભાવને તું જાણનાર છતાં કેમ આવી વિરૂદ્ધ હઠ બતાવ-વાની હામ ભીડે છે? હઠીસંગે પુછ્યું.

હું ભદ્રસીંગને ધિઃકાર છું, મને તે બિલકુલ ગમતો નથી. અરે ઇશ્વર હવે મારૂ શું થશે! ચંદ્રબા બળાપો કરે છે, આ મારી જીંદગીનો કેમ અંત આવશે! ડચકાં ખાય છે.

ઘેલી નાદાન પુત્રી તું શા માટે તારા જીવને શંતાપ આપે છે. હઠીસંગ બોલ્યો અવલ-દરેક છોકરી એજ પ્રમાણે આનાકાની કરે છે. પરંતુ પરણ્યા પછી ધણી ધણીઆણીનો સ્વભાવ એક બીજા સાથે મળી જાય છે.

આ વખતે નંદીબાઇ ચંદ્રબાનો પક્ષ પકડી તેના તરફેણમાં હઠીસંગને કેટલીક સમજુત કરવાનું કરે છે. પરંતુ તે હઠીલો પોતાની વાતને છોડતો નથી, અને નંદીબાઇને દમ ભરાવી કહે છે કે મારો સ્વભાવ એવો છે કે હરેક કામ કરવા માટે વિચાર થયો. તો પછી ગમે તેમ થઇ જાઓ તોપણ હું મારી વાતને છોડનાર નથી. એ ખસલત તું જાણુ છે, છતાં શા માટે મારા વિચાર વિરૂદ્ધ ખાલી લવારી કરે છે? જા ઠેકાણે બેશ.

આ પ્રમાણે બોલી હઠીસંગ ચાલતો થયો બિચારી ચંદ્રબા રડવા લાગી અને વિલાપ કરતી બોલી કે અફસોસ, હું જેવી નબાપી બાળકીને દીલાશો દેનાર, આ સદાના દેખીતા દુઃખની ગારમાં પડતી બચાવનાર, આ દુનિયામાં કોઇપણ નથી. મારો વહાલો બાપ હાજર હતે તો શું આમ થાત કે? મારો ભાઇ હાજર હતે તો આ વખતે પોતાની વહાલી બેનને આમ રડતી જોઇ કેવો બચાવ કરવા તૈયાર થાત, અને કાકાને સમજાવતા! હે ઇશ્વર મારી મદદ કરનાર તારા શિવાય કોઈ નથી. એમ બોલી દુસકાં ખાતી પોતાના ઓરડામાં જઈ બેઠી.

હઠીસંગે તે દીવસે ચંદ્રબાને એક અઠવાડીયાની મુદતમાં ભદ્ર-સીંગ જોડે પરણાવવાના ખબર બહાર પાડ્યા. આ ખબરો ભદ્રસીંગના જાણવામાં આવતાં તે આનંદથી ઉભરાઈ જવા લાગ્યો. તેનું દાંતવગરનું ડાચું આ વખતે મલકાવા લાગ્યું. તેના મનથી આજે પૂર્વનો સૂર્ય પશ્ચિમ દીશા તરફ ઉગતો જણાયો.

—:o:—

પ્રકરણ ૭ મું
બેચરસીંગનો. મિલાપ.

ચંદ્રબાના લગ્ન ભદ્રસીંગ સાથે ટુંક મુદતમાં થવાના ખબરો બેચરસીંગના જાણુવામાં આવ્યા, ત્યારે તે બિચારો હાય અફસોસ કરવા લાગ્યો. પોતાની આશાઓ હવે ધુંળધાણી થવાનો વખત નજીક આવતો જોઇ તેના મનમાં હજારો તરેહના તરંગો પેદા થવા લાગ્યા, છેવટે તેણે પોતાના મનમાં બહુ મકકમપણે ઠરાવ કર્યો કે આજે ગમે તે રીતે મારે ચંદ્રબાને મળવું તો જોઇએ કારણ ભવાનસીંગના કહેવા પ્રમાણે અમારો પ્યાર આમન સામન બહુજ મજબુત છે. તેણીના જીગરમાં મારી મોહબતની આગ સળગ્યા કરે છે, એ વાત ચોકકસ છે. માટે ચાલ જીવ તેને મળીએ, એમ વિચાર કરી સાંજના ચાર બજ્યાના અરસામાં તે એકાએક અફસોસીમાં ઘેરાઇ હઠીસંગના ઘર પાસેથી નિકળ્યો, તેના બગીચા તરફ નજર ફેરવે છે તો તેના અંદર એક નૌજુવાન ખુબ સુરત ઓરત પોતાના કપાળ પર હાથ દઇ ગમગીનીમાં ગિરફતાર બનેલી એક વૃક્ષ તળે બેઠેલી તેના જોવામાં આવી. તેની પાસે બીજા કોઇની હાજરી ન હતી. આ મોહબુબને તેણે પિછાની લીધી. અને કંઇ વિચાર કર્યા વિના આડે રસ્તેથી વાડ ઠેકી બાગમાં દાખલ થઇ જ્યાં તે ઓરત બેઠેલી હતી ત્યાં ઉભો.

ગભરાટની મારી ચંદ્રબાના મ્હોમાંથી આ માણુસને દેખતા વાર એકાએક ચીચીઆરી નીકળી ગઇ. પરંતુ આવેલા શખ્સને તેણીએ ઓળખી લેતાં શરમમાં આવી જઇ પોતાના શિરને જમીન તરફ ઝુકાવી ચુપ થઇ બેઠી.

ઘણો અજબ થઇને બેચરસીંગ બોલ્યો, અહો મેહેરબાન બાનુ હું તને ચાહનાર છું. મારા જીગરના અંદર તારી મોહબતે કેટલી હદ સુધી વાસો કરેલ છે. તેનું બયાન કોઇ કવિ પાસે એવી કલમ નથી, કોઇ ભાષણુ કરનારની જુબાન નથી, કોઇ ચિતારો એવી પીછી ધરાવતો નથી, કોઇ આદમીમાં એવી તાકદ નથી કે, સદાબરો વર્ણુન કરી શકે એસકની આગ બુજાવવી બહુ મુશ્કેલ છે. જે શખ્સની છાતીમાં તેં મોહબતની આગ સળગાવી છે. તેને તું રીબાવી રીબાવી મરણુ તુલ્ય કરવામાં ખુશી હશે નહીં માટે હે મારા હૈયાનાહાર તારી મીઠી જુબાનનાં બે બોલથી મને જણાવકે તારામાં મારે કેવી આશા રાખવી.

નંદકે દુલારે એ રાગ.

સુન તું જરા વિનતી મેરી, સુનતો પ્યારે—એ વાર—ટેક.
હાલ મેરા દેખ તુંહી, તુજ વસલ મેં હુવા;
જીંદગી ગુમાઇ મેને, રૂસ્વા હોગયા.—સુન તું જરા.
બોલ બોલ બોલ જરા, કરલે ભલાઈ;
દેતાહું તુજે કસમ મે, રામ દુવાઇ—સુન તું જરા.
દીવાના કીઆ મુઝકો, દીદાર બતકિ;
જેસા કીઆ તુમને પ્યારે, કોન કર સકે.—સુન તું જરા.
દીલ લીયા દીવાને કીઆ, બેહાલ બનાયા;
હાલ આસકીકા, "કુંવરજી"ને સુનાયા.—સુન તું જરા.

ઘણી શરમાઇને ચંદ્રબાએ ધીમે સાદે જવાબ દીધો કે, હે મારા ભવિષ્યના ભરથાર તારી મોહબતમાં હું અહર્નીશ જલ્યા કરૂં છું. તારા હાલના શબ્દોએ મારી છાતીમાં ગોયા જાદુઇ અસર પેદા કરી છે. એમ મારે કબૂલ કરવું પડે છે. પણ હા, હવે હું જોઉં છું કે તું મને ચાહે છે કે નહિં. દુઃખમાં દિલાસો આપે છે કે કેમ. જ્યારે મારા બાપની જાહોજલાલીના વખતની મને યાદ આવે છે ત્યારે મારી છાતી ભરાઈ આવે છે. હાલ મારી ચાલતી કમબખ્તીની યાદ મને રીઆવે છે.

પણ હું તારો મદદગાર થઇશ કે નહિં તે બાબત નકકી કરવા માટે હે પ્યારી મારો ચહેરો જો. તે તને આબેહુબ ગવાહી આપશે, બેચરસીંગે જવાબ આપ્યો.

પણ સાંભળ મારા હૈયાના હાર, આ વાત તમારા જાણવામાં આવી હશે કે મારો કાકો ચંદ મૂદતમાં હુંને પેલા ચંડાળ ભદ્રસીંગ સાથે પરણાવી દેવાના ઠરાવ પર આવેલ છે. ચંદ્રબાએ કહ્યું.

પણ એમ કદી હું બનવા દઇશ નહિં. હું પરમેશ્વરના સોગન લઇ જણાવું છું કે, તારા કાકાએ આરંભેલું કામ હું વીંખી નાંખીશ. બેચરસીંગે જવાબ દીધો.

પણ મારા કાકાએ નકકી કરેલો ઠરાવ તમે શી રીતે ફેરવવાને શક્તિવાન થશો? વળી તમે શા ઉપરથી કહી શકો છો કે, આપણી ભવિષ્યની મુરાદો બર લાવી શકશો ચંદ્રબાએ કહ્યું.

અહિં મારાથી બનતી બધી તજવીજ હું કરીશ. મારી મીલકતને એનો ઉપાય કરવામા ફના કરી નાંખીશ. છતાં પણ તેથી ધારેલી

મુરાદ સંપૂર્ણ નહિં થશે તો છેવટે હે પ્યારી! તુને અહિંથી ઉઠાવી લઈ જવાની ગોઠવણ કરીશ, પરંતુ પેલા ચંડાળની સાથે તારા લગ્ન થવા દઇશ નહિં. અયે નાજનીન આ મારા સાચા એકરારની ખાત્રીમાં તુને કોલ આપી બંધાઉં છું. વળી વિશેષમાં એમ પણ નક્કી કરૂં છું કે, આ દુનિયામાં તારા શિવાય બીજી ઓરતને હું કબુલ કરીશ નહિં, એમ કહી બેચરસીંગ કોલ આપે છે.

ત્યારે તો મારા મહેરબાન, હું હમેશ લગી તમારી છું. આમ બોલી ચંદ્રબા બેચરસીંગને વળગી પડી. અને મોહબતનાં આંસુ તેના શરીરપર નાંખતી બોલી, હું પણ જીંદગી પર્યંત તમારા શિવાય બીજા કોઇને પ્યારની દોરી અર્પણ કરીશ નહિં. લ્યો આ વચન, તેથી હું પણ બંધાઉં છું. પણ મારા કાકાએ જે વિચાર કરેલ છે તે મૂદત બહુજ નજદીક છે માટે આપણે તે પહેલાં અહિંથી નિકળી જવાની તૈયારી કરવી જોઇએ. વળી તમારે યાદ રાખવાનું છે કે, તે ચંડાળોને આ વાતની ખબર પડશે તો તેઓ આપણને રીબાવવામાં બાકી રાખશે નહિં.

પ્રિય મોહબુબ, મારા જીગર! એ બાબે તું બે ફિકર રહેજે. મારા મિત્ર ભવાનસીંગથી હું પક્કી ગોઠવણ કરીશ, વળી મારે તને જણાવવું જોઇએ કે ફરીવાર આપણો મેળાપ અહીંયા થવા બાબે મને શક છે. તેથી જે કંઇ મસલત કરવાની તે હમણાજ કરી લેવી મુનાસબ છે. મારો વિચાર તમે આવતી પરમ રાત્રના અહીંથી ભવાનસીંગના સાથે બાહેર રવાના થઇ જાઓ તો ઠીક, એવો છે અને હું પાછળથી તમોને ભેગો થઇ જઇશ. કારણ એકીવખતે તમારી અને મારી આ શહેરમાં ગેરહાજરી જણાશે. તો તે ચંડાલો પરબારે આપણુની પીઠ પકડશે. પણ યાદ રાખો કે કેવી તદબીરથી રવાના થઇ જાઓ કે તેની ખબર તેઓને મોડી મળે તેમ કરજો. બેચરસીંગે કહ્યું:—

ઠીક છે, એ ગોઠવણ હું કબુલ કરૂં છું. પણ તમારા મિત્ર ભવાનસીંગ સાથે હમણાજ મસલત કરજો, બાદ તે મને ભેગો થશે. તેનેં મારે ત્યાં આવવામાં કોઇબી રીતની અડચણ તો છેજ નહીં, તેમજ તેના આવવાથી કોઇને કંઇ શંકા પણ નથી, ચંદ્રબાને જવાબ દીધો.

બહુ સારૂ પ્યારી, ત્યારે હું જવાની રજા માગું છું બેચરસીંગ બોલ્યો, નહીં નહીં હજી થોડી વાર રોકાઓ ચંદ્રબાએ તેનો હાથ પકડી આગ્રહ કર્યો.

હમણા અહીં થોભી રહેવું જોખમ ભરેલું છે. માટે મને રજા આપ પ્યારી જવાદે. એચરસીંગે કહ્યું:—

બન્નેજણ એક બીજાના હાથને ચુંબન લે છે. પ્યારા! હું ઇશ્વર પાસે પ્રાર્થના કરીશ કે આપણ બન્નેનો તરત મેળાપ થાય. ચંદ્રપ્રભાએ કહ્યું:—

જેમ બનવાનું હશે તેમ બનશે; એચરસીંગે જવાબ દીધો—બાદ જે રસ્તાથી તે આવ્યો હતો, તે રસ્તેથી પાછો રવાને થયો પણ એચરસીંગને ત્યાંથી નિકળતા રસ્તાપર ઉભેલ એક હઠીસંગના માણુસે દીઠો જે બિના તેણે તાત્કાળિક હઠીસંગ પાસે જાહેર કરી દીધી.

ચંદ્રપ્રભા અને એચરસીંગના પ્યારની કેટલીક અફવા આથી પહેલા હઠીસંગના સાંભળવામાં આવી હતી અને ગોછામાં પુરૂ વળી આજે આ ખબર મળી એટલે જોઇ લ્યો હઠીસંગનો ગુસ્સો! એકાએક તે લાલ ચોળ બની ગયો, અને મનમાં કહેવા લાગ્યો કે, એ ચંડાળ, કુકતી મારા.વિચારથી વિરૂદ્ધ ચાલી, એચરસીંગ જોડે પ્યારની ગાંઠ બાંધે છે તો પછી મારે તેનો કંઇ ઘાટ ઘડવો જોઇએ, નહીંતર થવાના લગ્નમાં તે લુચ્ચો કંઇપણ વિઘ્ન નાખવામાં ચુકશે નહીં પણ અવલ આ બાબત મારે નંદીબાઇથી તજવીજ કરવી જોઇએ. એવો વિચાર કરી તે ઘર તરફ રવાને થયો.

પ્રકરણ ૮ મું.

ચંદ્રપ્રભા અને તેની સખીઓ–બાળ લગ્નના દુઃખ.

એચરસીંગથી બાગમાં છુટા પડયા પછી ચંદ્રપ્રભા પોતાની માતુશ્રી પાસે આવી થોડીવાર બેઠા પછી રજા લઇ પ્રેમબાઇ તથા ગંગાબાઇ કે જેનાથી એ ઘડીવાર પોતાને આરામીયત મળવાની તથા વખત ગાળવાની સુખ દુઃખમાં એક બીજાને દીલાશો મળવાની આશાઓ રાખતી, તેની પાસે ગઇ બન્ને બેનપણીઓ તરફથી સારો આવકાર આપવામાં આવ્યો થોડી વારે પ્રેમબાઇ બોલી, વહાલી સખી ચંદ્રપ્રભા હવે તો તારા લગ્ન થવાની મુદ્દત નજદીકમાં આવી છે છતાં તારા ચેહેરાપર ખુશાલીને બદલે ઉદાસી જોવામાં આવે છે તેનું કારણ શું?

એકાએક ચંદ્રપ્રભાની આંખોમાં પાણી ભરાઇ આવે છે. અને તે બોલે છે, 'પ્રિય સખીઓ; મારા કાકાએ કરવા ધારેલા લગ્ન એ મારી

સલામતીમાં વિઘ્ન રૂપ છે, જે માણસને હું અંતઃકરણથી ધિક્કારૂં છું, જેનો કદરૂપો ચેહેરો જોઇ મને સુગ ચઢે છે, જેની અવસ્થા ગોયાં સ્મશાન સાથે મિત્રાઇ જોડવાની તૈયારીમાં છે, એવા એક શખ્સ સાથે મારા લગ્ન કરવાની તૈયારી મારા કાકાએ કરી છે, જેથી હું બેહદ ફિકરમાં છું કે, આ સંકટમાંથી હું કેમ બચી શકીશ.

ગંગાબાઇ તેના આંસુ લુછે છે, અને દીલાશો આપે છે કે પ્રિય સખી ચિંતા કરવામાં કશો ફાયદો નથી, જે ભાવિક પદાર્થ સર્જ્યું હશે તેમાં રતી માત્ર ફેરફાર થવાનો નથી. આજના જમાનાએ આપણુ સ્ત્રીજાતી-પર પોતા તરફની બેહદ ખફગી બતાવી આપણને પરાધિન બનાવી મુકેલ છે. જેના પરિણામે આપણા વાલીઓ જ્યાં આપણને આપવા મનસુબો કરે છે ત્યાં બેહદ દુઃખ છતાં પણ જવું પડે છે. ગયા વખતમાં પતિ પસંદ કરવાનું કામ જ્યારે કન્યાઓની મરજીપર સોંપવામાં આવતું ત્યારે સ્ત્રી જાતની આવી હાલહવાલી થતી નહતી. કોઈ રૂપ ગુણ જોઈ પરણતી તો કોઈ શૂરવીરતા પર મોહી પડતી. કેટલીક કન્યાઓ શમસ્યાઓ લખી મોકલતી. તે જે ધણી પૂરી કરતો તેને પોતાના પતિ તરીકે કબુલ કરતી વગેરે. સ્વયંવર મંડપ અથવા તેને મળતા કાનુનોથી જુદી જુદી રીતે પતિ પસંદ કરવાની લગામ જ્યારે કન્યાઓના હાથમાં હતી ત્યારે કોઇપણ રીતના ઉલટ સુલટ પરિણામ દ્રષ્ટિમાં આવતા ન હતા. જે વરને કન્યા પસંદ કરતી તે સાથે તેના માબાપ લગ્ન કરી આપતા હતા. પરંતુ આજે ચાલતા વર્તમાન પ્રમાણે કન્યાઓની મરજી વિરૂદ્ધ તેના વાલીઓનું કંઇપણ જોર ચાલતું નહતું. પોતાની મરજીથી પસંદ કરેલ વર સાથે પરણનારી કન્યાઓ કેવા સુખચેનમાં દહાડા ગમન કરતી તે બીના આપણે ઇતિહાસો પરથી જાણીએ છીએ. અહિં આપણુ માટે પ્રાચિન વખતમાં જે રીતો ચાલતી તે રીતો હાલ યૂરોપખંડ તરફ પોતાનો વાસો કરી બેઠી છે. કેટલાક જુના વિચારના માણસોથી તે કંટાળી જઇ અહિંથી રીસાઇ ગઇ લાગે છે. જેનું પરિણામ આપણને સોસવું પડે છે. ગયા વખતમાં આપણી દશા બહુ સારી હતી. તે વખતમાં આજની પેઠે બાળ અવસ્થામાં લગ્ન કરતાં નહિં, વળી જે વરને કન્યા નાપસંદ કરતી તેની સાથે જબરાઈથી અથવા તેની મરજી વિરૂદ્ધ તેને પરણાવી દેવામાં આવી હોય એવા દાખલા તો સાંભળવામાં કે વાંચવામાં આવેલજ નથી. છતાં મારી વહાલી સખી તું જોતો ખરી કે, આ તારી બન્ને બેનપણીઓ ભરજુવાનીમાં કેવી દુઃખી છે. મારો પતિ બાળાવસ્થાનો અને અણસમજુ છે. જેને દુનિયાનું તો બીલકુલ

ભાનજ નથી અમારા માવિત્રોએ માત્ર મોટા આબરૂદાર પૈસાવાળા ઘર સામું જોઇ અમને એક ઉંડા ખાડામાં હોમાવી છે. નહિં કે કોઇપણ રીતના તેમણે વિચાર કરેલા હોય. આજના જમાનામાં કન્યાના માવિત્રો મોટું ઘર અને આબરૂદાર કુટંબ જોવા શિવાય પોતાની પુત્રીના ભવિષ્ય સુખને બીલકુલ જોતા નથી. મોટા સગા મળવાથી પોતે આબરૂદારમાં ગણાશે અથવા વિપત્તી પડે કામ આવશે એવા વિચાર એના મનમાં ચોકકસપણે ઠસી રહેલા છે. જેના પરિણામે થતા લગ્નથી બિચારી નિરાધાર બાળકીઓ પોતાના દહાડા બહુજ શોકમાં પસાર કરી અહર્નીશ પોતાને પરણાવનારને ઉંડા નિશ્વાસથી શ્રાપ આપે છે. જેથી તેમનો ઘાણ નિકળી જાય છે. તે બાબતમાં તેઓ કંઈ વિચાર કરતાજ નથી. આપણા લોકોની આવી દુર્દશા અને દરિદ્રતા વાળી હાલત વધતી જાય છે. તેમાં આ કારણ મુખ્યપણે પોતાની હાકમી ચલાવે છે. પણ કોણ જાણે પ્રાચિન કાળમાં ચાલતી રીતીની પધરામણી અહિં કયારે થશે અને આપણા દુઃખનો અંત કયારે આવશે. પણ વહાલી સખી તને આવી રીતનું ઉદાસ થવાનું જે કારણ છે તે માત્ર જેની સાથે તારાં લગ્ન કરવામાં આવે છે તે વર તને પસંદ નથી. એટલુંજ છે કે કંઇ વધારે?

મારા સુખ દુઃખમાં ભાગ લેનાર અને ભવિષ્યમાં પોષણ કરનાર, સુખમાં દહાડા ગમન કરવા માટે મેં જે વર પસંપ કરેલ છે તે સાથે મારે પરણુવા વિર્ચાર છે. જે વાત મારી માતુશ્રી જાણે છે; પરંતુ તેણીનું હઠીસંગ પાસે કંઇ ચાલે તેમ નથી. તેનો વિચાર તો જેને હું ચહાતી નથી તેની સાથે મને પરણાવવાનો છે. એટલે આ જબરદસ્ત આપ્તમાંથી હું કેમ બચી શકીશ એ સંબંધી અપસોસે મારાં લોહીને પાણી બનાવી મૂકયું છે. ચંદ્રબાએ જવાબ દીધો.

પણ સખી તું કહે તો ખરી કે, તેં તારી મોહબતની દોરી કયા શખ્સના હાથમાં સોંપી છે? પ્રેમાબાઇએ સવાલ કર્યો.

હાલ તે મારા હૈયાના હારનું નામ તમે મારી પાસેથી કઢાવો ના. ચુંદ્રબાએ જવાબ દીધો.

પણ નહીં નહીં સખી એ જવાબમાં તું દીર્ઘ દૃષ્ટિથી દુર છો. તું જે માણસને ભરથાર તરીકે પસંદ કરે છે તે લાયક છે કે નહીં તથા તેની સાથે પરણવાથી તું સુખી થશે કે કેમ એ બાબતમાં તે ધણીનું નામ જાણ્યા પછી અમો તુને યોગ્ય સલાહ આપશું પ્યારી બેન તું તો સમજુ છો એટલે અમારે વધારે કહેવું ન જોઇએ પરંતુ પોતાની હૈયાતી

લગી. જેની સાથે જોડાવાનુ છે તે શખ્સ માટે યોગ્ય માહિતી મેળવવી એ ડાહાપણુ ભરેલું છે, માટે તારે નામ જણાવવું જોઇએ. પ્રેમબાઇએ કહ્યું:—

પ્રિયસખી તારૂ કહેવું વ્યાજબી છે, મારા હૈયાના હારનું નામ મારે તમારાથી છાનું રાખવા કંઇ કારણુ નથી પરંતુ જ્યાં સુધી હું આ આવી પડેલા આફતમાંથી ઉગરીસ કે નહીં તે બાબતમાં શકમંદ છું. ત્યાં લગી મારે તમને તેનું નામ જણાવી દેવું એ વાત દાનાઇથી વેગળી છે. મારૂં ભવિષ્ય મને હાલના તોફાનમાં જોકાવી દે, તો પછી મારે શર્મીંદગી ભોગવવા સરખુ થાય માટે નામ માગવાની હઠ માંડી વાળો ચંદ્રબાએ કહ્યું. પ્રિય બેન જે ધણીને તમે તમારો પ્યાર અર્પણુ કરવા ધારો છો, તે માણુસ લાયક છે કે નહીં એટલીજ બિના જાણુવા માટે હું નામ માગવાની માંગણી કરૂં છું નહીં કે તારી શરમ ખોવી, પ્રેમબાઇ બોલી કદાચ એકાદ પુરૂષના રૂપ પર તું ફિદા થઇ ગઇ હોય અથવા કોઇ લુચ્ચાના ફાંસાની ભોગ થઇ પડીહો અને પાછળથી તારે પશ્ચાતાપ કરવો પડે, તે ખાતે સાવધ રહેવું જોઇએ, કારણુ ફક્ત ખુબ સુરતી પર લોભાઇ જવું એ દાનાઇથી દુર છે. ત્રુના ફળ ખુબસુરતીમાં માણસને લલચાવે છે, પણ તેની લહેજત કડવી છે, ગરદનમાંથી ફાંસીની ગાંઠ અગરચે એક વખત છુટી શકે, પણ લગ્નની મજબુત ગાંઠ જીંદગી પર્યંત છુટતી નથી, દુનિઆમાં જેમ નેકી છે તેમ બદી પણ છે. તેજ મીશાલે માણસો પણ નેક અને બદ હોય છે. માટે સંભાળીને કામ કરવા અમારી સલાહ છે. તારા વિચારથી અમો નારાજ નથી પણ ખુશી છીએ, અને ચાહીએ છઇએ કે તારી મુરાદ સંપૂર્ણુ થાઓ તું તારા પસંદ કરેલા ભરથારને મળવા પામે. માટે હે સખી, તારા પોતાના ફાયદા માટે તારે નામ જણાવી દેવું જોઇએ.

કેટલીક વાતો થવા પછી ચંદ્રબાએ બેચરસીંગનું નામ જણાવતાં બન્ને સખીઓ તેના બહુ વખાણુ કરવા લાંગી, ખરેખર બેન એ શખ્સ તારા લાયકજ છે તે બધી બાબતે સંપૂર્ણ છે. ઇશ્વર તારી આશા સંપૂર્ણું કરો!! એમ અમે ખરા અંતઃકરણથી ચાહીએ છીએ. પણુ બેન તું તો લાયક ઉમરે પહોંચી છો, એટલે આવી બાબતમાં તુને ભાન છે, પણું જોતો ખરી કે પૂર્વે અઘોર પાપ મેં કર્યાં હશે કે જે આ ભવમાં મને નડયા છે. મારા મા બાપેં કંઇપણુ રીતના વિચાર કર્યાં વગર આ મોટું

ધરજોઇ એક કિશોર વયના છોકરા સાથે મને જોડી દીધી. હું સંસાર સુખ માટે અહર્નીસ જલ્યા કરૂં છું,. બળાપો કરૂં છું, પણ હવે કંઇ ઉપાય થાય તેમ નથી.

મારા રે સ્વામિ—એ રાગ.

સખી કહું તે તું સુણ વહાલી, જાય મારી કેવી દીવાળી. સખી૦
ભાન નહીં સંસારનું જેને, તેની સાથે કેમ ગમે કહેને. સખી૦
પતિ પેહેરી ધોતીયું નવ જાણે, એની જોડે આ શું સુખ માણે. સ૦
બાપે જોયું ઘર એનું મોટું, છતી આંખે કામ કર્યું ખોટું. સખી૦
હાલત.મારી સાંભળને શાણી, પીયુ કરજે તું જોઇ જાણી. સખી૦

રાગ—કાફી.

સુણ તું દુઃખ મારૂ રે, દુઃખથી હું દીલે ભરી રે;
કંથ મારો છોટો રે, તેથી હું બની દુબળી રેઃ
નાની હતી ત્યારે નોતી જાણતી, સંસાર સુખની પ્રીત;
મારા મા બાપે ભુંડું કીધું, મારી બાળથી દીધી રીત;
હોમી.મને દુઃખમાં રે, બોલું મુખથી હરી૦ હરી રે. સુણ૦
બચ્ચાઓ સાથે રમીને આવે, પછી મસ્તી કરે ઘરમાય;
દેખી તેને લાજી મરૂ હું, દુઃખ હૈયામાં થાય;
નિસાસા નાખું મનમાં રે, વધું શું કહું સખી સખી રે. સુણ૦
કરમે કજોડું મળ્યું એમ કહે છે, લોકો વારંવાર;
દોષિત મારા માતપિતા છે, જેણે કર્યો ન કાંઈ વિચાર;
સાસુ મને દુઃખ દેરે, મેણા મારે નણંદ સહીરે.—સુણ૦
વધું કહું તુને કેટલું, મારા દુઃખ તણો નહિં પાર;
સંકટ સઘળાં સહન કરૂં છું, હું છું નિરાધાર;
"ઠક્કર." આશિષ દેછે રે, કંથ મોટો કરે હરી રે.—સુણ૦

ઉપર પ્રમાણે પ્રેમાબાઈ પોતાની વિપત્તી બાબે બળાપો કરતી અને સંસાર સુખ માટે હેરાન થતી હતી. આ બાબતમાં ગંગાબાઇ પણ દુઃખી હતી. એટલે પ્રેમાબાઈના વિલાપરૂપી ભાષણે તેના જીગરમાં એટલી હદે જગા કરી કે, તે બિચારી એકાએક ગદગદ કંઠે રડી પડી. તેણીને આવી હાલતમાં આવેલી જોઈ ચંદ્રબા તથા પ્રેમાબાઈ દીલાસો દેવા લાગી કે, બાઇ છાની રહે બળાપો કરવામાં કંઇ સાર નથી. લગ્નગાંઠ

બંધાઇ ગઇ. એટલે હવે સંતોષ અને સબુરીથી દહાડા કાઢવા શિવાય બીજો રસ્તો નથી. ગંગાબાઇ આ ઉપરથી ડચકાં ખાતી બોલવા લાગીઃ-

મારારે સ્વામી—એ રાગ.

સખી સુણુ કર્મ તણી કહાણી, છતે સ્વામિ હું તો રંડાણી—ટેક.
એની છું જુવાન હું બાળા, પીયું કરે મરણુ તણા ચાળા—સખી.
નથી દાંત મુખમાં એને એકે, ચાલે તેતો લાકડીને ટેકે—સખી.
માબાપે લાયક નહિં જોયો, ખરો જન્મારો તેણે ખોયો—સખી.
તેઓએ મૂર્ખાઇ તો કીધી, દેખી કરી બુઢાને દીધી—સખી.

કાફી.

શું કહું હાલ મારૂં રે, સખી તુને દીલ દઈ રે;
કંથ મારો ઘરડો રે, જુવાની મારી એળે ગઇરે જી;
ઘર જોયું મોટું ને કુળ જોયું ખોટું, લાજ કમાણાતેં;
દુશ્મન પેલા ભવતણાએ, મારા મનથી તે;
તેને તેવો બદલો રે, ઈશ્વર આપે શાને નહિં રે.—શું કહું૦
હુંરે જુવાન મને કામ સંતાપે, જાઉં કદી પીયું પાસ;
પ્યાર થકી જો બોલાવું તેને, તો નાંખે છે નિશ્વાસ;
એવાં દુઃખ મુજને રે, ઉમેદો મારી એળે ગઇ રે.—શું કહું૦
મારૂં જેણે સગપણ કીધું, તેના ભવોભવ ભુંડાં થાય;
એવી આશીશ માહેરી, તમે સમજી લ્યો મનમાંય;
પુત્રીના પિતા સમજો રે, દુઃખને દીલે લહી રે.—શું કહું૦
સખીયો મારાં સંગની હતી, તે પ્યાર ભોગવે છે;
દીલ દુઃખાય છે માહરૂં, એ દોષ કરમના છે.
દાસ "ઠક્કર" કહે છે રે, જોડું જોવું દીલ દઈ રે.—શું કહું૦

થોડી વાર થયા પછી ચંદ્રબાના મનમાં વિચાર થયો કે, બેચરસીંગ સાથે કરેલ ગોઠવણ પ્રમાણે આ શહેર મારે છોડવું તો પડશે. એટલે તે બાબતમાં યોગ્ય ગોઠવણ આગળથીજ કરી રાખવી જોઇએ. અવલ તો મારે ઘરથી બાહેર શી રીતે નીકળવું? ઘડીભર ભવાનસીંગ મને ખાનગી ખબર કરશે તે પ્રમાણે હું કરીશ; પણ રજા લીધા શિવાય મારાથી ઘરના ઉંબરા બાહેર પણ નીકળી શકાતું નથી. તો પછી અહિંજ મારી સખીયોની આ બાબતમાં કંઈ મદદ લેવી યોગ્ય છે. એ મને માગ્યા પ્રમાણે મદદ આપવામાં આનાકાની કરશે નહિં એવી ધારણા

ર્યા પછી ચંદ્રબાએ પોતાનો ઈરાદો પ્રેમાબાઇને જણાવી દીધો અને આવતી પરમે તારે મને જમવા નોતરવી અને રાત ખમાડવા* આગ્રહ કરવો. કદાચ મારા કાકા તરફથી તારી માગણી નાકબુલ કરવામાં આવે તોપણુ તારે હઠ છોડવી નહિં. અને કહેવું કે, હવે ચંદ્રબા પરણી જવાની છે; ફરી કોણુ જાણે અમારો મેળાપ કયારે થાય! માટે આ મારી માગણી સ્વિકારવી જોઇએ. એવી રીતે તું વિનંતી કરશે તો તે ના પાડશે નહિં. બાકીની ગોઠવણ આપણુ પછીથી કરશું. ચંદ્રબાની એ માગણી પ્રેમાબાઈએ કબુલ રાખી અને દીલાસો આપ્યો કે, બાઈ તું કાંઈ ફિકર કરમા; મારાથી બનતી મદદ હું તને આપીશ. એ પ્રમાણે વાતચીત થયા પછી ચંદ્રબા તેમનાથી છુટી પડી પોતાને ઘેર આવી.

પ્રકરણ ૯ મું.

ચંદ્રબા અને હઠીસંગ.

ચંદ્રબાના આવવા પહેલા હઠીસંગ નંદીબાઇ પાસે બેઠો હતો અને ચંદ્રબાની આડી ચાલ માટે ગુસ્સો બતાવતો હતો. ચંદ્રબા ઘરમાં દાખલ થઇ કે, એકદમ હઠીસંગ તેને ધમકાવવા લાગ્યો અને બોલ્યો કે બોલ ડુકતી! આજે બગીચામાં કયા બેગાના આદમી સાથ મસલત કરતી હતી? બેશરમ, તને કોઇ વાતનો વિચાર છે કે નહીં!!

ચંદ્રબાથી થોડીવારલગી તો કંઇ બોલી શકાયું નહીં પણ પછી હીંમત પકડી તેણીએ જવાબ દીધો કે કાકા મને નાહક શામાટે સંતાપો છોગ! દુઃખી જીવડા પર કાં જુલમ ગુજારો છો!! તમે તમારી વાતને મૂકી દઇ મારાપર દયા કરો. ભદ્રસીંગને રજા આપો મને પરણાવોમાં નહીંતર પરિણામ સારૂ આવશે નહીં. મને બહુ સંતાપશો તો મારો જીવ દઇશ.

મથુરાના—એ રાગ.

કાકા ગાલ મુંજીકે દયો કનરે, માંકે દુઃખમાં દેઓ અંઇ;
મુંજી વિનતી ધર્યો અંઇ મનરે, માંતે મહેર કયો અંઇ;
અંઇયા ત બાપી છોકરી, નાયે કેંજો આધાર;
દીઠે દુઃખમે કો વજો, કી તોજે ધિલમે વિચાર રે. માંકે૦

ભુછડો આએઇ ભદ્રસીંગ, દીસણુમે ખારો ઝેર;
વગર વિચારે પેણાઇને, તેમ્યા થીધો કારો કેરરે. માંકે૦
ભજી વ્યોભા ભાણસીંગ, નાય મુંજી મદતમે કોય;
મુકે જન્નો સંતાપીને (ત) ધોંખે ભરાઇને પોય રે. માંકે૦
ભુંસેવીજ ઇનગાલકે, આંઉ ગણીયા તોજો પાડ;
રોમ રખને મુંમથે, રાજીથી ધો જગત આધાર રે. માકે૦
પે ઉસીયો પરલોકમે, તદે થીયા હેડાહાલ;
તોજી મુમત છડતું, ઇનગાલમેં નાયકીં માલ રે. માંકે૦
પુછે વગર તું કમકને, ત થૈપોં ધો ઉત્પાત;
છછેડમાં હીનરાંકકે, નકાં કંધીસે આપ ઘાત રે. માંકે૦
પુછ પુછ માડુરેકેઅરે, મુજે હઇડેમે થાઆ મચ;
"કુંવરજી" ચોંધોસચી, જેકે નાએ કીં લાલચ રે. માંકે૦

જે શખ્સે બાગમાં મને દેખાવ દીધો હતો, જેની સાથે હું બાગમાં બેઠી હતી તે શખ્સની જાણ પીછાન હું તમને આપી શકતી નથી. ચંદ્રબાએ જવાબ દીધો.

આ જવાબથી હઠીસંગ એકદમ લાલચોળ બની જઇ બિચારી નિર્દોષ બાળકીને કેટલીએક ગાળો આપી બાદ બોલ્યો કે. શું ચંડાળ હજી તેં તારી હઠ મુકી નથી! અને મારા વિચાર આડે આવવા તારી મરજી છે ખરી કે?

નહીં નહીં કાકા, મારૂ જે કંઇ બોલવું છે. તે બાબતમાં આપે દીર્ઘ દૃષ્ટિ કરવા મારી વિનંતી છે. મારો વિચાર એમ છે કે, મને કોઇ પણ સાથે પરણાવોનહીં તો સારૂં. કારણ પરણેલી જીદંગીમા સુખ મળતું હોય એ બાબે મને તો શક છે. માત્ર ખ્યાલી સુખ હોય તો કોણ જાણે, મને તો એમાં કાંઇ મજા જેવું દીઠામાં આવતું નથી.

છટ! છટ!! વળી એવા નાદાની ભરેલા વિચાર તું શું જણાવે છે? તારા કપટ યુક્ત વિચારો ઉપરથી હું તો જાણી ગયો છું કે તે તારી જીંદગીની દોરી પેલા બાગમાં આવનાર લુચ્ચા શખ્સના હાથમાં સોંપી છે પણ યાદ રાખ કે એ કામથી તું પશેમાની ભોગવીશ, હાલ હવાલ થઇશ, અને તારૂ કાંઇ વળશે નહીં. માત્ર ખ્યાલી વિચારો છે, માટે તેને છોડી દેવામાંજ માલ છે, હઠીસંગે સખ્ત શબ્દોથી કહ્યું.

નહીં નહીં કાકા, એમા તમો ભૂલ કરો છો વળી જે શખ્સ સામે મારો અણુ ગમો તમે જાણી ચુકયા છે, તે સાથે મારા લગ્ન કરી આપવાથી શું મારી જીંદગી બાબે આંશા રાખો છે કે? એમ કહી ચંદ્રબા રડી પડી.

બેસ બેસ, લુચ્ચી તારા પરાક્રમ હું જાણું છું. જ્યાં લગી બેચરસીંગનો ઘાટ ઘડવામાં નહીં આવે ત્યાં લગી તું તારા વિચારને છોડીશ નહિં એમ હવે મને ખાત્રી થાય છે. આનું પરિણામ કેવું માઠું આવશે તે તું જોઈશ. પણ હું દિલગીર છું કે, તારી હઠના પરિણામે તેને ખરાબી થશે. આમ બોલી હઠીસંગ ત્યાંથી ઉઠી ચાલતો થયો.

ચંદ્રબા નિરાશ થઈ પરમેશ્વરની પ્રાર્થના કરતી બોલી, હે જગત કર્તા ! મારા સંકટોનું નિવારણ કર. મારાપર રેહમ કર મને હાલના સંકટથી છૂટી કર. હે ભગવાન ! તારા શિવાય મારો કોઈ મદદગાર નથી. આકાશ ભણી હાથ જોડી પ્રભુ પ્રાર્થના કરે છે.

કચ્છી કાફી.

અસી ભલે એ રાગ.

હાલ સુણાયાં તોકે સુણાયાં, માલક મહેરકર ગોલી અંઈયાં.—ટેક.
નાંએં હીત સુખમાંકે, કાકો સંતાપે;
મંગા મંગા મહેરતોજી, શીરકે નમાયાં.—તોકે સુણાયાં૦
મહેરજા મીં દે ખેર ગુરાંતી;
સાંઈ કર સીક પુરી, પક્ષ ન વિસારીયાં.—તોકે સુણાયાં૦
દયા તોજે ઘર પે, ડાઢી નાએ કી;
હૈયેજી આગ આઉં, કેંકે સુણાયાં.—તોકે સુણાયાં૦
ભારે ભજીવ્યો, ઉ કો ભયાં કીતવ્યો;
"ઠકકર" ચ્યો હાલ સુણી, સભરકે ગુરાઈયાં,—તોકે સુણાયાં૦

—:o:—

પ્રકરણ ૧૦ મું.

બેચરસીંગને ભવાનસીંગનું મળવું. ચોરીના અપરાધ માટે કેદ-ચંદ્રબાનું નાસી જવું.

આપણો પેલો ચંદ્રબાને પરણવા બાબેનો ઉમેદવાર હઠીસીંગના બાગમાંથી નિકળ્યો પરબારે ભવાનસીંગને મળ્યો. ત્યાં બધી બિનાથી તેને વાકેફ કર્યો. અવલ તો ભવાનસીંગે આવી રીતે નહિં કરવા અને બીજી યુક્તિથી કામ લેવા ઘણી સમજુતી કરી; પરંતુ તેના જવાબમાં બેચરસીંગે આપેલ કારણો તેને વ્યાજબી લાગ્યા. છેવટે બેચરસીંગે જણાવ્યું કે, પ્યારા દોસ્ત મારી મુરાદ બર લાવવા માટે તથા મારો ઉમેદરૂપી વહાણુ સંકટરૂપી તોફાનમાં ગોથાં ખાય છે તેને યોગ્ય તજવીજથી કિનારાપર પહોંચતું કરવા માટે તું ગોયા સુખાણીરૂપ છો ખરા મિત્ર તરીકે પોતાની ફરજ બજાવી બતાવવાનો આ વખત છે. હું કેવી રીતની અફસોસીમાં ગિરફતાર છું એ બિના તારાથી અજાણી નથી. મારા દુઃખમાં બનતો ભાગ તારે લેવો જોઈએ. મિત્ર તરીકે ઘણા જણાએ વખતપર પોતાના શિર જુકાવી દેવાના ઘણા દાખલા આપણા સાંભળવામાં આવે છે. વખતપર કામ આવે તેજ ખરો મિત્ર ગણાય છે.

પણ ડીયર, જે ગોઠવણુ આપ કરો છો તે મુસીબત ભરેલી છે પરિણામે હેરાન થશો. માટે એ મહોબત છોડી આપો અથવા તો બીજી ગોઠવણુ બની શકે તો એ કામ કરો, ભવાનસીંગે કહ્યું.

મારા પ્યારા મિત્ર પહેલી મહોબુબ સાથે હું વચનથી બંધાઈ ચુકયો છું. હવે મારા વિચારમાં હેરફેર થાય તેમ નથી. વચનનો ભંગ કરવો તેના કરતાં મરવું એ વધારે સારૂં છે. બેચરસીંગે કહ્યું.

વચન ઉપર મુસ્તકીમ રહેવું એ તારા વિચારોને હું મળતો છું. તારા તરફથી પેલી ઓરતને વચન અપાઇ ગયું છે તો પછી તે પાળવામાં તારે ચુકવું નહિં. અગર આ જીંદગી આફતમાં આવે તોપણુ શું !!

ગઝલ.

સરારારે-એ રાગ.

સુખન બચતાં જો જાયે જીવ, બેલાશક તું જવાદેજે;
અગર જો જાય સહુ દોલત, બેલાશક તું જવાદેજે.—ટેક.

સુખન રહેતાં બધું જાએ, વતનથી દુર જો થાએ;
નાં દીલમાં સોચ રખકાંયે, બેલાશક તે જવાદેજે.
વચનપર ના રહે જે બર, નહિં ઈનશાં તે પરઝંદ ખર;
વચન રહેતા જો જાએ ઘર, બે લાશક તું જવા દેજે;
બગીચા બાગને શાણી, જવા દે રાખ વચન પાણી;
વચનની કદર નહીં જાણી, હજારે ધ્યાન તો દેજે;
"કુંવરજી" કહે છે પોકારી, અરજ શુણ દોસ્ત તું મારી;
બંધાઇ જો અગર પ્યારી, સુખે તું શિર જવા દેજે.

છેવટે બેચરસીંગની માગણી ભવાનસીંગે કબુલ રાખી, અને આવતી પરમે શહેરના ઉગમણા દરવાજા બાહેર થએલ ગોઠવણ પ્રમાણે ચંદ્રબા હાજર થશે. ત્યાંથી તમો બન્નેજણ મિનાપુર ગામે ઠેરજો, હું તમોને ત્યાં મળીશ મિનાપુરનો રસ્તો પાંચ રોજનો છે અહીંથી તે સો મૈલ થાય છે. આ ગોઠવણની ખબર તમારે ચંદ્રબાને કરવી. હું પણ તમોને વળાવવા વખતપર હાજર રહીશ, આ પ્રમાણે વાત ચિત કરી બેચરસીંગ પોતાને ઘેર આવ્યો.

હવે આપણે હઠીસંગના વિચારો તપાસીએ તે ઘેરથી ચાલ્યો પરબારે ભદ્રસીંગ પાસે ગયો અને હાય અપસોસ કરવા લાગ્યો, તેણે જણાવ્યું કે મિત્ર મારી ભત્રીજી રાજી ખુશીથી તમારી સાથે પરણી ઉતરે એ બાબે મને શક છે. એક બદમાશ સાથે તેનો પરિચય થયલ છે તે તેણીને ખોટી સલાહ આપતો હોય. એમ ચોકશ રીતે મારી ખાત્રી થઇ છે અને તેનાજ પરિણામે તે હઠ પકડી બેઠી છે. માટે આપણે કોઇ કાવતરૂ રચી તેનો ઘાટ ઘડી નાખવા તજવીજ કરવી જોઇએ.

પણ તે બદમાશની મને ઓળખાંણ તો આપો? ભદ્રસીંગે કહ્યું.

મહેરબાન આપણે આ શહેરના ઉગમણા દરવાજા તરપ જઇએ છીએ ત્યારે ડાબા હાથ પર જે મોટી દીવાલ રંગ બેરંગી શોભાયમાન જોવામાં આવે છે, તેના ગોખમાં તે પુરૂષ દરરોજ બેઠેલો જોવામાં આવે છે. જેનું નામ બેચરસીંગ છે. અને તે બડો લુચ્ચો ચંડાળ છે. હઠીસંગે જવાબ દીધો.

મને બરાબર ઓળખાણ બંધ બેસ્તી નથી, ભદ્રસીંગે કહ્યું. જેથી હઠીસંગે જવાબ દીધો કે, આપ મહેરબાનને યાદ તો હશે કે, જે રોજ આપના જાનમાં મીજલસ કરી કેટલાક સગા વહાલા મિત્રોને બોલાવ્યા

હતા. તેમા એ ધણી આવેલ હતો ચાહ પીતાં જેના હાથમાંથી. કોપ પડી ગયો હતો. અને તેથી તેના લુગડાં ખરાબ થયાં હતા.

હા! હા! હવે મેં એને ઓળખ્યો, તે ખરાબ ખસલતનો હોય એમ તેના દેખાવ પરથી સેજ જણાઇ આવે છે ભદ્રસીંગ બોલ્યો. પણ એ નાપાક જવાનના હાડકાં કોણ ભાંગે હું તો ઘરડો છું. મારાથી એ કામ બને પણ કેમ!!

એ કામ આપણે બીજાઓ પાસેથી કરાવીશું. એવા કામ કરનારા શખ્સોની સંખ્યા અહીં ગણી છે દશ રૂપીયા કોઈને આપીએ તો એ બુબખના નામને પણ ગેબ કરી નાખે. હઠીસંગે જવાબ દીધો.

પણ દોસ્ત એને એકદમ મરાવી નાખવા કરતાં રીબાવી રીબાવી મારવાની ગોઠવણ થાય તો ઠીક, કારણ એકદમ (ચંદ્રબાની જાણ વગર) મરાવી નાંખવાથી તમારી ભત્રીજીને તેના મરણ માટે શક રહેશે અને હઠ છોડશે નહીં. અહીંના સરકારી નોકરો સાથે તમારી બહુ પિશ્ચાન છે. પ્રથમ કોટવાલને મળો તેઓ ગમે તે પ્રકારનો વાંક તેના પર મુકી તેને કાજી પાસે મોકલી દે, કાજી તો તમારા આગલા ઘરનો ગુલામ લાગે છે. હું જોઉં છું તો દરરોજ તમારી વખારની બે વખત મુલાકાત લે છે. તેને કરો ભલામણ તો.એ લુચ્ચાને કેદમાં રીપાવી મારે પૈસાથી બધુ બની શકશે. પણ એ કામ હવે જલદી થાય તેમ કરવું જોઇએ ભદ્રસીંગે કહ્યું.

આ વાત હઠીસંગને પણ પસંદ પડી, તેઓ હજી વાતો કર્યા કરે છે એટલામાં કાજી સાહેબ મગદરખાન ત્યાં પધાર્યા,

કયું શેઠ સસરે જમાઇ દોનુ કોનસી મસલતમેં રોકાએ હો? કાજીએ પુછ્યું.

નાના સાહેબ આપથી છાની રહે એવી કોઇપણ વાત અમે કરતા નથી વળી જ્યાં પ્રિત હોય ત્યાં પડદો રહેતો નથી, હઠીસંગે જવાબ દીધો. પણ નહીં શેઠ આપકા ચેહેરા આગાહી દેતાહે કે કુછ.અપ્સોસી કે બિચારો મેં આપ હેરાન હો કાજીએ કહ્યું.

હઠીસંગે કેટલીક વાતો કર્યા બાદ પોતાનો વિચાર તેમને જણાવી દીધો.અને તે પ્રમાણે કરી આપવા તથા બેચરસીંગને કેદમાં જુકાવવા વચન માગ્યું.

ઇસમે કયા? કુછ ઈસસે બી જાદે કૃત્ય કરના હોય તો વોબી આજ કાલ હમ કર શકતે હય, હમકું પુછને વાલે કોણ હય, જબ હમારે

હાથોમે અમલકે ચાબુક મોજુદ હય વો અરશેમે તુમારે જૈસે દોસ્તોકા કામ કર દેના જરૂર હે. બેલાશક આપ વો બાતમેં બેફિકર રંહો તુમારે હરીફકો મેં આપેહી ઠંડા કરૂંગા કાજીએ જવાબ દીધો.

આ ઉપરથી હઠીસંગ તથા ભદ્રસીંગ બહુ ખુશી થયા. હઠીસંગે કહ્યું નામદાર સાહેબ આ કામ જલદી કરવાનું છે માટે કેવા પ્રકારે તૈયાર થશે એ બાબતમાં આપે સલાહ આપવી જોઈએ. કારણ અમે તમારા વહિવટથી અજાણ્યા છીએ. સરકારી કામમાં કંઈ સમજીએ નહિં એવી એવી વાતો ચાલતી હતી. ઇત્તેફાક બનાવ એવો બન્યો કે હઠીસંગની વખાર પાસેથી મલીદાસ કોટવાલ સાહેબની સ્વારી પસાર થતી હતી તેને હઠીસંગે બોલાવતાં તે અંદર આવ્યો. પાન સોપારી આપ્યા બાદ ચાલતા પ્રકરણથી તેને વાકેફ કરવામાં આવ્યો. કાજી સાહેબે કોટવાલને કહ્યું સાહેબ, આપ કિસ્તરહેસેં ઉન લુચ્ચેકું પંજેમેં લોગે ઓર કોનસે અપરાધ રખકેં હમારા રૂબરૂ રજુ કરોગે સો સુનાના ચાહીએ.

એ બાબત હું ઘેર જઈ વિચાર કરીશ. બાદ જેમ સગવડ આવશે તેમ કરીશ. કોટવાલે જવાબ દીધો.

બોહોત અચ્છાબિચાર હય, ઐસે કામોમેં દુરંદેશીકો વાપરની ચાહીએ. લેકીન યાદ રખો કે યે કામ જલ્દ કરના હયે ઉસ બાસ્તે વો ચંડાળકો કલ હમારી પાસ ખડા કરના ચાહીએ. કાજીએ કહ્યું.

સાહેબ હમણાજ એ બાબતની ગોઠવણ મારા મનમાં થઇ ગઈ છે કોટવાલ બોલ્યો ગઈ પરમે આ શહેરના પૂર્વ ભાગ તરફ રહેતા એક જેતસી નામના સખ્સના ઘરમાંથી મોટી રકમના દાગીનાની ચોરી થઈ છે તેના હરામખોરો હજી પકડાયા નથી એ ચોરીના વાંક માટે હું તેને પકડવા ગોઠવણ કરૂં પણ તે પહેલાં (હઠીસંગ સામે જોઇને) હઠીસંગ આપ એક નનામી અરજી તૈયાર કરો અથવા કરાવી મારાપર મોકલાવી દ્યો. તેમાં જેતસીના ચોરી બેચરસીંગે કરી છે તથા ચોરીનો માલ તેની પાસે છે એવી બીના જણાવવી.

આ ગોઠવણ બધાને પસંદ પડી. બાદ કોટવાલ તથા કાજી ત્યાંથી ઉઠયા આ વખતે પાનસોપારી દાખલ હઠીસંગે તેમને એક એક થેલી (રૂપૈયાથી ભરેલી) હવાલે કીધી.

હઠીસંગ અને ભદ્રસીંગના પેટમાં તો એજ વાતની ચટપટી હતી કે, બેચરસીંગને કયારે પકડાઈ કેદમાં જતો દેખીએ જેથી આવેલ

શખ્સો ગયા કે, એક કાગળ હઠ્ઠીસંગે પોતાને હાથે નિચે પ્રમાણે લખી તૈયાર કીધો.

"નામદાર કોટવાલ સાહેબ,—આપને હું વાકેફ કરૂં છું કે થોડા રોજપર આ શહેરના એક વહેપારી નામે જેતસીના ઘરમાંથી જે મોટી રકમની ચોરી થઇ છે. તે કામ કરનાર બેચરસીંગ રામસીંગ નામનો શખ્સ છે તેની પાસે ચોરીનો માલ હજી મોજુદ છે. તેણે ઘણા જણોને બતાવેલ છે, માટે પકડો, તેને પકડો."

"લખનાર ભુતનો મામો"

ઉપલો કાગળ લખી હઠ્ઠીસંગે પોષ્ટમાં રવાનો કર્યો તે વલતે રોજ કોટવાલને મળ્યો, પ્રપંચ તેનાથી અજાણ્યો ન હતો. જેથી વાંદરાના હાથમાં નિશરણી આવી આ ચાલુ કહેવત પ્રમાણે તેણે હવે ગોઠવણ કરવા માંડી. અવલ જેતશીને બોલાવ્યો. તેને દમ ભરાવી કહેવા લાગ્યો કે બોલ તારો ચોર કોણ છે? તે બાપડો ગભરાઇ ગયલા ચેહેરાથી બોલ્યો સાહેબ, હું શું જાણું!! જો ચોરી કરનારનું નામ મારા જાણુ-વામાં હોતતો આપને તેજ ઘડીએ જણાવી દેત. કોટવાલે કહ્યું કે ઠીક, ત્યારે અમને બેચરસીંગમાં શક આવે છે. તારે શું કેહેવું છે, તમને જેમ ઠીક લાગે તેમ કરો. મને મારા માલની શોધ કરી આપો, મગર બેચર-સીંગ ચોરી કરે એવો માણસ નથી. પછી પણ કોણ જાણે જેત-શીએ કહ્યું.

બેશ બેશ, સારા માણસના દીકરા ચોરી કરનાર પર શું શીંગડા હોય છે? એમ કહી કોટવાલ તેને ધમકાવે છે. બાદ આવતી કાલે હાજર થવા હુકમ આપી રજા આપે છે. આણી તરફ ભવાનસીંગ, ચંદ્રબાને ત્યાં જઇ તેનાથી મસલત કરી બન્નેજણ એવા ઠરાવ પર આવે છે કે રાત્રના આઠ બજે પૂર્વ તરફના દરવાજા બાહેર મેદાનમાં હાજર થવું. બીજી તરફ ચંદ્રબાની બહેનપણી તેને ઘેર જઇ જમવા નોતરે છે. જે વાત કબુલ કરવામાં આવતા ચંદ્રબા તે સાથે તેને ઘેર ગઇ. બરાબર વખતસર ભવાનસીંગે ઠરાવેલી જગા પાસે હાજર થઇ ત્યાંથી તે બન્નેજણા ચાલતા થયા.

બેચરસીંગ રસ્તામાં આમથી તેમ ફરી ચંદ્રબાના આવવાની રાહ જોય છે. પણ ચંદ્રબા બીજે રસ્તે ત્યાં દાખલ થતાં ભવાનસીંગ અને તે રવાને થઇ ગયા. અહીં બેચરસીંગ રાહ જોઇ ઉભો છે. એટલામાં કોટવાલના માણસે તેને બોલાવ્યો. અને આ વખતે અહીં શું કામ છે,

કહી તેને પકડી કોટવાલ પાસે રજુ કર્યો. કોટવાલને અણધારી ઘર બેઠે ગંગા આવ્યા બરોબર વાત ગમી. જે માણસ ઉપર તેને જુલમ ગુજારવાનો છે તે પોતાની મેળે પંજામાં આવી ગયો કેટલીક પુછપરછ કર્યા પછી તેના જાણવામાં આવ્યું કે, જે ભાગમાંથી ચોરી થઇ છે તેજ ભાગની નજદીકમાંથી આ માણસ પકડાયો છે. એટલે કામ તો બન્યું, શિપાઇને હુકમ કર્યો કે લઇ જાઓ એને કેદમાં રાખો. આ ઉપરથી બેચરસીંગે સવાલ કર્યો કે, સાહેબ, મને શા માટે પરેજ રાખો છો.

જાઓ જ્યારે તારો ઇન્સાફ થશે ત્યારે એ બાબત તારા જાણવામાં આવશે. કોટવાલે જવાબ દીધો.

બેચરસીંગ પટાવાળા સાથે ચાલતો થયો, તેનું દીલ સાફ હોવાથી કશી વાતનો મનમાં ગભરાટ લાગતો નથી. પોતે કોઇ વાંકમાં નથી તો મને શી પરવા છે. પરમેશ્વર મારો મદદગાર થશે.

દોહરો.

બાદલ તારી રહેમતું, ઓ ગરીબ પરવર;
આ બિન વારસ બચાપર, વરશતો તું કર.

વલતે રોજ સવારે કેટલાક ખોટા બનાવટી પૂરાવાના કાગળો તૈયાર કરી જેતશીના કેશમાં બેચરસીંગને તહોમતદાર બનાવી, તેને કાજી પાસે લઇ જવામાં આવ્યો, કાજીએ જેતશીની જુબાની લીધી, તથા તહોમત સાબીત કરવા માટે કોટવાલે હઠીસીંગ અને ભદ્રસીંગને સાક્ષી તરીકે હાજર રાખ્યા હતા. તેમની જુબાની લીધી. તેમણે જુબાનીમાં જણાવ્યું કે બેચરસીંગ દાગીના સહીત અમારી પાસે આવ્યો હતો. અને તે ઉપર વ્યાજુ પૈસા માગ્યા હતા. પરંતુ અમો લગ્નના કામમાં રોકાયા છઇએ એ કારણ બતાવી પૈસા ધીર્યા નહીં. પણ ખરી રીતે તો બેચરસીંગની ચાલ સારી નહીં હોવાથી અમને શક આવ્યો તેથી પૈસા ધીરવા ના પાડી હતી.

બેચરસીંગે પોતાના બચાવ માટે હરીરાવ નામના એક મુખત્યારને રોકયો હતો, તેણે સાક્ષીઓને ક્રોશ કરવા ચાલુ કર્યા પણ કાજીએ તેને દમ ભરાવતાં આપને યોગ્ય લાગે તેમ કરો એમ બોલી તે બેશી રહ્યો.

મુખત્યાર ભાઇએ વિચાર કર્યો કે, કોણ જાણે આપણા પર કાજી સાહેબની ખફગી થાય તો પછી આ મફતની કમાઇ જતી રહે, નાહક હાલ-હવાલી થઇ જાય માટે ગમે તેમ થાઓ તેમાં આપણને શું.

લ્યાનત હોજો એવા ધારાના હિમાયતીઓને કે જે ધણી પોતાને કાયદાએ આપેલ સત્તા પ્રમાણે કામ બજાવતાં આપણું શું થશે એવી ધાસ્તિમાં હેબતાઈ જઈ અસીલનો ધાણ વળવા દીએ છે. હેફ સદ્ હજાર હેફ નીમકહરામીપણાના અપરાધમાં તેઓ આવે છે. પરવરદીગાર તેમને દોઝકમાં પણ જગા આપશે નહિં.

કાજી તહોમતદારને પુછે છે નામ ઠામ ઉમર પુછ્યા પછીઃ-

સવાલ—બોલ આ બાબતમાં તું શું જાણે છે?

જવાબ—બોલું શું મહેરબાન મને કંઇપણ ખબર નથી.

સવાલ—તારાપર ચોરીનો અપરાધ રહેલ છે. તે બાબતમાં તારે કંઈ કહેવું છે?

જવાબ—નામવર સાહેબ ચોખી બનાવટ છે. હું બેગુન્હા છું.

વધારે કંઈપણ તપાસ કર્યા વગર કાજી સાહેબે બેચરસીંગને છ માસના સખત કેદખાનાની સજા ફરમાવી જેલમાં મોકલી દીધો.

બંધીવાન થયા પછી બિચારા બેચરસીંગની આંખોમાં ભ્રમર આવવા લાગ્યા તેને આશ્વાસન આપનારને હાલ ત્યાં કોઇ હાજર નહતું. જ્યારે તેને આ વિચાર આવતો કે, હવે મારી માશુકનું શું થશે, મને તે કયાં મળશે, ત્યારે તેની હાલત એવી ખરાબ થઈ જતી હતી કે જેનાથી વખતે તે બેશુદ્ધિમાં આવી જતો હતો.

એક જુવાન બિન અપરાધી પર આ કેવો ગજબ!!! એક જુઠા પ્રપંચના ભોગ તરીકે તે કેદમાં ગયો છે. એ કારણથી ઘણા જણોને તેના પર દયા આવતી હતી જેવી રીતે એક શિકારી પોતાનો શિકાર શોધવા જંગલમાં દરેક જગો તપાશી જ્યારે શિકાર હાંશિલ કરે છે. ત્યારેજ તેને સંતોષ થાય છે, તેજ પ્રમાણે આ નિરાધાર કિસ્મતના ફુટેલા જુવાનને હસદના પરિણામમાં ફસાવુ પડયું છે. ચંદ્રબા કે જે તેને પોતાના જીવ કરતાં વહાલી હતી. તે તેને યાદ આવતી, ત્યારે તેનું કલેજું ફાટી આંખની જગે લોહી અશ્રુ રૂપે દેખાવ દેતું બાજે વખત આવી તેની હાલત જોઇ જેલના રખવાલને પણ તેનાપર દયા આવતી હતી. આ પ્રમાણે દુઃખના દીવસો બેચરસીંગ પર આવી પડયા હતા બિચારો મનમાં જમાનાની તાશીર માટે બળાપો કરવા લાગ્યો.

ગઝલ.

જુઓ રીતી જમાનાની, કદી ઉલટી કદી સુલટી. ટેક.
ઠરાવે રાંકને પાજી, અરે ભાઇ શું કહું જાજી;
નમુકે મૂર્ખને ગ્નાની, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
કદી કેદી બનાવી દે, પગે જંજીર જીકાવી દે;
કરે હેરાન જુવાની. કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
દયા હીણો જુલમ ગારો, ચલાવે છે શીતમ મારો;
વધું કહું શું અરે કહાણી, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
બનાવે મૂર્ખને કાજી, બોલાવે સર્વને હાજી;
કરાવે ઐશ મન માની, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
કરે માફી કદી પાપો, દીએ સુખ નહીં જેના માપો;
કરી દે દુષ્મનો જાની, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
કદી હાકમ બનાવે તે, વિના વાંકે સંતાપે તે;
કરે પલમાં તે વેરાની, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
જુઓ જાલમ સુખી થઇને; કમાવે દ્રવ્ય ઘણું મહીને;
નથી કાંઇ પશેમાની, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
જે શાહાણી તે બની વિધ્વા, મીશલ ડાકેણુ જુઓ શધવા!
કરે છે ખુબ નાદાની, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
દયાવાળા દુઃખી દેખુ, સુખી ક્રુરો નથી લેખું;
ભરાવે રાણીને પાણી, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
જબર છે જોર એનું દમ, બધા છે એની પાસે કમ;
લગાડી દે જંગલ વાની, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦
કહે "ઠકકર" સુણો સજ્જનો, હરીના ખુબ કરો ભજનો;
સબુરી દીલમાં માની, કદી ઉલટી કદી સુલટી. જુઓ૦

પ્રકરણુ ૧૧ મું.

કચ્છી પ્રજાની સુખશાંતિ ભલોવાળી.

આ પુસ્તકમાં સહેલ કરનાર મારા વહાલા મિત્ર ચંદ્રબા અને ખેચરસીંગના હેવાલ માટે વાકેફ થવા વિશે તારા ઉમેદ ભર્યા વિચારોને થોડીવાર થોભાવ, અને આ કિમતી સફામાં સોનેરી શબ્દો તરફ ધ્યાન ખેંચ. તે ઉપરથી પ્રાચિન કાળ અને વર્તમાન કાળની તુલના કરવી ઠીક થઇ શકશે. કુદરત આ વિષય માટે થોડીક બીના જણાવવા મારા જુસાને ઉસકેરે છે.

પ્રાચીન વખતમાં જ્યારે મતલબીઆ અને જુલમી અમલદારોં ગેરવ્યાજબી જુલમ કરતા તેના દાખલા આપણુને સાંભળવામાં આવે છે. ત્યારે હાલ વર્તમાન કાળમાં આપણે કેવા સુખ શાંતિથી દહાડા ગમન કરીએ છીએ તે બાબતમાં તહેકીક કરતાં આપણુનો ગુસ્સો ગોયા ખુશાલીથી ઉભરાઇ જાય છે. આગળ ચાલતી આપ ખુદી અને જુલમની શેત્રંજો હવે ઉપડી ગઇ છે આડી કમાઇનો ફળ દ્રુપ રસ્તો બંધ પડયો છે. સીદ્ધા રસ્તાની કમાઇ ઉપર આધાર રાખવો પડે છે. મારા દેશી બંધુ, હવે કયો શખ્સ એમ કહી શકશે કે હાલની રાજ્ય નીતિ રંક અને તાલેવરને એક સરખી રીતે ઘણી બાબતોમાં અનુસરતી નથી. માયાળુ ઇંગ્રેજ સરકારની સ્વચ્છ રાજ્ય રીતીથી વર્તમાન કાળમાં પ્રજા અનહદ સુખથી સ્વતંત્ર પણે પોતાની જીંદગી ગાળવાને.ભાગ્યશાળી બની છે. દેશી રાજ્યમાં પણ તેવીજ સુખશાંતિ પ્રસરી રહેલી જોવામાં અને સાંભળવામાં આવે છે. પ્રાચીન કાળમાં પ્રજાને કેવા સંકટો પડતા હતા. તે બાબતના અનેક દાખલા આપના વાંચવા અને સાંભળવામાં આવ્યા હશે તેવા ભયંકર બનાવોની નોંધ જ્યારે આપણા જાણુવામાં આવે છે. ત્યારે દેશ હિતકારી નરોની લાગણી ઓ કેટલી હદે ઉસ્કેરાઇ જતી હશે અને તેવા કૃત્ય કરનાર કાળા મોં વાળાનાં નામ સામે હૈયામાં કેટલો ગુસ્સો તેમને પેદા થતો હશે. એ બાબતનો અનુભવ તો તેજ નરોને હશે કે જેઓ તન મન અને ધનથી દેશહિતકારી પણાના કામમાં ભાગ લેતો હશે; નહિં કે હાજી હા. કરનારાઓ પેટ ભરાઓને હોય.

આ ઉપરથી કદાચ, પ્રિય વાંચનાર, તને એવો સંશય પેદા થાય, કે, તે ગયા વખતમાં શું દેશહિતકારી અને પોતાના ભાઇઓના સંકટમાં મદદ કરનારાઓની ગેરહાજરી હતી, પણુ નહિં, તેવો સંશય આણુવો વૃથા છે. પૃથ્વીપર બધા જુલમગાર અને નિર્દયતાવાળા હોયજ નહીં.

આ નોવલમાં તે બાબતનો ચોકસ દાખલો છે. પ્રાચિન કાળમાં તેવાનરો જેટલી હદે પોતાથી પોચાતું તેટલી હદે પહોંચતા અને છેવટે જ્યારે અધર્મને ત્રોડી પાડવા લાઈલાજ બનતા ત્યારે મનમાં મુંઝાઈ બેશી રહેતા. કારણ તેવાઓની સંખ્યા કરતાં બેઈમાન મૂર્ખ અકલ હીણ લાંચીઆઓ જુલમગારોની સંખ્યા પ્રબળ હતી.

મહારાણી વિકટોરીઆ કયસરેહિન્દના અમલમાં આપણે જે સ્વચ્છ અને સ્વતંત્રતાને શરણે પડયા છીએ તે મીશાલે આપણા વડીલો પર તે વખના રાજ્ય કરતાનો અમલ હશે. એમ માનવામાં શક રહે છે. ઉપરાંત પ્રજાની દાઝ જાહેરમાં મુકવા માટે જોઈતા સાધનો પણ નહીં હશે. તે વખતમાં ચાલતી રીત આજના જમાના સાથે સરખાવતાં સુધારા વગરની કેહેવાને વાંધો નથી. આ વર્તમાન કાળમાં રાજ્યકર્તા તરફથી પ્રજા ઉપર કોઇપણ રીતે ગેરવ્યાજબીપણું કરવામાં આવે છે તો તેનો બુમોટો જલદી બાહેર પડે છે. જેમાં થોડી બાબતમાંથી વધતે વધતે છેવટ કાગનો વાઘ બનાવી દેવામાં આવે છે. રાજાએ અમુક હકો છીનવી લીધા, જુલમ કર્યો, પક્ષપાત કર્યો, ન્યાય મોંઘો કર્યો વગેરે બાબતોના હેવાલ ન્યુસપેપરોદ્વારાએ આપણે હર વખત વાંચીએ છીએ તે કેવળ સરાહધાત ભરેલું હશે એમ કહેવું અથવા માની લેવું ડહાપણથી પેલી-પાર છે. ફોકટની કલ્પના છે. તોપણ એટલું તો સત્ય છે કે; જ્યાં જુદી જુદી પ્રકૃતી અને નોખા સ્વભાવ તથા નાની મોટી લાગણીના વિચારો આમેઝ થયા હોય ત્યાં શાંતિ અને ઐકયતા રહેવી બહુ ભારે છે. ભુતકાળ અને વર્તમાનકાળમાં જ્યાં ધર્મી ન્યાયી પ્રજાપાળક કહેવાઇ ગએલા અને કહેવાતા રાજ્યના માલકો પણ બધી બાબતોમાં સમગ્ર પ્રજાને અનુસરતા આવ્યા નથી. કુદરતે મનુષ્ય જાતમાં દરેકની પ્રકૃતી એક એકથી જુદી બનાવી છે. પરિણામે વિચારો પણ જુદા, તોપણ રાજ્ય તરફ વફાદારીથી વરતવામાં અને નજીવી જેવી ખામીને મોટા રૂપમાં આણવાના કામથી અલગ રહેવામાં પરિણામે પ્રજાને ફાયદોજ છે. પ્રજાની વફાદારી, રાજ્યભકિત એજ સુખશાંતિમાં દહાડા ગમન કરવા સ્વતંત્ર બનવાના ગોયા સાધનો છે. તેમંજ પ્રજાની ખુશાલી, રાજ્યપ્રત્યે પ્રેમભાવ, વહેપાર રોજગારની ધામધુમ, દેશમાં શાંતિ, એ સર્વ અહર્નીશ રાજ્યના સલામતીરૂપી ગઢના પાયાને મજબુત કરતા છે.

"વક્તા" માઈ ડીયર, આપના બોલો રાસ્ત છે. બહુજ ધ્યાન ખેંચનારા છે લેકીન ઇંગ્રેજી સરકારના પ્રજા મીશાલે બધા દેશી રજવાડાની

વસ્તી સ્વતંત્ર પણે વર્તી શકતી હશે. તેમનાપર કાંઈ ગેરવ્યાજબી દબાણ નહીં હોય. એ બાબે મને તો શક છે.

"લખનાર"—પીરમરદ આપના કેવાને હું ના મલતો છું, એમ માનવું નહીં. કોઇ જગોએ તેમ નહીં પણ હશે. મગર તે બાબતનો પુરતો અનુભવ મેં મેળવ્યો નથી હું તો કચ્છ ભૂમીમાં રહેનાર અને વસનાર છું. ત્યાની જાહો જલાલી માટે આગાહી આપી શકું છું.

વક્તા—ત્યારે મહેરબાની કરી મને ત્યાની રાજ્ય નીતિ બાબતમાં થોડીક બિના જણાવસો.

લખનાર—ઘણીજ ખુશીની સાથે લ્યો સાંભળોં.

કચ્છ દેશની ગાદીપર હાલ મહારાઓશ્રી ખેંગારજી સવાઇ બહાદુર જી. સી. આઇ. ઇ. બિરાજમાન છે. તેમનો પ્યાર પ્રજા તરફ અનહદ છે જે બાબે સંપૂર્ણ હેવાલ આપી શકવા આ સેવકમાં તાકાદ નથી. પ્રજાનો પ્રેમભાવ પણ તેમના તરફ ન વર્ણવી શકાય તેવો છે. દરેક કુટંબમાં કોઇને કોઇ કાંમના પ્રસંગમાં (જીએરા) શબ્દ બોલાયા વગર દીવસ પસાર થતો જોવામાં આવતો નથી.

ખુદાવિંદ સ્વર્ગવાસી સર પ્રાગમલજી બહાદુરના મૃત્યુના દુઃખ ભરેલા ખબરો જ્યારે કચ્છની પુત્ર તુલ્ય પાળવામાં આવતી વફાદાર રૈયતના સાંભળવામાં આવ્યા ત્યારે બેહદ અફસોસમાં કચ્છી પ્રજા હેરાન હતી તે દરદથી થતી વેદના નરમ પાડવા માટે હાલના ભૂપતિ મહારાઓ શ્રી સવાઇ બહાદુર માટે ભવિષ્યમાં સારી આશાઓ રહેવાના વિચારો ગોયા. કીમતી દવા રૂપ હતા ગયા વખતમાં પ્રજાએ બાંધેલા અનુમાનો છેવટે ખરા પડયા છે. કચ્છી પ્રજા સ્વતંત્ર પણે નિર્ભયતાથી વરતવાને ભાગ્યશાળી બની છે. મારા ખુદાદોસ્ત, તેમણે મોટી મોટી મુસાફરીઓ કરી, સારૂ જ્ઞાન રાજ્ય નીતિની રીતીઓ જમા કરી છે. સુધારાનો સાયો અહીંયાં છવાઇ રહેલો છે ન્યાય દેવીએ પોતાની અખંડ જોતથી ભારે રોશની બક્ષેલી છે. જેના પરિણામે કોઇ જાતના ભય કચ્છી પ્રજાને સ્વપ્નામાં પણ જોવામાં આવતા નથી. ત્યાનું પ્રધાન મંડળ પણ વિદ્વાન રાજ્યને શોભીતું વિખ્યાતી પામેલું છે.

વક્તા—વાહવા, દોસ્ત, તારા બોલવાની સચાઇ માટે મને કાંઈ શક નથી જેથી હું આ પુકારે કહી શકું છું કે કચ્છની પ્રજાએ તો પૂર્વે કોઇ સારી કમાઇ કરેલ હશે. જેના બળવડે આજે તેઓના ચહેરાપર ખુશાલીની રેખાઓ પ્રસરી રહેલી છે. પરંતુ એ વખણાયલી રાજ્યનીતિનું વર્ણન આપે કોઇ રાગ રાગણીમાં કરેલ છે કે નહિં ?

લખનાર—તેમ કરી શકવાને હું નાતાકાદ છું. તોપણ પોતાની આવડત પ્રમાણે થોડીક રાગણી એ વિષયને લગતી જુદી જુદી ભાષામાં તૈયાર કરેલી છે, તે આપને સંભળાવીશ. તેમાં કાંઇ ખામીઓ જોવામાં આવે તો તે માટે દરગુજર કરશો.

ગઝલ.

નાઝ કરો અયે નાઝ કરો અબ, કચ્છ પે સાદી આઈ હયે;
દરદ સબકા દુર હયે, ઇન્સાફ જામે બિછાઈ હયે.–ટેક.
દીલ સતાના ના ગરીબું, ઝોર ના કુછ કીશકે પર;
ખેંગાર જીસકારાવ હયે, લાલી ખુશીકી લગાઇ હયે.–નાઝ કરો૦
અયે સુનો તુમ મુલ્ક કચ્છકે, રેનેવાલા સેવા અંઇ;
હાલ રૈયત કચ્છકા દેખો, કયા કમાણી કમાઇ હયે.–નાઝ કરો૦
કયાં શના બોલે જબાંસે, બ્યાન લેવાના "ઠક્કર"
સમસ રૈશન હો જમીપે, શેશની કયા સુનાઇ હયે. નાઝ કરો૦

દોહરો.

શોભા કહું કચ્છ દેશની, જ્યાં રૂડો પ્રતિપાળ;
નિત ઉઠી પ્રભાતમાં, લે રૈયત સંભાળ.

બનજારા.

સુન રાસ્ત કહેના હમારા, કર દુર અંદેશે પ્યારા. ટેક.
આવો આવો કચ્છની અંદર, જુઓ જુઓ રાવના મંદીર;
જે શોભે છે અપરંપારા, સુન રાસ્ત કહેના હમારા.
ચ્યોંસે મુનરેથી ભૂજ પ્યારા, આયા વાટમે ડુંગર કાળા;
દીઠા મોલાતજા મું મુનારા, સુન રાસ્ત કહેના હમારા.
જ્યાં નાયકી ખુબી બડી હયે, વાં સત્યકી બેડી તરી હયે.
હયે પ્રધાન પૂર્ણ પ્યારા, સુન રાસ્ત કહેના હમારા.
નહિં એબ ઉસ્મે જરા હયે, સીના રોહમસે જશકા ભરા હયે;
નહિં જુલમ કીસીપે ગુજારા, સુન રાસ્ત કહેના હમારા.
ચલ દેખ ગોવાલી સાગર, ઇંડોરખાન દેશ જાકર;
જા દેખ તું પુના સતારા, સુન રાસ્ત કહેના હમારા.
ઉન મુલકોસેં હમ ન્યારા, સુનો હાલ હમારા પ્યારા;
હમ ખુશીમે દીન ગુજારા, સુન રાસ્ત કહેના હમારા.

ખુબી રાવકી જગમે રોશન, જો પાવેગા ઉનકા દર્શન;
કયાં "ઠક્કર" કહેવે બિચારા, સુનૂ રાસ્ત કહેના હમારા.

કાફી કચ્છી.

મીઠેજી ગાલીઊ–એ રાગ.

દીસો માલીક કચ્છજો વાલી, જે વટાનતો વરેકો સવાલી. ટેક.
સુચ્યેજી નાયે નિશાની, જાહેર સુખજી સુધ કહાની;
(જીત) નાયે હેબત પશેમાની, કરે પોલીશ રખેવાલી. દીસો૦
ખુશીમે મું દીઠા પરંધા, બોએ ભાવર મોલાતે મેં;
જેંજી શોભા જાહેર જગમે, ચોવાએતી ધરગા આલી. દીસો૦
શોભે તો ભાગ સરદ ભારી, જતે થ્યા કંપ મિનાકારી;
દીઠા બંગલા જેમે બારી, ઉતે કમ કયે ઘણા માલી. દીસો૦
રૈયત ધીલમે ઘણી રાજી, વધારે લાલ ઉમર આંજી;
"કુંવરજી" ચે જુગોજુગ જી, ગરીબેંજો તું પ્રતિપાલી. દીસો૦

દોહરા.

સુખ સાંઈયો છે કચ્છપર, દરીદ્ર એથી દુર;
રાવ જ્યાં ખેંગારજી, લક્ષ્મિ છે ભરપૂર.
દુર વ્યસનથી મોકળો, છે સત્ય તણો પ્રતિપાલ;
અખંડ રાજ્ય એનું તપો, અવીચળ રહો ખેંગાર.
બુદ્ધિ શાળી ભૂપ છે, ન્યાંય તણો ભંડાર;
અહર્નીશ લોકો ઓચરે, સદા જય જયકાર.
પ્રધાન મંડળ હાકમો, શાણા છે સરદાર;
ખમાં રાવ ખેંગારજી, નોધારા આધાર.
અરજ અમારી સાંભળો, હે જગત આધાર;
"કુંવરજી" વિનતી કરે, જુગ જુગ રહો ખેંગાર.

ગઝલ.

જાહેર રાજા પ્યારો રાજા, સવાઇ ચોવાણો ઇ મહારાજા. ટેક.
રૈયત ખુશીમે દીતી ગુજારે, દુઃખનાએ જે કે દીલમે જરાએ,
આનંદ મેં મુ દીઠી ઉલરાઇ, ખેંધે દીઠી મું ખીરજા ખાજા. જા૦
ખેંગાર રાજે ભારે કલુબા, આએ જુવાન શુરો પુરો;
બુદ્ધિવાળો ગુણે ન અધુરો, દીસણુમે ઇઆય વર રાજા. જા૦

ખેર ખુશી આએ મુલકમે ખાસી, હાકમ રખીયા પૂરા ન્યાઇ;
દાઢો રોપ ફોજ રખેતી, દુઃખ હણેતી ઉતાં અસાંજા. જા૦
માલક તોજે ધરપે આઉ, બીભાવરેજી ખેર ગુરાં તો;
"કુંવરજી" ચે મેર મંગા તો, ભોળાજત અઇન ધર્મપ્રજાજા. જા૦

રૂડો રાજા પ્રજા જુએ પ્રેમે કરી,
દયા નેત્રે ભરી. ટેક.
રાઓ ખેંગારજી અવીચળ હોજો,
બોલે પ્રજા સદા પ્રેમે ભરી. રૂડો૦
હાકમો સારા ગુણીજનો રાખી,
શાંતિ મુલકમાં છે પ્રસરી. રૂડો૦
આનંદી દીવસો આજ અમારા,
સંકટના લવલેશ જરી.—રૂડો૦
"કુંવરજી" કર જોડી પુકારે,
ખુબ તપાવો રાજ્ય હરી.—રૂડો૦

લખનાર—મહેરબાન બુઝરગ, આ વિષય બંધ કરવા કરતાં ચાલુ રાખવા મારી અપેક્ષા ખેંચાય છે, પણ પુસ્તક તેના નિર્માણ કરેલા કદ કરતાં વિસ્તારમાં વધી જવાનો સંભવ હોતાં હાલે આ વિષય આટલેથીજ તહકુબ રાખવા રજા લઉં છું. તોપણ મુંદ્રા શહેરમાં ન્યાયાધીશની જગોપર આવી ગએલ એક હાકેમના યશસ્વિ કામો માટે થોડી બિના મારે આપને જણાવવી જોઇએ. તેપરથી આપને વિશેષ રોશન થશે કે, જ્યાં મોટા અધિકારીઓ લાયકાતવાળા જમા થયલા છે ત્યા પેટા અધિકારીઓ પણ તેવાજ ગુણવાળા હોય છે.

સૂરતના વતની મી. રતનશંકર ભાઈશંકર જેઓ લગભગ ૨૫ વર્ષ થયાં આ રાજ્યની નોકરીમાં દાખલ થએલા છે. તેઓની નિમનોક મુંદ્રા તાલુકાની હાકમીપર થતાં તે લગભગ પોણાત્રણ વર્ષ લગી મુંદ્રા શહેરમાં રહ્યા. સને ૧૮૯૩ માહે એપ્રિલમાં તેમની બદલી કચ્છ ભચાઉમાં થતાં તેની સારી કારકીર્દી અને પ્રજા પ્રસન રાજ્યનીતિથી અહીંની વસ્તી ખુશી થએલ જેથી તેમને માનપત્ર આપવા માટે એજ માસની તારીખ ૧૫ ના રોજે મહારાઓશ્રી ખેંગારજી લાયબ્રેરીના મકાનમાં એક સભા શેઠ રતનશી જીવણદાસ ઈબજી સુવાલીના પ્રમુખપણા હેઠળ ભરાઇ હતી. જ્યાં જુદા જુદા વક્તાઓ તરફથી એ હાકેમનાં સારા કામોની તવારી-

આના બાબમાં બોલવામાં આવેલ ઉપરાંત વસ્તિ તરફથી એક માનપત્ર તેમને મહોંચ થવા માટે ખુદાવિંદ કચ્છના માલિકપર રવાને કરવા ઠરાવ થએલો હતો. તથા તેમનું નામ•કાયમ રાખવા માટે ફંડ કરવામાં આવતાં મોટી રકમ તેમાં ભરાઇ હતી. આ પ્રસંગે આ શેવકે એક ભાષણ તૈયાર કરેલ જે સદાબરો આ જગોએ દાખલ નહિં કરતાં તેમાં છેવટે આપેલ રાગણી આપને રોશન કરૂં છું.

છપ્પો.

રહી નિતીને માર્ગ, જગતમાં આબરૂ લીધી;
તજી પ્રપંચ તમામ, નોકરી દીલથી કીધી.
નહીં રાખ્યો મન ગર્વ, ધર્મ અંતરમાં ધારી;
સદા ભજ્યા શ્રી ઇશ, કીર્તી ખુબ પ્રસારી;
કરી કામ ધર્મ પંથ ધાઇને, હિમત અંતરમાં ધરી;
રહો સદા સાય શ્રી રામજી, નવ નિધી ઘર રહે ભરી.

મોલે પધારો—એ રાગ.

સદા સુખના નિધાન સુજાણ, રતનશંકર સુખદાઇ;
કરે લોકના થોક વખાણ, રતનશંકર સુખદાઇ.
નામ સમાન ગુણો ધર્યા, અનુપ આપને અંગ;
પદવી પર પોતે રહી, રાખ્યો નિજકુળ કરો રંગ. રતનશંકર૦
કરો સુધારા કામમાં, સદા સાહ્યતા આપ;
ગૌ રક્ષણ ગાજી રહી, એ છે આપ તણો પ્રતાપ. રતનશંકર૦
રાજા પ્રજા તણા હકો, રાખી કીધાં કામ;
ગુણ સાગર ગંભીર છો, દયા નીતિ તણા છો ધામ રતનશંકર૦
બહુ જન આવ્યા આવશે, જેના ઊત્તમ નેમ;
પણ શોભાવી પદવીને, જેમ શોભે રતનથી હેમ. રતનશંકર૦
વશો જહાં વાસો કરી, બનો ધર્મના જુલ;
શુભ ઉદ્યોગે સંચરો જેમ, સરીતાએ કીધો પુલ. રતનશંકર૦
જ્યાં જ્યાં આપ વસો સહી, ત્યાં ત્યાં સુખીઆ થાઓ;
"કુવરજી" વિનતી કરે, ઇશ સાહ્યક તમને થાઓ. રતનશંકર૦

આ વખાણએલી અને પ્રજા પ્રિય રાજ્ય નીતિ બાબે વિશેષ હેવાલ પ્રસંગોપાત રચી બાહેર પાડવા આ શેવકનો મનસુબો છે. ઇશ્વર

કૃપાથી તે કામ સંપૂર્ણ થશે. પણ હવે ચંદ્રપ્રભા અને એચરસીંગનો દાસ્તાન જાણવા તરફ મારા ઉશકેરાઇ રહેલા જુસ્સાને તેનું વૃતાંત ચાલુ કરી આપ શાંતિ આપશો. લખનારે છેવટે પોતાની તરફનું બોલવું પુરૂ કરતાં અરજ કરી.

વક્તા—મારા વહાલા મિત્ર તમોએ સંભળાવેલ કચ્છી પ્રજાની જાહો જલાલી, અને તેમના ઉપર અમલ કરનાર રાજાના સદ્‌ગુણો એ વિશેની આપની તરફથી હકીકત જાણતાં હું બેહદ ખુશી થયો છું. અને હવે મારી ચાલુ વારતા આગળ ચલાવું છું.

પ્રકરણ ૧૨ મું.

એચરસીંગનું ચોરીના અપરાધમાંથી છુટવું.

એચરસીંગને કેદની શિક્ષા થઇ, આ ખબર ગામમાં ફેલાતાં એકદમ શોર બકોર થઇ રહ્યો લોકો પોત પોતામાં કહેવા લાગ્યા કે ભાઇયો ગજબ થયો પૈસાના પ્રતાપથી નાહક ગરીબ માણસ માર્યો ગયો છે. બીજો બોલ્યો, ભાઇ તમે તમારૂં ડહાપણ છોડી દો. પૈસાદારને સામે થવાથી આવા પરિણામ આવે તેમાં કોનો વાંક, આજ તો મૌન્ય ધારણ કરવું એજ ઉત્તમ છે. બોલે તેના બોર વેચાય, ત્રીજે કહ્યું, ગમે તેમ થાઓ તોપણ આપણે આ ગેરવ્યાજબીપણાની બિના દેશના માલિકના કાનપર પહોચતી કરવી જોઇએ. તે ન્યાઇ છે દયાળુ છે, પ્રજાની દાઝ જાણનાર છે, માટે તેમ કરશું તો એ બિચારા પર આવેલા દુઃખનો કંઇ પણ છેડો આવશે જો ચુપ રહીશું તો આજ એ અને કાલે આપણી પણ એવી હાલ હવાલી કરવામાં તેઓ અટકશે નહીં.

એક હિંદુસ્તાની બોલ્યો—દેખો યારો કાયદેકી કેસી બલીહારી હયે. ઉનકા તરજુમા જીસ તરાહ અમલદારકું સગવડ લગતી હયે ઉસ તરાહસેં કરકે બિચારે ગરીબ આદમીઓકે પર નાહક શીતમ ગુજારતે હય બુઝરગોકી જુબાનસેં હમને સુના હયે કે, કાયદેકી ચુંગાલ બિલાડીકે મુંહ બરાબર હયે. જીસ વખત વો જાનવર અપને બચેકું મુંહમેં ડાલકે ઉઠાતી હયે ઉસ બખત ઈસકે મુંહમેં જોરકી તાશીર મુદલ દેખનેમેં નહિં આતી. લેકીન જબ ઉવેકો પકડતી હયે ઉસ બખત ઉસકા મે

ગોયા. જાલમ કે મીશાલ હોજાતા હયે. હાંશિલ કલામ તુમેરા હાકમો જીસ તરેહસેં અપનેકું અચ્છા લગતા ઉસ તરેહસેં કાયદેકા અમલ કરતા હયે. યારો તુમ જુલ્મ સહન મત કરો તુમારે વાલીકી જનાબમેં યે ઈબારત રોશન કરદો.

એક ગુજરાતી પંડીતે કહ્યું,

શરમ થકી તમે બેઠા છો અનહદ,
શું કહું કેટલા દુ:ખ નીહારી.
હાલ તમારા દાઝે છે દીલમાં,
લાગે છે મુને કારી કટારી.
શું કરૂં હાય ઉપાય નહિં મુજ,
ઈર્ષાથી દેખું આપ પ્રસાયા.
એક બીજાને મદદ કરો નહિં,
શા માટે તમને જનેતાએ જાયા.
ન્યાયની રીતી ન દેખું તમોપર,
અનહદ દુ:ખથી આપ મરો છો.
આપે અન્યાય દબાણ કરે છે,
છતાં શાને તમે રાંક બનો છો.
ખૂબ પુકાર સુણાવો તમે જઈ,
મંડલ થૈને હાજર થાઓ.
તમ ખાવિંદ છે ગુણીજન પુરો,
પિયર જાવામાં કાં શરમાવો.

એક કચ્છી મુશાફરે ટાહુકો કર્યો કે,

સવૈયા.

સુણ જરા મુજી ગાલ, ચાંતો સુણ કનદઈ;
નાહક મરેતા ઇ, ગાલ તોજી સચીરે.
સચી ગાલ કરે કોય, નાય તેંજો આરોપોય;
ચરેતો દંધે મથે, ને અચી પયતી મચીરે.
સલા તાંન દીસાં જરા, અદેખાઇ ધરોધર;
હેરાન થીએતા તેં પણુ, હાજી હા કંયેતા.

પઠન્ન ન હકમુજે, ખાલી ઠાશન મુંજે;
આળસુ ન દઠા એડા, કુ મોતે ઈ મરેંતા.

ઉપર પ્રમાણે આ શેહેરમાં જૂદી જુદી જગોએ લોકોના ટોળા ભેળા થઇ એજ વિષયં પર વાતો કરતા હતા કેટલાએક શખ્સોએ કોઇએ નામથી તો કોઇએ ન નામી એમ સંખ્યા બંધ અરજીઓ. તૈયાર કરી પોષ્ટ મારફતે દેશના વાલી પર રવાને કરી દીધી. જેમાં છેવટે કેટલાએક શખ્સો તરફથી એમ પણ જણાવવામાં આવેલા કે ખુદાવિંદ જે માણુસ કેદમાં છે. તેની સંભાળ લેવા માટે કોઈ ધણી હાજર થશે નહીં. ખરા ખોટાની આપે તજવીજ કરવાની છે.

આથી પેહેલા કેટલાક કામો પરથી આ અમલદારોની આપ ખુદી વર્તણુક દેશના વાલીના જાણવામાં આવી હતી અને હાલતો સંખ્યા બંધ અરજીઓ આવી પડી આ પરથી પોતાના જુડીશિયલ સલાહકાર મી. બહાદુરસીંગને તેમણે ચેલેજ કરી કે એકદમ આ કેશની તપાસ કરી વસ્તિમાં થતો અંગાટ બંધ કરવા તજવીજ કરવી અને હકીકતનો સદ્દાબરો હેવાલ તમારા અભિપ્રાય સાથ મને જણાવવો. થએલા હુકમ પરથી આ અમલદાર મજકુર ગામ તરફ રવાને થયો. આ કામની તપાસ માટે બહાદુરસીંગ સાહેબ આવે છે. એવા ખબરો લોકોના જાણવામાં આવતાં તેઓમાં બહુ ખુશાલી પેદા થઇ લોકો પોત પોતામાં કહેવા લાગ્યા કે આ અમલદારના હાથે બિલકુલ ગેર ઇન્સાફ તો થશેજ નહીં તે ખરીબિના જાહેરમાં મુકશે.

બહાદુરસીંગ આ તરફ આવે છે એવી ખબર જ્યારે પેહેલા જુલમગાર માણુસોને પડી. ત્યારે તેઓ વિચારમાં પડ્યા કે, રખેને આપણા કૃત્ય ખુલ્લા થાય. તપાશ ઉપર આવતો અમલદાર બહુજ સ્વતંત્ર મિજાજનો છે આવી ધાસ્તીથી તેઓના ચેહેરાપર કુદરતે સીહારંગ દાખલ કીધો. આણી તરફ બેચરસીંગને કેદમાં ગયાને પાંચમો રોજ થયો છે. તે સવારના પહોરમાં તપાશ કરવા આવનાર અમલદારની સ્વારી અહીં આવી પહોંચવાના ખબરો શેહેરમાં ફરી વળ્યા. આ વાત બેચરસીંગના જાણવામાં પણ આવી હતી. બહાદુર સાહેબે શેહેર બહાર પોતાનો તંબુ ઝુકાવી દીધો. પોતા સાથે લાવેલા પટાવાળા વીગેરે માણુસો શિવાય અહીંના કોઇ પણ દરબારી માણુસને પોતાના તંબુ નજદીક નહીં આવવા દેવા તેણે સખ્ત હુકમ કર્યો હતો વાંચનાર વખતે વિચારમાં પડશે કે, તેમ કરવાને કારણ શું તો જણાવવું જોઇએ કે અહીંના નોકરોના

એરઇન્સાપ્થી બેચરસીંગ ફસાએ હશે એમ તેની કલ્પના હતી. તે કારણુથી તપાસ દરમ્યાન તેમને હાજર નહીં રાખવાનો તેનો ઇરાદો હતો. તેઓ હાજર રહેવાથી વખતે ખરી હકીકત જાહેર કરતા કોઇ આશામી તેમના રોઆબથી અંજાઇ જશે.

ખરેખર આ વિચાર તેના ડાનાઇ ભરેલા અને કીમતી હતા. થોડીવાર બેઠા પછી બહાદુર સાહેબે પોતાના ચાર પટાવાળાને હુકમ કર્યો કે તમો અહિંની જેલપર જાઓ અને જેલરના કબજામાંથી બેચરસીંગ નામના કેદીને અહિં તેડી લાવો. પણુ બહુ સંભાળ રાખજો. રસ્તામાં તેનાથી કોઇ વાત કરી શકે નહિં. ઉપરીના હુકમ મુજબ પટાવાળા જેલર પાસે આવ્યા. બેચરસીંગ એક અંધારી ઓરડીમાં બેઠો હતો તેની જુવાનીનો સતારો બદબખ્તીની ચાદરમાં નાઉમેદીથી ઢંકાઈ ગયો હતો. તેના જીગરમાં અફસોસની આતશ સળગી રહી હતી. એકાએક પોતાની ઓરડીના દરવાજા પાસે કાંઇ ખડખડાટ થવા લાગ્યો તે ઓરડીનો દરવાજો ખુલો કર્યો. એક શિપાઇ અંદર આવ્યો તેને જોઈ બેચરસીંગ જડપમાં ઉઠી ઉભો થયો અને પૂછવા લાગ્યો, શું મને બોલાવવા આવ્યો છે કે? સિપાઇએ કહ્યું કે, હા ચાલ. આથી બેચરસીંગ મનમાં મગન થવા લાગ્યો. અને હવે પોતાની દાદ હાંસિલ થશે એવી ઉમેદમાં તે ચાલવા લાગ્યો. શિપાઇઓ તેને ભરબજારમાંથી લઈ જાય છે. બેચરસીંગ રસ્તામાં ફરતા માણુસોને જોઈ તેમની સામે ઉમેદ ભરી નજરથી જોતો જાય છે. કેટલાક દયાળુ સખ્સોએ પોતાની આંખો આકાશ ભણી કરી. બિનઅપરાધીની દાદ સાંભળવા જગતના માલીકને વિનંતી કરી. કેટલોક રસ્તો પસાર કર્યા બાદ બેચરસિંગે પટાવાળાને સવાલ કર્યો કે મને તમે કયાં લઇ જાઓ છો? કોર્ટનું મકાન તો આપણે છોડી આવ્યા. એક પટાવાળાએ જવાબ દીધો કે, બિરાદર, તારાથી વાતચીત કરવા બાબે અમને સખત મનાઇ છે. પણુ સામે નજર કરી જો, શુ દેખાય છે? બેચરસીંગે નિગાહ કરી તો એક સુશોભિત દેખાવવાળો તંબુ તેના જોવામાં આવ્યો. જેથી વળી પટાવાળાને પૂછ્યું કે, ત્યાં શું છે? કોર્ટતો નથી? એક પટાવાળાએ જવાબ દીધો કે, ખરૂં છે કોર્ટ ત્યાં નથી પણુ તારો છુટકારો કરનાર આસામી એમાં છે. થોડી પળમાં બેચરસીંગને બહાદુર સાહેબની રૂબરૂ પટાવાળાઓએ ઉભો કીધો. બહાદુર સાહેબે તેને પૂછ્યું-બચા તને ભુખ લાગી છે કે? બેચરસીંગે જવાબ દીધો મને કાંઇ જોઈતું નથી. બહાદુર સાહેબે તેને વિશેષ બોલાવવા માટે

કહ્યું કે, ત્યારે તને શું જોઇએ છે? બેચરસીંગે બેઉ હાથ જોડી કહ્યું કે, મહેરબાન મને જોઈએ છે વ્યાજબી દાદ-ઈન્સાફનો સિધ્ધો રસ્તો.

ઉપલા જવાબ અને બેચરસીંગના નિખાલસ ચેહેરાપરથી બહાદુર સાહેબ પામી ગયો કે, તે ખરેખર નિરાપરાધી છે. આ માણસને પોતાના કબજામાં રાખવા પટાવાળાને હુકમ કરી પોતે બીજા કામમાં રોકાયો. થોડી વારે એક હુકમ તૈયાર કરી પટાવાળાને આપ્યો જેમાં કોટવાલ તથા જેતસી તથા હઠીસીંગ અને ભદ્રસીંગને પોતા પાસે મોકલવા ઉપરાંત એ કામને લગતા તમામ દસ્તાવેજો લઇ કાજીને ખુદ પોતાને આવવાની સૂચના કીધી, કેસના કાગળો અને ઉપલા શખ્સો થોડી વારે હાજર થયા જેમાંથી પેહેલે જેતસીને પોતાપાસે બોલાવ્યો. બેચરસીંગને હાજર રાખી જેતસીની જુબાની લેવી ચાલુ કીધી. જેમાં બેચરસીંગપર ચોરીનો આરોપ રાખવા માટે કારણો માગ્યાં. તે બિચારો ચોખ્ખા મનનો અને વિશેષમાં વળી જાણતો હતો કે બેચરસીંગતો નિરાપરાધી છે. એટલે બોલ્યો. નામદાર સાહેબ એ શખ્સ મારો માલ ચોરનાર હોય એમ હું માનતો નથી. મેં આગળ પણ એમજ કહ્યું છે. આપ હાલ જે સવાલ મને પુછો છો તે સવાલ કોટવાલને પુછવો જોઇતો હતો, કારણ તેણે અમને કોર્ટમાં પોતાની મેળે મોકલી આપ્યા હતા. કેટલીક પુછપડછ કર્યા પછી બેચરસીંગની જુબાની લેવાની શરૂઆત કીધી.

સવાલ—છોકરા તારૂં નામ શું.

જવાબ—સાહેબ મારૂં નામ બેચરસીંગ રામસીંગ.

સવાલ—તારી ઉમર કેટલા વર્ષની છે,

જવાબ—વર્ષ ત્રેવીસમું ચાલે છે.

સવાલ—તને કોટવાલે કયાંથી પકડયો.

જવાબ—આ શેહેરના પૂર્વ તરફના દરવાજાની નજીકના ફળીયામાંથી.

(આ જવાબ આપતાં બેચરસીંગ એકદમ ગભરાઇ ગયો તેને પેહેલી વાત યાદ આવી.)

સવાલ—જે જગાએથી તને પકડવામાં આવ્યો. તેની આસપાસ જેતસી રહે છે કે નહીં, અને ત્યાં શા કામે ગયો હતો?

જવાબ—જેતસીનું ઘર જરા છેટે છે, બીજી બાબતનો જવાબ હું આપી શકતો નથી.

સવાલ—તારે જે કાંઇ હકીકત હોય તે જણાવવી જોઇએ માટે ખરેખરી બિના હોય તે કહે.

જવાબ—શું કહું મેહેરબાંન?!

સવાલ—તને જે ખબર હોય તે.

જવાબ—હું તદન બે ખબર છું મને એવી પણ ખબર ન હતી કે મને શા માટે પકડવામાં આવે છે.

સવાલ—તમે રાત્રિના ત્યાં શામાટે ઉભા હતા તે વાત હું જાણવા માગું છું. તમારા વિરૂદ્ધ એ બિના ચોકકસ રીતે શક પેદા કરે છે.

જવાબ—મારા ગુહ્યની વાત જેને આ કેસ સાથે કશી નીસબત નથી. એવી બિના ખુલી પાડવા આપ નામદાર શા માટે ફરજ પાડો છો.

સવાલ—તમે જ્યાં લગી તે બાબત ખરેખરી જણાવશો નહિં ત્યાં લગી તમારાપરનો શક ઓછો થશે નહિં; વળી જવાબ નહિં દેવાથી તમારા વિરૂદ્ધ અનુમાન થશે. એમ મારે તમને જણાવી દેવું જોઇએ. હવે જવાબ આપો કે નહિં એ તમારી મરજીપર છે.

જવાબ—(બેચરસીંગ વિચારમાં પડયો કે, જો ખરી હકીકત નહિં કહું તો આ જુઠા તોહોમતમાંથી મારો છુટકો થશે નહિં જેથી બોલ્યો). નામદાર સાહેબ, આ કામે સાક્ષી તરીકે હાજર થએલ શખ્સ હઠીસંગની ભત્રીજી તે રાત્રે આ ગામ છોડી નાશી જવાની તૈયારીમાં હતી જે વાત મારા જાણવામાં આવતાં તેને કાંઇક સમજાવવા માટે હું તેની રાહ જોઇ ત્યાં ઉભો હતો, એટલામાં કોટવાલના માણસે મને પકડયો.

આ જવાબથી બહાદુરસીંગ મનમાં વિસ્મય થઈ વધારે પુછવા લાગ્યો.

સવાલ—છોકરા ત્યારે અહિં તારૂં કોઇ દુશ્મન છે?

જવાબ—નહિં સાહેબ.

સવાલ—હઠીસીંગની ભત્રીજી સાથેના તારા પ્યાર બાબે કોઈ હસદ રાખતું હશે?

જવાબ—તે વાત મારા જાણવામાં નથી.

સવાલ—તારી મોહબત બાબે હઠીસંગને ખબર પડી હતી કે નહીં?

જવાબ—હું જાણતો નથી. પરંતુ એકરોજ હું તેના બાગમાંથી નીકળતાં તેના માણસે મને જોયો હતો. તેણે તે વાતની આગાહી હઠીસંગને કદાચ આપી હોય!

સવાલ—તને પકડવામાં આવ્યો તે પહેલાંના કેટલા રોજપરની એ બિના છે?

જવાબ—મને પકડયો તે પહેલાં ત્રીજા રોજપર એ બનાવ બન્યો હતો.

કેસના કાગળો પરથી બહાદુર સાહેબને એવી શંકા પેદા થઇ હતી કે, આમાં કાંઇ બનાવટ તો છે ખરી. એકતો સંપૂર્ણ તપાસ થઇ નથી. વળી તહોમતદારની કાંઈપણ બચાવ તરીકે હકીકત સાંભળવામાં આવી નથી. બેચરસીંગની હાલની જુબાની ઉપરથી કેસમાં આવેલા સાક્ષીઓ તેના પ્રતિપક્ષીઓ જણાય છે; એ વિગેરે. આજુ બાજુની હકીકત ધ્યાન-પર લઇ તહોમતદાર શખ્સના બચાવ માટે સરકારના ખર્ચે એક સ્વતંત્ર મુખત્યારને બોલાવવામાં આવ્યો તે હાજર થયો. તેણે બેચરસીંગની હકીકત સાંભળી પરંતુ પેલી ખાનગી બાબત બોલતાં બેચરસીંગ અટકયો આથી મુખત્યારે તેને સમજુત કરી કે વૈદ્ય અને વકીલ પાસે પડદો રાખવાથી પોતાના બચાવને ધુડધાણી કરવા સરખું થાય છે; માટે શરમાઓ નહિં. બધી બાબત સવિસ્તર બ્યાન કરો આથી. બેચરસીંગે તમામ હેવાલ તેને જણાવી દીધો. બાદ મુખત્યારે કોટવાલની જુબાની લેવા માગણી કરવાથી બહાદુર સાહેમે કોટવાલની જુબાની લેવી શરૂ કીધી. જેમાં તેને પુછવામાં આવ્યું કે, બેચરસીંગપર તહોમત સાબિત કરવા માટે તમારી પાસે શું કારણો છે. તથા તેને પકડતી વખતે કેવા કારણો હતાં.

જવાબ—અવલ તો જેતસીની ચોરી બાબતમાં બેચરસીંગ પર મને કોઇ રીતનો વહેમ હતોજ નહીં. પણ જે બાગમાંથી ચોરી થઇ હતી તે બાગમાં રાત્ર વખતે તે રખડતો પકડાઇ આવ્યો. વળી એક નનામી અરજી મારા હાથમાં આવી, જેમાં તેના વીરૂદ્ધ કેટલાક બોલો છે. તે ઉપરાંત દાગીના પર તે પૈસા ઉપાડવા ગયો હતો, એ બિના પણ સાબિત થઇ જે ઉપરથી તેને ચોરીકરનાર ઠરાવી મેં કાજીસાહેબ પાસે મોકલી આપ્યો.

સવાલ—તે અસલ કાગળ બતાવો.

આ ઉપરથી કોટવાલે તે કાગળ રજુ કર્યો. સાહેબે કાગળ જોઇ લીધા પછી મુખત્યારને સોંપ્યો તેણે તપાસ્યા બાદ પોતાની તપાસ ચાલુ કીધી.

સવાલ—વારૂ, બેચરસીંગને પકડયો, તે પેહેલાં એક રોજપર આપ હઠીસંગની વખારમાં કાંઇ ખાનગી કામસર રોકાયા હતા કે નહીં.

જવાબ—એ સવાલનો જવાબ આપવાને હું બંધાયલો નથી. આ ઉપરથી મુખત્યારે સાહેબને અરજ કરી એ બાબત પુછવા માટે લંબાણ કારણો કહી સંભળાવ્યા જે પરથી જવાબ દેવા કોટવાલને સાહેબે ફરજ પાડી (આથી કોટવાલ એકાએક ગભરાટમાં પડયો,)

સવાલ—હઠીસંગની વખારે આપ ગયા હતા કે નહિં.હા કહો તો તે વખતનો બધો હેવાલ લખવો.

જવાબ—હું રસ્તેથી જતો હતો. હઠીસંગ સાથે મિત્રતા દાવો હોવાથી સહેજસાજ ગયો હતો.

સવાલ—ત્યાં.કાજી સાહેબ હતા ખરાકે?

જવાબ—હા તે મારાથી પહેલા બેઠા હતા.

સવાલ—બેચરસીંગ આથી પહેલા કોઇવાર આવા અપરાધમાં આવેલો છે?

જવાબ—તે વાત મારા જાણવામાં નથી.

કોર્ટના પૂછવાથી કોટવાલે જણાવ્યું કે, બેચરસીંગ પાસેથી ચોરીનો માલ તપાસમાં મને હાથ આવ્યો નથી.

આ જુબાની બંધ કર્યા બાદ હઠીસંગ તથા ભદ્રસીંગની લંબાણ જુબાનીઓ લેવાઇ જેમાં કેટલીક શક પડતી બાબતો અજવાળામાં આવી. ત્યાર પછી તહોમતદારના બચાવ માટે પૂછવામાં આવતાં રામસીંગ (હઠીસંગનો માણસ જેણે બેચરસીંગને બાગમાંથી નીકળતો જોયો હતો) તથા નંદીબાઇની જુબાની લેવા માગણી થઈ. તેમને બોલાવી બહાદુર સાહેબે જુબાની લીધી. આ જુબાનીઓ ઉપરથી બેચરસીંગને હઠીસંગે ખોટો પ્રપંચ કરી ફસાવ્યો હોય એમ માનવાને ઘણા કારણો જણાયા. તહોમતદારના બચાવમાં મુખત્યારે પુરાવાપરથી લંબાણ ભાષણ કર્યું. બાદ સહુને રજા આપવામાં આવી. બેચરસીંગને કેદમાં લઇ જવા હુકમ થયો.

આ વખતે તેણે આજીજી કરી જુબાની બોલી, નામદાર સાહેબ મને છુટો રાખો હું બેગુન્હા છું. સાહેબે જવાબ દીધો છોકરા એકદમ તુમે છુટો કરવાની સત્તા મારા હાથમાં નથી.

વલતે રોજ સાહેબની સ્વારી રવાને થઈ; બેચરસીંગને સાહેબે સાથે લીધો હતો. પાયતખ્ત શહેરમાં દાખલ થયા પછી બહાદુર સાહેબ તરફથી નિચે પ્રમાણે રીપોર્ટ દેશના માલીકપર મોકલવા માટે તૈયાર કરવામાં આવ્યો.

આલીઝાં બંદે નિવાંઝ,

સલામ દીગર જણાવવા રજા લઉં છું કે આપ ખુદાવિંદના હુકમાનુસાર બેચરસીંગ રામસીંગ, નામના શખ્સપર ચોરી કરવાના આવેલ તહોમત બાબે મેં મને સુજતી તજવીજ કરી. તે બાબતનો વિગતવાર હેવાલ અને મારો અભિપ્રાય જાહેર કરવા રજા લઉં છું.

આ કેસમાં તહોમતદાર વિરૂદ્ધ હઠીસંગ તથા ભદ્રસીંગ નામના બે આસામી સાક્ષીઓ તરીકે હાજર થએલા છે. તે શિવાય મુખજુબાની પુરાવાની હાજરી નથી. આ બન્ને સાક્ષીઓની જુબાનીપર બહુજ તહેકીક કરવાની છે. કેસના બધા કાગળો ઉપલક રીતે જોવામાં આવે તો તહોમતદારને અપરાધી ઠરાવવાના વિચારો પેદાથાય એવી આ કેસમાં ખુબી સમાએલી છે. પરંતુ બારીકીથી મનન કરતાં આ દુષ્મનીના પરિણામે બનાવટ કરી તહોમતદારને પકડવામાં આવ્યો છે. એમ માનવાને કારણ મળે છે.

હઠીસંગ અને ભદ્રસંગ એ બન્ને બેચરસીંગના કટ્ટા શત્રુ હોવાની વાત ઘણે દરજ્જે સંભવિત લાગે છે. હઠીસંગની ભત્રીજીના પ્યારના ભોગ તરીકે આ તહોમતદાર ફસાયો છે. એમ એકંદર ત્વારીખ ઉપરથી માનવાને ચોક્કસ કારણો જણાય છે.

ન્યાય કર્ત્તા ન્યાય આપતી વેળા કેવી વિપત્તિમાં આવી પડે છે, એ બાબતનો અનુભવ તો ખાસ કરીને નિખાલસ મનથી વર્તનારા ન્યાય કર્તાઓનેજ હોય છે. ન્યાયના કામમાં તકરારી બાબતો માટે જે ખાત્રી કરવાની છે તે ખાત્રી ગણીત શાસ્ત્રના અનુમાન પરથી થતી ખાત્રી કરતાં ઉતરતી છે. દરેક બાબતની ખાત્રી કરવા માટે જુદા જુદા પ્રયોગો જોવામાં આવે છે પણ ન્યાયના કામ માટે એવું કોઇપણ સાધન હોતું નથી. શાસ્ત્રોના આધાર તરફ જોઇએ છીએ તો ન્યાયના કામમાં ભૂલ થવાના જોખમ ઘણા મોટા છે, કાયદાના આધારે માત્ર કોનાપર પુરાવાને

બોજ રાખવો, એ બાબતમાં સહેલો છે પણ પુરાવો દાખલ થઈ જવા પછી તેના લાગુ પણા માટે અથવા લાભ ગેર લાભ તરફ મત બાંધવાના અનુમાનો લઇ છેવટની ઘડીએ કઇ બિના ખરી અને ખોટી માનવી એ કામ મુશ્કેલ છે. કેટલીકવાર સાહેદોને જુદા રાખવાથી જેમ ન્યાયના કામમાં અડચણ નડતી નથી. તેમ કેટલીક વાર એકબીજા સામે બેસાડવાથી ફાયદો થાય છે. આથી ખરી બાબતો ગેબ થવાના રસ્તા બંધ થઇ જાય છે.

મુખ જુબાન પુરાવો સમજ્યા પછી તેની અસર કેટલીક હદ સુધી થાય છે એ બાબત નક્કી કરવી. બહુ વિકટ છે ગણીવાર અગાઊથી સંકેત કરી સાક્ષીઓની જુબાની લેવરાવવામાં આવે છે. આવી વખતે સાક્ષી-ઓની જુબાનીનું મળતા પણું એજ બનાવટની નિશાની ગણવા શિવાય બીજો રસ્તો નથી, ન્યાંય કર્તાનો ઘણો વખત મુખ જુબાન પુરાવામાં રોકાય છે. આનું કારણ એજ છે કે, હસદના પરિણામે કેટલાક જુઠા સાક્ષીઓ રજુ થાય છે.

નામદાર ખુદાવિંદ, આ કામની તપાશ કરવા માટે હું જાતે ત્યાં જાત નહીં અને અહીંયાજ કેશની તપાશ કરત તો ખરી બિના બિલકુલ જાણવામાં આવત નહીં. મને આ કામની સંપૂર્ણ માહેતી થઇ છે. આ કેદીને ફસાવવાની હીલચાલો તથા તેના કારણો મારી નજર સામે ગેબી રીતે દેખાવ આપે છે.

ત્યાંના કોટવાલ અને કાજી તરફથી આ કામે ગેરવ્યાજબી વર્તણુક ચલાવવામાં નથી આવી એવા અનુમાન પર હું આવી શકતો નથી. પરંતુ તેમના વિરૂદ્ધ ખુલ્લા વિચારો જણાવવા માટે જોઇતા પુરાવાની હાલ હાજરી નથી. જેથી હું તેઓના માટે આવા વિચાર પર આવ્યો છું કે એકની એક ચીજ એકને કિંમતી લાગે. ત્યારે બીજાને તે ચીજ નકામી જણાય છે. ધારો કે ઘર પાસે એક ખાતરનો ઢગલો વૈદ્યને જો-વામાં આવે તો ગંદકી ગણી તેને દુરવા તજવીજ કરે; અને તેજ ઢગલો ખેડુતો કિંમતી માની સંગ્રહ કરે છે. એ પ્રમાણેજ એકાદ બાગમાં ફુલોના કયારા વચ્ચે કોઇ છોડ ઉભેલો માલીના જોવામાં આવે તો તેને હલકું ગણી ઉખેડી ફેંકી નાખે. અને એજ છોડ વૈદ્યના પારખવામાં આવે તો તેને કીંમતી વનસ્પતી ગણી લઇ લેવા તજવીજ કરે. આમ થવાનું કારણ જ્ઞાનની ખામી શિવાય બીજુ સમજાતુ નથી, ઉપલા અમલદારો માટે આ ઉપરથી જે વિચારો પેદા થાય છે તે સંશય વગરના છે.

આ કામે પેહેલી તપાસમાં તહોમતદારના મુખત્યાર તરફથી પોતાની ફરજ બજાવવામાં ઇરાદા પૂર્વક ખામી રહેલા હોય એ વાત ચોક્કસ પણે માનવા જેવી છે, છેવટે આ કામે નીચે પ્રમાણે થવું જોઇએઃ–

૧ બેચરસીંગ રામસીંગને છોડી મૂકવો જોઇએ.

૨ કોટવાલ તથા કાજીને નોકરીમાંથી બાતલ કરી રજા આપવી જોઇએ.

૩ મુખત્યારને તેના પાસેની સનંદ લઈ તેને તે ધંધો કરતાં અટકાવવો જોઇએ.

હું છું શ્રીહુજુરનો તાબેદાર
બહાદુરસીંગ.

ઉપલો રીપોર્ટ વાંચ્યા બાદ દેશના માલિકે પોતાના વિદ્વાન સલાહકારની બહુજ તારીફ કરી, એના અભિપ્રાય પ્રમાણે અમલ થવા હુકમ કર્યો. જેપરથી બેચરસીંગને છોડી મૂકવામાં આવ્યો; કોટવાલ અને કાજીને રજા મળી; અને મુખત્યારને બેરોજગાર કરવામાં આવ્યો.

દોહરો.

ન્યાય કીમતી જીવથી, ઈશ જેવો દાતાર;
હોંસ આસને દ્રવ્ય સૌ, ન્યાયાધીશ કરનાર.

પ્રકરણ ૧૩ મું.

ભવાનસીંગનું મૃત્યુ–ચંદ્રબાપર લુટારાનો જુલમ.

ચંદ્રબા ભવાનસીંગ સાથે રવાની થઈ આવત, વહાલા વાંચનાર; તારા જાણવામાં છે પરંતુ ત્યારબાદ તેણે ક્યાં અને કેવી રીતની મુશાફરી કીધી એ બિના જાણવા તરફ તારો જુસ્સો તલપી રહ્યો હશે તો તેને શાંતિ આપવા લે ચાલ આગળ વાંચ.

આ તરફ ચંદ્રબા ગચ્છન્તિ કરી ગઈ અને સવારે આઠ બજ્યાના અરસામાં હઠીસંગના ઘરમાં તેની પુછપરછ થવા લાગી. હઠીસંગે નદીબાઇને પૂછ્યું કે, હજી ચંદ્રબા શું આવી નથી? તેણીએ જવાબ

દીધો કે આવતી હશે. તોપણ હઠીસંગે માણસ મોકલાવી ખબર કહડાવી. તો ખબર મળ્યા કે અહિંથી તો રાત્રના ઘેર જવાની રજા લઇ ચંદ્રબા ચાલી ગઈ છે આથી હઠીસંગને વહેમ આવ્યો. તેણે ઘરના બધા ઓરડા દીવાનખાના વગેરેમાં તપાસ કીધી છતાં તેનો કયાંય પણ પત્તો લાગ્યો નહિં. તેણે ફિકરમંદ ચહેરાથી નંદીબાઇને પૂછયું કે, ચંદ્રબા કયાંપણ નથી. તે કયાં ગઇ હશે? નંદીબાઇએ જવાબ દીધો, હું શું જાણું કયાં ગઈ તે!!

ગુસ્સે થઇને, ચુપ, ચુપ, બેવકુફ શું આડા જવાબ આપે છે હઠીસંગ બોલ્યો. બાદ તેણે ભદ્રસીંગને હાંક મારી બોલાવ્યો અને ઉપલી બીનાથી વાકેફ કર્યો. આ ખબર સાંભળી કે તે હાયઅફસોસ કરવા લાગ્યો. તેના મનની ઉમેદો ધુળ મળી ગઈ. તેનો સંતાપ નહિં સહેવાય એવો હતો. જે ચીજ તેના જીગરને સર્વ કરતાં વહાલી હતી. જેના માટે તેણે કેટલીક ઉમેદો બાંધી હતી. તે ચીજ (ચંદ્રબા) એકાએક ગુમ થાય એ બિના શું ભદ્રસીંગના મગજને બહુજ હેરાન કરે?! વળી તે કયાં ગઇ તેપણ માલમ નથી; એ વિચારે તેના દુઃખમાં વધારો કીધો. બીજી તરફ નંદીબાઈના મનમાં જુદા જુદા તર્ક–વિચારો પેદા થતા હતા. મારી વહાલી પુત્રીનું શું થયું હશે?! તેણે કુવો કે તલાવ તો નહિં પુર્યું હોય! એવા એવા વિચારોના પરીણામે થતા ગભરાટમાં તે હેરાન થતી હતી. તેણે હઠીસંગને કહ્યું કે, ચંદ્રબાએ આ ઘર છોડી દીધું તેમાં કેવળ તમારોજ વાંક છે. તે સંતોષથી દહાડા ગુજારતી, સબુરીથી બેઠી હતી. છતાં તમે તેને બળાપો પેદા કીધો. જે માણસને તે ધિક્કારતી તેની સાથે તેને પરણાવી દેવાની તૈયારી કીધી. તેણીને તે વાત ગમી નહિ જેથી તે નાસી ગઈ લાગે છે. કોણ જાણે તેના જીવનું હવે શું થશે! આમ બોલી નિશાસો મૂકતી હતી.

હરામી ચંડાળ મને ખાત્રી થાય છે કે ચંદ્રબાને નાશી જવામાં તું પોતેજ મદદગાર છો, જા મુંગી બેશ હઠીસંગ બોલ્યો.

આથી નંદીબાઇ બીજા ઓરડામાં ગઇ. બાદ હઠીસંગ મનમાં બળાપો કરતો બોલ્યો તે ચંડાળ મને ઠગી ગઇ! જો ગઇ કાલે તેણીની બહેનપણીઓની માંગણી મેં કબુલ કરી નહોત તો આ પરિણામ આવત નહીં. તે કોની સાથે નાશી ગઇ એ વાત નક્કી થતી નથી. બેચરસીંગ તો કેદમાં છે, તેને કોટવાલે પકડયો છે. તેણે ગણી તપાશ કરી પણ કાંઇ પત્તો લાગ્યો નહિ જેથી હાથ ઘસી બેશી રહેવું એજ–અહીં વળી ભદ્રસીંગ પોતાના દેશ તરફ રવાનો થઇ ગયો.

નંદીબાઈ અને રામસીંગ આ કામ કરવામાં સામેલ છે. એવો વહેમ હઠીસંગને આવ્યો. જેથી તેણે એ બન્ને જણને કાઢી મુકયા. નંદીબાઇ પોતાની જન્મ ભૂમી તરફ રવાની થઇ સાથે આ નેક ખવાસના રામસીંગને તેડતી ગઇ.

પ્રિય વાંચનાર! ચંદ્રબાને આપણે દીઠી તો નથી. પરંતુ અત્યાર લગી તેના માટેની તમે જે ત્વારીખ જોઇ, તે ઉપરથી તેણીના માટે તમે ગમે તેવા વિચારપર આવી શકો તેમ છે. તેને ગમે તેવી અવિચાર વાળી ઠરાવો, પણ અનીતાવાન તો નહીંજ કહેવાય તેણીને બે દરકાર કહીયે તો ચાલે, પણ બે વફાતો નહીં કહેવાય, તે બે સમજ કહેવાશે, પણ બે હયા નહીં કહેવાય, તે નાદાન કહેવાશે પણ નાપાકતો નહીં કહેવાય. પોતાની બહેનપણીઓના દુ:ખ અને સંકટની ઇબારત તેણીના જાણવામાં નહીંઆવતેતો અલબત પોતાની હઠ મુકી દેવામાં ઘણો વખત લગાડતે નહીં એમ કેટલાક સયોગોના લીધે આપણે કહી શકીશું.

ભવાનસીંગ અને ચંદ્રબાએ થોડોક પંથ કર્યા પછી પોતાનો લીબાશ તથા વસ્ત્ર બદલાવી નાખી ગરીબ સ્થિતીનો દેખાવ કરી લીધો. જે વખતે તેમની આ મુશાફરી ચાલું થઇ હતી. તે અરશામાં ચંડાળ લુટારાઓ અને ઠગોનો ઉપદ્રવ વિશેષ હતો, એક રોજ સુર્યાસ્ત થતી વેળા આબેઉજણ એક ગામ નજદીક આવી પોહોંચ્યા અને ત્યાં મુસાફર ખાનામાં વિશ્રામ કીધો. તેઓ આવવા પેલા આ જગામાં એક સાધુની જમાત ઉતરી હતી, જેનો મહંત બહુજ દયાળુ દીલનો જણાતો હતો. આવેલા બન્નેજણા કોઇ ગરીબ મુસાફર છે, એમ તેને જણાતા તેઓને પોતાના પાસે બોલાવી કેટલીક વાતચીત કીધી, જમાતના સાધુઓ ઇશ્વરની ભક્તિમાં મગ્ન થઇ બેઠા હતા, તંબુરા કાંશીયા વીગેરે તાન બજાવી ભજન કરતા હતા.

ભજન.

પ્રભુનું નામ સાચુ જાણજો જરૂર,
જાણજો જરૂર ભાઇયો બીજુ સહુ છુડ. પ્રભુ૦
નથી રહયો રાવણ મોટા યોદ્ધા ગયા રે લાલ તું,
જેનાં નામો બોલાય મશહુર. પ્રભુનું નામ.
સગાંરે સંબંધી સહુ સ્વાર્થવાળા લાલ તું,
અંતની વેળાયે તો સહુ રહેશે દૂર. પ્રભુનું નામ.
સંતો જન બોલે હરીનું નામ ન ભૂલો લાલ તું,

ઘણા જણો તાર્યા શું કહુ મજકુર. પ્રભુનું નામ.
દુનિયાની માયા લાગી "ઠક્કર" મુંજાયો લાલ તું,
દાસની છાપ મારો રાખો હંજુર. પ્રભુનું નામ.

ભજન.

જુવો એક બંદર રે, કચ્છમાં શોભી રહ્યુંરે જી;
નામ જેનું મુંદરો, દીલ લલચાય;
તેમાં જોયા ભકતોરે, મન મારૂં મોહી રહ્યુંરે જી.—ટેક.
ઉત્તરની દીશાએરે, ભીડભંજન દુઃખ હરેરે જી;
એવાં દર્શન ચારે દરવાજે થાય;
ભીડ સર્વે ભાંગેરે, દારીદ્રને દુર કરેરે જી.—ટેક.
શહેરમાંહે દીઠીરે, હવેલી શોભે ઘણીરે જી;
જેમાં બોલે ભકતો હરીનું નામ;
બોલે બોલે બોલેરે, કૃષ્ણ અમ તું ધણીરે જી.
ઓલીઆ ત્યાં દીઠોરે, બોલું મુખે શું ઘણુંરે જી;
પીર એતો શાહ બુખારી કહેવાય;
મહીમા એનો જામ્યોરે, ચારે દીશે ચોઘણોરે જી;
"ઠક્કર" બોલે મહીમારે, સુણજો હૈયે હેત ધરીરે જી.
આવી શોભા તમને કયાં નહીં જણાયે;
રચના એની જુવોરે, બની એક સ્વર્ગપુરીરે જી.

મહંત અને ભવાનસીંગ વચ્ચે થએલ વાતચીતમાં ભવાનસીંગે પોતાનો બહુજ કરૂણાજનક હેવાલ જણાવી દીધો. અમે બેઉ ભાઇ બેન છીએ; તંગદસ્તીના સબબથી આમ રખડીએ છીએ, વગેરે જુદી જુદી રીતના ગપાટા દીધા. આથી મહંતની દયાળુ લાગણી તેમનાપર વિશેષ ખેંચાઇ. તેની આવી લાગણી જોઈ ભવાનસીંગ પણ જેમ એક પુત્ર પિતાની શેવામાં વર્તે તથા માયા બતાવે તેવીજ રીતે વર્તવા લાગ્યો.

સામાના મનમાં આપણાપર હેત પેદા થાય તો આપણું હેત પોતાની મેળે તેનાપર દોડે. પ્રિતી પ્રિતીને ખેંચે છે. જુઓ દાખલો—લોઢાને લોહચુંબક પોતા તરફ ખેંચે છે તે.

રાત્રીના જુદી જુદી રીતે ઇશ્વર ભક્તિ સાધુઓની જમાતમાં થઇ રહી છે, ભવાનસીંગ અને ચંદ્રબા ત્યાં બેઠેલા છે પણ હજુ બિચારી

ચંદ્રબાના સંકટો ઘટવાને બદલે વધવાના છે તેથી અવનવા બનાવો તેની દૃષ્ટિએ પડે તેમાં નવાઇ નથી. ઠગ અને લુંટારાઓની ટોળીઓ મુસાફરોના રહેઠાણની જગ્યાઓ તપાસતા ફરે કયા મુસાફરો આવેલા છે. તે પાસે જર ઝવેર છે કે નહીં, કયારે ચાલવાના છે, કયે રસ્તે ચાલશે? એવી બાબતો તો તેમના હરામી ધંધામાં મુખ્ય પણે હોય છે. રાત્રિના બે બજ્યાનો વખત છે. આ વેળા બે કદરૂપા બિહામણા દેખાવના શખ્સોએ ધર્મશાળામાં દેખાવ દીધો અને જમાતના મહંતને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી બેઠા. મહંતના પુછવાથી તેમણે ખુલાશો કર્યો કે, અમે મુસાફર છીએ બાદ કેટલીક વાતો કર્યા પછી તેઓમાના એક જણે ભવાનસીંગને પુછયું, ભાઇ તમે કયાં જવાના છો, કયાંથી આવ્યા છો, અને કોણ છે? આના જવાબમાં જે હકીકત તેણે પેહેલા મહંતને કહી હતી તેજ હમણા કહીં સંભળાવી; કારણ વધ ઘટ કહેવાથી મહંતને વહેમ આવશે એવી ધાસ્તિમાં ભવાનસીંગ ઘેરાયલો હતો. આ વાતચીતના અરસામાં પેલા લુટારાની નજર ચંદ્રબા પર પડી. તેણીનો પોશાક જોકે ગરીબી હાલતમાં હતો. તો પણ તેની મુખમુદ્રાની કાન્તી કાંઇક બીજુ જાહેર કરતી હતી; અને વિશેષમાં તેની ખુબ સુરતી તો ખરેજ લલચાવનારી લાગી.

માટીની કીચલમાં પણ હીરાનું તેજ છુપુ રહેતું નથી. ચંદ્રબાની ખુબ સુરતીપર ચંડાળ લુટારાની દાનત બગડી અને ગમે તેમ થાઓ તો પણ આ નાજનીનને તો મારા ઘરમાં પ્યારી કરી રાખુ એ વિચાર તેના મનમાં પેદા થયો. તેના ખુની જીગરમાં જુદી જુદી રીતના તર્ક વિતર્ક થવા લાગ્યા. શું આ ઓરત મારે કબજે નહીં કરી શકું? તેની સાથે તેનો ભાઇ છે તે શું આડો આવશે? એની શી મગદુર કે અહીંથી તેઓ રવાના થઇ જંગલના રસ્તા પસાર કરે? એકદમ તેણીને કબજે કરી લઉં. મારા કામમાં તે વચ્ચે પડી વિઘ્ન નાખે તો તેને ઠાર કરીશ. એવા નષ્ટ વિચાર તેના મનમાં થયા કરતા હતા, એવામાં તેના સોબતીએ કહ્યું. ચાલ ભાઇ આપણે સુઇ જઇએ, મહંતની રજા લઇ તેઓ દરવાજા બહાર નિકળી ગયા, પેહેલાએ પોતાનો ઇરાદો બીજાને જણાવી દીધો. અને કહ્યું કે જો યાર આ કામ સરંજામ પહોંચે તો હું તારો સદાનો આભારી થઇશ તે ચંડાળે હિમત આપી કે. એમાં તે શું? તું કહેતો હમણાજ એને ઉપાડી આવું. જે વચ્ચે પડે તેને યમદુતને હવાલે કરી દઉં, પેહેલાએ કહ્યું શાબાશ યાર, દોસ્ત તો તારા જેવાજ જોઇએ. હમણા આ કામ નહીં કરતા, તેઓ અહીંથી રવાના થઇ બીજે ગામ જવા

રસ્તે પડે ત્યારે જંગલમાં આપણને ઠીક લાગ આવશે. આમ વિચાર કરી તેઓ રાતની રાત એજ ધર્મશાળાની આજુ બાજુમાં ફરતા રહ્યા: સવારમાં જુદા વેશથી અહીંથી તેમ આંટો ફેરા ફરતા હતા.

ભવાનસીંગ અને ચંદ્રબાના મનમાં કોઇ પ્રકારની ધાસ્તીની શંકા ન હોવાથી મહંતની રજા લઇ ચાલવા માંડયા. બેચાર મૈલ ચાલ્યા પછી રસ્તામાં એક નાના તલાવ પાસે જઇ પહોંચતાં એક વડના ઝાડના છાયા નીચે બેસી નાસ્તો કરવા ચંદ્રબા અને ભવાનસીંગે નક્કી કર્યું. બન્નેજણ ત્યાંથી ચાલી વડના ઝાડ હેઠળ બેઠા. તેઓ નાસ્તો કરે છે એટલામાં એકાએક બે ઘોડેસ્વાર નાગી તલવારોથી સામે આવી ઉભા. ભવાનસીંગ હિંમતથી ઉભો થયો પણ લાચાર તેના પાસે કોઇ હથીઆર હતું નહીં કે જેથી દુષ્મનને ઘાયલ કરે. એકજણે તેમને પૂછ્યું તમે કોણ છો? મારે જવાબ દેવાને જરૂર નથી, ભવાનસીંગે તોરમાંજ જવાબ દીધો. આ જવાબ ભવાનસીંગના મહોડામાંથી નિકળતો બંધ થયો કે, પેલા નીચ માણસે તેનાપર તલવારનો ઘા કર્યો. જેથી તે જમીનપર પડી જતાં બેહોસ બની ગયો. જે તકનો લાભ લઇ લુંટારા ચંદ્રબાને ઉપાડી ચાલતા થયા. તે બિચારી પોકે પોંક મુકી રડવા લાગી પણ અહિં જંગલમાં તેને મદદ કરનાર કોણ?!!

લુટારાઓનું ઠેકાણુ મીનાપર ગામમાં હતું. તેઓ તે ગામમાં દાખલ થયા. એક સુશોભિત જગ્યામાં તેમણે ચંદ્રબાને રાખી. ત્યાં એક બુઢીઓરત આવાં નિચ કામોમાં મદદગાર તરીકે તેમણે રાખી હતી. તેને સોંપી તેઓ ચાલતા થયા. જ્યાં ચંદ્રબાને રાખવામાં આવી તે જગ્યા શહેરના એક ખાનગી ભાગમાં હતી. જ્યાં માણસોની આવજાવ બિલકુલ થોડી હતી. અર્થાત ચંદ્રબાની દુ:ખી હાલત કોઈના જાણવામાં આવે તેમ નહતું.

હરેક દુ:ખી માણસના જીગરને કોઈપણ રીતની આશાઓથી ધીરજ હોય છે. પરંતુ ચંદ્રબાને તો ધીરજ ક્યાંથી હોય! તે હાયઅફસોસના પોકારો ઉઠાવી કલ્પાંત કરતી હતી. પણ તે આ વખતે બધું ફોકટ હતું. પેલી ચંડાળ ડોશી તેની પાસે જઇ તેને ધીરજ આપવા લાગી કે, બાઈ ગભરાના. શાને દુ:ખી થાએ છે તારી સઘળી આશાઓ તને લઇ આવનાર સખ્સો પૂરી પાડે તેમ છે. ખાલી રડાકુટ કરવાથી કાંઈ ફાયદો નથી. અફસોસ કરવાથી જીંદગી ઘટે છે. થોડે થોડે શરીર ઘસાઈ જઈ છેવટે મોત જલદી આવે છે. માટે ખુશીમાં રહે. કારણ તારી જીંદગી

અહિંઆજ પુરી કરવા પરમેશ્વરે સર્જ્યું હશે. તોપછી તારા ખ્યાલી વિચારો અને કલ્પાંતથી શું થવાનું છે? આ સંસારમાં જે થાય તે સારાને માટેજ એમ ધારી સંતોષમાં રહેવું જોઇએ. દાસીના આ ધીરજવાળા વચનો સાંભળી ચંદ્રબા તેણીને એક ભલી અને ચોખ્ખા મનની ઓરત માનવા લાગી જેથી પોતાની દુઃખી હાલત તેને કહી સંભળાવી. વિશેષમાં બોલી કે, માતુશ્રી; મારો ભવ આ લુચ્ચા લુટારાઓના જુલમથી બગડવા સંભવ છે. મારા ઉપર જુલમ કરવાથી તેઓ ઇશ્વરના દોષિત થશે. હું મારો પ્રાણ તેમણે અર્પણ કરીશ પણ મારા સત્યદામનિને ઝાંખ લાગવા સરખી રીત પસંદ કરીશ નહીં.

બાઇ તારી મરજીની તું મુખત્યાર છે પરંતુ તેઓ પાસે હઠ પકડવામાં ફાયદો કાઢીશ નહીં તારે લુટારાઓના કહેવા પ્રમાણે ચાલી તેમની મરજી સાચવવી તેથીજ તું સુખી થશે, નહીંતો નાહક તેઓ તને રીબાવી રીબાવી પેલી જાહાનમાં પહોંચતી કરશે, તેઓના પથ્થર સરખા જીગરમાં દયા તો છેજ નહીં તો પછી તેમના પાસે તારે કર ગરવું, દયા માગવી અને પાછળથી કલ્પાંત કરવો એ બધુ ફોકટ છે. ઇશ્વરે હૈયાતી પુરી કરવા દરમ્યાન સંસાર વ્યહવાર ચલાવવા આ મકાન સરજેલુ છે, એમ સમજી તારે સંતોષ વાળવામાંજ ફાયદો છે, બીજો ઇલાજ તારે માટે નથી, તું તારા સંકટ માટે ગમે તેટલા દાખલા આપી તેમના કને આજીજી કરીશ. તોપણ તેઓ પોતાની ઉમેદ પરીપૂર્ણ કર્યા વિના રહે એમ છેજ નહીં; માટે પુત્રી, તારો પ્યાર તું તેમને અર્પણ કરજે, અને તેમ કર્યાથી તું સારા વૈભવ વાળી બની સુખી થઇશ દાશીએ જવાબ દીધો.

તું આવા પાપી બોલ મારી પાસે ના બોલ; તારી નાપાક જીભને કચરી નાખ, તારા વિચારો અને દગા ભર્યા દાવ પેચ પ્રમાણે તારે માટે દોઝકમાં પણ જગ્યા રહેશે નહીં હું તને અત્યાર લગી એક દયાળુ ખવાહસનીખુઢી સમજતી હતી પણ તે મારી સમજણમાં મેં ભુલ કીધી એમ હવે હું માનું છું. લુચ્ચી કુપાત્ર કુટણી શું તું મને ચંડાળ લૂટારાઓ સાથે પ્યાર બાંધવા ભલામણ કરે છે, અરે રાંડ તું કયાંથી જાણે કે આ દુઃખી જીવ એવા એક દયાળુ આદમીના પ્યારમાં ફસાયો છે કે જેની યાદ હયાતી લગી તે ભુલે તેમ નથી તે શિવાય મારો પ્રાણ જતા પણ પાપીઓના બુરા વિચારોને કદી પણ શરણુ થઇશ નહીં ચંદ્રબાએ ગુસ્સાથી જવાબ દીધો.

તેઓના પ્યારમાં તું પોતાની મેળે ગુંથાઇ જઇશ, દોશી નખરાથી બોલી.

એ તું શું બોલે છે? બસ, હવે તારી લવરી બંધ કર અને અહીંથી ઉઠી જા નહીંતર હમણા તને સવાદ ચખાડીશ. ચંદ્રબા વિકાળ ચેહેરાથી બોલી ઉઠી.

તું દુઃખી થઇશ, તને લુટારાઓ હેરાન કરશે, રીબાવશે ભુખથી તળવળાવશે. અને અનેક રીતે દુઃખ આપશે માટે હે પુત્રી,' મારૂ કહ્યું માન તેમાં સાર છે એટલે પાછળથી પસ્તાવો કરવાને કારણ રહે નહીં દોશીએ કહ્યું.

વખત રાત્રિના અગીઆર બજ્યાનો છે. ઝીણા પવનની બહેકી પ્રસરી રહેલી છે ગામમાં સોર બકોર બંધ થઇ રહેલ છે. દોશી અને ચંદ્રબા વચ્ચે ઉપલી બોલચાલ જારી છે એટલામાં એક લુટારો ત્યાં આવ્યો. અને ચંદ્રબા પાસે આવી ઉભો.

પ્રાણપ્યારી! તમે દુઃખી શા માટે રહો છો? તમારી આગલી જીદંગીના દુઃખ ભર્યા હેવાલને ભુલી જાસો, અને ખુશીમાં દહાડા ગમન કરો. તમને તમારા સુખ માટેજ ઇશ્વરે અહીં સોંપી છે. લુંટારે ખુશીના આવેશમાં ચંદ્રબાને કહ્યું.

ચંદ્રબા હેબતથી હેરાન હતી ગુજરેલા શીતમથી ભયભીત બની ડોળા ફાડી તેના શામે જોવા લાગી પરિણામે લુટારાના આવા શબ્દ સાંભળતાં તે છાતીને ફાડી નાખે એવી એક ચીસ પાડી આંખો બંધ કરી જમીનપર માથું ઢાળી પડી રહી. આથી લુટારો તથા દોશી ગભરાટમાં પડયા દોસી ચંદ્રબાનો હાથ પકડી પુછવા લાગી બેન તને શું થઇ આવ્યું? ઉઠ સમી બેશ, ગભરામાં, લુટારાને રજા આપું? એ પ્રમાણે બોલી કાલાવાલા કરવા લાગી. આના જવાબમાં ચંદ્રબા માત્ર એટલુંજ બોલી કે, મારે કોઇ સાથે વાત કરવી નથી. તમે બન્નેજણ અહીંથી ચાલ્યાં જાઓ.

લુટારો તેને આજીજી કરી બોલ્યો પ્રિયા હું કહું છું તે તું સાંભળ, મારા ગળાના હાર આમ શું કરે છે? ખાલી હઠ પકડવામાં માલ નથી. આ પ્રમાણે તું કેટલા રોજ રહેવા ધારે છે? નાહક તારી ખીલતી જુવાનીને શા માટે એશ આરામથી મોકળી રાખે છે?"

"હું અનાથને સંતાપવામાં તું મુદલ સાર કાઢવાનો નથી, ફોગટ ઇશ્વરના ઘરનો અપરાધી બને છે. આ સંસાર અસાર છે તેમાં નેકીથી વર્તવામાંજ ફાયદો છે.' હું દુઃખીને શું કરવા હેરાન કરે છે?" ચંદ્રબાએ નિચે મોઢે જવાબ દીધો.

આ જવાબથી લુટારો હશી પડયો. અને બોલ્યો વાહ! વાહ! પ્યારી, બોલવામાં તો બહુ બહાદુર લાગે છે તારા મધુર વચનોના અંદર મીશરીનો ભાગ વિશેષ જોવામાં આવે છે. પણ આ વખતે મારી હાલત બાબે તારે જરા વિચાર કરવો જોઇએ. સુંદર પ્યારી તું શા માટે બળાપો કરે છે? મારી સાથે પાસેના દીવાનખાનામાં ચાલ. અહિંયા તને એકલીને કંટાળો આવતો હશે. આનંદી ચહેરાથી મધુર વચન ઓચર રંગે સંગ ઉમંગે ખુશી થઇ જુવાનીનો લહાવો લે. મારૂં કહ્યું માન."

કાફી કચ્છી.

અજલ સુણજો—એ રાગ.

સુણ મુજે ધીલજી મુરાદ. ધીલ ખોલે તોકે સુણાયાં.—ટેક.
ખુશીસેં ખા પી કર માંકે પ્યારો, ફુલે ઓસે ભાગ મ બાર;
રેસમજી સેજ વિછાયાં, સુણ મુજે ધીલજી૦
તોકે ચાંતો પરચ તું પ્યારી, થીને ગળે જો તું હાર;
એશકજી લીજત ચખાયાં, સુણ મુજે૦
ધીધાર તોજો ધીલમે ખુચી રહ્યો, પ્યારસેં સામું નિહાર;
તોવટે સીરતો નમાયાં. સુણ મુજે૦
ગુલામ થૈને રોંધો હજુરમેં, ઉમેદું મનમેં હજાર;
"કુંવરજી" કીં પરચાયાં. સુણ મુજે૦

"રંગીલી બાનુ જરા સમજ. હુંપણ એક રાજવંશીના જેવો વૈભવ ભોગવનાર છું. તારી સઘળી ઉમેદો પરિપૂર્ણ કરીશ. તારા બોલવા ઉપરથી તું એક વિચારવંત નારી લાગે છે. તો ઉમેદ બર લાવવામાં હઠ પકડી આનાકાની નહિં કર."

"જો પાપી! નારી જાતનું હરણ કરી તેને સંતાપનાર કોઇપણ સુખી થયો નથી. રાવણ જેવો મહા બળીઓ રાજા પણ તેજ કૃત્યના ભોગે માર્યો ગયો છે. ઘણા રાજાઓના રાજ એજ પાપોમાં ખેદાન મેદાન થઇ ગયાં છે. તેમના શિર અને ધડ જંગલમાં રઝળતાં થયાં છે.

આવાં કામો કરનાર કોઇ સુખી થયો હોય એવા દાખલા તો છેજ નહિં; પણ તેથી ઉલટા અસંખ્ય દૃષ્ટાંતો જાહેર છે. ગરીબોપર જુલમી વર્તણુક એ પરિણામે નાશકારક છે. એથી મોટા યોદ્ધાઓ દુઃખી થઈ છેવટે પશેમાની ભોગવી મરણ પામ્યા છે. માટે મારાપર દયા કર, દયા કર. મને રજા આપ, સંતાપ માં.

કાફી કચ્છી.

કેચ વિનણજી—એ રાગ.

રખ ધીલમેં તું ડર, ખોપ માલક જો કર, તો વટે આઉ નમાતી.—ટેક.
ગંમખા ગંમખા ગુંધરકે, પાઉં સિરકે રખાંતી. તો વટે આઉં નમાતી. રખ ધીલમેં૦
કર કબુલ તું સવાલ માંજો, આંઉં વીજંણ મંગાતી. તો વટે આંઉ નમાતી. રખ ધીલમેં૦
દે રજા કરમેર માંતે કરધડી, આંઉ વઢાંતી તો વટે આંઉ નમાતી. રખ ધીલમેં૦
"ઠકકર" ઠાઠ જુવાની જો કુડો, સચ આંઉ તોકે ચવાતી તોવટે આંઉ નમાતી. રખ ધીલમેં૦

પરમેશ્વરની ખાતર મને રજા આપ, હું તારો ઉપકાર માનીશ. ચંદ્રબાએ હાથ જોડી કહ્યું.

"અરે નાદાન છોકરી, એ તારી માંગણી અહીં નકામી છે મારી પાસે હઠ પકડી બેસવાથી ગોયા. પોતાપર દુઃખ વરસાવવા સરખું થશે" આમ બોલી લુટારો તેને સમજાવવા લાગ્યો.

"તું મને શું કરવાનો છો? ગમે તેમ થાઓ પણ હું તારી માંગણી કબુલ કરીશ નહીં. તે પ્રમાણે મારાથી હા પડાશે નહીં. હું તારે તાબે થઇશ નહીં. તું મારાપર ઘણામાં ઘણો જુલમ ગુજારી બહુ કરીશ તો મારી નાખીશ. મારો પ્રાણ લઇસ પણ તેથી હું ડરતી નથી. હે પાપી! જે ઘણી મારો જીવ લેશે તેણે મારાપર દયા કીધી એમ હું માનીશ; કારણ તેમ થવાથી આ દુઃખી જીવનો અંત આવશે. પણ તું તારા મનમાં ખચીત માનજે કે જ્યાં લગી આ પાપી જીવ હૈયાત છે. ત્યાં લગી તેણે નક્કી કરેલા મન મોહન શિવાય બીજાને પોતાનો પ્યાર અર્પણ કરશેજ નહીં." ચંદ્રબાએ જવાબ દીધો.

"ઠીક છે, હજી હું તને વિચાર કરવા વખત આપું છું" આમ બોલી લુટારો ચાલતો થયો તે ઓરડાની બહાર નીકળી મનમાં વિચાર કરવા લાગ્યો કે પોતાનો ઇરાદો હાલ મોકુફ રાખવો એ ઠીક છે થોડા દહાડામાં તે પોતે તાબે થશે દોશી તેને પીગળાવી નાખશે. માટે એકદમ તેને છેડવી નહીં. એવા વિચારપર આવી તેણે દોશીને બાહેર પોતા પાસે બોલાવી કહ્યું કે, "ભલી મા હવે તારી હુશીઆરી અજમાવવાનો વખત આવ્યો છે. ગમે તેમ કરી એ ઓરતને પીગળાવી નાંખ. તેના બદલામાં તું જે કંઇ ઇનામ માગશે તે હું બહુજ ખુશીની સાથે આપીશ. વધારે કાંઈ ભલામણ તને કરવી હોય નહીં. તું પોતે હુશીયાર છો, હું જાણું છું કે તારા મનથી આ કામ લેશ માત્ર છે.

"હા એમ છે એ છોકરીને સમજુતી ઉપર લાવવામાં જાજી કડાકુટ છેજ નહીં હમણા એના ગુસ્સામાં એના સંબંધીઓ રમી રહ્યાં હશે. એ ચાર રોજ તે અફસોસ કરશે. પછી પોતે ઠેકાણે આવશે, આપણા પાસેથી તે ક્યાં જવાની છે. તમો બેધડક રહો" દોશીએ જવાબ દીધો. બાદ લુટારો ત્યાંથી ચાલતો થયો. દોશી પાછી ચંદ્રબા પાસે આવી ત્યાં જોય છે તો તે વિક્રાળ રૂપ ધારણ કરી બેઠી છે દોશીને દેખતા બોલી "હે પાપી તું તારા ભુંડા કૃત્યને હવે છોડી દે, તારી અવસ્થા તરફ ખ્યાલ કર. આ ફાની દુનિયામાં તારી મુશાફરીના દહાડા હવે બાકી જુજ હશે માટે હું નિરાધારની મદદ કર ઇશ્વર તેથી રાજી થશે તારાથી થઇ ગયેલા ભુંડા કૃત્ય માટે માફી બક્ષસે.

આ શબ્દો સાંભળી દોશી હસી પડી અને બોલી 'ઘેલી છોકરી તારા વિચારો નાદાની ભર્યા અને છોકરવાદી છે. તું તારા સુખના દરખતને ખાલી હઠ પકડી જડમૂળથી કાઢી નાંખવા સરખું કરે છે. મારી સલાહ પ્રમાણે તું વરતશે તો એક રાજ્યરાણી કરતાં પણ વિશેષ સુખ આ જગ્યામાં ભોગવવાને ભાગ્યશાળી બનીશ. માટે મારી એવી ભલામણ છે કે, હવે જ્યારે લુટારો અહિં આવે ત્યારે તેને પ્યાર ભર્યા શબ્દોથી આવકાર દઈ મહોબતમાં મસ્તાન બનાવજે અને બીજાને મલવાની આશાઓને ભુલી જા."

દોશીના ઉપલા શબ્દોએ ચંદ્રબાના ગમખાર જુસ્સાને ઓર વિશેષ ઉશ્કેરણી આપી તેણીએ કેટલાક ધિક્કારપાત્ર શબ્દોથી તેને ધમકાવી ઉઠી જવા તાકીદ કરી. દોશીએ ચંદ્રબાને રીજવવા માટે અનેક ઉપાયો કર્યા પણ તે સઘળું ફોકટ ગયું. છેવટે દોશી ત્યાંથી ઉઠી ગઇ, ચંદ્રબા ઓરડો બંધ કરી રડતી બોલીઃ—

લલિત છંદ.

અરરર હાયરે શું હવે થશે, જીવવું માહરૂં તો વૃથા જશે;
દુઃખદ જીંદગી લાંબી થઇ પડી, સુખની આશતો એળેરે ગઈ.
કરમ દોષ જઇ કયાંકને કહું, મદદગાર નહીં કોઇ જ્યાં રહું;
લખ્યું લલાટમાં ભોગવવું સહી, અરરર એકલી આવી હું અહીં;
દુઃખી હું સદા રહી અભાગણી, જનેતા બંધુથી જુદી રે પડી;
અરજ રંકની ના તું કર જતી, છોડવ નું મને પાર્વતિ પતી.

પ્રિય વાંચનાર! મિનાપુર ગામનું નામ આપે આગળ વાંચ્યુ છે તે યાદ તો હશે; તો પણ જણાવું છું કે, આ ગામમાં ચંદ્રબા અને ભવાનસીંગે બેચરસીંગના આવવાની રાહ જોવાની હતી. તેણે એઓને મળવા કહ્યું હતું પણ મનુષ્ય ધારે છે શું અને વિધિ કરે છે શું તેનો આ પ્રત્યક્ષ દાખલો છે. હવે આપણે બીચારા બેચરસીંગની હાલત જોવી જોઇએ.

પ્રકરણ ૧૪ મું.

બેચરસીંગ ચંદ્રબાની શોધમાં.

બેચરસીંગના વહાલા જીગરમાં ચંદ્રબાની છબી રમી રહી છે. તેને તથા ભવાનસીંગને કઇ પળે જઇ ભેટું એ ઉલટ ભરી ઉમેદમાં તે કેદમાંથી છુટયો કે પરબારો મિનાપર ગામના રસ્તાની શોધ કરવા લાગ્યો. પોતા પાસે પૈસા નહીં એટલે રસ્તો કાપવાની મુશીબતમાં તે ઘણો હેરાન હતો. પરંતુ પ્યારાઓને મળવાની આશાએ આ તેના સંકટમાં સબુરી તરીકે દીલાસો આપી રસ્તો કાપવાના થાકને વિસારી દેતો હતો. ભવાનસીંગને ઘાયલ કરી લુટારાઓ ચંદ્રબાનું હરણ કરી ગયાં તેને બીજે દીવસે સવારના નવ બજ્યાના અરસામાં બેચરસીંગ તેજ જગાએ આવી પહોચ્યો. ત્યાં તળાવ પાસે બેસી હાથ પગ ધોવાની તૈયારી કરે છે. એટલામાં થોડે દુર વડના ઝાડ પાસે કેટલાક માણુસોનો જમાવ તેના જોવામાં આવ્યો. ત્યાની હકીકત જાણવા તેને ઉત્કંઠા થઇ જેથી તેઓની પાસે ગયો, તો કેટલાક સરકારી માણસો તથા વેપારી વર્ગના શખ્સો તેના જોવામાં આવ્યા હતા. એક બાજુએ કોઇક મરણ પામેલા આદમીનું

મુડદું પડેલું તેણે દીઠું. એક પટાવાળાને પુછતાં પટાવાલાએ કહ્યું કે ગઇ રાત્રે એક મુસાફરનું આ જગાએ કોઇએ ખુન કરેલ છે તેની તપાસ ચાલે છે. લાસ ઉપર જુરી ભરવામાં આવનાર છે.

"પેહેલો મરણ પામેલો મુસાફર કયાંનો છે એ બિના જાહેરાંતમાં આવી છે કે નહીં" બેચરસીંગે પુછ્યું?

"એ બાબત મારા જાણવાથી બાહેર છે" શિપાઇએ જવાબ દીધો.

"ખુન કરનાર તેના દુશ્મન હોવા જોઇએ." બેચરસીંગે પુછ્યું?

"નહીં, નહીં, યાર અહીં લુટારાઓનો ઉપદ્રવ બહુ છે. પૈસાની અથવા બીજી કોઇ લાલચે તેઓ માણસને મારી નાંખવામાં બીહતા નથી. આ મરણ પામેલા શખ્સ જોડે બીજા કોઇ શખ્સની હાજરી હતી. એમ પગેરાની થએલ ચોકસી પરથી માનવામાં આવે છે અને બીજા માણસને ઉપાડી જવાના પ્રપંચમાં આ માણસ માર્યો ગયો છે. અને તેના સાથીને હરામખોરો લઇ ગયા છે. એવા અનુમાન પર આવવાને કેટલાક કારણો મળે છે." શિપાઇએ જવાબ દીધો.

આથી બેચરસીંગની લાગણી મરનારની લાસ જોવા ખેંચાઈ જેથી તે મુડદા પાસે ગયો. ત્યાં જઇ જોય છે તો પોતાના વહાલા દોસ્ત ભવાનસીંગની લાસ તેના જોવામાં આવી. આથી તેની હાલત ભયભિત થઇ ગઇ. તેણે એકદમ હાય અફસોસના પોકારોથી આકાશ ગજાવી મુકયું. લાસને વળગી રોવા લાગ્યો. આ દેખાવ જોઇ ઉભેલા માણસોએ તેનાપર દયા લાવી કેટલાકોએ સમજાવી તેને રડતો છાનો રાખી પુછ્યું, "પણ ભાઇ એ ગુજરનાર માણસ કોણ હતો. તારી સાથેનો તેનો સંબંધ તો અમને જણાવ વળી તું કયા દેશનો રહીશ છે, કયાં જવા ઇરાદો છે, મરનાર સાથે બીજો કોણ હતો." તેઓના પુછવાથી બેચરસીંગે એકંદર ખુલાસો આપ્યો પરંતુ ચંદ્રબા બાબતની હકીકત ખુલી કીધી નહીં. બેચરસીંગનું બોલવું સાંભળી. ઉભેલા શખ્સો અફસોસ અફસોસ બોલી બેચરસીંગને દીલાસો દીધો.

"તે મરી તો ગયો, પણ સાથે આ દુઃખી જીવને એક અંધારી રાહમાં નાખતો ગયો. મારા દુઃખનું છેવટ તેની સહાયતાથી આવતે એવી મારી પ્રેરણા હતી. તેની મદદથી આજ સુધી હું જીવ્યો છું. તે વહાલા મિત્રની જુદાઇના કારી જખમોએ આ દુઃખી દીલપર એવી અસર કીધી છે કે, તેની વેદના મુવા પછી પરલોકમાં પણ મારે ભોગવવી પડશે." આમ બોલી બેચરસીંગ કલ્પાંત કરવા લાગ્યો.

.બનઝારા.

હાય જુલ્મ હુવા એ અપારા એ ગુન્હા દોસ્તકું મારા. ટેક.
કુશળ ક્ષેમથી તું ચાલ્યો, નહિં મનમાં જરાએ મ્હાલ્યો;
વણુ તારા મરૂંછું પ્યારા, હાય જુલ્મ હુવા એ અપારા.
રહેગી નેકી તેરી હમેશાં, દીલમે રેહગઈ હયે પરેશાં;
જી હરદંમ તલપે હમારા, હાય જુલ્મ હુવા એ અપારા.
ઠગે લોકે કયો હીંની હાલે, મૂકે દુઃખી કયોં રે નમાલે;
કરીયાં હાણેકી આંસુ તો ધારા, હાય જુલ્મ હુવા એ અપારા.
રહેગા નામ તેરા દીલભર, ના ભુલુંગા મેં ઉમ્રભર;
સો કસમ કરૂં મહ કરારા, હાય જુલ્મ હુવા એ અપારા.

દોહરો.

જીંદગીનો અંત આવશે એકવાર
પણ નહિ ભુલાય મીત્ર તારો ઉપકાર.

ગઝલ.

કરકે તનહા—એ રાગ.

મેરા યે હાલ હુવા કીસને કીયા એશક કીયા
મુજે બેઝાર કીયા કીસને કીયા એશક કીયા
રહેતાથા એસમે—આરામ થા ઓર ચેન મુઝે
ઇસી હાલતમેં કીયા કીસને કીયા એશક કીયા
દેશ છોડનેકા મુજે શબબ કછુ ઓર ન થા
દોસ્તકો માર દીયા કીસને કીયા એશક કીયા
મુજે કુછ ઓર શિવા પ્યારકે મંજુર ન થા
પાંઉં જંજીર દીયા કીસને કીયા એશક કીયા
ગલેકો હારમેરા કીદરપસા હાય અપસોસ
ન માલુમ કીયા કીશને કીયા એશક કીયા
હાલ યે સુન તો જરા દોસ્ત "કુંવરજી" તું મેરા
મુઝે વેરાન દીયા કીશને કીયા એશક કીયા

કાફી.

પુનલકોડે એ રાગ

ચંદ્રબાકે ખણીવ્યાકેર, તેજી ખબર દે કોએ હેર;
હિંત નાયે ઉનીજા પેર, કેયાં સભર થીધી ખેર. ટેક
•આયે ઉમેદ માંકે મીલધા, મુંસે મન મીલાયને ખીલધાં;
પોય હીલી મીલીને હલધાં, ન જાણા કીતેવ્યા દેર—ચંદ્રબાકે૦
તલપેંતા દરશણુ લાય નેણ, નતા વીસરે મીઠેજા વેણ;
ઉનધારા ખારાથ્યા ખેણ, જુદાઈ લગેતી જેર—ચંદ્રબાકે૦
નાંય વાટેજા પંધ હી સોખા, સામા ડુંગરડા અંઈન ઓખા;
તેમેં સધડ નાંય કોય ચોખા, ખેંધા પથ્થર મુંજા પેર—ચંદ્રબાકે૦
હુંધી મોહબુખ પાંજી કેચ, કેરા કઈયાં મલણજા પેચ;
કેં સામી કઈયા આંઊ ખેંચ, કીસમત કયો હી કેર—ચંદ્રબાકે૦
ખણીવ્યો હીયાંથી લુંટારો, દુઃખ દીધો જજા ઉ નઠારો;
કડેં થીંધો "કુંવરજી" આરો, કંધો માલીક તોતેં મેર—ચંદ્રબાકે૦

એચરસીંગને આવી રીતે કલ્પાંત કરતો જોઈ કેટલાક લોકોએ ધીરજ આપી દીલાસો દીધો. બાદ લાસને અગ્ની સંસ્કાર કરી બધા લોકો ગામ તરફ રવાના થતાં એચરસીંગને પોતાની સાથે ચાલવા કહ્યું, પણ તે ગયો નહિં. ફરી તે તળાવ ઉપર આવ્યો અને સ્નાન કર્યું. હવે મારે કયાં જવું અને કોની મદદ માગવી, પરમેશ્વર શિવાય કોઇ પણ મારો મદદગાર નથી; બિચારી ચંદ્રબા કયાં અને કેવી હાલતમાં હશે, તેનાપર કેવો જુલમ ગુજરતો હશે; તે જીવતી હશે કે ચંડાળ લુટારાના ત્રાસથી તેણીએ પ્રાણ તજ્યા હશે, એ દુઃખભરી યાદ તેના સંકટમાં ઓર ઉમેરો કરતા હતી. અહિંથી તે ચાલ્યો, પુછા કરતો મિનાપર ગામ નજીક પહોંચ્યો રાત્રવાસો તેણે એક ધર્મશાળામાં રેઠાણ કરવાનું ધારી ગામના પાદરમાં એક મુસાફરખાનું તેના જોવામાં આવતાં તેમાં જઈ બેઠો. હોળીના હીંગામના તે દહાડા હતા, વસંત રૂતુનો બહાર હતો; પવન ફુંકવાનોજ એ વખત હતો; એવા વખતે ઘોર અંધારી રાત્રી પોતાનો સરંજામ ઉઠાવી આપ તાબને હસ્તિ ભોગવવાનો વખત કયારે આપશે, એ વિચારમાં એચરસીંગે આખી રાત્રી ગુજારી. સવાર થતાં તે ત્યાંથી ઉઠયો તેના મનમાં જે દરદ હતું કે ચંદ્રબાને કયાં સોધું અને તે કયાં હશે, ક્યારે મળશે, એ શિવાય ઓર વિશેષ ફિકરથી ઉપલા દરદે તેને મોફળો કરી મુકયો હતો. મિનાપર ગામમાં તે દાખલ થયો, ગામની રચના તે

જોવા લાગ્યો; ગલી ગલી ફરવા અને અજાણ્યા માણસોથી પીછાન કરવા લાગ્યો, આમ કરવાના કારણમાં તેનો ઈરાદો જાણવો સહેલ છે. ગામનો વિસ્તાર જો કે સાધારણ હતો. તોપણ તેમાં વસ્તિ વિશેષ હતી.

લાવણી.

છાંડ ચલે—એ રાગ.

કયાં ગઈ પ્યારી, કયાં હશે પ્યારી?
જખમ જુદાઈનો પીડે છે ભારી. કયાં૦
ચંદ્રબા વહાલી પ્યારી તુજને, શોધુ કયાં જઈ શોધ નહીં રે;
ભટકી ભટકી થાકયો હવે હું, દીલની ઉમેદો બાકી રહી રે. કયાં૦
હરણ કરીને પાપી એ તુજને, દુઃખ દેતા હશે હાય ઘણું રે;
કેમ રહે કહો ધિરજ હૈયામાં દુઃખ થાય તેથી ઘણું રે. કયાં૦
હરીફો મારા પૂરણ એ છે, નહીં હું તેને કાંઈ સંતાપુ;
ના મુજ સાથી કોઈ હવે છે, દીલનો હાલ હું કોને બતાવું. કયાં૦
જુવાનીમાં બહુ સંકટ જાજા, સબુરી કીધી એણે ઘણી રે;
પ્રસન્ન થાઓ અંતર જામી, "કુંવરજી" ની વાણી સુણી રે. કયાં૦

પ્રિય વાંચનાર! વખતે તારા મનમાં એ વિચાર હશે કે ચંદ્રબા પણ આજ ગામમાં છે, એટલે અહીંયા બેચરસીંગને તે મળશે, પણ ના હજી તેવો ખુશાલીનો દહાડો આ નાયક નાયિકાના નસીબથી દુરજ હતો.

કેટલાક રોજ મિનાપર ગામમાં રહ્યા પછી ચંદ્રબાની શોધ ન લાગવાથી બિચારો બેચરસીંગ છેવટે નિરાશ થઈ ત્યાંથી ચાલ્યો. જંગલે જંગલ ગામે ગામ ભટકતો પોતાની મહેબુબની શોધ કરતો ચંદમુદતે હરીપુર નામે એક વિશાળ સુશોભિત દીલને આરામીયત બક્ષે એવા શહેરમાં આવી પહોંચ્યો. આ શહેરનો ઘેરાવો બહુ મોટો હતો. વસ્તિનું પ્રમાણ પણ જબરદસ્ત હોવાથી વખતે આ શહેરમાં મારી પ્રાણ પ્રિયાનો પતો લાગશે એવો વિચાર તેના મનમાં પેદા થયો. શહેરની રચના વેપાર રોજગારની ધામ ધુમ જોવા લાયક હતી. તેની સાથે લુચ્ચા લોકોની ટોળીયો પણ આ શહેરમાં અસાધારણ હતી. પૈસાની લાલચે કોઈનું ખુન કરવામાં તેઓના પથ્થર જેવા સખત હૃદયમાં દયા આવતી ન હતી, ગામની પૂર્વ દિશામાં એક કોટડી ભાડે લઈ બેચરસીંગે થોડી મુદત અહીં, રહેવા ઇરાદો કર્યો. તેના રહેવાનું કારણ માત્ર ચંદ્રબાની શોધ માટેનું હોવા શિવાય બીજુ નહોતું.

આ શહેરમાં તેનો હરીફ કટ્ટો દુષ્મન ભદ્રસીંગ સારી જાહોજલાલી ભોગવતો હતો પરંતુ ચંદ્રપ્રભાને પોતાની કરવામાં થએલી નિરાશાથી તેને બેચરસીંગપર પેદા થએલ ઈર્ષામાં વિશેષ વધારો થયો હતો.

અહિંયાં ભદ્રસીંગની પેઢી ધંધા રોજગારમાં સૌથી પહેલે નંબરે ગણાતી હતી. તેની વખારે ઘણા નોકરો હતા. રેવાસીંગ નામે એક મુખ્ય મુનિમ હતો. જેની વય ત્રીશ વર્ષ અંદરની હતી. ભદ્રસીંગની તેનાપર પ્રિતી હતી. તેના સોંપેલા કામો ભદ્રસીંગ ભરૂસાની નજરથીજ નીહાળતો હતો.

આપણો જુનો મિત્ર બેચરસીંગ આ શહેરમાં આવી રહયો ત્યાં તેને કેવા કેવા શખ્સો જોડે મિલાપ થયો તે વાત જાણવી પરિણામે કિંમતી થઈ પડશે.

એક રોજ શહેરમાં સહેલ કરતાં એક જુવાન વયના શખ્સે બેચરસીંગને સવાલ કીધો કે ભાઈ આપ કોણ છો કયાંના રહીશ છો અને અહિંઆ કોને ત્યાં મેમાન છો.

બેચરસીંગનો સ્વભાવ મૂળથી મીલનંસાર હસમુખોતો છેજ કોઈ પણ માણસ સાથે મળી જવામાં તે ગોયા એકકો હતો, સવાલ પુછનાર માણસ દેખાવમાં દયાળુ દીલનો હોય એમ બેચરસીંગને લાગતાં તેણે જવાબ દીધો કે મેહરબાન હું મુસાફર છું સંકટ મને અહિં ખેંચી લાવ્યું છે. અહિં મારે કોઈ સંબંધી નથી. મારૂં નામ બેચરસીંગછે. ભદ્રાગીરી શહેરનો રહીશ છું. આમ બોલી તેણે નિશ્વાસ મૂકયો.

પ્રિય વાંચનાર ! આ જવાબમાં બેચરસીંગે પોતાના ગામના નામની જગાયે ભદ્રાગીરી શહેરનું નામ આપી દીધું આમ તેના તરફથી ઈરાદા પુર્વક થયું ન હતું પણ ભૂલથી કહો અથવા પોતાની પ્યારીના ગામની યાદ તેના જીગરમાં રમી રહેલ તેથી કહો.

બેચરસીંગના બોલવા ઉપરથી તે કોઈ મોટા સંકટમાં હેરાન હોય એમ પેલાને લાગ્યું. આ શખ્સને ભદ્રાગીરી શહેર જોવાની ઉત્કંઠતા આગળથીજ હતી જેથી તે સંબંધી કેટલીક હકીકત જાણવા માટે બેચરસીંગને તે પોતાને ઘેર તેડી ગયો, ત્યાં કેટલીક આગતા સ્વાગતા કરી માન સહિત આસન આપ્યું. આ ઘરમાં બેચરસીંગ જોડે આવનાર માણસ અને એક તેની જુવાન વિધવા બહેન શિવાય કોઈ ન હતું.

મુસાફરના દુઃખની કહાણી સાંભળવા પેલાની લાગણી ઉશકેરાઈ

જેથી તેણે પુછ્યું "ભાઈ, તારો સંકટનો સંપૂર્ણ હેવાલ મારા પાસે જાહેર કરવામાં તને કંઈ હરકત ન હોય તો જણાવીશ. આ ઉપરથી બેચરસીંગે પોતાની દુઃખ ભરેલી ત્વારીખથી પેલાને જાણીતો કીધો. તેની હાલત જાણ્યા પછી બેચરસીંગ ઉપર તેને ઘણી દયા આવી પણ તેમાં પોતાથી કંઈ બની શકે તેમ ન હતું તોપણ દીલાસો આપ્યો કે ભાઈ હું છુપી પોલીસમાં પહેલા નંબરનો નોકરછું. શહેરના ખાનગી ભાગોમાં દેખરેખ રાખવી એ મારી ફરજ છે. કોઈ લુચ્ચાના કબજામાં અહિં તહિં તમારી મહબુબ હસે તો તું ખાત્રી રાખ કે હું બિન વાંધે મેળવી શકીશ. આ કરતાં વધારે દિલાસો તેની બહેન તરફથી મળ્યો તે માયાળુ સ્વભાવની દુઃખીને દીલાસો દેનાર હોય એમ તેના દેખાવપરથી કહી શકાતું હતું. "મારા ભાઈ તું દુઃખી નથા અલબતે અરસ પરસના પ્યારથી તમે બન્ને દુઃખી હશો. પણ તમને આવી સ્થિતીમાં મૂકવામાં પરમેશ્વરની ખુબીતો હશે. મારી અકલથી હું એમ માનું છું કે જે વસ્તુ સંકટ ભોગવવા પછી પ્રાપ્ત થાય છે તે બહુ કિમતી હોય છે લાંબી મુદતની જુદાઈ પછી તમને પરમેશ્વર ભેળા કરશે ત્યારે હાલના દહાડા યાદ કરી તમે એક બીજાને વધુ પ્યારથી ચાહશો, વધારે હોંસ અને હેત બતાવશો; જુવો સોનું ઘણી મહેનતે મળે છે તો તે વધારે કિમતી અને સૌને વહાલું છે. રૂપામાં તેવી ખુબી નથી. તેનું કારણ તે મેળવવાને લાગતી ઓછી મહેનતનું છે. અમારી અબળા જાતિના હૈયાં બહુ નરમ હોય છે. ભાઈ, તમારા કરતાં પેલીને જુદાઈના દરદની વેદનાં ઘણી હેરાન કરતી હશે. તુ મરદ છે માટે ધીરજ ધર પરમેશ્વરપર વિશ્વાસ રાખી તેની નિરંતર યાદ ધરશે તો તે સારૂંજ કરશે."

આ બાઇના ઉપલા શબ્દો ખરેખર કિંમતી એક માણસ જાત તરફના દીલાશા કરતાં પણ વધુ અસર કરે તેવા હતા. લોકો કહે છે કે, સ્ત્રી પૂરૂષ કરતાં અકકલમાં ઉતરતી છે. પણ નહિં. તેવા વિચારો સત્ય છે એમ કહી શકાયજ નહિં. બધી સ્ત્રીઓ એકસરખી હોતી નથી. કેળવણી અને અનુભવના પ્રતાપે સ્ત્રીઓના વિચારોમાં એક પુરૂષના વિચારોને હરાવે એવો ફેરફાર થઈ જાય છે.

સાંજે બેચરસીંગને જમવા આગ્રહ કરી આ બાઇએ રોકી રાખ્યો. આ અરસામાં આ કુટંબ સાથે તેની વિશેષ મોહબત બંધાઇ. આ ભાઈ બ્હેને તેનાપર બહુ પ્રિતીભાવ બતાવ્યો. તેઓ પૈસાના લાલચુ મુદલ નહતા. પેલો અમલદાર ખોટા પ્રપંચને ધિક્કારી ખરા રસ્તાપર ચલાવનાર, ગરીબોને આશ્રય દેનાર અને ધર્મપર શ્રદ્ધાળુ હતો.

સાંજે બેચરસીંગ જમ્યા પછી રંજા માગી ત્યાંથી નીકળી પોતાની ઓરડીમાં આવ્યો.

દેખી તેરી એ રાગ.

કયાં હશે ચંદ્ર પ્યારી ?
આહાહા, મૂર્ત્તી સુખકારી. ક્યાં૦ ટેક.
ઓ ઈશ્વર તું બતાવ મૂજને, કયાં ગઇ એ નાર,
જે માટે થયો હું ખુવાર, મેળવ દીલદાર;
ચંદ્રબા માહારી, કયાં હશે ચંદ્ર પ્યારી;
એની જોડે નિકળ્યો નહિં હું, તેથી બની આ ઘાત;
હવે કયાં જઇ કહું આ વાત, થાય ઉતપાત;
આવી ગમખ્વારી, કયાં હશે ચંદ્ર પ્યારી ?
ઓ કીસ્મત તે ભુલવ્યો મુજને, શું કરૂં હું હાય;
હવે કાંઇ ન સુજે ઉપાય, જીવ મુજ જાય;
થઇ લાચારી, કયાં હશે ચંદ્ર પ્યારી ?
મળશે ભળશે મુજને કયારે, તલપે છે હવે પ્રાણુ;
નહિં મળે તો જીવની હાણુ, નક્કી તું જાણુ;
સુણુહો ત્રિપુરારી, કયાં હશે ચંદ્ર પ્યારી ?
જંગલ જંગલ ભટકયો હું તો, જોયા ઘણા વેરાન;
થયો મનમાં બહુ હેરાન, આપું હવે જાન;
રાત અંધારી, કયાં હશે ચંદ્ર પ્યારી.
કયાં જઇ શોધું શોધ નહીંરે, "ઠક્કર" બોલ ઉચાર;
મને કર મદદ આવાર, સુણુહેં ગમખાર;
ધીરજ દીલધારી, કયાં હશે ચંદ્ર પ્યારી ?

—:o:—

પ્રકરણ ૧૫ મું.

ચંદ્રબા અને લુટારા—નંદીબાઈની હાલત ભાઇ બેનનો મિલાપ.

પેલી વૃદ્ધ અને દુઃખી દીલની નંદીબાઇને હઠીસંગે કહાડી મુકી ત્યારે તે બિચારીને કોઇનો આશ્રય હતોજ નહીં. રામસીંગ જે હઠીસંગનો નોકર હતો અને જે અપરાધ વિના વહેમનો ભોગ થઇ પડયો હતો. તેની સાથે નંદીબાઇને પિછાન હતી. પોતાને ભદ્રગીરી શહેરમાં પહોંચતી કરવા તેણીએ તેને વિનંતી કરી. આ ઉપરથી રામસીંગ તેના પર દયા લાવી અહીંથી તેની સાથે ચાલ્યો. રસ્તામાં નંદીબાઇ દર વખતે પોતાના બાળકોની જુદાઇ માટે બેહદ રૂદન કરતી હતી. જ્યારે રામસીંગ તેને દીલાશો આપી. રડતી છાની રાખતો હતો. ચંદ મુદતે તેઓ ભદ્રાગિરી શહેરમાં દાખલ થયા જ્યાં થોડા રોજ રહી રામસીંગે રજા માગી. નંદીબાઇએ તેને પોતા સાથે રહેવા ઘણો આગ્રહ કર્યો. પરંતુ આ અજાણ્યા શહેરમાં તેનાથી ગુજારો થઈ શકે તેમ ન હતું વળી પોતાના કુટંબને છોડી પોતાથી અહીં રહી શકાય નહીં વીગેરે કેટલાક કારણો બતાવી રામસીંગ ત્યાંથી રવાનો થઇ ગયો.

હવે નંદીબાઇ એકલી પોતાના ઘરમાં રહી. સંકટમાં દહાડા વીતીત કરવા લાગી ભાણસીંગ અને ચંદ્રબાની જુદાઇના દરદમાં તે હર વખત બેશુદ્ધ બની જતી હતી. પરમેશ્વર પ્રત્યે અહોનીંશ વિનંતી કરતી કે, હે જગત કર્તા દીન દયાળ ! આ અનાથની સંભાળ કર; હું રાંક અબળા પરથી હવે દુઃખના વાદ્દળને વિખેરી નાખ; મારા વહાલા બચ્ચાઓની સાથે મારો મેળાપ કરવો અથવા મારી દુઃખી જીંદગીનો અંત આણો; પતિની જુદાઇ પછી સંકટોના દહાડા સહન કરતી આવી છું, પણ હજી સુધી તેનો અંત આવતો નથી. હઠીસંગના આશ્રય તળે રહેવાથી મારા દીલને આરામિયત દેનાર સંકટમાં સબુરી રૂપના સાધનો તરીકે ના જે મારા વહાલા ફરજંદો હતા તેથી પણ હું ભાગ્યહીણ વિખુટી પડી છું. હે પાર્વતિ પતિ, મારા કોમળ વયના બચ્ચાઓનું તું રક્ષણ કરજે. તેઓના વાળને પણ કશી ઈજા આવવા દઇશ નહીં, એમ આશા રાખું છું. મારી વૃદ્ધ અવસ્થામાં હું આવી હાલતે પહોચીશ એ વાત સ્વપ્નમાં પણ જાણતી ન હતી. હે ઇશ, તારી ભક્તિમાં અહર્નીશ દહાડા ગુજાર્યા છતા પણ મારી આવી દશા થઇ જે માટે હું મારા પૂર્વ

જન્મના અઘોર પાપનો બદલો મને આ ભવમાં પ્રાપ્ત થવાનું માનું છું. નશીબમાં સરજેલા દીવસો પૂર્ણ કર્યે પછી પાપી જીવનો અંત આવશે એ ખરૂં છે, પણ હે ભક્તવત્સલ, ત્રિલોકના નાથ! હવે મારૂં કલ્યાણ કર નહીં તો મારી જીંદગીની દોરી ખેંચી લે.

ભુજંગી.

વિધાતા તણા લેખ જઇ કયા પોકારૂં, દીશે છે બધુ આતો હું ને અકારૂં;
ગયા દીવસો યાદ આવે છે મુજને, અરે શું કહું ઇસ દાતાર તુજને;
તજ્યોદેશ ત્યારે થયા હાલ ભુંડા, વિખુટા પડયા બાળુડા મુજથી જુદા;
બિચારી હતી બાળકી ધૈર્યવાન, નહિં કોઈ દીશે અહિં એ સમાન;
દુઃખી તે થઈ નિસરી ગઈ વેરાન, હઠીસીંગે કીધું બધું સમશાન;
નહિં જીવવું એમ થાએછે હું ને, રખડતા કર્યા બાળ મારા તનુજને.
બિચારો હતો ભાણસીંગ છેક બાળ, જેની સ્હાય કર દીનના હે દયાળ;
હશે કેમ ને તે કયાં હું ન જાણું, પતી ચાલ્યા કેડે થયું ઘર કાણું.
ભુખે દુઃખથી રોજ દળણ દળું છું, ગમખાર થઈને ગુજારો કરૂં છું;
તથાપિ નથી મહેર તારી જરાએ, વિના તે થકી હું થી સું રે કરાએ.
મેળવ હે પ્રભુ બાળ મારાં રૂપાળાં, કર્યાં છે પ્રભુ જેને આપે અકારા;
અનાથો તણા નાથ છો આપ મોટા; મદદગાર તારા વિના સર્વ ખોટા.
દયાકર પ્રભુ રાંક છું અરજદાર, ભરશો મને તુજ તણો હે દયાળ;
સુણી હાલ મારો તું "કુંવરજી" ભાઈ, હવે સુખતણી તો મને દે વધાઈ.

બિચારી નંદીબાઇને પોતાનાં બાળકોની જુદાઈનાં દરદે અનહદ પીડા આપી હતી. તે દરરોજ એજ દુઃખમાં હેરાન હતી.

આહાહા! જનેતાનો ફરઝંદોપ્રત્યે પ્રેમ ખરેખર નિર્મળ પ્રેમ પશુઓમાં પણ રમી રહ્યા છે. એ દુઃખી દીલને શાંત કરે છે. જાથુકના સંતાપને ભુલાવે છે. એવા નિખાલસ પ્રેમની ગેરહાજરીથી નંદીબાઈ શોકરૂપી સમુદ્રમાં દચકાં ખાય એમ કહેવામાં કાંઇ અતિશ્યોક્તિ નથી.

આ તરફ નંદીબાઈ દુઃખમાં હેરાન છે. ત્યારે પેલી તરફ ચંદ્રબાના દુઃખમાં પણ કાંઈ ઘટાડો થએલો આપણા જાણવામાં આવ્યો નથી. જેથી તેની દુઃખ ભરેલી હાલત તરફ નજર કરીએ.

ચંદ્રબાને લુટારાએ રાખેલા ઓરડામાં તે હેરાન થયા કરતી હતી. હરવખત વિલાપ કરી તે રડતી હતી. "હાય હવે હું શું કરૂં; આ કેદખાનામાંથી હું કયારે અને કેવી રીતે છુટી શકીશ; પેલા નીચ

લુટારાએ મારાપર પાપી નજર કીધી છે તો હવે ફરીવાર તે અહિં આવ્યા પછી મને પીડા કર્યા વગર રહેશે નહિં; મારૂં શિયળ શી રીતે જળવાશે; મારી લાજ રાખવા માટે હું મારો પ્રાણત્યાગ કરતાં પણ ડરીશ નહિં પણ અફસોસ હું અહીં કેદી તરીકે રહી છું; મારાં શિયળ માટે મેં મારો પ્રાણ ખોયો છે એવી આગાહી મારા મનમોહન એચરસીંગને કોણ આપશે? એવા એવા અનેક વિચારો તેના મનમાં થયા કરતા હતા. એટલામાં પેલા લુટારાના આવવાના ખબરો ડોશીએ ચંદ્રબાને કહ્યા.

અરે આ દુષ્ટ તો અહીંઆ આવી પહોચ્યો. હવે મારૂં શું થશે? ચંદ્રબા ગભરાય છે, તોપણ હિમતમાં રહે છે. હે દીનદયાળ મારૂં રક્ષણ કરો રક્ષણ.

પેલો લુટારો દાખલ થયો કે ચંદ્રબા ચુપ ચુપ ઉભી થઇ એક ખુણામાં જઇ ઉભી રહી.

ચંદ્રબા જોકે ઘણી કોમળ હૈયાની અને નાજુક મનની હતી. તો પણ સ્ત્રી જાતીના ઉમદા ગુણો અને શુરાતન સાથેના જોસ્સાથી તે વેગળી ન હતી.

"પ્રિયા તારી હાલત જોઇ મને બહુ પશેમાની થાય છે. નાહક શા માટે હેરાન થઇ મને વિશેષ કષ્ટ આપે છે? મેં તારા માટે આજે મન પસંદ ભોજન કરાવ્યા છે તે તું કબુલ કર. આપણે બન્ને સાથે જમીએ ઉમેદ છે કે, હવે તું આનાકાની કરવાની રીત છોડી દઇશ." લુટારાએ ખુશીના આવેશમાં કહ્યું.

"આગ લાગો તારા ખાણામાં!! હુંને સંતાપ નહીં, છેડ નહીં, અહીંથી ચાલ્યો જા, તેમાં માલ છે." ચંદ્રબાએ ગુસ્સાથી જવાબ દીધો.

"ભલીથા, ડાહીથા, તારી મમતને હવે છોડી મારી આશાઓ સંપૂર્ણ કર." લુટારાએ કહ્યું. પણ ચંદ્રબાએ તે સામુ જોયું પણ નહીં. કંઇ જવાબ પણ ન આપ્યો. આથી ફરી લુટારાએ બોલવું શરૂ કર્યું. "હે મન મોહન, મારી સાથે બોલતા શરમાતી હોય તો ચાલ હું ખસી જાઉં આ પાસે ઊભેલી ભલી દોશી ખાસ તારા સુખનો રસ્તો કરી આપનાર છે, તારા દુઃખને ભુલાવી દેવામાં મદદ કરશે. માટે તું એના કહેવા પ્રમાણે ચાલ. તે જે પ્રમાણે કહે તે પ્રમાણે કર, પણ આમ મને હેરાન કરવામાં કંઈ સાર કાઢીશ નહીં." લુટારાએ કહ્યું.

"જુઠું, એ સઘળું જુઠું છે." ચંદ્રબાએ લાલચોળ બની જવાબ દીધો "એ નીચ કુલટા દોશી તારી બદધારણામાં શામીલ છે. તારા અને તેના ગમે તેવા ફરેબવાળા દાવ પેચથી હું પીગળું અને મારા મનના ઠરાવને છોડું એવી તમારી આશાઓ ગોયા વાંસમાંથી સેરડી બનવાની આશા રાખવા બરાબર છે.

એકદમ જુસ્સામાં આવી લુટારો બોલ્યો "જો કે એ સઘળું ખરૂં છે, અમે જાણી બુજીને એ પ્રમાણે કરીએ છીએ પણ બોલ ત્યારે તારી મરજી શી છે" આ પ્રમાણે બોલી કામાતુર લુટારો ચંદ્રબા પાસે જઈ ઉભો અને તેણીંનો હાથ પકડવા જતાં ચંદ્રબા ચોંકી અને વિકાળરૂપ ધારણ કરી બોલી, "દુર રહે દુર પાપી! ખબરદાર, જો મારા શરીરને અડકયોતો હમણાજ હાલ હવાલી થઈ જાણજે. આવી નાદાની કરતાં તને જરાએ શરમ આવતી નથી? ચંડાળ ઇશ્વરનો ડર રાખ. શું એક નિરાધાર દુઃખી દીલની અબળા ઉપર આવી જુલમ ભરી વર્તણુક ચલાવવાના અપરાધમાંથી તને પરમેશ્વર છોડી દેશે? આમ કઠોર શબ્દોનો વરશાદ વરશાવતી ચંદ્રબાએ ચાલુ રાખ્યું.

ગઝલ.

ગરહમને—એ રાગ.

મુજપર જુલમ કરીને સાર શું તું કાઢશે
આ રાંકના શરાપથી ફના તુંતો થશે. ટેક.
હું દુઃખમાં હેરાનછું તું માન યા ન માન
બસ ઊભો રહે અહિયા નહિતો સ્વાદ ચાખશે. મુજપર
કીધોછે પાપ તે અરે જવાંન ખુનનો,
મરતી વખત તનેતો કેમ જમીન રાખશે. મુજપર
રવાન તારૂં જોઇને ખશી જશે બધા,
ખીજાઈ લોક સામટા ને ધુળ નાંખશે. મુજપર
જળી બળી મરીશ હું તું જાણજે નકી,
લે શીશ મુજ તૈયારછે પછી શું માગશે. મુજપર
ચંડાલ પાપી સીદને સંતાપે રાંકને,
પાપી હવસને છોડ મુક ખોટી આશને. મુજપર
(અ)ગર તું મને હેરાનીમાં રીબાવી મારશે,
માલીક તુજ જુલમથકી મને બચાવશે. મુજપર

કરીશ રહેમતુ અગર ખુશી થશે કૃપાલ,
નેકીનો બદલો આપીને મને ઉગારશે. મુજપર
મરવું તો રોજ એક છે કર દીલમાં વિચાર,
ખરેજ તારો વાંક કેમ ઈશ સાંખશે. મુજપર
જુલમ ગરાજુલમ કરી મરીશ એક રોજ,
પરવરદીગાર હજુર તુને ઉભો રાખશે.. મુજપર
કરશે સવાલ નેકી બદી કામના જરૂર,
બદમાશના ગુન્હા બદલ ત્યાં શેટી મારશે. મુજપર
ચંડાલ સુણ "ઠકર" કહે ન પાપીઓ તું થા,
પરલોકમાં જરૂર ઈશ લેખું માગશે. મુજપર

"બસકર, તારી લવરી બંધકર," લુટારાએ આંખો ચડાવી દમ ભરાવ્યો. અને પાસે ઉભેલી દોશીને કહેવા લાગ્યો કે, "એના વસ્ત્ર ઉતારી લે, એને પાસેના ઓરડામાં લઈ જા. એ ખુશીથી મારી માગણી કબુલ કરે એમ લાગતુ નથી."

"મારા વહાલા બેટા, મારા બાપ, ધીરજ પકડ; તું આમ એકદમ ચીડાઇ નહીં જા. એને હજી વિચાર કરવા વખત આપ. તું શાંત થા. આ હાલનો ઉપાય તો છેવટે છેજ." દોશીએ ધીરજ ભરેલા શબ્દોથી લુટારાને કહ્યું.

ચંદ્રબાના કઠોર શબ્દોથી લુટારાના મગજપર ગુસ્સો રમી રહયો હતો. દોશીના બોલવા પછી લુટારો વળી ચંદ્રબા સામે ઉભી કહેવા લાગ્યો કે, "પાપિણી, તું જાણતી નથી કે, મારા નામથી હજારો શખ્સો કંપે છે, તેના સામે તું એક નાદાન છોકરી હઠપકડી શું સાર કાઢવાની છે? હજીપણ તને કહું છું કે, મારા વિનય ભરેલા બોલો ધ્યાનપર છે, મારી માગણી ખુશીથી કબુલ કર. અહીં તારી કોઇ મદદ કરશે નહીં, મને ફાવશે તેમ વરતીશ. પરમેશ્વરને હું ઓળખતો નથી, હું કોઇની પરવાહ રાખતો નથી.

ગજલ.

ગર હમને દીલ સમનકો—એ રાગ.

પરવર દીગાર કોન હય મેં જાનના નહીં,
હ યાકા બોલ કાનશે કભુ સુના નહીં.

બસ બસ મેં કયાં કહું તુંજે અબ મારૂંગા સહી,
રહેમકી કયા માયના મુંજે ખબર નહીં.
દીદાર તેરા દેખકે હેરાન મેં હુવા,
અવલ તો આજીજી કરૂ દીલસે નકકી કીયા.
ખુશીસે કર કબુલ તું દે પ્યારકી ચુમી,
ગુલામ મેં બનુગા તેરા બોલતા નમી.
ગુરમાનેગી ખુશીસે તું વલાહ મેરી જુબાન,
હઠીલી હઠકું છોડ નહીં તો મારૂંગા કમાન.
શીતમ જુલમ ગઝબ કરૂં મુજે તો દર નહી,
તું માન યા ન માન તુજે છોડુંગા નહીં.
ઇસ હાલમે રહુ સદા નહીં હય મુજે ગમી,
દરકાર કયા રખું કીસીકી કુછ નહીં કમી.
બિચારી ચંદ્રબાકે પર બોહોત જુલમ કીયા,
આગાહી જબ "ઠક્કર" ને સુની ધ્યાન તો દીયા.

"કેમ સાંભળ્યું, બોલ હવે શું કેહેવા માગે છે? હું તને ખરેખરૂ કહું છું કે તારા અમૂલ્ય જોબનને એળે ગુમાવી તું હાથે કરીને શીદ પશેમાની માગી લે છે" લુટારાએ મોટા અવાજથી કહ્યું.

"તું ઘણું કરીશ તો મારો પ્રાણ લઇશ. બશ પછી શું કરવાનો; પણ યાદ રાખ કે જ્યાં લગી આ પાપી દેહની સલામતી છે ત્યાં લગી તારા દુષ્ટ વિચારો ફળીભૂત થવાની આશા તું સ્વપ્ને પણ રાખતો નહીં." (ચંદ્રબા પોતાનું શીયળ જાળવવામાં જીવ ખરચતાં સુધી હાર ખાય તેવી નહતી) ઉપલા શબ્દોનો જવાબ લુટારાથી આપી શકાયો નહીં. છેવટે પોતાના ખીસામાંથી એક અમુલ્ય સોનાનો હાર ચંદ્રબાના હાથમાં આપવાતું કરતાં ચંદ્રબા ત્યાંથી ખશી જઈ છેટે ઉભી જવાબ દેછે:—

"તારા એ હારને ચુલામાં નાંખ. શિયળ સાચવનાર સ્ત્રી અગર કંગાળ હશે તોપણ લાલચને કદીપણ વશ થશે નહીં. હરામી તું જાણતો નથી કે, પ્રાણની દરકાર છોડી દઈ હું મારા શિયળની દાદ ખાં છું, તોપછી શું લાલચને વશ થવાની છું? નહિં, નહિં, પાપી નાહક પાપમાં ઉમેરો કરે છે."

"બસ, બસ ચુપ રહે, તારી જબાન બંધ કર. જે ધણીને તું ચાહે છે તેની આજથી હું શોધ કરીશ. ગમે તે પ્રકારે તેને પકડી અહીં

તારા રૂબરૂ તેને કતલ કરીશ, ત્યારેજ તું તેની આશા છોડશે. પણ યાદ રાખ જે કે, આમાં છેવટ તું પસ્તાવો કરશે. એક બિનઅપરાધી માણસના જીવની હાની બસ હઠ પકડી તું કરાવવાને તૈયાર થઇ છે.

ઉપલા બોલોનું કંઈપણ ચંદ્રબા જવાબ આપે તે પહેલાંતો લુટારો ત્યાંથી ચાલતો થયો, અને દોશીને કહેતો ગયો કે તું તારી ચાલાકી વાપરજે એ રાંડ મારાથીતો સમજે તેમ નથી.

લુટારાના જવા પછી ઓરડો બંધ કરી ચંદ્રબા રડવા લાગી. તેના મનમાં વિચાર થયો કે રખેને આ ચંડાળ બિચારા બેચરસીંગને કયાંથી શોધી લે. તે મારી શોધમાં હશે, પૂછા કરતો હશે, અનાયાસે એને મળી જશે તો એ નિચ તેનો ધાણ કાઢવામાં બીલકુલ દયા ખાશે નહીં ઓ ભગવાન તે નિખાલસ મનના પ્રાણીનું રક્ષણ કરજે એ જગદાતા, જગન્નાથ ! મારી લાજ તારે હાથ છે. આ દુઃખી બાળકીને તારા શિવાય કોઈનો આશરો નથી. આ પાપીના નાપાક હાથ મારા શરીરને અડકશે તોપણ મરતાં લગી હું પાપથી મુક્ત થઈ શકીશ નહિં મને આ બંધનથી મુકત કર. આ દુઃખીઆરીની વારેચડ. એ પ્રમાણે બોલતી તેણી પરમેશ્વરની પ્રાર્થના કરતી અને હૈયામાં ભરાઈ આવતા દીલગીરીના પાણીને આંખો માર્ગે બહાર કાઢતી હતી.

ચંદ્રબાના કલ્પાંત ભર્યા શબ્દોનો અવાજ બાર ઉભી દોશી સાંભળતી હતી. તેના રૂદન ઉપરથી દોશીના દીલમાં દયા પેદા થઇ તે મનમાં વિચાર કરવા લાગી કે જીવ આ બિન મદદગાર જુવાન છોડીને મારે શા માટે દુઃખ આપવું જોઈએ ? મારે હવે કેટલા ભવ રહેવું છે જુવાનીમાં ઘણા પાપ કર્મો કર્યાં છે. તેમાંથી કોણ જાણે કેવી રીતે છુટીશ માટે અત્રે આ અનાથ જીવની મદદ કરવા તજવીજ કરૂં એવા વિચારથી ચંદ્રબાને ઓરડો ખોલવા માંગણી કરી બોલી "વહાલી બેન તું દુઃખી નથા; બોલ, તું શામાં રાજી છો ?" ચંદ્રબાએ ઓરડો ખોલ્યો, પણ આ ડોશી સામું જોવા તેને ગમ્યું નહીં. તોપછી બોલે તે ક્યાંથી ફરીવાર દોશી બોલી કે "પુત્રી મેં મારા આગલા વિચારો છોડી દીધા છે અને તને મદદ કરવા ધારૂં છું. ઈશ્વરના સોગંદથી કહું છું કે આમાં કંઇપણ સરાહગાત નથી. માટે હવે ખુલ્લા દીલથી તારે જે કંઈ માગવું હોય તે ખુશીથી માગી લે."

જ્યારે દોશીએ સોગંદ લઈ બોલવા માડ્યું ત્યારે ચંદ્રબાને તેનાપર વિશ્વાસ આવ્યો; જેથી ધીમે સ્વરે બોલી "કે સાંભળ દોશી !

ત્યારે તું તારાપર વિશ્વાસ રાખવા મને સોગંદ લઈ લલચાવે છે. ત્યારે હું તારા બોલવાપર ભરૂસો રાખું છું. મારી વર્તણુક પરથી તું જાણી તો ગઈ હશે કે પ્રાણ જતાં સુધી પણ હું લુટારા સાથે બદ સોબત કરવાની નથી. તે પાપી મારૂં હરણ કરી મને અહીં લાવ્યો છે. મારા સાથી અને મદદગારને તેણે મારી નાંખ્યો છે. આ અજાણ્યા મુલકમાં મારી મદદ કરનાર કોઈ નથી. ઉપર આભ અને હેઠળ જમીન—બસ—હું કેવળ અત્રે નિરાધારછું. મારી ઉમેદ મે કબુલ કરેલ મનમોહનને મળવાનીછે એ શીવાય બીજી ઈચ્છા મારા જીગરમાં નથી. તે મને ઢુંઢતો હશે, દુ:ખી થતો હશે, શહેરે શહેર અને જંગલે જંગલ ભટકતો હશે. માટે તું ભલીથા ને અહીંથી મને રજા આપ, નાશી જવાની તદબીર બતાવ ઇશ્વર તારૂં કલ્યાણ કરશે. તેં મને જીવતદાન આપ્યું એમ હું માનીશ મને પરમેશ્વરની ખાતર અહીંથી રજા આપ, તું ભલી થા હું અનાથ દુ:ખી જીવછું. મારો મદદગાર પાક પરવરદીગાર છે. તું તેની સામું જો, મને અહિંથી કાઢી મુક હું ચાલી જઇશ, ભીખ માગીસ. કોઇ ધર્મશાળામાં પરદેશીઓ વચ્ચે ગુજારો કરીશ તોપણ મારા મનથી સુખ માનીશ ત્યાં મારી આબરૂ જળવાશે મને દુ:ખમાંથી ઉગારીશતો તેનો બદલો તુંને ગેબી રીતે મળશે.”

ચંદ્રબાના કાલાવાલાથી દોશીના મનમાં ઓર વિશેષ દયા પેદા થઈ તેણીએ હમણાજ અહીંથી ગુપચુપ ચાલી જવાની સુચના કરી સાથે એમ પણ કહ્યું કે, પુર્વ તરફના રસ્તાથી પસાર થઇ જશે તો પછી તારા ધાર્યા પ્રમાણે થશે. પણ ખબરદાર હુશિઆરીથી મજલ કાપજે નહિંતર વળી ક્યાંક ફસાઈ પડીશ.

ચંદ્રબા હિમતવાન તો મુળથીજં છે. વળી શિકારીના હાથમાંથી શિકાર નાસવા પામે ત્યારે જેટલી હદે નાસવાનું બને તેટલી હદે તે જોશથી ભાગે તે મીસાલે ચંદ્રબા દોશીનો ઉપકાર માની ત્યાંથી ચાલતી થઇ, શહેરને છોડી જંગલનો રસ્તો પકડયો.

પ્રિય વાંચનાર! જે બાળકી જન્મથી તે બાળઅવસ્થા લગી બાપના લાડમાં ઉછરેલી, જેણી નાના પ્રકારના અલંકર અને સારાં વસ્ત્રથી શણગાર સજી સદા આનંદમાં રહેતી, તે છોકરી હાલે ભુંડા હાલમાં અને બીહામણા જંગલમાં રખડવાને ભાગ્ય નિર્માણ થઈ. આ વખતે તેણીને કેટલો સંતાપ થયો હશે, એ બાબતમાં સંપૂર્ણ હિવાલ આપી શકવા આ શેવકની કલમ કામ કરી શકતી નથી. ચંદ્રબા અહિંથી

ગચ્છંતિ કરી જેમ બને તેમ ત્વરાથી નાસવા માંડી રસ્તામાં કોઇ જગાએ ઠેરી નહીં. આ પ્રમાણે એ રોજ લગી રાત્ર દીવસ ચાલ્યા કીધું. કેટલાક દીવસની ભુખથી પેટમાં રૂચી મટી ગઇ હતી. ત્રીજે રોજ સવારમાં એક બીયાબાન જંગલ વચ્ચેથી પસાર થતાં રસ્તામાં તે આવી. ત્યાંનો દેખાવ તે ભુમીપર કુદરતી લીલાસ, અસંખ્ય ઝાડો મનને આનંદ પમાડે તેવા હતા. તેમાંના કેટલાએક ઝાડો તો આસમાનને ચુંબન કરતા જણાતાં હતા; તેની વાંકી ચુંકી દાળીયો એક બીજા સાથે એવી રીતે મળી ગએલી હતી કે, જમીનપર સૂર્યના કીર્ણોને જગા આપતાં રોકતી હતી. મધ્યાન્હકાળે પણ સાંજ વખતનો દેખાવ એ જમીનપર લાગતો હતો. ત્યાંના શોભિતા વૃક્ષોપર બેઠેલા પક્ષીઓના મધુર શબ્દો દુઃખી દીલને ચેન આપનારા હતાં. આ જંગલમાં ચાલતાં થોડેક છેટે એક મંદીર જોવામાં આવ્યું. આસપાસ મોટા વૃક્ષોની ઘટા હતી તે પાસે એક સુંદર વાવડી જુના વખતની થએલી હતી. તે ઘણી ઉંડી હતી. ઉત્તમ કારીગીરીથી બાંધેલ જણાતી હતી. તેના કોતરકામની રચના બહુ સારી હતી. ત્યાં વસ્તી મુદલ નહતી. વટેમાર્ગુની આવજાવ થોડી હોય એમ જણાતું હતું. બિચારી નિરાધાર બાળકી આવા અઘોર વનમાં બ્હીકની મારી ગભરાય તેમાં નવાઇ નથી.

કાફી કુચ્છી.

સુવાલી મુવાલી અંઈયાં—એ રાગ.

સદા રખાં દીલમેં જુલે લાલ પત,
અજો માંકે આય દરીયા લાલ તોજે ધરજો. સદા રખાં૦
અંઈયાં આઉં સવાલી નાંય કોય વહાલી,
થીએ સીક પુરી વતાયે એરી ગત. સદા રખાં૦
નમે તોકે વસ્તી હલેં તોતેં કીશતી,
દુલો તું લાલ શાંઇ દુંકી મુંજી મત. સદા રખાં૦
ભદ્રશીંગ આયો કાકો ભમાયો,
કિસ્મત કીયો હી હાલ રખ સત. સદા રખાં૦
"કુંવરજી" નમેતો ખેર ગુરેતો,
મેર હુંધી તોજી ત જુરી પોંધા જત. સદા રખાં૦

ચંદ્રબાનો ઇરાદો તે જગ્યાની અંદર જવાનો થયો જેથી ત્યાં જઇ જોય છે તો તેનાપર એક લેખ તેણીને જોવામાં આવ્યો જેનાપર

આ શબ્દો મોજુદ હતા. "ભવાની માતાના દર્શન કરો દુઃખ વિશારી આરામ લ્યો." આ શબ્દો વાંચ્યા પછી માતાના દર્શન કરવા અને છેવટે દુઃખી જીવને આરામ મળવા માટે યોગ્ય સ્તુતિ કરવાના વિચાર પર તે આવી જે પરથી મંદીર અંદર દાખલ થઇ, જગ્યાના અંદરના ભાગનો દેખાવ બહુ રળીયામણો આરામ આપનાર હતો. તેના અંદર એક માતાની મૂર્તિ જોવામાં આવતી હતી. તે મૂર્તિ જોકે જુના વખતથી બિરાજમાન હતી. તોપણ તેના દેખાવ પરથી તે સાક્ષાત હમણાજ પધરાવેલ હોય એમ અનુમાન. કરવા જોનારાઓને કારણો મળતા હતા. માતાના દર્શન કરવાથી ચંદ્રબાના દીલમાં કેટલીક ખુશાલી પેદા થઇ. તેણી ત્યાં બેઠી પરંતુ પોતાના દરદ ભર્યા જુસ્સામાં તેને આરામ તો ક્યાંથી હોય?! દુઃખી જીંદગીમાં પરમેશ્વરની યાદ સ્વભાવિક રીતે માનવી જાતને વહેલી યાદ આવે છે. જ્યારે જ્યારે તેના દુઃખની વેદના થાય ત્યારે ત્યારે તે પરમેશ્વરની સ્તુતી કરે છે. એ પ્રમાણે બિચારી ચંદ્રબાને પોતાના દિલદારની જુદાઇના દુઃખે એકદમ ઘેરી લીધો. માતાના મંદીરમાં પણ તેણીને રૂદન કરતાં જે કંઇ માગવાનું તે તો પોતાનાં મનમોહનનો મેલાપજ બસ, એ શિવાય વિશેષ તલબ તેને ન હતી.

લાવણી.

હમકું છાંડ ચલે–એ રાગ.

પ્રાણ હવે મુજ નથી રહેવાનો, દરદ જુદાઇમાં જુરી મરૂ રે. પ્રાણ૦
દીલની ઉમેદો એળે ગઇને, પીડા ભારે અંગે થઇ રે;
દેશ તજ્યોને થયા હાલ ભુંડા, ભટકતી રજળતી હું તો રહી રે. પ્રાણ૦
છાતી દુઃખથી ફાટી પડે છે, ધિરજ હવે તો નથી મનમાં રે;
ઇશ કૃપાળુ આ શું કર્યું તે, જુદાઇ આગ બળે તનમાં રે. પ્રાણ૦
તલપે તલપે મીન જ્યુ જળ વિણ, તુજ વિણ તેમ હું જુરી મરૂ રે;
મળશે ક્યારે પ્રીતમ પ્યારો, ક્યાં ઢુંઢુને હવે શું કરૂ રે. પ્રાણ૦
જોબન જુવાની પ્રીત દિવાની, કીધો તેમા જખમ તે કારી;
હૈયામાં હવે નથી રે સેવાતુ, ના કીધી તે મુજને પ્યારી. પ્રાણ૦
પ્રીત બતાવી મને રજળાવી, છો તમે મારા મનમાં પ્યારા;
પીડા ભારી થઇ છે જુદાઇ, કેમ ગમે હવે તુજથી ન્યારા. પ્રાણ૦
આશાના હીરા વહાલા નબીરા, જીવથી પ્યારા છો તમે જાની;
કીધી રજળતી ભટકી ઘણેરૂં, જોબન કીધું તે મુજ હાની. પ્રાણ૦

એ બાળાને આશ તમારી, અવર નથી કોઇ અને પ્યાર;
હાલ નિહાળી બોલે "કુંવરજી", ઇશ હવે તો આને ઉધારો. પ્રાણ૦

ગઝલ.

ગઇ એક ખ એક જો હુવા–એ રાગ.

ભવાની માતા સાય થા, નમું છું હાથ જોડી હું. ટેક.
ભાઇ મારો ક્યાં હશે, મુજ માતથી જુદી થઇ;
રખડું છું વેરાનમાં, મારી જીંદગી વૃથા ગઇ. ભવાની૦
કીધા હાલહવાલ કાકે, દયા ન આવી તેહને;
રજળતાં કીધાં બાળને મા પડયાં છે સંકટ આં મને. ભવાની૦
અનાથ રંક હું પ્રાણી છું, વારે ચડો મમ માત તું;
દયા કરો મુજ ઉપરે, મા મુકાવને કલ્પાંત તું ભવાની૦
દયા કરો હે દયા કરો, મા, મારી હાલત જોઈને;
સંતાપના હું રાંક છું, મા, ના ઘટે આવું તને. ભવાની૦
પિતા ગયો પરલોકમાં, દશા અમારી આ થઇ;
નમુ નમુ હું બાળકી, મા કર નજર હું આ રહી. ભવાની૦
દેખાવ દે તું દેખાવ દે, ખપ્પા થઇ હોતો જાન લે;
છોડીશ નહીં હું મા તને, છોડું તો થાય શી વલે. ભવાની૦
નંદીમાઇ ભાણસીંગ દુઃખી હશે, મા સહાય થા;
લે શીશ આપું માહરૂં, મા જીંદગી મુજ ગઇ વૃથા. ભવાની૦
"ઠક્કર" કરે છે વિનતી, મા ધ્યાન આપો મહેશ્વરી;
એ રાંક બાળક રાંક છે, વારે ચડો તમે તત્પરી. ભવાની૦

ઉપર પ્રમાણે માતાની સ્તુતિ કરી ચંદ્રબા પોતાનો જીવ તેને અર્પણ કરી દુઃખી જીંદગીનો અંત લાવવાના મનસુબાપર આવતાં એક ગેબી અવાજ તેના કાનપર પડયો. જેમાં સબુર, સબુરના શબ્દો બોલવામાં આવતા હતા. એ અવાજ સાંભળી ચંદ્રબા ચોંકી અને આજુ બાજુ જોવા લાગી પણ તેના દીઠામાં કોઇપણ આવ્યું નહીં. તે મનમાં કહેવા લાગી કે, એતો ખાલી પડઘાનો અવાજ હશે. અથવા તો મારા કાનમાં ખાલી અવાજ ઘબરાટના પરિણામે થયો હશે. જેથી માતા સામું જોઇ બે હાથ જોડી વિનતી કરતી બોલી "હે જગદેશ્વરી તમે ઘણા લોકોના સંકટ નાબુદ કરી તેમને યોગ્ય મદદ કરવાના દાખલા લોકોમાં ચરચાય છે. તમારી તારીફ જગમાં જાહેર છે. તમે દયાળુ છો. હું રાંક બાળકની

સંભાળ લે. મારા હાલપર કૃપા કર. નહિંતો હું મારો જીવ તને અર્પણ કરી મારા શરીરને અહીં રઝળતું કરી મુકીશ. હવે હું કંટાળી છું મારાથી સંકટ ખમાય તેમ નથી. કિસ્મતે મને તમારે શરણે આણી છે, માટે દયા કર, દયા કર !!

રાગ કચ્છી કાફીમાં.

સાહેબ રખતું સત, મુંજી યાર ગડણજી મત રે,
પુરી કર તું માવડી, મુજી યાર ગડણજી મત. ટેક.
ભટકી, ભટકી, થકી અસ આંઉ, હણે છણીપાંતી જીત તતરે. પુરી૦
પ્રિત કટારી હણી મુકે ભારી, કો જાણુ વ્યા ઉ કીતરે. પુરી૦
પીરીઅન વ્યા પરદેશમેં કઇ જુદાઇ હી કીસ્મત રે. પુરી૦
દઠી સભર મું તોજી "ઠક્કર"ચે માલક રખંધો પત રે. પુરી૦

વળી પણ આગળની માફક ચંદ્રબાને સબુર સબુરના શબ્દો સાંભળવામાં આવ્યા. આથી તેણી બહુ મુંઝાવા લાગી છેવટ મંદીરની બહાર જઇ જોવા તેની ઉત્કંઠા થઇ જેથી બહાર આવી જોય છે. તો એક સાધુના લીબાસમાં છોકરો ઉભેલો તેની દૃષ્ટીએ પડયો. તેના ચહેરા ઉપરથી તે દુઃખમાં હેરાન હોય અને ઉંડા વિચારમાં ફસાયલો હોય. એવા અનુમાન પર આવવા કારણો મળતા હતા. ચંદ્રબાને જોતાં તે દીગમુઢ બની ગયો. તથાપિ તે ટગર ટગર એકી નજરે જોવા લાગો. ચંદ્રબા વિચારમાં પડી કે, આ તે કોણ હશે? શું માતાએ આવા લીબાશમાં મને દેખાવતો નહીં આપ્યો હોય! માટે તેને બોલાવુ. કોઇ ભેદ ભરી બિના હશે તો અજવાળામાં આવશે.

"સાધુ મહારાજ! આપ કોણ છો, કયાંથી આવેલા છો અને કયાં જશો" ચંદ્રબાએ નમ્રતાથી પુછયું.

ઉપલો શબ્દોનો કંઇ પણ જવાબ દીધા વગર પેલો સાધુ એકાએક રડી પડયો. તેનાથી કાંઇ બોલાયુ નહીં છેવટે તે જમીનપર પડી ગયો અને પોકે પોકે રોવા લાગ્યો. આથી ચંદ્રબાને વહેમ પડયો કે, રખેને આ બીઆબાન જંગલમાંના કોઇ ભૂત પિશાચે આ પ્રપંચ મને બીવરાવવા માટે રચ્યો હોય. પણ ચાલ જીવ, હું મરવાના રસ્તાપર તો આવેલી છું, જીંદગીની કંઇ પરવાહ રાખતી નથી, તો પછી આ ભેદ ભરેલી બિના જાણવી તો જોઇએ.

"અરે તું કોણ છે? નાહક આ પ્રમાણે કલ્પાંત શામાટે કરે છે? શું ભુત પલીત, દેણુ અથવા ડાકણની ઓલાદનો હોઇને આ પ્રમાણે મને બીવરાવવા માટે અહીં આવેલા છો? હું દુ:ખીઆરીતો છું તોપછી મને હેરાન કરવાથી અથવા ભય બતાવવાથી તું શું ફાયદો કાઢવાનો છો? તારી ખરી બિનાથી મને વાકેફ કર. તું પણ કોઇ દુ:ખમાં હેરાન હોય એમ તારો ચેહેરો ગવાહી આપે છે. ભાઇ, સાવધ થઇ તારી હાલત બયાન કર" ચંદ્રબાએ નમ્રપણે જણાવ્યું. આ ઉપરથી પેહેલો છોકરો ઉભો થઇ ચંદ્રબા સામે હાથ જોડી નિચે પ્રમાણે બોલ્યો:—

હરિગીત છંદ.

છું દુ:ખથી ભરપૂર હું, સુણુ ધ્યાન દઇને સુંદરી;
તુજને નિહાળી યાદ આવી, બેહન જે મારી ખરી.
કારી કટારી જીગર લાગી, વેદના વધતી થઈ;
ઇલાજ નહીં કો તે તણો, લાગે છે બેની આ રહી.
છે નામ મારૂં ભાણસીંગ, મુજ બેન ચંદરબા હતી;
પિયુ નામ બેચરસીંગ છે, તેનાપર તે શીદા થતી.
ખફગી થઇ કીરતારની, દુ:ખી દીવસો આવી પડયાં;
હઠીસંગના જુલમાટથી, કોઇ પૂર્વના પાપો નડયાં.
બિચારી નંદીબાઇ જે, ફરઝંદપર કુરબાન છે;
જુદાઇથી બની એકલી, નહીં કો દુ:ખી એ સમાન છે.
હું ભાઇ તારો છું અરે, મુજ વાત સાચી માન તું;
ચતુરા ચતુર હુશિઆર થઇ, મને ભાઇ કહી બોલાવ તું.
હતો તાત મારો નામ જેનું, પદમશીંગ પ્રખ્યાત છે;
તેના ગુજરવાથી અરે, હેરાન આ ઇનશાન છે.
આપણ બધા મળી સાથને, હઠીસંગના ઘરમાં ગયા;
તકદીર ફુટી તે થકી, આ હાલ આપણના થયા.
જુદો પડયો હું જ્યારથી, લાચાર છું હેરાનીમાં;
જો હાલ મારા આ બન્યા, ભટકું સદા વેરાનીમાં.
છે વાત સાચી જુઠ નહીં, બોલાવ એહને નેહથી;
ગવાહી "કુંવરજી" દીએ, મળો ભાઇ ભગીની સ્નેહથી.

આ છોકરો જેમ જેમ બોલતો ગયો તેમ તેમ ચંદ્રબા તેના તરફ વધારે અધીરાઇથી જોતી ગઈ. તેણે ઉચ્ચારેલાં નામો ખરા હતા.

તે ચંદ્રબાનો ભાઇ હતો, એ વાત પણ સંરાગાત વગરની છે. છેવટે ચંદ્રબાને ખાત્રી થઇ કે, આ સાધુ 'નથી પણ મારો વહાલો ભાઈ ભાણસીંગ ખરેખર છે.

ઉપરની લાગણી ચંદ્રબાના મનમાં ફેલાયા પછી તેના કુદરતી પ્યારનું લોહી તેના મોંપર ચડી આવ્યું. તે આનંદથી ઉભરાઇ જવા લાગી. ભાણસીંગ બોલતો બંધ થયો કે, ચંદ્રબા બોલી "અરે વહાલા ભાઇ ભાણસીંગે ! આ તારી શી દશા !!" બન્નેજણા આપશમાં ભેટી પડયા. ખુશાલીના આંસુ તેઓની આંખોમાં ભરાઇ આવ્યાં. બન્ને જણ ભવાની માતાને નમસ્કાર કરી મંદીરમાં બેઠા.

"મારા વહાલા ભાઇ તું અહીં કયાંથી આવ્યો ? આટલા દીવસ લગી તેં કયાં અને કેવી રીતે ગુજાર્યા. ખરેખર તારા શરીરના હાલહવાલ થઇ ગયા છે." આટલું બોલી ચંદ્રબા વધારે બોલવાનું કરતી હતી પરંતુ પ્યારની લાગણીથી તેણીનો જુસ્સો એકદમ ભરાઇ આવ્યો તે ગભરાઇ ગઇ. તેના નાજુક ગાલપર આંસુના રેલા ચાલ્યા.

"બેહેન તું મને નિહાળી શામાટે દુઃખી થાય છે ? મને લેશમાત્ર સંકટ નડયા નથી. હું ધીરજ અને સંતોષથી હમેશાં ખુશમીજાજમાં રહયો છું. સબુરીએ મારા દીલમાં વાસો કર્યો છે. જેથી કોઇ જાતના દુઃખની યાદ મારા કલેજામાં જગા પામી શકતી નથી. માત્ર તને અને માતુશ્રીને મળવા મારી લાગણી હરવખત તલપ્યા કરતી હતી. જેમાંથી બેહન તારો મેળાપતો થયો. હવે માતુશ્રી કયાં છે તે જણાવ." ભાણસીંગ શાંતપણે બોલ્યોઃ—

"ભાઇ હું નથી જાણતી કે માતુશ્રી કયાં અને કેવી રીતે હશે. હું કાકાના ઘરમાંથી ચાલી ત્યારે તેણી ત્યાંજ હતી. પછીની બિના મારા જાણવામાં નથી" ચંદ્રબા બોલી.

ઇશ્વરની ભક્તિ સાચા દીલથી કરનારને અને સંકટમાં સબુરી પર મુસ્તકીમ રહેનારને પ્રત્યક્ષ ફાયદા થવાના ઘણા દાખલા ગયા વખતમાં બની ગયાની બિના હસ્તી ભોગવે છે. જેમાં આ હાલનો દાખલો આમેજ કરવા જેવો છે. ચંદ્રબા ચોકકસ વિચારપર આવેલી હતી કે, કાંતો મને દેવી દેખાવદે. નહીં તો મારી જીંદગીની દોરી તેને અર્પણ કરીશ. અલબત 'તેની ઇચ્છા પૂર્ણ થવા અને સુખી જીંદગી ગુજારવાના દીવસો હવે નજદીક છે. એવી આગાહી આપનાર' આ હાલનો બનાવ

ગોત્રા પેગામ રૂપ છે. ભાણુસીંગ લાંબી મુદતથી જુદો પડી ગયો હતો. તે કયાં અને કેવી રીતે હશે. તે બાબત તેણીને મુદલ ખબર ન હતી. તેના વહાલા ભાઈ સાથે તેનો એકાએક અણધારયો મેલાપ થયો. આથી ચંદ્રબાના દુઃખી દીલમાં હર્ષરૂપી દવાએ શું અસર કરી હશે તેનો ખ્યાલ પ્રિય વાંચનાર તુંજ કરી લે.

"બેહન તું અંહી થોભ; હું આ જંગલમાંથી ખાવા માટે ફળ-ફુલ લઈ આવું." ભાણુસીંગે કહયું આ વાત ચંદ્રબાએ સ્વિકારતાં તે જંગલમાં ગયો,

ચંદ્રબાના મનમાં બેચરસીંગને મળવાની અહર્નીશ જંખના હતી. દરેક વખત તેની જુદાઇમાં તે હેરાન થતી હતી. અને બોલતી હે પ્યારા, મારા ગળાના હાર, તું કયાં જતો રહો? તારી મહોબતે મને આ હાલ હવાલીમાં નાખ્યો છે. લાંબી મુદત થઇ છતાં તેં મારી સંભાળ લીધી નહીં. શું મને દેશમાંથી હાંકી કહાડી તું ત્યાંજ બેશી રહો?"

હોલી.

સાંવરા મત ડારો—એ રાગ.

તને રંગ પ્રીતમ જાની, જાનીરે, તને રંગ પ્રીતમ જાની. ટેક.
વતન તજાવ્યું છતાં તું ન આવ્યો કીધી મને દિવાની,
ખોફ તુજપર ખુબ ચડે છે જોઇ આ તારી નાદાની:
કરી દીધી આ શું હેરાની. તને રંગ પ્રીતમ જાની.
વચન દીધામાં વાર ન લાગી કીધી છે વાત ટકાની,
પ્યાર બતાવી ગણેરો મુજને ના કીધી મેહેરબાની;
વૃથા કીધી મારી જુવાની, તને રંગ પ્રીતમ જાની.
પ્રભુએ આપી સુરતી જુવાની તેથી થઇ હું હેરાની,
દોષ બધા મારા કરમ તણા છે જેથી થઇ આ તુફાની;
સબુરી રાખુ હું માની, તને રંગ પ્રીતમ જાની.
હાલ તમારો નિરખી કરીને મનમાં થઇ પશેમાની,
ઇશ્વર પાસે વિનતી અમારી "કુંવરજી"ની છે છાની;
ભોગવવે આતો જુવાની, તને રંગ પ્રીતમ જાની.

કાફી કછી.

સોઢાસીહાણુ–એ રાગ

કતવે તું મુંજે હૈડે જા મારા,
હૈડે જા મારા દુઃખી કે અપારા, યાર કતવેં તું મુંજે હૈડેજા મારા.
દરદ જુદાઈ જે મેં, જુરી મરાંતી;
વ્યો યાર નિકરી, હણે દીં થ્યા અકારા. વો. કીતવેં તું૦
પલ પલ તોકે આઉં યાદ કયાંતી,
વ્યો યાર નિકરી, હણે પીયાં નીર ખારા. વો. કીતવેં તું૦
પુછા કધીસેં હજી ધરોધર ગુંમધી,
વ્યો યાર નિકરી, થ્યો હૈડો અંગારા. વો. કીતવેં તું૦
દુઃખી દીલજો હાલ ચેતો "કુંવરજી".
વ્યો યાર નિકરી, અચેં અખીયેં અંધારા. વો કીતવેં તું૦

ચંદ્રબા ખેચરસીંગની જુદાઈ માટે જુદી જુદી રીતે બળાપો કરી હેરાન થતી હતી. તેના દરદની વાત ભાણસીંગના જાણવાથી અલગ નહતી. જંગલમાંથી થોડાક ફળ ફુલ લાવી ભાણસીંગ જેવો માતાના મંદીરમાં દાખલ થયો કે, તેણે ચંદ્રબાને વિલાપ કરતી હેરાનથતી હાલતમાં જોઈ જેથી તે બોલ્યોઃ—

બનઝારા.

રખ ધીરજ મનમેં ધારી, દે ચિંતા કે તું વિસારી. ટેક.
રખ ભરૂસો હન માતામેં, આય ઉમેદ પાંકે જેમે જી.
તોજો રૂણુ લગે તો ભારી, દે ચિંતાકે તું વિસારી.
રખ સબુરી તોજે મનમેં, કુલાય ગુંધર ગારીયે તનમેંજી;
ગીન નામ પ્રભુ જો સંભારી, દે ચિંતાકે તું વિસારી.
સુણ ચાંતો સે ધીલધારી, ઈન ગાલકે તું દે વિસારીજી;
અચી મીલધો ઉ તાં સંભારી, દે ચિંતાકે તું વિસારો.
સુણ "કુંવરજી"જી વાણી, પાંકે ચેતો ઉ સદ તાણીજી,
તોકે મીલધાં મનજા મુરારી, દે ચિંતાકે તું વિસારી.

આ પ્રમાણે ભાણસીંગ ચંદ્રબાને દીલાસો આપી શાંત કરતો હતો પરંતુ તેણીના જીગરમાં જે કારી જખમ હતો તેથી તેણી સબુરીને આધીન થઈ શકતી નહતી.

ભાઇ બ્હેન વાતો કરે છે. એ અરસામાં એક સાધુઓની જમાત મુસાફરી દરમ્યાન આ જંગલમાં આવી પહોંચી. માતાના મંદીરમાં તેઓ આવ્યા. પણ અંદરના ભાગમાં આ બેઠેલા ભાઇ બ્હેનની વાત તેમના જાણવામાં ન હતી. સાધુઓ માતાની સ્તુતી કરતા બોલ્યાઃ—

બંજારા.

કર કબુલ સેવક માની, તુજ નામ પ્રતાપી ભવાની. ટેક.
અમો તિર્થવાસી આવ્યા, તુજ દર્શન બહુ હરખાવ્યાં;
બોલીશું જગે જગ કહાની, તુજ નામ પ્રતાપી ભવાની.
કર કરૂણા માત અમારી, અમો ભક્તિ કરીશું તમારી;
તું જાહેર હિંદુસ્તાની, તુજ નામ પ્રતાપી ભવાની,
નમીયે તુજને શિર નામી, તું અખંડ છો ગુણ ગામી;
છે મહેર તારી મનમાની, તુજ નામ પ્રતાપી ભવાની.
તુને સાચા દીલથી ભજશે, તે તરીને પાર ઊતરશે;
એમ "કુંવરજી"ની જુબાની, તુજ નામ પ્રતાપી ભવાની.

એ જમાત જુદી જુદી રીતના રાગોમાં માતાની સ્તુતિ અને પ્રસંશા કરતી હતી તેમાના એક જણની નજર મંદીરમાં બેઠેલા ભાણસીંગ પર પડી. આથી તે આશ્ચર્ય પામ્યો અને ગુરૂને કહેવા લાગ્યો "માહારાજ માતાકે મંદીર અંદર કોઇ આદમી મુજે દેખને મેં આતા હે, વો આદમી કોન હય મેરે મનમે શંકા હો રહી. હે ઉસ બારતે આપ રોશન કરતા હું કે આપ દેખો તો સહી."

ઉપલા શબ્દોથી બધા સાધુઓના મનમાં અચંબો પેદા થતાં તેઓની જીજ્ઞાસા તે વાત જાણવા તરફ ખેંચાઇ; બધાની નજર તે તરફ એક સરખી રીતે થઇ. જમાતના મહંતે નમી અંદર જોયું તો બે જણ મંદીરમાં બેઠેલા તેના જોવામાં આવ્યા. તેમને તેણે કહ્યું.

"અયે લડકા તુમ કોનહો ઓર યેબી યાબાન જંગલમે માતાકે મંદીર અંદર કાયકું છીપકે બેઠે હો? ઉઠકર બાહેર આવ, ઓર તુમારા હાલ સુનાવ" ઉંચા સ્વરથી મહંત બોલ્યો.

આ માણસોને જોઇ ભાણસીંગ અવલ તો હેબતાઇ ગયો પરંતુ આથી પહેલાં એવી જમાતો તેના જોવામાં ઘણી આવેલી હતી.

જેથી સાવધ રહી બહેનને કહેવા લાગ્યો. "વ્હાલી બેન ઉઠો, આપણે બાહેર જઇએ કાંઇ હરકત જેવું નથી.

ચંદ્રબાએ બાહેર આવી મહંતના પગે પાસે પોતાના શિરને જુકાવી દીધું, ભાણસીંગે પણ તેમજ કીધું. આ પ્રમાણે બન્ને બાળકોને પગે પડતા જોઇ મહંત બોલ્યો. "લડકા શંકર કલ્યાણ કરેગા. તુમ કોન હો, ઓર ઇસ હાલમેં ક્યું ફીરતે હો?" આ પરથી ચંદ્રબાએ બધીં બિના મહંત પાસે દયામણા ચહેરાથી જણાવી દીધી. મહંત તરફથી તેણીને કહેવામાં આવ્યું કે બેટા તુમારે દુઃખકે દિન અબ નાખુદ હુએ હય તુમ અપને બીખુટે હુએસે જલ્દ મીલોગે, એસા હમારા વચન હયે વો સત્ય માન્ય લ્યો. ગુરૂ મહારાજ સબ અચ્છા કરેગા," થોડીવારે જમાત ચાલતી થઇ. ચંદ્રબાની હાલત—

કાફી કચ્છી.

મેર કર્યો—એ રાગ.

થઇ દુખીઆરી ડાઢા દુઃખ પ્યા દુનિયામે મશહુર,
દુનિયામેં મશહુર તેંજા કેડા ચાં આંઉ સૂર. થઇ દુઃખી૦
હાથ પગ જેજા સુણા દીસણમે,
સીકલ મીસલ હુઇ દુર. થઇ દુઃખીઆરી૦
રાતોએ દીં મોહેબુબ શંભારે,
તેજો કેડો ચાં મજકુર. થઇ દુઃખીઆરી૦
જંતર મંતર ધવા બુટી,
ઇન ધરધ વટે અંઇ ધુર. થઇ દુઃખિઆરી૦
"કુંવરજી" ચ્યો હાલ સુણી,
તોજા માલક કંધો દુઃખ દુર. થઈ દુઃખિઆરી૦

પ્રકરણ ૧૬ મુ.

કમકમાટ ભરેલું ખુન.

એચરસીંગનું પકડાવવું, તેનું કેદમાં રહેવું.

જે ઓરડીમાં એચરસીંગ રહેતો હતો તેની પડોશમાં રહેનાર રેવાસીંગ નામના એક શખ્સનું ખુન એક રાત્રે એકબજ્યાના અરસામાં કોઈ હરામખોરોએ કર્યાની ખબરો પ્રભાતમાં શહેર અંદર ફેલાઈ. મજકુર શખ્સ એ શહેરના જાણીતા વહેપારી ભદ્રસીંગની પહેડીનો મુખ્ય મુનીમ હતો. ખુનીએ કોઇ ધારવાળા હથીઆરથી મરનારના શરીરપર જખમો કર્યા હતા. અને તેવાજ હથીઆરથી તેનુ ગળું કાપેલું હોવાનું કહેવામાં આવતું. આટલું બસ નથી. ખુનીએ બંદુકનો એક ધા મરનારપર કરેલો હતો. જેથી તેના શરીરપર છરાના વીંધ થઇ રહેલા હતા. ધારાસર લાસ પર જુરી ભરવામાં આવી અને ખુનીની શોધ જારી થઇ. શહેરમાં એ દીવસે ભારે ગભરાટ થઈ રહયો હતો. ખુનીને શોધી કુહાડવા દરેક માણસની લાગણી ઉશ્કેરાઇ હતી. તેની સાથે લોકોમાં જુદી જુદી રીતની ચરચા ચાલુ થઇ હતી.

જે અરસામાં ખુન થયું હતું તે અરસામાં શહેરના દરવાજા બંધ હતા. ખુનીનો ઈરાદો નાશી જવાનો હતો, પણ તેમાં તે ફાવ્યો નહીં. ખુનવાળી જગ્યા પાસેથી પરબારે તે દરવાજા તરફ ગયો હતો પણ ફરીવાર ત્યાંથી ચાલી બીજે કયાં જવું હોય તો ખુનવાળી જગ્યા પાસેથીજ નીકળ્યા શિવાય બીજો રસ્તો નહતો; જેથી દરવાજા પાસે રહેતા તેના એક ઓળખીતા મજુરના ઘરમાં તે દાખલ થયો. તેને ભયભિત હાલતમાં અને ગભરાયલો જોઇ મજુરે પૂછયું "ભાઈ આ વખતે તમે અહીં કયાંથી? શું હમણાજ એક બંદુકનો ધડાકો થયો. તેમાંથી તમે બચીતો નથી આવ્યા? તમારી હાલતપરથી જણાય છે કે, તમે કોઈ મુંજીના હાથમાંથી નાશી જવા પામ્યા છો. કારણ તમે બહુ ગભરાયલા દીસો છો. અથવાતો કોઇ નિચ કાવતરૂં તમે કરેલું હોય એમ લાગે છે.

પેલો માણસ બેઠો અને બોલ્યો "ભાઈ હમણા મને વધારે પૂંછ નહીં; હું એટલુંજ માગી લઉં છું કે, મને આજની રાત્ર અહીંઆ રાખ તોજ હું બચીશ. તારો એહશાન હું કદી ભુલીશ નહીં,

"તારી માગણી ન સ્વિકારી શકાય તેવી છે. તારા બોલવામાં વહેમનો અંશ લાગે છે. અલબત તું મોટો પૈસે ટકે સુખી એવાં એક શાહુકારનો માનીતો ભરૂસાદાર નોકર છે. તોપણ તારી હાલની સ્થિતિ અને હમણાજ સંભળાયલ ધડાકાના કારણસર હું તને કાંઇપણ આશ્રય આપી શકતો નથી." મજુરે જવાબ દીધો.

"ત્યારે શું એ ધડકો કરનાર હું છું એવો વહેમ તમે મારાપર લઇ જવા માગો છો?" પેલાએ પૂછ્યું.

"હાજતો કેટલાક સંયોગોથી તેમ માનવાને કારણ મળે છે." મજુરે જવાબ દીધો.

"તમારી કલ્પનામાં તમે ભુલો છો; પણ હશે, મહેરબાની કરી મારાપર દયા કરો. હું એટલુંજ માગુ છું કે, રાત્રનો બાકીનો ભાગ પુરો થાય ત્યાં સુધી મને અહીંઆ રહેવા આપો. થએલા ધડાકા જેવા ધડાકા અવાર નવાર આ શહેરમાં થાય છે, તેથી કંઈ ભયંકર બનાવ બને છે એમ હોતું નથી. તમે ખાલી વહેમ શામાટે લ્યો છો?" પેલાએ આજીજી કરી દયામણા ચહેરાથી કહ્યું.

"નહિં, નહિં, તમે અહીંથી ચાલ્યા જાઓ. તમારાપર મને વહેમ આવે છે." મજુરે જવાબ દીધો.

આ જવાબથી પેલો માણસ બહુજ ગભરાઈ ગયો અને કરગરી બોલ્યો કે, "જુઓ પરમેશ્વરની ખાતર મારાપર મહેર નહીં કરો તો હું નાહક ફસાઇ પડીશ, મારો અંત આવી ચુકો જાણજો. પ્રથમ મને રાત-નીરાત અહીં રાખવાની હા પાડો પછી મારી હાલતનું બયાન સાંભળો. તે સાંભળવાથી તમને મારાપર ખરેખર દયા ઉપજ્યા વગર રહેશે નહીં. માટે મારી માગણી સ્વિકારો." આ ઉપરથી મજુરને તેનાપર દયા આવી. જેથી તેણે ઘરમાં રાખવાની કબુલાત આપી. રાત્રનો થોડો ભાગ બાકી હતો. મજુર તેને ત્યાંજ બેસાડી પોતે બીજા કામમાં રોકાયો. આ અરસામાં પેલાએ પોતા પાસે જે ધારવાળું હથીઆર હતું તે એક કાલરના ગંજમાં છુપાવી દીધું. પરોઢમાંતો તે મજુરને મળ્યા વગર ગચ્છંતિ કરી ગયો.

વખત સવારના છ બજ્યાનો છે. ડીટેકટીવ નંબર ૧ નો અમલ-દાર બિછાનાપરથી ઉઠી ચાલુ કામકાજની તૈયારી કરે છે એટલામાં બાહેરથી આવતો એક સારા પોશાકવાળો માણસ તેના ઘરમાં આવ્યો.

તેને જોતાંજ રૂવાબમાં તેણે પુછયું "આપ કોણ છો?" "તમારે આ વખતે મારૂં નામ પુછવાની કંઈ જરૂર નથી." આવેલા માણસે જવાબ દીધો. અને વિશેષમાં બોલ્યો કે "સાહેબ ઘરમાં છે કે નહીં?"

કોણ સાહેબની તમે પુછા કરો છો. આમ તેને પુછવામાં આવતા તેણે ડીટેકટીવ નં૦ ૧ ના સાહેબનું નામ જણાવી દીધું.

"પણ ભલા માણશ કહેતો ખરો કે આ વખતે તેની તને શી ગરજ પડી છે." પેલાએ કહ્યું.

"આજ રાત્રે એક ભયંકર ખુન થયું છે. તેના હરામખોરો માટે શોધ કરવા કહેવું છે." તેણે જવાબ દીધો. આથી ડીટેકટીવ અમલદાર ચોકયો અને અધીરાઇથી પુછયું "કોનું ખુન? કોનું ખુન? કયાં થયું છે? ક્યે વખતે થયું છે? કોણે કર્યું છે? પેલાએ કહ્યું, "એ બધી બિના સાહેબને કહીશ તેઓ કયાં છે?"

"જેની તમે પુછા કરો છો તે હું પોતેજ છું. હવે તરત બોલો વિલંબ નહીં કરો" તેણે કહ્યું. આ ઉપરથી પેલાએ બોલવા માંડયું કે "ગઇ રાત્રે મારો મુનીમ રેવાસીંગ દશ બજ્યા સુધી મારી વખારે હતો. અગત્યના કામ માટે મેં તેને બોલાવ્યો હતો. ત્યાંથી ગયા બાદ સવારમાં મને ખબર મળી છે કે, તેનું કોઇ હરામખોરે ખુન કરેલું છે જેથી હું ત્યાં ગયો રસ્તામાં નંબર ૨ ના ડીટેકટીવ સાહેબને ચેતવણી આપતા તેઓ ત્યાં હાજર થયા છે અને તપાસ ચલાવે છે. આપ ત્યાં પધારો, ગુન્હેગારની શોધ કરી પકડી આપો. મારો મુનિમ બિચારો સાલસ રાંક અને સરળ રસ્તે ચાલનાર વિશ્વાસુ હતો. અરેરે! તેનો કોઇએ ઘાણ કાઢી નાખ્યો છે. આમ બોલતા તેની આંખોમાં પાણી ભરાઇ આવ્યા.

"ફિકર નહીં, ફિકર નહીં, શેઠ આપ ગભરાઓના બધુ સારૂં થશે. મારા નામ અને કામથી તો આપ જાણીતા હશોજ. પરમેશ્વરની કૃપાથી હજી લગી મારા હાથમાંથી કોઇ ગુન્હેગાર શટકી જવા કે બચી જવા પામ્યો નથી." આમ બોલી આવેલા શેઠની ડીટેકટીવ અમલદાર બારીકીથી વિચીત્ર લાગણી તપાશતો હતો.

પેલાએ આંસુ લુંછી નાખ્યા અને બોલ્યો, "સાહેબ આપ મારી હાલતથી અજાણ્યા નથી. ખરા ગુન્હેગારને પકડવામાં આપ પછાત નહીં પડો એમ હું ધારૂં છું ત્યારે તે કામમાં બનતી મદદ હું પણ આપીશ છેવટે ઉપકાર માટે આભાર માની મહેનત જવા દઇશ નહીં."

આ માણસનો ઇરાદો ડીટેકટીવને કાંઇ લાલચ આપવા તરીકે કહેવાનો હતો. પણ તેના રૂવાબ આગળ તેનાથી વધારે બોલાઈ શકાતું નહિ.

ઠીક બહુ સારૂ; ચાલો હું તમારી સાથે ચાલું છું. બાહેર ગાડી તૈયાર ઊભી હતી. તેમાં બન્ને જણા ચડી બેઠા થોડી મિનિટમાં ખુન વાલી જગ્યા પર પહોંચ્યા. જ્યાં નંબર ૨ નો ડીટેકટીવ તપાસમાં મડયો હતો. નંબર ૧ વાળાએ તેને તપાશમા ખામી ન આવે એ કારણ્તર કંઇ પણ પુછ્યું નહીં અને પોતે આજુ બાજુની અવલ તપાસ કરવા લાગ્યો. લાસ પાસે ગયો તો મરનારના શરીરપર તેને ત્રણ જખમો જોવામાં આવ્યા વળી ગળામાં ખુની જખમ હતો જેના પરિણામે મરનારના પ્રાણ ગયાનું અનુમાન તેણે કર્યું. ઘરમાં તપાસ કરતા સર સામાન વીખરાયલું જોવામાં આવ્યું. કબાટ, ગોખલા, જારી, બારીમાં પડેલા સામાનની પણ તેવીજ વ્યવસ્થા જણાઇ. "શું ચોર લોકોએ ચોરી કરવા માટેજ આ માણસને મારી નાખ્યો હશે?" સામાનની વ્યવસ્થા ઉપરથી તેવા અનુમાન બાંધવાને કારણ મળતાં તેનાથી એકદમ એ પ્રમાણે બોલાઇ ગયું. બોયસ! હું પણ તેવાજ અનુમાનપર આવેલો છું" નં૦ ૨ ના ડીટેકટીવે વગર પુછે જવાબ દીધો. તેના હાથમાં એક બંદુક હતી તે કોની છે. તમને કયાંથી મળી છે, આમ નંબર ૧ વાળાના પૂછવાથી તેના જવાબમાં તે બોલ્યો કે, "આ પડોશની એક ઓરડી પાસેના વાડામાંથી તે મળી આવી છે. ખુન પકડવા માટે તે બહુ ઉપયોગી થશે. હવે મેં તપાશ કરી લીધી છે. ગુન્હેગાર મારી આંખોમાં દેખાવ દે છે. ગેબી રીતે સામો રમતો જણાય છે હું તેને હવાલતમાં લઊ છું, આપ ખુશીથી તપાશ કરો. વિશેષ ખુલાસો આપણે જ્યારે એકાંતમાં મળીશું ત્યારે થશે," આમ બોલી ત્યાંથી ચાલ્યો. પાસેની ઓરડીમાં જઇ બેચરસીંગને પકડી તે બોલ્યો. "લુચ્ચા ચંડાળ! આ કૃત્ય તેજ કરેલુ છે. એમ માનવાને ઘણા કારણો છે. હું તારી ઓરડીની જડતી લઇશ. માટે તે પેહેલા તારે જણાવી દેવું જોઇએ કે જે મતા ખુન કરીને તે મેળવી છે તે કયાં છે. વળી ખુની હથીયાર તે કયાં સંતાડેલુ છે. હવે કાઢી આપવામાંજ માલ છે. તારી બિના હું જાણી ચુકયો છું. મને તારા માટે પૂરતી આગાહી મળી છે.

આ વખતે બિચારા બેચરસીંગને થએલ ગભરાટનું વર્ણન તે કોણ કરી શકે? જે બિના તેના સ્વપ્નામાં પણ નહિં, જેના માટે તે તદન અજાણ્યો છે, એવી ભયંકર બિનાનો આરોપ તેનાપર મુકવામાં

આવ્યો છતાં તેણે હિંમત પકડી જવાબ દીધો કે "સાહેબ આપ શું કરવા ધારો છો જે શબ્દો આપ બોલોછો તે મારા સમજવામાં બિલકુલ આવતા નથી.

"ઠીક તારા સમજવામાં એ બિના આગળપર પોતાની મેળે આવશે" આમ કહી તેને પકડયો. અને ઓરડીને તાળું મારી નંબર ૨ નો ડીટેકટીવ તેને પોતા સાથે લઈ જઈ કેદમાં રાખ્યો. નંબર ૧ નો ડીટેકટીવ તપાસ ચલાવતો હતો. આ વખતે જે માણસ તેને બોલાવવા આવેલો (ભદ્રસિંગ) તે ત્યાંજ હાજર હતો. 'અને તેની તપાસપર બારીકાઈથી ધ્યાન આપતો ડીટેકટીવ નંબર ૧ વાલો દરેક પળે જે બિના કાવતરાં વાલી તેને જણાતી તે સાંભળી પોતાના મનમાં હસ્તો અને ડોકું હલાવતો લાસને ઉથલાવી તેણે બહુ બારીકીથી તપાસી જોઈ બિછાનાને ઊથલાવી નાખ્યું. ઘરનો બધો સામાન લક્ષ પૂર્વક જોવા લાગ્યો. આમાં કંઈપણ કાવતરૂં થએલું છે એમ તેના મનમાં નકી થયું. જે જે વસ્તુ પ્રથમ તેણે તપાસી હતી તે ફરીવાર તપાસી આ તપાસમાં તેણે માત્ર બિછાનાપરથી એક કપડાનો નકામો કટકો તથા એક કાગળનું ફોતારૂં ઉપાડી પોતાના ગજવામાં મુકયો. "અલબતે કોઈએ વેરભાવના કારણથીજ આ કામ કરેલું દેખાય છે. અથવાતો જાણીતા લુટારાઓએ લુટ ચલાવવા માટે ખુન કરેલું લાગેછે" આમ ડીટેકટીવ નંબર ૧ લા વાળાથી બોલાઈ ગયું—ખરેખર સાહેબ આપ સત્યતા માટે આધાહી આપોછો. ભદ્રસીંગે કહ્યું.

નંબર ૧ ના ડીટેકટીવે ઉપલા બોલોનો કંઇપણ જવાબ આપ્યો નહીં. અને બીજી કેટલીક તપાસ કરી લાસને ઠેકાણે કરવા રજા આપી પોતે ત્યાંથી ચાલતો થયો. રસ્તામાં તેની બેહન ગાડીમાં બેઠેલી સામેથી આવતી તેના જોવામાં આવી જેથી તે ઉભો રહયો. ગાડી આવી પહોંચતાં તે બોલ્યો "કેમ બેહન તમારે અહીં આવવા શા સારૂ તકલીફ લેવી પડી?" "વહાલા ભાઇ એક અગત્યના કામ માટેજ. પણ ચાલો હવે તે વાત હું આપને ઘેર જણાવીશ. આપે કોઈ ખુનીને પકડયો અથવા નામ નકકી કીધું." પેલીએ પૂછયું?

આનો જવાબ નાનો દીધા પછી ડીટેકટીવ ગાડીમાં ચડી બેઠો અને ગાડી ચાલતી થઈ. રસ્તામાં પેલી બાઇએ વાત ચલાવી કે, "ભાઇ. પેલા ગરીબ મુસાફરને ડીટેકટીવ નં૦ ૨ વાળાએ સાંભળવા પ્રમાણે આ ખુન માટે કેદ પકડયો છે. શું એ વાત ખરી છે?

"હું હજી એ બિનાથી તદન અજાણ્યો છું. હું તો મારા કામમાંજ મશગુલ હતો. જે દરમ્યાન બીજાનાં કૃત્ય તપાસવા જેટલો વખત મળ્યો નહતો." પેલાએ ગંભીરાઈથી જવાબ દીધો. એટલામાં ગાડી ઘર પાસે આવી પહોંચતાં બન્નેજણા ઘરમાં દાખલ થયા. ભોજન તૈયાર હતું. તેને ઇન્સાફ આપ્યા પછી આ ભાઇ બેહન એજ ખુનની બાબતમાં વાતો કરવા મંડયા. એ અરસામાં એક પટાવાલો પેક કરેલા પાકીટ લઈ હાજર થયો. જેનાપર નંબર ૧ વાળા ડીટેકટીવના નામનું શિરનામું હતું. પાકીટ ફોડી અંદરનો કાગળ વાંચતાં તેમાં લખ્યું હતું "ખુની પકડાયો છે. જે હથીઆરવડે ખુન થએલું છે તે હથીઆર હાથ આવેલું છે ખુની એક જબરદસ્ત યુવાન પરદેશી માણસ છે જે પોતાનું નામ બેચરસીંગ જણાવે છે. હજી ગુન્હાનો એકરાર કરતો નથી. તપાસ જારી છે. વધુ ખબર મળેથી જણાવીશ. આપ વધારે મહેનતમાં ન પડો અને ખુનીને પકડવાની ફિકરથી મોકળા રહો. એટલા માટેજ આ બિના જણાવું છું.

લા.

નંબર ૨ નો ડીટેકટીવ.

બહુ મારૂં, જાઓ સલામ દેજો કહી પટાવાલાને તેણે રજા આપી. આવેલી ચીઠી પોતાની બેહનને દેખાડી. તેણીએ વાંચ્યા બાદ "હાય અફસોસ! એક નિર્દોષ માણસને ફસાવવામાં આવે છે. શું એણે ખુન કરેલું છે? આપ તેમ માનશો ખરાકે?" દયાભરી લાગણી બતાવી તેણીએ પુછ્યું.

"ખરી ખાત્રી થવા પહેલા હું કંઇપણ જવાબ આપી શકતો નથી. તોપણ આ કેસમાં કંઇ કાવતરૂં તો છે એમ હું નક્કી માની બેઠો છું; પણ તે વાત અજવાલામાં આપવી છેએ છે" પેલાએ ગંભીરાઇથી જવાબ દીધો, આ જવાબથી પેલી બાઇની લાગણી બહુ ઉશ્કેરાઇ તેણીએ નિરાશ થઇ બોલવા માંડયું. "ભાઇ અહીંઆ એ લાચાર મુશાફરની મદદ કરનાર બીજો કોઇ છે નહીં. બિચારો દુઃખનો માર્યો અહીં આવેલો છે. આપણે તેના હાલપરથી જાણી શકયા છીએ કે તે સ્વચ્છ મનનો, ખાનદાન કુટંબનો અને કોઇના ભુંડામાં ભાગ ન લે તેવો છે એજ કારણથી તમારે તેની બનતી બરદાશ સચાઇ ખાતર કરવી જોઇએ. તે ગુન્હેગાર હોય તોપણ તેને બચાવવો એમ કહેવા હું માગતી નથી. મારૂં અંતઃ-

કરણ મને ગવાહી આપે છે કે તે બિન અપરાધી છે. માટે તેને છોડાવવા પરમેશ્વરની ખાતર માથે લ્યો.

"જો તે ગુન્હેગાર નહીં હોય તો ઇન્સાફ દેવી તેને પોતાની મેળે મુક્ત કરશે" પેલાએ જવાબ દીધો.

"આપનું બોલવું સત્યવચન છે. પરંતુ ડાહ્યા માણસોએ કહ્યું છે કે "ધર્મ દોડે ત્યાંસુધીમાં પાપ પુણીવરે" ઇન્સાફને હાથ પગ હોતા નથી. જોવાને આંખો નથી. તમ લોકોના પ્રપંચો અને કાવા દાવા જ્યાં લગી ગેબ હોય. ત્યાં લગી જેમ તમો ઇન્સાફને નચવવા અથવા આડે માર્ગે લઇ જવા ધારો ત્યા લઇ જઇ શકો છો. પેલા નંબર ૨ ના ડીટેકટીવે જે પગલાં ભર્યા હશે તે પૂરતી બનાવટ સાથે હશે. એની લુચાઇ ખરાબ ચાલ જગ જાહેર છે. વહાલા ભાઇ મેં કોઇ પણ દીવશે તમારાં કામ વચ્ચે બોલવા હામ ભીડી નથી. એક શબ્દ પણ તમારી મરજી વિરૂદ્ધ બોલી નથી, મારો પ્રાણ કોઇ માગવા તૈયાર થાય તો તે પણ હાલના વખતે આપવા હું ના પાડુ નહીં પણ બિચારા નિરાધાર કંગાલ પર થતો જુલમ મારા હૈયાથી સહેવાતો નથી. તેથીજ આજે વિનંતી કરૂં છું કે, "ભાઇ એ ગરીબની દાઝ તારે હૈયાપર લેવી જોઇએ. ઇશ્વર તેનો બદલો તને આપશે. જ્યારે તે આપણે ત્યાં આવેલો હતો અને પોતાના દુઃખની કહાણી તેણે કહીં સંભળાવી છે. ત્યારથીજ મારા હૈયામાંની બધી દયા તેણે જીતી લીધી છે. બીજુ નહીં તો મારાપરના આપના કુદરતી પ્યારની ખાતર તેને છોડવો. "પેલી બાઈએ હાથ જોડી કહ્યું.

"પણ વહાલી બેહન તમે સાંભળ્યું અને વાંચી નહીં જોયું કે; મુદ્દામાલ પણ હાથ આવી ચુકયો છે? જો એ પ્રમાણે છે. તોપછી તે માણસ ગુન્હેગાર નહિં હોય એમ શા ઉપરથી માનવું જોઇએ?" પેલાએ જવાબ દીધો.

"આપ તેના બોલવા અને કાગળીયાપર ઇતબાર નહીં રાખો." જરાક ઉશ્કેરાઇ જઇ તે બોલી. "શું કુદરત તેનાપર રૂઠી છે? ગમે તેમ હો તોપણ મને તો ખાત્રી છે કે, તમે તેના મદદગાર થશો. તો તે બિચારો અલબતે બચશે."

બેહન તું ધીરજ રાખ. મારી દિલસોજી હમેશાં બેગુન્હા આદમીઓની તરફેણમાં ઉશ્કેરાયા વગર રહેતી નથી. જો પેલો મુસાફર નિર્દોષ

હશે તો હું તેને છોડાવવા બનતી મહેનત લઇશ. પેલાએ ધીરજ સાથે ખાત્રી આપી.

આથી આ ઓરતના મનમાં કંઇક સબુરીની આશાઓ ફેલાઇ અને તેનું ઉશ્કેરાએલ લોહી નરમ પડયું. (વાહ! દયાળુ નેકબખ્ત ઓરત તને આફરીન શદહજાર આફરીન) "હવે હું મારા કામમાં રોકાવા માગું છું તમે ઘરના કામમાં દાખલ થાઓ" એમ ડીટેકટીવના કહેવાથી પેલી બાઇ ત્યાંથી પોતાને કામે ગઇ. કાગળનો કટકો જે મરનારના બિછાનાપરથી મળ્યો હતો તે હવે ડીટેકટીવ તપાસવા બેઠો. તેનાપર માત્ર "ગુલાબસીંગ જોગ્ય" એટલા શબ્દો લખેલા હતા તેને બારીકીથી તે તપાસવા લાગ્યો. જે લુગડાનો કટકો તેણે પોતાના કબજામાં લીધો હતો, તે એક બદીઆનના ખીસાનો ભાગ હતો. આ બાબતમાં કંઈ ચોકકસ નિર્ણયપર તે વખતે તે આવી શકયો નહીં. બન્ને ચીજો હતી તેમ રાખી તે ઉઠયો.

પ્રકરણ ૧૭ મું.

નંબર ૧ ના ડીટેકટીવની તપાસ.

ઘેરથી ચાલ્યો પરબારે નંબર ૨ ના ડીટેકટીવ પાસે ગયો ત્યાં તેણે તૈયાર કરેલા કાગળો વાંચી જોયા અને પુછયું "ત્યારે તો આપ પકડેલા માણસને પુરતી રીતે ગુન્હેગાર ધણો છોજ. અલબતે તમે તપાશમાં ખુબ મહેનત લીધેલી જણાય છે."

"હાજતો એ ચંડાળના ઘરની મેં જડતી લીધી જેમાં આ છરી હાથ આવી છે" એમ કહી છરી બતાવી. અને ફરી બોલ્યો "જુવો જુવો તે લોહીથી ખરડાયલી છે."

છરીપર લોહીના ડાગ મોજુદ હતા તે જોઇ નંબર એક વાળો બોલ્યો "વારૂ, પણ આ કૃત્ય શામાટે થયેલું છે? અને તે કરવામાં એકજ માણશ હશે કે જાસ્તિ, એ બાબતમાં તમે શો વિચાર બાંધ્યો છે?"

"આ કૃત્ય એક માણસના હાથે તો થયેલું છેજ નહીં. બે ત્રણ જણા સાથે હોવા જોઇએ. પણ લાચાર છું કે આ પરદેશી ઉઠાવગીર બડો ઉસ્તાદ લાગે છે. તે પોતાની હઠ છોડતો નથી એકરાર કરતો

નથી; બીજાના નામ પણ આપતો નથી, તો પણ ચોરી કરવાના પરિણામમાં આ ખુન થયેલું છે, એમ હું માનું છું" નંબર ૨ વાળે કહ્યું.

"ચોરી કરવા માટે આ ખુન થયેલું છે. એમ શા ઉપરથી માનો છો." નંબર ૧ વાલે પુછયું.

"જુવોને સાહેબ ઘરનો સર સામાન બધો વિખરાવલો, જોવામાં આવ્યો એટલે કિમતી મિલકત તેમાંથી ઉપડી ગઇ લાગે છે." નંબર ૨ વાલે કહ્યું.

"પણ આપણને ભુલાવો આપવા માટે હરામખોરો એ પ્રમાણે શા માટે ન કરે" નંબર ૧ વાલે પૂછયુ? આનો કંઇ પણ જવાબ નંબર ૨ વાલાથી અપાયો નહીં જેથી નંબર ૧ વાલે પોતાની જુબાન આગળ ચલાવી.

"વારૂ ઠીક, એક કરતાં જાસ્તિ માણશો આખુન કરવામાં હશે. એમ માનવામાં જો આપ એ કારણોને મજબુત માનતા હો કે મરનારને ધારવાળા હથીઆરના ઘા થવાની સાથે તેનાપર બંદુક પણ ફોડવામાં આવી હતી માટે જુદા જુદા હથીઆરોનો ઉપયોગ્ય કરનાર પણ (જુદા જુદા) માણસો હોવા જોઇયે તો એકદમ એ પ્રમાણે માની લેવું ડહાપણથી વેગળું છે. પોલિસને ભૂલાવો આપવા માટે ચબરાક ગુન્હેગારો જુદી જુદી રીતની રચના કરવાના ઘણા દાખલા મારા જોવામાં આવી ગયા છે. પણ આ બંદુક કોની છે, તે બાબે કંઇ પતો લાગો છે?" નંબર ૧ વાલે પુછયું.

"ખરી મુશ્કેલી પણ એજ છે કે એ દુષ્ટ માણસ કોઇ ખરા ખુલાસા પર આવતો નથી. નંબર ૨ વાલે જવાબ દીધો.

"ત્યારે શું તહોમતદાર કાંઇ ન બોલે તો આપણે વિશેષ શોધ ન કરતાં કાચું કાપી નાખવું જોઇયે." નંબર ૧ વાલે સવાલ કર્યો.

"નહીં, નહીં, હું હજી મારી તપાશમાં આગળ વધતો જાઉં છું, બીજા એના મળતીયાઓ શોધી કાઢવામાં ફતેહ મેળવીશ એવી આશામાં છું." નંબર ૨ વાલે જવાબ દીધો. જ્યારે મનમાં તો તેને ખાત્રી હતી કે તેની ધારણા ફલી ભુત થવી બહુ અઘરી અને શકમંદ છે.

"શાબાશ, શાબાશ! મને પણ એવીજ આશા છે કે તમે આ કામમાં પૂરતી શાબાશી મેળવશો." નંબર એક વાલે કહ્યું. "પણ કહેવાને કંઇ હરકત ન હોય તો કહોને કે આપને અત્યાર લગી ચલાવેલી તપા-

શમાં કેવી બિના જાણવામાં આવી છે. અને આપ કેવા અનુમાન પર આવેલા છો." નંબર ૨ વાલે હસ મુખા ચહેરાથી પુછયું?

કંઇ પણ બનાવ તે જાણી ન શકે અથવા પોતાના વહેમ બાબે તેને કાંઇ શક ન આવે એવી સાવચેતીથી નંબર ૧ વાળે જવાબ દીધો. "હજી સુધી હું કોઇ પણ રીતના અનુમાન પર આવી શકયો નથી" "પણ તમારી તપાશ સંપૂર્ણ નિવડશે. એમ ધારૂં છું." નંબર ૧ વાળે કહ્યું.

ઉપલા જવાબથી નંબર ૨ નો ડીટેકટીવ પોતાના મનમાં હરખાયો અને બોલ્યો. "સાહેબ આપ નિશ્ચિંત રહો, પરમેશ્વર કરશે. તો આ કેસમાં હું સાફ પાર ઉતરીશ. આપને તકલીફ લેવી નહીં પડે."

"તેમ થવાને હું પણ ઉમેદ રાખું છું" નંબર ૧ વાલે સાદા શબ્દોથી જવાબ દીધો, "પણ ઠીક પેલી છરી વૈદ્ય પાસે મોકલી આપો તેના પર લોહીના ડાગ છે માટે તે નોંધ કરી લે; કારણ ઇન્સાફ વખતે તે બિના બહુ ઉપયોગી થઇ પડશે. આવી બાબતમાં વિલંબ ન જોઇએ" નંબર ૧ વાલે સુચના કીધી. આ પરથી મજકુર છરી ત્યાના સરકારી વૈદ્યને ત્યાં તપાસવા અને અભીપ્રાય લખી મોકલવા માટે મોકલવામાં આવી. છરીને બારીકીથી તપાસતા નંબર ૧ વાળા ડીટેકટીવની ખાત્રી થઇ હતી કે તેના પરના ડાગ તાજા ન હતા. પરંતુ વીશ ,પચીશ રોજપર એ છરી ઉપયોગમાં લેવામાં આવી હોય. એમ દીસતું હતું. તેના પર જે લોહીના ડાગ હતા તે બહુ સુકાઇ ગયા હતા. આ બિનાએ નંબર ૧ વાલાના શકમાં વધારો કર્યો હતો.

"એ છરી તહોમતદારે કયાંથી મેળવી હશે. તે બાબતમાં કંઇ પૂરાવો મેળવી શકયા છો. અથવા એના માટે તહોમતદાર કંઇ ખુલાશો કરે છે." નંબર ૧ વાલે પુછયું?

"નહીં નહીં એ બાબત જાણવાથી હું હજી તદ્દન બેનશીબ છુ" નંબર ૨ વાલે જવાબ દીધો.

"ઠીક, લાસને આપે તપાશી ત્યારે તેના ગળાપર જે ઉજરડો થયેલો જોવામાં આવતો હતો. તે શાથી થએલો તમે માનો છોં" નંબર ૧ વાલે પુછયું?

"એ હકીકતને અગત્યના ભાગ તરીકે મેં ધ્યાન પર લીધી નથી જેથી મારા મગજ પરથી તે ઊતરી ગઇ છે." નંબર ૨ વાળે જવાબ દીધો.

આ બાબતમાં બનતી તજવીજ બહુ બારીકીથી કરવી જોઇએ એવા વિચારથી નંબર ૧ વાલો ઉઠવાની તૈયારી કરે છે. પણ વળી તે એવા ઠરાવ પર આવે છે કે, અત્ર વખતે થયેલી વાત ચીત ઉપરથી જે વિચારો તેને સુઝ્યા તેની નોંધ કરી લેવી જોઇયે. આગલ પર તે કિમતી નીવડશે. આમ વિચારતા તેણે ત્યાંજ એક બાજુ ઉપર એકાંત સ્થળ જોઇ પોતાની નોટ બુકમાં નિચે પ્રમાણે નોંધ કરી લીધી.

મરનારના મોંપર જે ઉજરડો છે તે ખુનીના હાથથી થએલો છે. એ ઉજરડો કોઈ ધારવાળા પદાર્થથી થએલતો નથી. પણ કોઇ અણીદાર વસ્તુથી થયેલો જણાય છે. મરનારપર ખુની હુમલો એકાએક તેની અ-જાણતાંમાં થયેલો હોવો જોઇએ. જેના પરિણામે તે પથારી ઉપરથી ખસી શકયો નથી; પોતાના હરીફ સામે બળ વાપરી શકયો નથી. મોંપર જે ઉજેરડો છે તે કહી આપે છે કે, જ્યારે તેનાપર ખુની ધા કરવામાં આવ્યો ત્યારે તે ચોંકયો છે અને ઉઠવાનું કરતાં તેના હરીફે તેના મોંને હાથના બળથી હડસેલો મારેલો છે. અથવા જોરથી દબાવી પાડેલો છે, જેથી ખુનીના હાથમાં પહેરેલી વીંટી યા બીજી એવીજ ચીજથી એ ઉજ-રડો થએલો લાગે છે. ગુન્હેગાર બાહેરથી દરવાજામાં થઇને આવેલો જણાતો નથી, પણ ઉપરના ભાગથી આવેલો છે. અથવા અગાઉથી તે ઘરમાં ભરાઇ બેઠેલો હોવો જોઇએ. તેપણ એકાદ કબાટ અથવા ટાંકા બારીના અંદર જે લુગડાં છે તે ભાગમાં. કારણ મારા જોવામા જે કબાટ આવેલો છે તેના હેઠળના ભાગમાં વિખણ એવા પ્રકારની છે કે જ્યાં એકાદ માણુસ બેશી શકે. સામાનની ઉથળ પાથળ ભુલવણી માટેજ કરવામાં આવી છે, ચોરી થઈ નથી ચોરી માટે આ ખુન હોયજ નહીં. આ કામ એકજ માણુસના હાથે થયેલું હોવું જોઇએ. જે છરી હાથ કરવામાં આવી છે તે આ ખુનમાં વપરાઇ નથી.

ઉપર પ્રમાણે નોંધ કરી નંબર ૧ વાળો બહાર આવ્યો અને નંબર ૨ વાળાને શેકહેંડ કરી ચાલતો થયો. ખુનવાળી જગ્યાપર જતાં ગઈ રાત્રે કોઇની ચીચીઆરી સંભળાઇ હતી કે નહીં એ બાબતમાં અડોશી પડોશીથી પુછપરછ કીધી તો બધી જગોએથી નાનો જવાબ મળ્યો. આ ઉપરથી તેણે માન્યું કે, મારા બાંધેલા અનુમાનમાં ભુલ થવાનું કારણ નથી. મરનારપર એકાએક અણધાર્યો હુમલો થયો નહોત તો જુલમના પોકારો તે કરી શકત જેથી તેનો અવાજ અડોશીપડોશી-ના સાંભળવામાં આવત. ખુન થવાના અરસામાં લોકો જાગ્રત હશે. કારણ રાત્રના અગીયાર બાર બજ્યાના અરસાની એ બિના છે. માટે

મરનારપર ખુનીએ એકાએક હુમલો કર્યો છે, તેમાંતો જરાએ શક નથી. અને તેજ કારણથી મરનાર કંઇ બચાવ કરી શકયો નથી. આ મારૂં અનુમાન સત્ય છે. હું ખરા ખુનીને હવે પકડવામાં ભાગ્યશાળી થઇશ. જેના માટે હાલના અનુમાનો સારી આગાહી આપે છે. એમ ધારી મનમાં મલકાતો ઘર તરફ ગયો. દરવાજાપર તેની બેહેન તેના આવવાની રાહ જોઇ ઉભી હતી પોતાના ભાઇને ખુશીભરેલા ચહેરાથી આવતો નિહાળી તેણીએ પુછયું "ભાઇ આજે કંઈ નવી ફતેહ મેળવી લાગે છે." બન્નેજણા ઘરમાં દાખલ થયા.

"ભાઇ, વહાલાભાઈ ! મારા જીગરમાં પેલા મુસાફરની વાત રમી રહી છે. તમને આજની તપાસમાં તેના માટે શી હકીકત જણાઈ છે. તે જાણવા માગું છું."

"તમારા નિખાલસ હૈયામાં જે વાત રમી રહી છે, તે પેલો મુશાફર નિર્દોષ હોવા માટે અલબતે બહુ ચોકકસ છે. આજની તપાસ દરમ્યાન મને એટલી તો ખાત્રી થઈ છે કે તેના સામે કંઇ કાવતરૂ કરવામાં આવેલું જણાય છે. મારા વિચાર પ્રમાણે મરનારનું ખુન કોઇ ખાનગી હસદના પરિણામે થયેલું છે. પરંતુ ખરા ખુનીને પકડવામાં હું જ્યાં લગી ફતેહમંદ થયો નથી. ત્યાં લગી મારા બોલવા પર હું પોતે શકમંદ છું." સેલાએ જવાબ દીધો.

"નહીં નહીં ભાઇ, આપ શકમંદ શા માટે બનો છો? ખરો ખુની આપના પંજામાં સપડાઇ ગયા વગર રહેશે, નહીં" પેલી બાઇ ખુશાલીના આવેશમાં બોલી. "મને જણાવો તો ખરા કે, પેલા મુશાફરના નિર્દોષ પણા માટે જે હકીકત તમે મેળવી છે તે કહી છે?"

"મારી વહાલી બહેન, જે વખતે ખુન થયું તે વખતે મરનારની બુમો કોઇએ સાંભળી નથી. એ વાત ચોકકસ પણે ખરી ઠરે છે ત્યારે ખુન કેમ અને કેવી રીતે થયું હશે. એ બાબતમાં મારા વિચારો આમ થાય છે કે મરનાર પર એકાએક હુમલો થયો તે વખતે તે નિશ્ચિંત પણે પથારીપર નિદ્રામાં સુતેલો હોવો જોઇએ તેના પર જ્યારે ખુની ઘા કરવામાં આવેલો છે. ત્યારે તે ઉઠવાની તૈયારીપર આવ્યો છે. પરંતુ તેના હરીફે તેને ઉઠવા આપ્યો નથી. એક હાથથી તેના મ્હોને દબાવી બીજા હાથથી તેણે ઘા કર્યો લાગે છે. હાથના દબાણ સામે મરનારે કરેલા બળથી તેના મ્હોંપર એક ઉજરડો થયો છે. આ ઉજરડો હરામખોરના

હાથમાં પેહેરેલી વીંટી અથવા બીજા એવાજ પદાર્થથી થયેલો લાગે છે. આ ખુન કરતી વેળા [એક કરતાં વધારે માણસો હોવા ન જોઇએ એ જણનું કૃત્ય કરેલું હોત તો મરનારના બિછાના પર લોહીની રેલમ છેલ થાત નહીં, વળી મરનાર ઘરમાં આવ્યો, તે પેહેલા ખુની તેના ઘરમાં ભરાઇ બેઠેલો હોવો જોઇએ" આમ બોલી પેલી નોટ બુક તેણીને બતાવી.

"આપની કલ્પના ખરેખર સાચી થશે. આ મુશાફર એ ગુન્હા કરશે. પણ ભાઇ નંબર ૨ ના તમારા મિત્રે કેવા પૂરાવા ઉપરથી એ મુશાફરને પકડયો હશે" પેલી બાઇએ પૂછયું?

"હા હા બેન, એ વાત તો તને જણાવતાં હું ભુલી ગયો છું. મુશાફરના ઘરમાંથી એક લોહીથી ખરડાયેલી છરી તેણે હાથ કરી છે. એ છરી પરના લોહીના દાગ મેં જોયા તો આ ખુનમાં એ છરી વપરાયેલી હશે એ વાત મારા વિચારથી બાહેર જાય છે. તે સરકારી વૈદ્ય પાસે મોકલાવી છે. આ પુરાવો પેલા મુસાફર વિરૂદ્ધ નકામો થઇ પડશે કે નહીં. એ વાત ભવિષ્યપર આધાર રાખે છે. વળી મુશાફરની ઓરડી પાસેથી એક બંદુક પણ હાથ લાગી છે. પણ તેના માટે હાલ કંઇ ચોક્કસ મત બાંધી શકાતો નથી." નંબર ૧ વાલે જવાબ દીધો.

"મારા વહાલા ભાઇ, આપ બહુજ ઉંડા વીચારોમાં ગીરફતાર થઇ ગએલા છો. પણ ખુની ખુનવાળી જગ્યામાં આગળથી ભરાઇ બેઠેલો અથવા ઉપલા ભાગમાંથી દાખલ થયો હશે. એવા અનુમાનપર આપ કેવા કારણોથી આવેલા છો? છરીની બીના ભેદ ભરેલી તો નહીં હોય."

"બહેન મારી કલ્પના વાસ્તવિક કારણોનું પરીણામ છે. રાત્રિના અગીઆર બાર બજ્યા લગી જરમર જરમર વરસાદ વરસતો હતો રસ્તામાં તેથી કાદવ થયો હતો. ખુન એજ અરસામાં થએલું છે. જો ખુની અગાઉથી ઘરમાં ભરાઇ બેઠેલો ન હોત અને પાછળથી રસ્તો પસાર કરી આવેલો હોત તો તેના પગલા કાદવમાં જમી રહેત પગ માટે બધી રીતની ખોળ કીધી પણ કયાંએ પતો લાગ્યો નહીં. જે પરથી ઉપલો અનુમાન સુજ પડયો છે. વળી વિશેષ એમ પણ કહી શકુ છું કે, ગુન્હેગાર શરીરે કૌવત વાળો અને મરનાર સાથે પરીચય ધરાવનાર તેના ઘરનો ભોમીયો હોવો જોઇએ. છરી અને બંદુક માટે હાલ વીશેષ હું કાંઇ બોલી શકતો નથી." નંબર ૧ વાલે જવાબ દીધો.

"ભાઈ હું નથી માનતી કે, એ મુશાફરના હાથે આ ખુન થયેલું હોય। કદાચ લોહીથી ખરડાયલી છરી તેના કબજામાંથી મળી

આવી હોય તો પણ મને એવી તો ખાત્રી છે કે, ખુની લોકો એવા અકલ શુન્ય હોતા નથી કે ખુન કર્યા પોતાના ઘરમાં ભરાઇ બેશે એ મુશાફરતો પોતાની ઓરડીમાં બેપરવાઇથી બેઠો હતો ત્યાંથી તેને પકડવામાં આવ્યો છે. તો પછી એક નિર્પરાધી માણુશ ઉપર શક લઇ જવા માટે ખરા ખુનીએ છરી ત્યાં નથી ફેંકી એમ સાથી માની શકાય." બાઇએ ગંભીરાઇથી પૂછ્યું.

"એ તમારી કલ્પના બહુ ગંભીર રૂપ ધારણ કરે છે. પણ બચાવમાં એલીબી સાબિત કરવા માટે કેટલાક ગુન્હેગારો નાશી જવાને બદલે એક ઘરમાં બેશી પણ રહે છે. તોપણ તમારો અનુમાન ઠીક છે." નંબર ૧ વાલે જવાબ દીધો.

"નહીં નહીં, ભાઇ આમાં તેમ માની શકાતું નથી. મુશાફર પાસે બીજા માણસની ઘેરહાજરી છે. જેથી એલીબી સાબિત કરવાના સાધનોથી તે બેનશીબછે. ઉપરાંત તેને ખુન કરવા માટે કારણો પણ શું હોય? એ હકીકત બહુ ધ્યાન ખેંચનારી છે." પેલી બાઇએ કહ્યું.

"આ બાબતમાં વધારે ચરચા હાલે કરવી બંધ રાખો હું બીજી હકીકત શોધવાના વિચારમાં છું. હવે મને એકાંતમાં બેશવા દો." નંબર ૧ વાલાની આ સૂચના પરથી પેલી બાઇ ત્યાંથી ઊઠી ગઇ તેના જવા પછી તેણે ખુનવાળી જગ્યા ઉપરથી મેળવેલી પેલી બે વસ્તુ કહાડી પોતાના હાથમાં લીધી. કાગળના કટકા પર લોહીના ડાગ થયા હતા. તેનાપર ગુલાબસીંગ જોગ્ય, એટલા શબ્દો હોવા શિવાય બાકીનો કાગળ કોરો હતો. આ નામ ધરાવનાર શખ્સ કોણ હશે એ વિચારમાં તે બહુ ગોથા ખાવા લાગ્યો. છેવટે સુજ પડી કે અહીંથી ૨૦ મૈલપર આવેલા ગોમાસર ગામમાં એ નામથી એક પેઢી ચાલે છે ખરી. "હવે મારે એકદમ ત્યાં જવું જોઇએ ખુનીને કોઇએ એ પેઢીપર કાગળ લખી આપેલો જણાય છે તે કાગળ તેણે પહેરેલ બદીઆન અથવા તો પેરણ કે બીજા એવાજ વસ્ત્રના ખીશામાં તેણે રાખેલો હોવો જોઇયે. તેણે પેલો ઘા કરતા મરનાર ઉઠયો છે. અને તેણે ખુનીપર હાથનો જાવો કરેલો છે. તે જાવામાં ખીશામાંનો થોડોક ભાગ તથા આ કાગળનો ચુકકો તેના હાથમાં આવી ગયો લાગે છે. બાકીનો કાગળ અને ખીશાનો ભાગ ખુનીએ પહેરેલા વસ્ત્ર સાથે રહી ગયેલો જણાય છે માટે પ્રથમ મારે ગોમાસર તુરત જવું જોઇએ. આમ વિચાર કરી તેણે ચાલવાની તૈયારી કીધી પોતાની બહેનને જણાવ્યું કે "હું એક અગત્યના કા-

રણુસર ગોમાસર જાઉં છું. વખતસર વળી આવીશ, ખુશીની સાથે પધારો એવો જવાબ બ્હેન તરફથી મળતા. તે ગાડીમાં બેશી રવાનો થયો.

સાંજનાં છ બજ્યાના અરસામાં તે ગોમાસરના પાદરે પહોંચ્યો પોતાના આવવાની ખબર તેણે ખાનગી રાખી હતી. ગાડીને ગામ બાહેર રખાવી પોતે ગામમાં દાખલ થઇ. પરભારો ગુલાબસીંગની વખાર પર ગયો. જ્યાં ગુલાબસીંગની પુછા કરતા એક સારા લીબાશથી ગાદીપર બેઠેલા માણશે તેને આવકાર દઇ પોતા પાસે બેસાડયો. વિનય મર્યાદા થયા બાદ ડીટેકટીવ નંબર ૧ વાળાએ પુછયું. "શેઠ ગુલાબસીંગ આપ પોતેજ છો?" પેલાએ જવાબ દીધો. "હા, મારૂ નામ ગુલાબસીંગ છે." "ત્યારે તમારી સાથે મારે કંઇક ખાનગી વાત કરવાની છે." નંબર ૧ વાળે સુચના કરવાથી બન્ને જણા એક પાસેના ઓરડામાં દાખલ થયા. જ્યાં નંબર ૧ વાલે વાત સરૂઆત કીધી. "શેઠ અહીંઆ આપણ વચ્ચે જે વાત ચીત થાય તે તદન ખાનગી રહેવા પામે એમ માગું છું."

આ માણસ છુપી પોલીસનો વડો અમલદાર છે. એ વાત ગુલાબસીંગના જાણવામાંજ હતી. જેથી તે ફિકરમાં પડયો કે કોણ જાણે કેવી હકીકતની તપાશ માટે તે આવ્યો હશે. તોપણ હિમત પકડી શાંતપણે તેણે જવાબ દીધો કે, "સાહેબ, આપ કોઇ વાતની જુદાઇ રાખોમાં આપણ વચ્ચે જે કંઇ વાતચીત થશે તે આપણ બે વચ્ચેજ રહેવા પામશે. માટે ખુશીની સાથે જે કંઇ પૂછવાનું હોય તો પુછો." આ સાંભળી ડીટેકટીવે બોલવું શરૂ કર્યું.

"ગયા બે રોજમાં આપની પહેડીથી કોઇ અજાણ્યા શખ્સે પૈસા ઉપાડયા છે કે નહીં?"

આ સવાલથી પેલો વેપારી વિચારમાં પડયો. કારણ સવાલનું તાત્પર્ય તેના સમજવામાં આવ્યું નહીં, જેથી તેણે ચોપડા જોઇ જવાબ આપવા કહ્યું.

"નહીં નહીં, શેઠ આપ ગભરાઓ છો શા માટે? હું કોઇ ગુન્હાના કામમાં આપની સામેલગીરી હોવાનું માનતો નથી, તેમજ તમારી ઉપર મને કોઇ રીતનો શક પણ નથી. માત્ર એક નજીવા વહેમના કારણ માટે મને એક બાબત તપાશવાની છે. આપ નામુ અત્રે લઇ આવો." ડીટેકટીવે કહ્યું. આ ઉપરથી પેલો વેપારી પોતાના ચોપડા લઇ આવ્યો. જેમા પાના ડીટેકટીવની રૂબરૂ ઉથલાવતા કોઇ કાગલ કે હુંડીના પૈસાની આપ લે થઇ નથી એમ સમજાયું.

"વારૂ, ખુશીથી તમારા ચોપડા ઠેકાણે મુકો; હું રજા માગુ છું'. ડીટેકટીવે ટુંકમાંજ પતાવ્યું.

"નહીં નહીં સાહેબ, આજે અહીંજ રહી જાઓ, કદી ઉતાવળ જેવું કામ હોય તો જમ્યા બાદ પધારજો. તે વગર જવાય નહીં. ગુલાબસીંગ તરફથી વિશેષ આગ્રહ થતો જોઇ અને વળી પોતાને વિશેષ પુછ પરછ કરવાની જરૂર હતી, જેથી ડીટેકટીવે રહેવાનું કબુલ કર્યું. થોડીવાર બેઠા પછી જમવાની તૈયારી થઇ. ગુલાબસીંગ ત્યાંથી ઉઠી અંદર ગયો. આ અરસામાં ડીટેકટીવે પોતા પાસેના કાગળના કટકાને વિશેષ તપાસ્યો કે તેમાંનું લખાણ લાંબી મૂદતનું છે, કે તાજેતરનું આ તપાસમાં તેને બહુ ગોથા ખાવા પડયા, પરંતુ કાગળની સફાઇ ઉપરથી તે તાજેતર વપરાસમાં લેવાયું હોય એમ તેણે નકકી કર્યું. ગુલાબસીંગે ડીટેકટીવને બોલાવી પોતાની પાસે જમવા બેસાડયો. વાતોની ગમત જારી હતી જમાય છે, હાસ્ય વિનોદ થયા કરે છે, એટલામાં એક નોકરે આવી ગુલાબસીંગને જણાવ્યું "મિનાપરના આપણા એજંટનો એક માણસ આપણી વખારપર આવેલો છે અને તે ઉભે પગ જલદી જવાની ઉતાવળ કરે છે. તેના પાસે એક કાગળ છે જેમાં રૂપૈઆ પાંચસો પોતાને ખાતે એ માણસને આપવા આપણા એજંટે લખ્યું છે. શું હુકમ છે?"

"તેને બેસાડો હું હમણાજ જમીને આવું છુ" ગુલાબસીંગે જવાબ દીધો. આથી પેલા નોકરે આવેલા માણસને થોડીવાર થોભવા કહ્યું.

"નહિં મારી સાથેના માણસો રવાના થઈ ગયાછે. મારે જલદી પોહોંચવાનું છે. શેઠની બહુ તાકીદ છે. માટે રૂપૈયા આપોતો ઠીક નહિંકો ચીઠી પાછી આપો મારે રૂપૈયાની દરકાર નથી." પહેલાએ દમમાં જવાબ દીધો. આ ઉપરથી ફરી વાર તે નોકર ગુલાબસીંગ પાસે આવ્યો અને ઉપલી બિના કહી.

ગુલાબસીંગ મિનાપરના વ્યાપારી ના કરજ હેઠલ દબાયો હતો. જેથી તેના માણશોની મરજી સાચવવી. વલી કાગલને માન આપવામાં ઢીલ થશે તો કોણ જાણે તેનું પરિણામ શુ આવશે એવા વિચારથી તેણે નોકરને કહ્યું "તું જા પહેલા માણસને અહિં તેડી લાવ અથવા તેણે આપેલો કાગળ અહીં લઇ આવ આથી મુખ્ય મુનિમના હાથમાં કાગળ હતો તે લઇ નોકર શેઠ પાસે આવ્યો શેઠે કાગળ જોયો. ડીટેકટીવનું ધ્યાન તે કાગળ પર કુદરતી રીતે ખેચાયું. તેના જોવામાં એ કાગળ ના મથાલાની જગ્યા ખાલી આવી ત્યાથી એ કાગળ જોવા તરફ તેની લાગણી વિશેષ ખેંચાઈ. પેલા શાહુકારને તેણે પૂછયું "શેઠ શી બાબતનો કાગળ છે.

એને કોણે લખ્યો છે વલી આવેલો માણુશ કોણ છે જે આવા ખુશીના વખતમાં ભંગાણુ નાખે છે? જરા જોઉં" કહી કાગળ પોતાના હાથમાં લીધો તો પોતા પાસે જે કાગળનો કટકો હતો તેના મળતાજ આ કાગલમાના અક્ષર તેને જણાયા ઉપરાંત મથાળાના નામ વગરનો આ કાગળ છે. જેથી આવેલા માણુસને જોવાની અધીરાઇ તેના મનમાં પેદા થઈ. પણ તેણે વિચાર કર્યો કે જો હું આ વખ્તે મારી અધીરાઇ જણાવીશ તો કાંઈ ને કાંઈ વિઘ્ન નડશે માટે મારે હમણા આ બાબતમાં કંઈ દરમ્યાનગીરી તો ન કરવી જોઈયે. તેણે પહેલો કાગળ ગુલાબસીંગને પાછો આપી દીધો ગુલાબસીંગે માણુસને હુકમ કર્યો કે "જાઓ પૈસા આપી આવેલા માણુસ ને વિદાય કરો પણ આ કાગળમાં તેનું નામ ઠામ નથી માટે તે તેને પૂછી નોંધી લેઈ પૈસા આપજો આ પરથી પહેલો નોકર મુનીમ પાસે ગયો અને શેઠ તરફથી થયેલી સુચનાથી તેને વાકેફ કર્યો જેથી મુનિમે રૂ. ૫૦૦ આવેલા માણુશને આપી તેની સહી લીધી. આ કાગળની બિના જ્યારથી ડીટેકટીવ ના જાણુવામાં આવી ત્યારથી તેનો પ્યાર ભોજન પરથી ઉઠી ગયો હતો. તેના મનમાં એજ જંખના થવા લાગી કે આ બનાવ ખરેખર મને મારી તપાસમાં ફાયદેમંદ નિવડશે જમી ઉઠયા પછી બન્ને જણા બીજા ઓરડામાં ગયા. જ્યાં કેટલીક આડી અવળી વાતો કર્યા પછી ડીટેકડીવે ગુલાબસીંગને કહ્યું કે "હજી મારે એક વાત તમને જણાવવાની છે તેનો ખુલાસો આપશો." એવી આશા છે. શેઠે તે વાત ઘણી ખુશીની સાથે સ્વિકારી.

"મહેરબાની કરી મને જણાવો કે ગયા દશ રોજમાં કોઇ અજાણ્યા માણુશે તમારી પેઢી પરથી પૈસા મેળવ્યા છે કે નહીં?" ડીટેક્ટીવે પુછ્યું.

"ત્યોને સાહેબ ચોપડા તપાશીએ" આમ બોલી ગુલાબસીંગ ચોપડા લઈ આવ્યો. અને તે તપાશવા માંડયા. "ડીટેકટીવની ધારણા માત્ર આ વખતે પૈસા લઇ જનારનું નામ જાણુવાની હતી" ગુલાબસીંગ ચોપડાનાં પાના ઉથલાવતો હતો. દરમ્યાનમાં તેણે પૈસા લઈ જનારનું નામ જોઇ લીધું. ચોપડા તપાસ્યા પછી ગુલાબસીંગે ઉપલા સવાલનો જવાબ નકારમાં દીધો.

"ઠીક ત્યારે આ વખતે જે શાહુકારનો હવાલો આપે સ્વિકાર્યો તેની સાથે કેટલી મુદતથી આપને આડત વ્હેવાર છે?" ડીટેકટીવે પુછ્યું.

"લગભગ આઠ વર્ષ થયા હશે" ગુલાબસીંગે જવાબ દીધો.

"એ સાહુકારના મુનિમનું ખુન થવાની ખબર તો તમારા જાણવામાં આવી હશે." ડીટેકટીવે પુછ્યું.

"હાજ તો સાહેબ, એ બનાવ તો બહુજ ત્રાસ દાયક બન્યોછે. ખરેખર એક સ્વતંત્ર વિશ્વાસ પાત્ર માણસના જીવની હાની થઇ છે પણ કોણ જાણે એ ખુન કોણે કરેલું હશે." બહુ ગંભીરાઇથી ગુલાબસીંગે જવાબ દીધો.

કેટલીક બીજી વાતચીત થયા પછી ડીટેકટીવ બોલ્યો "વારૂ પણ તમારી ચાલુ લેતી દેતીના ચોપડામાં તમે જેને પૈસા આપો છે. તેની સહી લેવાનો વહીવટ રાખવાનું કારણ શું?"

"સાહેબ માત્ર કાગળ અથવા હવાલાના પૈસા આપવાના સંબંધમાંજ એ વહિવટ રાખેલ છે. કારણ તેના પૈસા લેવા આવનારા કેટલા એક માણુશો પિછાન વગરના હોય છે, જેથી તેમની સહી લેવાનો વહિવટ ભવિષ્યમાં કાંઇ વાંધો પડે તો કામ લાગે છે. પૈસા લેનારને પૈસા મળ્યા છે એ વાત સંશય વગરની માનવા માટે તેની સહી ચોકશ પૂરાવો થઇ શકે છે. ઉપરાંત આવેલો કાગળ અથવા હવાલો ઘેર વલે જાય. તો પણ ઘણી અડચણ આવતી નથી" ગુલાબસીંગે જવાબ દીધો.

તેને અહીંથી કંઇ પણ હકીકત મળશે એવી આશા બંધાઇ હતી "સબબ ડીટેકટીવે વાત આગળ ચલાવી" બિચારો રેવાસીંગ નિમકહલાલી અને સાચા દીલથી નોકરી કરનાર હતો. એ વાત તો હું પણ જાણું છું. પરંતુ પેટા માણુશોપર તેની દેખરેખ કેવી હતી તથા તેમનો પ્યાર તેના પ્રત્યે કેવો હતો એ બિનાથી હું અજાણ્યો છું. આ બાબતમાં તમે કાંઇ વાકેફગારી આપી શકશો?"

"પેટા માણુશો પાસેથી સોંપેલું કામ બરાબર રીતે બહુ સંભાળથી વખતસર લેવામાં તે ચુકતો નહીં. વળી કોઇના તરફથી ગફલત કે કસુર થઈતો તે બહુજ ગુસ્સાના આવેશમાં આવી જઈ સામાને ધમકાવતો અને વખતે પગારમાં કાપકુપ કરતો. આથી પેટા માણુશો તેનાથી નારાજ રહેતા હતા" ગુલાબસીંગે જવાબ દીધો.

"ત્યારે શું કોઇ પેટા માણશે તો તેનું ખુન નહીં કરેલું હોય." ડીટેકટીવે પુછ્યું ?! "પણ નહિં નહિં, તેઓ થોડી બાબત માટે આવો નીચ રસ્તો લે એમ માનવું અસંભવિત છે." ડીટેકટીવે ફેરવી તોળ્યું.

"આપ એ વિચારપર આવતાહો તો હું પોતે પણ જાણું છું

કે, મરનારપર તેના શેઠની ગુપ્ત રીતે ખરાબ નિષ્ટા હતી. અગરચે જાહેર દેખાવ, ગમે તેવો હતો તોપણ", ગુલાબસીંગે જવાબ દીધો.

"કેમ વળી એમ તે કેમ?! એક શાહુકાર પોતાના લાખો રૂપૈયાના વહીવટની લગામ એક માણસને સ્વાધિન કરી તેનો વહિવટ ચલાવવા દે. અને અંદરખાને પેલા માણસ સાથે ઈતરાજી રાખે એ વાતતો નવાઈ જેવી લાગે છે. ગુલાબસીંગભાઇ "મને આ બાબતમાં થોડીક સમજણ આપે આપવી જોઇએ." ડીટેકટીવે કહ્યું.

"મારા જાણવામાં આવેલી બિના અફવારૂપ છે. જેથી તેના ખરાપણા માટે મને પણ શક છે. માટે એ વાત આપણે અહિંજ પડતી મુકીએ" ગુલાબસીંગે જવાબ દીધો.

"જોકે તે સાથે મારે ઓછોજ સંબંધ છે. તોપણ કોણ જાણે એક નજીવા જેવા બનાવમાંથી જબરદસ્ત કામો થઈ પડે છે. આપે સાંભળેલી બિનાથી મને વાકેફ કરવામાં કાંઈ હરકત છે વારૂ? ડીટેકટીવે પુછ્યું.

"નહિં નહિં સાહેબ, મને એમાં શાની હરકત હોય!! લ્યો સાંભળોને:–અમારા આડતીયાની એક જુવાન સ્વરૂપવાન છોકરી છે. તેણી સાસરે જતી નથી. રેવાસીંગ જોડે તેને આડો વ્હેવાર હોવાની વાત લોકોમાં ચરચા પામી છે. તે બાબત અમારા આડતીયાને શક પેઠો છે. એજ કારણસર તેનાપર તેની અંદરખાને ખરાબ નિષ્ટા હોવાની વાત સાંભળી છે." ગુલાબસીંગે જવાબ આપ્યો.

"અરે શેઠ એ વાત ન મનાય તેવી અને તદન ગલત છે. અમો કોઈ ન જાણે તેવી રીતે જુદા જુદા વેશમાં હમેશાં શહેરના ખાનગી ભાગો તપાશીએ છેયે. ગેબી બિના મેળવીએ છેયે. લોક અફવા સાંભળવી અને તે ઉપરથી જુદા જુદા અનુમાનો બાંધવા એ વિષયતો અમારા ધંધામાં ઉપરીપણું ધરાવે છે. છતાં આપ બોલ્યા તે વાત આજ સુધી મારા જાણવામાં ન આવી. તેમ અમને કોઇએ ખોટા મનથી પણ વાકેફ ન કર્યા તથાપિ અહિંઆં સુધી તે વાત પહોંચી આવી એ બહુ અજાયબ જેવી બિના છે, કોણ જાણે તેમાં પણ કાંઇ ભેદ હશે! પણ શું રેવાસીંગ તેવી વર્તણુકવાળો હતો કે?" "છટ છટ, એતો ખાલી તેને બદનામ કરવા માટે કોઈએ બનાવટ કરી ખોટી અફવા ચલાવી લાગે છે. પણ મને જણાવો તો ખરા કે એ વાત અહિં સુધી કોણે પહોંચતી કરી? ડીટેકટીવે સવાલ કર્યો.

"મહેરબાન, એતો ગામ અફવાછે. લોકોને શું ખોટી સાચી કરવામાં કાંઇ પૈસા બેસે છે. જેને જેમ સાંભળવામાં આવે છે તે તેમ બોલ્યા કરેછે." ગુલાબસીંગને વહેમ આવ્યો કે રખેને આ બાબદમાં મને કાંઈ હરકત થાય ! જો ન બોલ્યો હત તો ઠીક હતું" આપણને તે બાબતમાં કાંઇ લાગતું વળગતું નથી. જગતના મોઢે કંઇ ઢાંકણું નથી. ઘણા જણો જુદી જુદી વખતે બોલે એટલે નામ તે કોનું દેવાય ?! ગુલાબસીંગે જવાબ દીધો.

"શેઠ મહેરબાની કરી મને પેદા થયેલી અધીરાઇ શાંત થવા એકાદ શખ્સ નું નામ તો આપો આપ ગભરાઓ છો શામાટે ? આમાં કંઇ ગુન્હા ભરેલું કામ નથી; આપને કાંઈ હરકત થશે નહીં મારો સ્વભાવજ એવો હઠીલો છે કે જે વાત ચાલુ થઇ, તેનો છેડો આવે નહિ ત્યાં લગી ચાલુ રાખવા ની હોંશ સમાતી નથી; માટે મને જણાવો કે આપે એ બિના કયાંથી મેળવી છે?" ડીટેકડીવે પુછ્યું

"સાહેબ આજે જે માણશ અહિંથી તાબડતોબ પૈસા લેઈ ગયો છે તે અમારા એજંટ નો ખાનગી વિશ્વાસુ નોકર છે તેના તરફથી અનેક વખતે આ બિના મારી પાસે લાવવામાં આવી હતી," ગુલાબસીંગે જવાબ દીધો.

"થયું, આપણને શું? જઇ પડે ખાડામાં! પણ લુચ્ચા નોકરોને શરમ હોતી નથી કે જેનું નિમક ખાય છે. તેનાજ ઘરની ફજેતી બાહેર કરે છે. બહુ હરામી ચંડાળ, તેઓને ગણવા જોઇયે," ડીટેકટીવ બોલ્યો. "અને હવે શેઠ હું જવાની રજા માગુ છું, પરંતુ તે પહેલાં એક બાબત માગી લઉં છું તે સ્વિકારવામાં આવસે તો બહુજ ઉપકાર માનીશ."

"ઘણીજ ખુશીની સાથે આપ જેવા લાયક અમલદારો માટે આ માથુ પણ તૈયાર છે. ખુલ્લા દીલથી જણાવો; જે કંઇ જોઇએ તે માગી લ્યો, કંઇ જુદાઇ રાખતા નહીં," ગુલાબસીંગે કહ્યું.

મારા આવવાની વાત ગામમાં જાહેર થવી ન જોઇએ અને "અહીં ડીટેકટીવ અટકયો જેથી ગુલાબસીંગે પુછ્યું "સાહેબ, શા માટે અટકો છો? શું મારા માટે કાંઇ શંકા લેવા જેવી હકીકત છે અથવા આપ મને અવિશ્વાસની નજરથી જુઓ છો?"

"નહીં નહીં શેઠ, તેવું કશું નથી" ડીટેકટીવે જવાબ દીધો.

"ત્યારે આપ બોલતા બોલતા વચ્ચે અટકયા શાને માટે?" ગુ-લાબસીંગે પુછયું.

"રખેને મારી માગણી કબુલ કરવામાં ન આવે તો? એ હીલો મારા મનમાં આવતાં હું અટક્યો; પણ નહીં, તેમાં મેં ભુલ કીધી. હવે ત્યો, ખુસીથી માગી લઉં છું કે મિનાપર ગામથી આજે જે હવાલો રૂપિયા પાંચશેનો આપની પેઢીપર આવેલો અને જેના પૈસા ચુકી ગયા છે તે કાગળ મને શોંપવા મહેરબાની કરો તો બહુ સારૂ. કારણ તેમાંથી મારે એક બિના શોધવાની છે." ડીટેકટીવે કહ્યું.

"સાહેબ, એ કાગળ સાથે આપને શો સંબંધ છે? તે નકામો બિન ઉપયોગી છે. એ લઇ આપ શું કરશો?" ગુલાબસીંગે જવાબ દીધો.

"નહીં નહીં શેઠ, મને તે ઉપયોગી થશે એમ લાગેછે. તમે તે બાબતમાં કંઇ વહેમ લાવશો નહીં" ડીટેકટીવે કહ્યું. આથી પેલો કાગળ વખારમાંથી લઇ ગુલાબસીંગે તેને આપ્યો જે લઇ તેણે રજા માગી. વખાર બાહેર ગયા પછી વળી તેને એક વાત સુજ પડી, જેથી ફરી અંદર આવ્યો અને ગુલાબસીંગને કહ્યું. "શેઠ એક વધારે બાબત પુછ-વાની અગત્ય છે માટે અંદર ચાલો, બન્નેજણ અંદર ગયા જ્યાં તેણે વાત ચલાવી. "હું ફરી માત્ર તમને કહેવા માટેજ આવ્યો છું કે આપ નિશ્ચિંત રહેશો; મારા આવવા માટે કંઇ વહેમ લાવશો નહીં. વધારેમાં વધારે એ માગી લઉં છું કે મારા આવવાની વાત તદ્દન ખાનગીજ રહેવી જોઇએ."

"સાહેબ, તે ખાતે આપ નિશ્ચિંત રહો, એ વાત બિલકુલ બા-હેર પાડવાની નથી." ગુલાબસીંગે કહ્યું.

"પણ વળી એક વાત તમને પુછવી બાકી રહે છે. કોણ જાણે મારૂ હયું હમણા કેવા વિચારમાં ગુચવાયું છે કે તેમાં વિસમૃતનો ભાગ વધી પડયો છે. શેઠ રેવાસીંગ સાથે આપની પીછાન તો હશેજ."

"હાજતો તે ધણી મારા સાથે બહુ મિત્રાઈ રાખતો હતો" ગુલાબસીંગે જવાબ દીધો

"તેને શિકારનો શોક હતો કે નહિં? ડીટેકટીવે પુછયું.

"બહુજ જ્યારે છુટીના દીવસો આવતા ત્યારે તે એજ શોકમાં દાહાડા ગુજારતો વળી વખતે વખત કંઇ કામનું બહાનું બતાવી રજા

મેલવતો અને તે વખત પણ એજ કામ તે કરતો હતો. ગુલાબસીંગે જવાબ દીધો.

" પણ હથીઆર તો તેના ઘરમાં હતાજ નહિં તો પછી તે શિકાર શાથી કરતો ? " ડીટેકટીવે પુછ્યું.

" એમ કહેવામાં આપ ભૂલ કરોછો તેના પાસે એક બંદુક બહુજ ઊમદા હતી જે તેના દીવાનખાનામાં હમેશાં ભરીનેભરી રેહતી હતી. ગુલાબસીંગે જવાબ દીધો. "વારૂ, પણ આ વાત તમે શી રીતે જાણી શકયા છો ? મારા ધારવા પ્રમાણે રેવાસીંગ સાથે શિકારે જવામાં તેનો બીજો કોઇ ગોઠીયો તો હશેજ કારણ તે વગર એવા કામમાં ગમત પડે નહિ" ડીટેકટીવ વધારે શોધ કરવા લાગ્યો,

"સાહેબ, મારી આવ જાવ વર્ષમાં પાંચ સાત વાર ત્યાં થાય છે હું જ્યારે ત્યાં જતો ત્યારે મારૂ રહેઠાણુ તેની પાસેજ. કરતો જેથી આ બિના મારા જાણવામાં આવી છે. જરૂર બેચાર વખત મને પણ શિકાર માંહે તે સાથે તેડી ગયો હશે. રેવાસીંગ સાથે માનસીંગ નામનો માણસ હર વખત શિકારમાં સાથે રહેતો હતો."

"બહુ સારૂ હવે સાહેબ મહેરબાન" એમ કહી ડીટેકટીવ ચાલતો થયો બડી બામદાદમાં. તે મિનાપર આવી પહોંચ્યો તેની વહાલી બહેન તેના આવવાની રાહ જોયા કરતી હતી. તેણીએ તેને આવતો જોઇ ખુશાલી ભર્યા શબ્દોથી વધાવી લેતાં ઉમળકાથી બોલી. "ભાઇ બહુ વખત રોકાઇ ગયા?" તેણે જવાબ દીધો. "બહેન કામના દબાણને લીધે એમ પણ થઇ જાય. બન્નેજણા ઘરમાં દાખલ થયા. થોડીવાર આરામ લીધા પછી ડીટેકટીવ શહેરમાં ફરવા ગયો. પ્રથમ તેણે ભદ્રસીંગના ઘરની મુલાકાત લાધી. તે ધણીએ બહુજ માનથી તેને બેસાડયો. કેટલીક પુછ પડછ ઉપરથી પેઢીના માણસોના નામ તેણે જાણી લીધા. બાદ તે બોલ્યો "કેમ શેઠ, નંબર ૨ ના ડીટેકટીવે પકડેલા માણસ ઉપર આપને કંઇ શક છે કે નહીં?"

"હા હા સાહેબ, એ ધણીતો બડો બદમાશ, ચંડાલ વ્યભિચારી છે. એ માણસને તો હું આગળથી ઓલખું છું. મારા મિત્ર હઠીસીંગની ભત્રીજીનું તેણે હરણ કરી અમારી ઉમેદભરી મુરાદો ધુલ ધાણી કરી નાખી હતી. મારી સાથે તે દુષ્મની ધરાવે છે એટલે મારા માનીતા નોકરનો તે ઘાણ કાઢે તેમાં નવાઈ પણ શી ? ઉપરાંત તે પૈસે ટકે અશકત છે જેથી ખુન કરી તેણે તેની મતા પણ લઇ લીધેલ જણાય છે. મારા

વિચાર પ્રમાણે ખરેખરો ખુની એજ જણાય છે માટે આપ તેની પુરતી તપાસ કરશો એવી આશા છે ભદ્રસીંગે નરમાસથી પણ અધિરાઈ સાથે જવાબ દીધો.

"વારૂ તમારા મુનિમને શિકારનું વ્યસન હતું ખરૂં કે ?" ડીટેકટીવે પુછયું.

"હા સાહેબ નહીં જેવું ભદ્રસીંગે જવાબ દીધો.

"તેની શિકાર કરવાની બંદુક તેણે ક્યાં રાખી છે. એ વાત આપ જાણોછો ?" ડીટેકટીવે પુછયું.

"નહિં સાહેબ, એ વાત મારા જાણવાથી બાહેર છે." ભદ્રસીંગે જવાબ દીધો.

"બહુ સારૂં, હવે હું રજા લઈશ" ડીટેકટીવ બોલ્યો.

"સાહેબ, આપ નંબર ૨ વાળાને મળ્યા છો કે નહિં ?" ભદ્રસીંગે પુછયું.

"હું હમણાં ત્યાંજ જઇશ" ડીટેકટીવે જવાબ આપ્યો.

"ચાલો સાહેબ, ત્યારે તો હુંપણ તમારી સાથે આવવા તેયારછું"

"બહુ ખુશીની સાથે" આમ ડીટેકટીવે જવાબ દેવાથી ભદ્રસીંગ અને તે ત્યાંથી ચાલ્યાં નંબર ૨ ના ડીટેકટીવની આફીસમાં ગયા જ્યાં તે બેચરસીંગથી પુછ પડછ કરતો હતો. નંબર ૧ વાલા ડીટેકટીવને જોતાં બિચારા બેચરસીંગની આંખોમાં દુઃખના આંસુ ભરાઇ આવ્યાં આ દેખાવ જોઇ નંબર ૨ વાલો તેના તરફ આંખો ચડાવી બોલ્યો. "લુચ્ચા એ તારા ઢોંગ ઉપર કોઇને દયા આવશેજ નહિં. આ ખુન તેં કરેલું છે. એ વાત સાબિત થઇ છે. હવે ગુન્હો કબુલ કર કે નહિ. તે ખાતે અમારે કંઇ ફિકર રાખવાની નથી. તારી વિરૂદ્ધમાં જોઇતા પૂરાવા મોજુદ છે." આમ બોલી શિપાઇને હુકમ કર્યો કે "જાઓ, એને એક ઓરડીમાં રાખો." બાદ નંબર ૧ વાલા સાથે કેટલીએક વાતચિત થઇ જેમાં છેવટે નંબર ૨ વાળો બોલ્યો કે "આ કેશમાં મુદામાલ તરીકે જે બંદુક અને છરી હાથ આવી છે તે આ તહોમતદારના કબજામાંથી મળી છે. છરીપર લોહીના દાગ મોજુદ છે. હવે આ કેશ ન્યાયકોરટમાં મોકલી આપવા મારો વિચાર થાય છે. કેમ સાહેબ ! આપનો શો વિચારછે ?"

"મારા વિચાર પ્રમાણે હજુ પૂરાવાની ખામી છે. ખુનીએ શા

માટે ખુન કર્યું એ સવાલ ન્યાય કર્ત્તા તરફથી પુછવામાં આવશે. ત્યારે તેનો જવાબ દેવાને આપણે અશક્ત થઇ પડીશું." નંબર ૧ વાલે જવાબ દીધો.

"આ ખુન ચોરી કરવા માટેજ થયેલું છે. એમ મારી તો ખાત્રી છે, તોપછી આપ ખાલી શામાટે મુંઝાઓછો?" નંબર ૨ વાલે તરત બોલી દીધું.

"શું? ચોરીમાં કઇ કેવી તથા કેટલી મતા ગઇ અને તે કયાં છે. એવી તપાશ ન્યાય કર્તા નહીં કરે? ન્યાયાધિશ વહેમના પુતલા હોવા સાથે વળી આપણા પ્રત્યે શક ભરેલી નજરથી જોયા કરે છે." નંબર ૧ વાળાએ શાંતપણે કહ્યું.

આથી નંબર ૨ વાળો વિચારમાં પડી ગયો. તેનાથી કાંઇ સામો જવાબ અપાયો નહીં. પણ ભદ્રસીંગ બોલ્યો, "સાહેબ એ ખુનીની મુખ્ય મતલબ તો પોતાનો વેરભાવ લેવા માટે મને સંતાપવાનો છે. મારો તે કટો દુશ્મન છે. એટલે મારી સાથેના હસદના પરિણામમાં તેણે આ કૃત્ય કરેલું છે એમ શા માટે ન માનવું જોઇએ?"

"બસ થેંક્યુ! આ કારણ મુદ્દાસર અને બંધ બેસતું છે." નંબર ૧ વાળે હર્ષ સાથે જાણે જવાબ દીધો.

"શેઠ, ત્યારે આજ સુધી એ વાત આપે મારા પાસે કેમ ન કીધી! જાઓ જાઓ ભોળા તે સંપૂર્ણ ભોળા–ભોળામાણસો દુશ્મનોનો અર્થ સારે એ ચાલુ દાખલો આપને બરોબર બંધ બેસતો આવે છે." નંબર ૨ વાલે કહ્યું.

"સાહેબ, વગર પુછે તમારા જેવાં રોવાબદાર અમલદાર પાસે અમે તે શી રીતે બોલી શકીએ? અમને બોલવાની હિંમત પણ કેમ આવે?" ભદ્રસીંગે જવાબ દીધો.

"બરાબર છે આ માણસને પ્રોસીકયુશનના પુરાવામાં શાક્ષી તરીકે તૈયાર રાખજો પછી જે થાય તે ખરૂ" નબર ૧ વાલો બોલ્યો.

"વાહ! વળી આપ એમ કેમ બોલોછોકે પછી જે થાય તે ખરૂં, નંબર ૨ વાલે અધીરાઇથી પુછ્યું.

"નહિં સેજ સાજ, આપ નિરાશ શામાટે બનોછો? નંબર ૧ વાલે જવાબ દીધો.

"હું નિરાશ બનતો નથી મેં પકડેલો માણુશ ખરો ખુની છે એમ હું માનું છું આવતી કાલે એને ન્યાયકોર્ટમાં ઉભો રાખીશ નંબર ૨ વાલો બોલ્યો.

"બહુ સારૂં અને બની શકશેતો હું પણ ત્યાં હાજર થઈશ" નંબર ૧' વાલે જવાબ દીધો.

"હાજર થઇ મદદ આપશો એવી મનેપણ આશા છે. નંબર ૨ વાલે ઉપકારના શબ્દો બોલી માન આપ્યું. બાદ નંબર ૧ વાલો ત્યાંથી ચાલતો થયો અહિંનો ચાલ્યો પરબારે જે વૈદ્યને પેલી લોહીવાલી છરી તપાશવા માટે મોકલી હતી. તેને ત્યાં ગયો અને કેટલીક પુછપડછ કરી તો એ છરી પર માણુસ ના લોહીનાં ડાગ હોવા બાબે તેણે શક બતાવ્યો આથી આ કેશમાં કાંઇ ભેદ ભર્યો પડદો છે. આમ જે નંબર ૧ વાલાને વહેમ પેઠેલો હતો તેમાં વિશેષ વધારો થયો.

"નહિં નહિં વૈદ્ય રાજ, તમારી તપાસમાં તમે ભુલ કરેલી જણાય છે. એ છરીથી થોડા રોજપર એક શખ્સનું ખુન થયેલુંછે આમ નક્કી થાય છે. છતાં આપ મને શંકામાં કેમ નાખોછે ? નંબર ૧ વાલે પુછ્યું.

"હું મારો ચેક્કસ અભિપ્રાય હાલ આપી શકતો નથી" એમ વૈદ્યે જવાબ દીધાથી કેટલીક બીજી વાતો કરી નંબર ૧ વાલાએ ત્યાંથી ચાલતી પકડી પરબારે ભદ્રસીંગના દુકાનની મુલાકાત લીધી જયાં ભદ્રસીંગની ગેરહાજરી હતી માત્ર નામું માંડનાર મહેતા પોતાના કામમાં રોકાયલા તેના જોવામાં આવ્યા. ડીટેકટીવ દુકાન અંદર જઇ બેઠો અને મહેતા શાથે થોડીક વાતચીત કરી. તેણે પુછ્યું કે "તમારો શેઠ કયાં છે? તેના સાથે મારે ઉતાવળનું કામ છે માટે જ્યાં હોય ત્યાંથી બોલાવી. આવો. વળી હું અહીં આવેલો છું એ વાત ખાનગી રાખજો." આ ઉપરથી એક જણ શેઠને બોલાવવા ગયો.. પાછળ બીજા સાથે ડીટેકટીવે વાત ચલાવી.

"કેમ ભાઇ તમારા ભલા સરળ મુનિમના ખુનથી તમને દીલગીરી તો થઇ હશેજ."

"દિલગીરી શાની સાહેબ?! તેને શું આપ આબરૂદાર સમજતા હતા?" પેલાએ કહ્યું.

સાંભળવાને બહુ આતુરતા ધરાવતો હોએ તેમ નંબર ૧ વાલો

બોલ્યો. "ભાઇ, ત્યારે શું તે નઠારીચાલનો હતો? મને તેના માટેની થોડી બિના તો તમારે કહેવી જોઇએ."

"સાહેબ, અમારા શેઠના ઘરમાં તેની છોકરીનું ચલણ છે. શેઠ ભોળાસ્વભાવના છે. છોકરી મરનાર મુનિમના કહ્યાસર ચાલનારી એટલે જેટલાં પગલાં તેણીને મરનાર ભરાવતો તેટલાં તે ભરતી આ ઉપરથી મુનિમ સાહેબ ફાટી ગયા હતા. શેઠે ખાનગી રીતે તેને બહુજ સમજુતી આપી હતી. તોપણ તેણે પોતાની ચાલ સુધારી નહીં. અમારાપર તે બહુજ જુલમ કરતો હતો. નજેવા વાંક માટે ગમે તેમ બોલી છેવટે દંડ પણ કરતો હતો. જુવોને ત્યારે અહીંના કીધેલા અહીંજ જણાઇ આવે છે. સાહેબ, આપ વિચારતો કરો કે એવા માણસના મરણથી અમને દિલગીરી થાય ખરી કે?!" નોકરે કહ્યું.

"શું પોતાની પુત્રી મુનીમ ઉપર પ્યાર રાખે છે એ વાત શેઠ જાણવા છતાં આંખ આડા કાન કરતા હતા કે?" ડીટેકટીવે પૂછ્યું.

"સાહેબ, તેનું કાંઇ ચાલે નહિં. એકનીએક છોકરી—લાડમાં ઉછરેલી પ્યારમાં સુધરેલી, એટલે તેને કાંઇ કહેવાયતો નહીં જેથી શેઠ દીઠું ન દીઠું કરતા હતા" નોકરે જવાબ દીધો.

"હશે આપણને શું? કરશે તે ભરશે. પણ શેઠનો ખાનગી નોકર નાનસીંગ આજે દેખાતો નથી. અરે ઠીક! હું ભુલ કરૂંછું તેતો શેઠ સાથેજ હશે." ડીટેકટીવ બોલ્યો.

"નહીં સાહેબ, તેતો આજે ચાર રોજ થયા બિમારીના કારણસર રજા લઇ ગયો છે." નોકરે જવાબ દીધો-

"શી બિમારી થઇ છે?" ડીટેકટીવે પુછ્યું.

"તાપ આવે છે એમ કહેતો હતો પછી કોણ જાણે" નોકરે જવાબ દીધો.

એટલામાં ગાડી આવવાનો ખડખડાટ સાંભળવામાં આવ્યો. ગાડી વખાર પાસે ઉભી ભદ્રસીંગ અંદર આવ્યો. નંબર ૧ વાલાએ હાથ મેલાવતા કહ્યું. "શેઠ ખાનગી પધારો કાંઇક પુછવાનું છે." જે ઉપરથી બન્નેજણા ભદ્રસીંગના સુવાના દીવાનખાનામાં ગયા અને ત્યાં બેઠા. આસપાસ નજર ફેરવી નંબર ૧ વાલો બોલ્યો "વહાવા! જગ્યા તો બહુજ સુંદર બનાવી છે."

"પણ હજુ સંકડાસ છે. જેથી ફેરવી વધારવા વિચાર છે." ભદ્રસીંગ બોલ્યો.

કેટલીક વાતો થવા બાદ—"હવે આપણે હાલના વિષય પર આવીએ સાંભળો શેઠ, તમારા મુનિમના ખુન માટે આવતી કાલે ન્યાય કોર્ટમાં તપાસ ચાલશે. તમારે જુબાની બરાબર આપવી. તેમાં ખામી આવવી ન જોઇએ. હું માત્ર સુચના કરવાનેજ આવ્યો છું. કારણ કે આગળથી વાત ઘડી રાખી હોય તોપછી હરકત ન આવે" ડીટેક્ટીવે કહ્યું.

"નહીં નહીં સાહેબ, આપ જરાએ અંદેશો રાખશો ના, મારી જુબાની બરાબર પહેલા નંબરની આવશે. તે હરામખોર વિરૂદ્ધ પૂરેપુરી કામ લાગશે આપ નિશ્ચંત રહો. કંઇ ફિકર ના કરો" ભદ્રસીંગે હસીને જવાબ દીધો.

"હા શેઠ, તેતો મને પણ ખાત્રી છે કે આપ ભુલ નહીંકરો. તોપણ આગળથી કરેલા સંકેત બહુ કિમતી થઇ પડે છે." ડીટેકટીવે કહ્યું. અને વધારે પુછયું કે "આપનો વિશ્વાસુ નોકર નાનસીંગ કયાં છે? તે આ વખતે હાજર હોત તો બહુ ઉપયોગી થઇ પડત."

"હા, આપની કલ્પના ખરી છે. પણ લાચાર છું કે તે માણસ બહુ બિમાર છે. એટલે આ કામમાં તે આવી શકે તેમ દીસ્તું નથી." ભદ્રસીંગે જવાબ દીધો.

"તોપણ ગમે તેમ કરી તેને અહીં બોલાવોતો ઠીક મારા વિચાર પ્રમાણે તેને આ બાબતમાં કાંઇ સુચનાઓ આપી રાખીએ. આવતી કાલે નહીં તો પાછળ પર તેને હાજર કરીશું" ડીટેકટીવે કહ્યું.

"સાહેબ તેમ બની શકે એમ પણ નથી. કારણ તે માણસ આજે એક અઠવાડીઆની મુદ્દત થઇ અહીંથી ચાલ્યો ગયો છે." ભદ્રસીંગે જવાબ દીધો.

"મુકો, ત્યારે કંઈ જરૂર નથી; પણ આપને ફરી જણાવું છું કે આપ જુબાની આપતી વખતે બહુ ચોકકસ રહેજો ડીટેકટીવે કયું.

આ ગોષ્ટતેગોના અરશામાં ડીટેકટીવ દીવાનખાનાને ચોતરફ તપાશતો હતો. તેની દૃષ્ટી એક ટાંકાબારી જે કે ખુલ્લી હતી. તેમાં પડેલી ચીજ ઉપર પડતાં ધ્યાન ત્યાંજ ચોંટયું. તે એક છરીનું ખાલી મ્યાન હતું. જે છરી તેણે નંબર ૨ વાલા ડીટેકટીવના કબજામાં જોઇ હતી, જે તેની આંખોમાં રમતી હતી. તે છરીને આ મ્યાન બંધબેસ્તું હોય. આમ તેને જણાવયું આ મ્યાન પોતાના કબજામાં લેવા તેની લાગણી

ડીટેકટીવ પણ ભદ્રસીંગ પાસેથી તેની માગણી તો થઇ શકશે નહિં ત્યારે હવે કેવી રીતે એ ચીજ લેવી તેના વિચારમાં તે ગુંથાયો હતો. છેવટે ભદ્રસીંગની નજર ચુકાવી છુપીરીતે તે ઉપાડી લેવાની ધારણા નક્કી કરી ભદ્રસીંગ પાસેથી રજા માગી ઉભો થયો એટલામાં ભદ્રસીંગે તેને રોકત કરવા માંડી અને કહ્યું "સાહેબ જરાવાર ઠેરો ચાહા તૈયાર છે તે પી લઇએ બાદ આપ પધારો" એમ કહી ચાહા લેવા ગયો આ વાત ડીટેક્-ટીવને પણ ગમી જેવો ભદ્રસીંગ દીવાનખાનાથી બાહેર થયો કે પેહેલાએ છરીનું મ્યાન ઉપાડી પોતા પાસે છુપાવી રાખ્યું. થોડી મિનીટમાં ભદ્રસીંગ ચાહા લઇ આવતાં તે બન્ને જણે પીધી. બાદ ડીટેકટીવ ત્યાંથી ચાલતો થયો બાહેર નિકળવાપુછી મનમાં વિચાર કરવા લાગ્યો હવે મારે નાન-સીંગ ને મળવું જોઇએ તેનાથી તપાશ કરીશ તો કંઇ નવી બિના મળ-શેજ આ ભરમ ખોલવા માટે બારીકતપાશની જરૂર છે કારણ કાવતરૂં પુરેપુરૂં છે મનમા વિચાર કરતો કરતો પોતાના ઘર તરફ જાયછે જ્યાં રસ્તામાં નાનસીંગ એક ટટ્ટુપર સ્વાર થઇ સામેથી આવતો તેના દીઠામાં આવ્યો વખત સાંજના સાત બજ્યાનો થવા આવ્યો હતો. નાનસીંગને જોતાંજ ડીટેકટીવે તેને બોલાવ્યો "અરે ભાઇ તું કયાં ફરતો ફરેછે ? ! મારે એક અગત્યના કામસર તને મલવું છે માટે હમણા મારી સાથે ચાલશે ?

"ઘણી ખુશીથી, આમ બોલી તે ડીટેકટીવની ગાડી સાથે ચાલતો થયો. પોતાના ઘર પાસે આવતાં ડીટેકટીવ તેને અંદર લઇ ગયો. અને એક ખાનગી દીવાનખાનામાં બેસાડી. હું આવું છું એમ કહી દીવાન-ખાનું બંધ કરી બેઠકમાં જઇ બેઠો.

વખત રાત્રીના સાડાઆઠ કે નવ બજ્યાનો છે. ડીટેકટીવના મનમાં વિચાર આવ્યો કે મારે મુશાફરની મુલાકાત લેવી જોઇએ. કોણ જાણે તેણેજ આ કૃત્ય કરેલું હોય તો ! આ વિચારપરથી તેણે તેજ વખતે ગાડી તૈયાર કરાવી. પાસે ઉભેલી પોતાની બેનને કહ્યું કે "હું હ-મણાજ આવું છું" એમ બોલી ગાડીમાં ચડી બેઠો. પરબારે કેદીઓ પુરવાની કોટડીઓ પાસે ગયો. પોરેગીરોએ તેને સલામ કીધી.

"પેલો મુસાફરખુની કઇ કોટડીમાં છે?" ડીટેકટીવે પુછ્યું.

નંબર ૩૬ વાળી કોટડીમાં હોવા પોરાવાળાએ જવાબ દેવાથી તે ત્યાં ગયો અને કોટડીખોલી બેચરસીંગને બોલાવ્યો.

સાદ ઉપરથી આવેલા માણસને બેચરસીંગે પીછાની લીધો. જેથી તરત ઉભો થઇ તેના પગ આગળ પોતાનું શિર ઝુકાવી દીધું.

અને બોલ્યો "મારા વહાલા દયાળુ સરદાર, આ વખતે તમે મને દેખાઈ દીધો. તે માટે હું તમારો બહુજ ઉપકાર માનું છું."

"મુસાફર, હું મારા કામ પ્રસંગે મારી ફરજ બજાવવા માટેજ અહીં આવ્યો છું. આવા કાવતરા વાળા દેશોમાં મારી ચાલાકીની કસોટી ન કરૂં તોપછી ક્યારે કરૂં" ડીટેક્ટીવે જવાબ દીધો.

ત્યાર પછી બેચરસીંગ ગમગીન ચહેરાથી તેની સામે જોવા લાગ્યો અને બોલ્યો.

ગઝલ.

જોરો જફાએ–એ રાગમાં.

ના હમને કીસકો દુઃખ દીયા નાહક ફસાજો હોસો હો,
ના હમને કીસપે જુલમ કીયા નાહક ફસાજો હોસો હો. ટેક.
બે ખબર હું બે ખબર એ હાલ સુનને કો બે સબર,
કિસ્મતમેં યે લીખા હુવા નાહક ફસાજો હોસોહો. ૧
કીસકો કહું મેરા માઝરા સુનતા નહીં કોઇ ધ્યાનસે,
યે હાલ મેરા કયા હુવા નાહક ફસાજો હોસો હો. ૨
મહેબુબસે ઇકરાર થા નહીં મીલે અબ કયા કરૂં,
ઉમેદ યે બાકી રહી નાહક ફસાજો હોસો હો. ૩
કર મદદ પરમેશ્વરા હમ બે ગુન્હા રૂસવા હુવા,
"કુંવરજી"કો એ કહ દીયા નાહક ફસાજો હોસો હો. ૪

"તારાપર ખુન કરવાનું આરોપ છે. તેના માટે શો જવાબ આપે છે? મારી આગળ ખરીબિના જણાવવી જોઇએ" ડીટેક્ટીવે નરમાશથી પૂછ્યું.

"સાહેબ, અયે મારા જીવના માલિક, અપરાધનો મારા પર જે શક લઇ જવામાં આવે છે. તે તદન ખોટો છે હું પરમેશ્વરના સોગંદ લઇ કહું છું કે "મેં ખુન કરેલું નથી" આટલું બોલી બેચરસીંગ ડીટેક્ટીવને વળગી પડયો. અને પોકે પોક રડવા લાગ્યો.

ગઝલ.

દીલબર કરશો દુઃખને દુર–એ રાગ.

છઉં દુઃખીઆરો ગમમાં પૂરો મુજ મદદે કોઇ નથી,
મુજ મદદે કોઇ નથી અરે શું હાલ કહું મુખથી. છઉં૦ ટેક.

મશીબ ફુટયું હાલ થયા કોઇ તેની દવાઇ નથી છઉં૦
સચાઇ મુજ અંતરે રમે છે તેની ગવાઇ નથી. છઉં૦
સવાસેર સેર ઉપર ભમે છે. કજાપર કોઇ નથી. છઉં૦
વાંચ્યા સાંભળ્યા હાલ ઘણા કલજુગના જેવા નથી. છઉં૦
"ઠકકર"થી આ જુગની પૂરણુ સીફત બોલાતી નથી. છઉં૦

"બચ્ચા તું ધીરજ ગ્રહણુ કર. દીલને શાંત રાખ; નાદાન નહીં થા. તારા બોલવાપર મને ભરૂશો આવે છે." ડીટેકટીવે તેના માથા પર હાથ મુકી કહ્યું.

"પણુ મહેરબાન, મારો છુટકારો કેમ થશે? અહિં કોઇ મારી દાદ શાંભળે તેમ નથી અરે મારી વહાલીચંદ્રબા. તારૂં હવે શું થશે? તે મને કયાં મળશે હાય આ બધું કિસ્મતે દેખાડી આપ્યું છે. આમ બોલી વળી બેચરસીંગ રડવા લાગ્યો આથી ડીટેકટીવની આંખોમાં દયાના આસું ભરાઇ આવ્યાં પણુ તેણે પોતાનાં જુસ્સાને મજબુત રાખી બોલાવા માંડયું છોકરા તું રડ ના. હું તારો મદદગાર થઇશ. જો તે ખુન નહીં કીધું હશે તો તારે અફસોસ કરવા કારણુ નથી. પણુ તું જ્યારે ખુન કર્યાનું ના પાડે છે ત્યારે બીજા કોઇએ ખુન કર્યાનું તને અટકળ-વામાં આવે છે?"

"નહિં મહેરબાન, હું એ બાબતથી તદન અજાણયો છું, બેચર-સીંગે જવાબ દીધો.

"ત્યારે અહિંયા તારો કોઇ દુશ્મન છે? ડીટેકટીવે પુછ્યું.

"નહિં સાહેબ હું કોઇની સાથે દુશ્મીની રાખતો નહીં" પેલા એ જવાબ દીધો.

"ભદ્રસીંગ નામનો શાહુકાર જે અહિંનો રહીશ છે. અને આ કામમાં સામીલગીરી કરે છે. તે સાથે તારે કાંઇ પંચાત થઇ હતી?" ડીટેકટીવે પુછ્યું.

આ સવાલના જવાબમાં બેચરસીંગે બધી ગઇ ગુજરી કહાણી કહી શંભલાવી જેથી ડીટેકટીવની પકકી ખાત્રી થઇકે આ માણસ ખરે ખર બે ગુન્હા છે તેનાપર તરકટ બનાવવામાં આવે છે.

"જ્યારે તેં ખુન નથી કીધું ત્યારે ખાતર જમા રાખ ઇન્સાફ દેવી તારાપર જુલમ ગુજારવા દેશે નહીં" ડીટેકટીવે કહ્યું.

"પણુ ભદ્રસીંગ મને મૂકે તેમ લાગતું નથી. તે મને ફાંસીના લાકડાં પર ચઢાવશે. એમાં શક નથી. હું અપરાધી નથી તોપણુ ભલે

તરકટી લોકો પોતાની ઉમેદો પરીપૂર્ણ કરે; હું જીવવાની આશા રાખતો નથી. પણ મારા હૈયાનાહારનું શું થશે? હું ખોટા અપરાધનો ભોગ થઇ પડયો અને ફાંસીના લાકડાથી મને લટકાવવામાં આવ્યો. એ વાત તેણીને કોણ જણાવશે? એજ ઉમેદ મારા હૈયામાં રહી જશે. વળી કોઇ ચંડાળ હું ખરો ખુની થઇને ફાંસીયે ગયો છું, એવી ખોટી બિના તેણીને જણાવશે તો નાહક તે મારા નામપર ધિટકાર દેશે અને પોતાની જીંદગી બરબાદ કરવાના અપરાધ માટે મને શ્રાપ આપશે. હાય અફસોસ!! મારી કીસમતમાં આવા દીવસો કયાં લખ્યા હતા?!" બેચરસીંગ ગભરાટમાં બોલ્યો. તેને કેટલીક ધીરજ આપી ડીટેકટીવ ત્યાંથી નીકળી પરબારે પોતાને ઘેર આવ્યો. તેની બહેન પુછવા લાગી "વહાલા ભાઇ પેલા કેશનું શું થયું? બિચારા મુશાફરનો કંઇ છુટકો થયો કે?"

"બહેન તે છુટી જશે, તેનાપર તરકટ છે. પોલીસને લુચ્ચા લોકોએ આડેરસ્તે ચડાવી છે. એમ મને ખાત્રી થઇ છે. હવે આવતી કાલે શું બનાવ બને છે તે જોવાનું છે. મુસાફર માટે તમે હવે થોડી ધિકર રાખો" ડીટેકટીવે જવાબ દીધો.

પ્રકરણ ૧૮ મું.

ખુન કરવાના વાંક માટે બેચરસીંગને ન્યાયકોર્ટમાં કમીટ થવું.

ડીટેકટીવ નંબર ૨ વાલાએ કોર્ટમાં રજુ કરવા તૈયાર કરેલ રીપોર્ટ

સલામ સાથે જણાવવાને રજા લઊં છું કે,

તારીખ   સન   ના રોજે આ શહેરના પૂર્વ તરફના ભાગમાં રેવાસીંગ નામના માણસનું ખુન થયેલું છે. આ ખુન કરનાર એક પરદેશી મુશાફર નામે બેચરસીંગ રામસીંગ જણાય છે. જે છરી વડે તેણે મરનારને ખુની જખમો કરેલા છે તે છરી તથા એક બંદુક તહોમતદારના કબજામાંથી હાથ આવેલા છે. મરનાર અહીંના પ્રખ્યાત વેપારી ભદ્રસીંગની પહેડીનો મુખ્ય મુનિમ હતો. ભદ્રસીંગ સાથે આ ખુની દુશ્મની રાખતો જણાય છે. જેના વૈરભાવમાં તેણે આ કૃત્ય કરેલું હોય એમ પુરાવાથી માનવાને કારણ મલે છે. પ્રોસીકયુસનના પુરાવામાં મુદ્દા માલની બે જણશો તથા થયેલું મેજર અને વૈદ્ય તથા ભદ્રસીંગની

જુબાની પુરતી છે. માટે તપાસ થઇ ગુન્હેગારને સજા થવી જોઇએ. હું વિશેષ જણાવવા રજા લઉં છું કે આ ખુન બહુજ કમકમાટ ભરેલી રીતે કરવામાં આવ્યું છે. તહોમતદાર બડો બદમાશ છે. માટે તેને શિક્ષા ફરમાવતી વેળા એ બિના ધ્યાન પર લેવી જોઇએ.

સહી.

ડીટેકટીવ નંબર ૨ વાલાની.

ઉપલા લખાણ સાથે નંબર ૨ નો ડીટેકટીવ કોર્ટમાં હાજર થયો હતો. પટાવાલાઓ એચરસીંગને પકડી ઉભા હતા. નંબર ૧ ના ડીટેકટીવને આ બાબતની ખબર થતાં તે કોર્ટમાં હાજર થયો. અને નંબર ૨ વાલાની મદદમાં આવેલો હોય એવા દેખાવથી વર્તવા લાગ્યો.

શરૂઆતમાં ડીટેકટીવ નંબર ૨ વાલાની જુબાની લેવામાં આવી તેણે લખાવ્યું કે ગઇ તારીખ સન ના રોજે સહવારમાં મને ખબર થઇ કે આ શહેરના ઉગમણા ભાગમાં એક માણસનુ ખુન થયેલું છે; જે ઉપરથી હું તાબડતોબ ખુન વાલી જગ્યાએ પહોંચી ગયો. તપાશ કરી તો ખુન કરનાર કોણ હશે. તે બાબતમાં અવલ જુદા જુદા વિચારો પેદા થયા, પરંતુ ચોકકસ શક કોઇના પર લઇ જવા માટે જોઇતી હકીકત જ્યાં લગી ન મળી ત્યાં લગી મેં મારી તપાશ બહુ બારીકીથી ચલાવી. છેવટે એચરસીંગ નામના એક પરદેશી મુશાફરે આ ખુન કરેલું હોય. એમ માનવાને કેટલાક કારણો મળ્યા. જેના પરિણામે તેને પકડયો. જે ઓરડીમાં તે રહે છે, તેની જડતી લેતાં ત્યાંથી આ આપ સમક્ષ રજુ છે. તે છરી અને ઓરડી નજીકમાંથી આ બંદુક હાથ આવી છે. આ ઉપરથી એ માણસે ખુન કરેલું છે. એમ મારી માનીનતા છે જેથી તેને અહીં રજુ કરેલો છે.

ડીટેકટીવ નંબર ૧ વાલાના સવાલના જવાબમાં તેણે જણાવ્યું કે છરીપર લોહીના ડાગ હતા જે તપાસવા માટે વૈદ્યને ત્યાં મોકલવામાં આવી હતી.

કોર્ટ તરફના સવાલના જવાબમાં તેણે જણાવ્યું કે "છરી તહોમત વાલાની ઓરડી માંથી હાથ કીધી ત્યારે તેણે તે બાબતમાં કાંઈ ખુલાશો મારી પાસે કર્યો ન હતો. કારણ આ વખતે તે કેદમાં હતો."

સવાલ—ત્યારેતો બંદુક હાથ કરવામાં આવી તે વખતે પણ તેમજ બન્યુ હશે?

જવાબ—જે વખતે બંદુક મને મલી ત્યારે તહોમતદારને પકડ-
વામાં આવ્યો હતો.

સવાલ—રજુ કરવામાં આવેલી બંદુક તહોમતદારની છે કે
નહિં તે બાબતમાં તેને કંઇ પુછવામાં આવેલું છે ?

જવાબ—એ માણસ બધી બાબતોનો ઇનકાર કરે છે. પણ
ખુનીતો એજ છે.

સવાલ—કોર્ટના સવાલનો જવાબ ચોખ્ખો આપવા તમને સુચના
કરૂંછું અને પુછું છું કે બદુંક પોતાની હોવા તહોમ-
તદારે કબુલ કરયું છે ?

જવાબ—ના

સવાલ—જે ઠેકાણેથી બંદુક હાથ આવી ત્યાં તહોમતદારના
પગ હતાકે નહિં !

જવાબ—પગની તપાસ થઇ નથી.

સવાલ—ત્યારે એ બંદુક તહોમતદારે ત્યાં મુકી હતી. અને તે
તેનીજ છે. એમ શાઉપરથી માનોછો તે જણાવો ?

જવાબ—બંદુક હાથ આવ્યા પછીની તપાશમાં જે બિના જાહેર
થઇ તે ઉપરથી એ બંદુક તહોમતદારની હોય અને
તેણેજ ખુન કર્યા પછી ત્યાંજ રાખી દીધી હોય એમ
માનવાને કારણો મળે છે.

સવાલ—તે કારણો જણાવો?

જવાબ—તહોમતદાર રહે છે તે ઓરડીના નજીકના ભાગમાંથી
બંદુક મલી આવી છે.-એજ.

આ જુબાની હમણા આટલેથીજ બંધ રાખવામાં આવી અને ભદ્રસીંગની જુબાની લેવી શરૂ થઈ. તેણે શરૂઆતમાં જણાવ્યું કે, મરનાર મારી પેઢીપર મુખ્ય મુનિમના હોદ્દાપર હતો. તારીખ ની રાત્રે તેનું ખુન કોઈ હરામખોરે કર્યાના ખબર મને મોટીપ્રભાતમાં મળતાં હું ત્યાં ગયો. તો મારાથી મરનારની લાસ સામે ઉભી શકાયું નહિં. હું ગભરાઈ ગયો તોપણ ત્યાંથી ચાલી ડીટેકટીવ નંબર ૨ વાલાને ત્યાં ગયો. અને બનેલા બનાવની ખબર દીધી જેપરથી તે એકદમ ખુન-વાલી જગ્યાપર હાજર થયો. કેટલીક તપાસ કર્યા પછી મરનારના ઘર

નજીક એક ઓરડી છે જેમાં આ તોહોમતદાર રહે છે. (એચરસીંગ સામે હાથ કરી બતાવે છે.) તે ઓરડીની નજદીકમાંથી એક બંદુક હાથ આવી. એ બંદુક મરનારપર ફોડવામાં આવી હતી એમ કહેવામાં આવ્યું. બંદુક હાથમાં આવ્યાપછી તે ઓરડીમાં કોણ રહે છે તેની પુછા કરવામાં આવી તો તોહોમતદાર અંદરથી નિકળ્યો. અને આમાં હું રહું છું એમ બોલ્યો. એ માણસને જોતાંજ મનેતો શક પેદા થયો કે, 'રખેને એણેજ આ ખુન કરેલું હોય. અને છેવટે તેવીજ બિના જણાઈ આવી છે.'

ડીટેકટીવ નંબર ૨ વાલાના સવાલના જવાબમાં તે બોલ્યો કે, આ મુશાફર મારો કટ્ટો દુશ્મન છે મારી સાથેના વૈરભાવમાં તેણે મારા મુનિમનું ખુન કરેલું છે. રજુ થયેલ છરી તેના ઘરમાંથી હાથ આવી છે. આ વખતે હું ત્યાં હાજર હતો. તેમજ બંદુક મળી આવી ત્યારેપણ હું પાશે હતો. છરી તોહોમતદારે પોતાના ઘરના એક ખુણામાં ફેંકી દીધેલી મળી આવી હતી. તેનાપર લોહીના ડાગ હતા. આ મુશાફર સારી ચાલનો માણસ નથી.

નંબર ૧ ના ડીટેકટીવના સવાલથી. તે બોલ્યો કે 'નંબર ૨ ના ડીટેકટીવને ખુન થવાના ખબર દેઇ તેને ખુનવાલી જગ્યાએ મુકી હુ નંબર ૧ ના ડીટેકટીવને ત્યાં ગયો હતો. જ્યાં તેમને પણ ખુન થવાના ખબર દીધા અને તેઓ મારી શાથે ખુનવાલી જગ્યાએ હાજર થયા.

સવાલ—ત્યાં તેણે કોઇ ચીજ હાથકરી હતી કે નહિં ?

જવાબ—કાંઇ કિંમતી ચીજ તો તેમણે લીધી ન હતી પણ એક કાગળનું ફોતરૂં અને નકામા લુગડાંનો કટકો તેણે ઉપાડી લીધો હતો.

આટલી તપાશ થયાપછી નંબર ૧ વાલાએ નંબર ૨ વાલાને કહ્યુ કે—આ કેશની તપાશ આવતી કાલપર રખાવીએ તો શું હરકત છે ! તેણે કંઇ હરકત નથી આમ જવાબ દેવાથી નંબર ૧ ના ડીટેકટીવે ન્યાયાધીશ પાસે માંગણી કીધી કે "આજે મારી તબિયત બરાબર નથી અને આ કેશમાં કેટલાક અગત્યના સવાલો એ શાક્ષીને પુછવા બાકી છે. સબબ આપ આવતી કાલ ઉપર આ કેશ મુલતવી રાખવા મહેરબાની કરો.' આ ઉપરથી ન્યાયાધીશે કેશ બંધ કરી વલતા દીવસપર મુલતવી રાખ્યો. એચરસીંગને જેલમાં મોકલી આપ્યો.

પ્રિય વાંચનાર ! આપને બહુ અધીરાઈ થતી હશે કે પેલા નાનસીંગને નંબર ૧ ના ડીટેકટીવે પોતાના દીવાનખાનામાં બેસાડયો છે. તેનું પછી શું થયું? તે એમજ પડયો તો નહીં રહ્યો હોય! ચાલો, હવે આપણે તેનીપાસે જઈએ.

નાનસીંગને દીવાનખાનામાં બેસાડયા પછી થોડી વારમાં ડીટેકટીવ તેની પાસે ગયો અને તેને પુછયું:--

સવાલ—તમે મને ઓળખો છો કે નહીં?

જવાબ—હા સાહેબ, આપ પહેલા નંબરના ડીટેકટીવ અમલદાર છો.

સવાલ—મારે એક જરૂરના કામ સંબંધી તમને થોડુંક પુછવાનું છે. જે બાબતમાં તમે ખરી હકીકત કહેશો એમ હું ધારૂં છું. કેમ તેમાં હું ભૂલતો નથી કરતો?!

જવાબ—નહીં નહીં સાહેબ, આપ ખુશીથી પુછો. હુંને જે કંઈ ખબર હશે, તે કહી દઈશ.

સવાલ—ત્યારે કહો રેવાસીંગના ખુન બાબતમાં તમને શી ખબર છે?

આ સવાલ સાંભળતાં તે જરા ગભરાઈ ગયો હોય. એમ તેના ચહેરા ઉપરથી ડીટેકટીવે જોઈ લીધું; પણ તેણે ઝટ બોલવા માંડયું. " સાહેબ, એ વિશે હું કંઈ જાણતો નથી. જે રાત્રે એ બનાવ બન્યો છે તે રાત્રે રાત્રના પહેલા ભાગે હું મારા શેઠના કહેવાથી રેવાસંગને બોલાવવા ગયો હતો. તે શેઠ પાસે આવી ત્યાંથી પોતાને ઘેર ગયો. જ્યાં ખુન થયું તે બાબતમાં હું શું જાણું?"

સવાલ—નહિં નહિં ભલામાણસ, તું ગભરાય છે શામાટે? મારા પૂછવાની મતલબ એમ છે કે, એ ખુન કોણે કરેલું હશે. તે બાબતમાં કોઈનાપર તને શક આવેછે? અલબત આ બાબતમાં મને તારા તરફથી કંઈ મદદ મળશે એવી આશા હું રાખું છું. કારણ મરનાર સાથે તારે ઘણો પરીચય હતો જેથી તેના દુશ્મનો કોણ છે તે બાબતમાં તને વિશેષ માહિતી હોવી જોઈએ.

જવાબ—મરનારની પડોશમાં એક મુશાફર રહે છે તેનાપર શક લેવા જેવી બિના છે ખરી. કારણ અમારા શેઠનો તે દુશ્મન છે. એટલે તેણે આ કામ કરેલું હોવું જોઈયે.

સવાલ—તેણે આ ખુન કરેલું છે એમ શી રીતે શાબિત થાય?

જવાબ—શું પૂરાવો નથી? મારા સાંભળવામાં આવ્યું છે તે પ્રમાણે તો તેનાપર ગુન્હો પુરવાર થઈ શકે એટલો પુરાવો મળી શકયો છે.

સવાલ—તમે હાલ આ વખતે કયાંથી આવતા હતા?.

જવાબ—મારા શેઠની વાડીમાં કામ સબબે ગયો હતો ત્યાંથી આવું છું.

ઉપલી વાત ચિત થવા પછી ડીટેકટીવે પોતાના રૂપમાં આવવા માંડયું અને દમ ભરાવી પુછયું કે, "તમે ગયા ત્રીજા રોજપર ગોમાસર ગામે ગુલાબસીંગની દુકાનપર સાંજ વખતે આવેલા હતા ખરાકે?

"નહિં નહિં સાહેબ, હું તો અહિંઆંજ થયો છું. બાહેરગામ ગયોજ નથી." પેલાએ જવાબ દીધો.

આપરથી ડીટેકટીવે પોતાના ખીસામાંથી પેલો કાગળ તથા તેનો કટકો હાથમાં લીધો અને જાણે તે તપાસતો હોયની એવો ડોળ બતાવવા લાગ્યો. તેની તેમ કરવા માટે મૂળ મતલબ કાગળ જોઈ સામો માણસ હેબતાય છે કે નહિં તે જોવાની હતી.

નાર્નસીંગ આ વખતે એકી નજરે કાગલ સામું જોયા કરતો હતો તેને આવી સ્થિતી વચ્ચે આવેલો જોઈ ડીટેકટીવ કાંઈ બોલવાનું કરતો હતો તે પહેલાં તો તે બોલ્યો. "સાહેબ, શું તમે ખોટા ઢોંગ કરી મને ફસાવવા માગો છો?"

"ચુપ રહે! મારા પુછયા વગર એક શબ્દ પણ બોલતો ના. શું આ કાગળ ગુલાબસીંગની પેઢીએ આપી રૂા. ૫૦૦) તેં લીધા નથી કે?" ડીટેકટીવે રોવાબમાં પુછયું.

"પણ સાહેબ મને જણાવોતો ખરાકે એ કાગળ આપને આપ્યો કોણે? એ તદન બનાવટી છે. હું એ કાગળ માટે કંઈપણ જાણતો નથી."

"શું ભદ્રસીંગે આ કાગળ તને લખી નથી આપ્યો?"

આ સવાલનો જવાબ આપતાં હરેલ તે ફીકકો પડી ગયો. દર પલે તેનાં ચહેરામાં થતો ફેરફાર ડીટેકટીવ બહુ બારીકીથી તપાસતો હતો.

"શું કહું? ! લ્યો, કબુલ કરૂં છું કે, ભદ્રસીંગે લખી આપ્યો હતો. પણ શા કારણસર મેં રૂપૈયા લીધા તે આપ શી રીતે જાણી શકશો?"

"હું તે વાત ચોકકસપણે જાણી બેઠો છું" ડીટેકટીવે દમમાં જવાબ આપ્યો:

"એ આપનું ભાષણ તદન ખોટું અને ભુલવણી પમાડનારૂ છે. અમારા ખાનગી કામની ખબર આપને મળેજ કયાંથી?" પેલાએ કહ્યું.

"કેમ ત્યારે તારે તે વાત મારા મોઢાથી સાંભળવી છે કે વળી? હું પોતે પણ તને તે જણાવવા તૈયાર થયેલો છું. માટે સાંભળ, રેવાસીંગનું ખુન કરવા તું કબુલ થયો. તેના બદલા તરીકે આ રૂપૈયા પાંચસો તને મળ્યા છે. બોલ બોલ! એ વાત ખરી છે કે નહીં?" ડીટેકટીવે કહ્યું.

ડીટેકટીવના આ બોલો નાનસીંગને કાને પડતાં તે એકદમ ગમમાં ગિરફતારં બની જઇ ધ્રુજવા લાગ્યો. થોડીવાર એવી સ્થિતીમ રહ્યા પછી તે બોલ્યો, "હા સાહેબ, એ બદકામ મારાથી બન્યું છે પણ મેં મારા વૈરભાવ માટે એ કામ કરેલું નથી. માત્ર શેઠની ઉસ્કેરણીથી કરેલું છે. હું સચાઇ પર આવેલો છું તો હવે આપ મારાથી કોઇ વાત છુપાવશો નહી. મને જણાવો તો ખરા કે શું મારા શેઠે આ બધી બિન આપને કહી આપી છે?"

"ના ના, તેતો હજી તદન બે ફિકરાઇગાંજ છે. તેને સ્વપ્નામાં પણ ખબર નથી કે આ વાત મને જાહેર થઇ ગઇ છે. તારો શેઠ તો એક ત્રાહિત માણસ તરીકે આ તપાશમાં સાક્ષી બન્યો છો" ડીટેકટીવે જવાબ દીધો.

"ત્યારે તો મને જણાવો કે, મારા પાપની બિના આપે શી રીતે અને કયાંથી મેળવી? વળી મારો શેઠ આ બિના આપના જાણવામાં આવી છે. તેથી તદન અજાણ્યો છે. એમ આપ ખરેખર રીતે કહો છો?" પેલાએ પુછયું.

"મેં આ બિના કયાંથી મેળવી. તે માટે તું ગમે તેવા અનુમાન પર આવ પણ તારો શેઠ હજી તે બાબે બિલકુલ અજાણ્યો છે. એ વાત ખાત્રીથી માનજે હવે મારે તને વિશેષ જે બિના પુછવાની છે. તે બાબત નો ખરેખરો જવાબ આપવો જોઈએ "આમ બોલી ડીટેકટીવે પોતાપાસે છરીનું જે ખાલી ખોખું હતું તે બતાવી પુછયું "જો આ કોનુ છે! અને તેમાં જે છરી હતી તે કયાં છે.?"

"હું સચ્ચાઈપર આવેલો છું મને આપે અહિંયા વધારે પુછવું ન જોઈયે. આપ મને એક ન્યાયધીશ પાસે તેડી ચાલો ત્યાં બધી બિના હું નોધાવી દઈશ બિલકુલ જુઠું બોલીશ નહિં. મારા સાથીઓના નામ પણ પાધરાં કરીશ—મુદ્દાના હથીયારો પણ બતાવીશ" પહેલાએ કહયું.

આ વાત ડીટેકટીવ ને પણ ઠીક લાગી જેથી તેણે તેના કહેવા પ્રમાણે કરવા કબુલ કરી વિસેષ પુછવાનું બંધ રાખ્યું અને બીજી આડી વાતો ચલાવી—પણ સામો માણસ એકાએક પોતાના શેઠનું નામ લઈ તેનાપર ક્રોધાયમાન થઈ ગયો હતો જેથી હરપલે તેને ભાંડવા લાગ્યો થોડીવાર બેઠા પછી—ડીટીકટીવ ત્યાંથી ઉઠી ગયો.

વળતેરોજ કોર્ટમાં કેશ ચાલુ થયો. કોર્ટનું મકાન તમાશગીરોથી ખચોખચ ભરાઈ ગયું છે. દરેક જણની નજર પહેલા મુશાફર તહોમતદાર પર ટકી રહી છે. તે ધણી પોતાનું શિર નિચે નમાવી આંખો બંધ કરી હાથ ભેગા રાખી ન્યાય આસન સામે ઉભોછે. બધાજણો તેને ખુની તરીકે માની બેઠા છે. તેના નામપર ધીટકારનો વરસાદ દરેક જણ પોતાના મનમાં વરશાવે છે. એટલામાં ન્યાયાધિશસાહેબ પધાર્યા. બેઠેલા સર્વેએ ઉઠીને યોગ્ય માન આપ્યું. સર્વત્ર શાંતિ ફેલાઇ—સર્વેએ ચુપકીધી અખત્યાર કીધી. કેશ શરૂ થતાં પ્રથમ ડીટેકટીવ નંબર ૧ વાલાએ ભદ્રસીંગની જુબાની લેવી ચાલુ કીધી.

"વારૂ, જે રાત્રે ખુન થયેલું છે. તે રાત્રે મરનારને તમે મળવા ગયા હતા અથવા તેને તમારી વખારે બોલાવ્યો હતો?"

"નહીં, તે વાત હું મુદ્દલ જાણતો જાણતો નથી."

"મારા સવાલનો એ જવાબ નથી. તમારે સીધો જવાબ આપવો જોઇએ. માટે કહો ખુન વાલી રાત્રે તમે મરનારને ત્યાં ગયા હતા અથવા મરનાર તમારે ત્યાં આવેલો હતો?

"હા જરૂરી કામસર મેં બોલાવ્યો હતો. અને તેથી તે આવ્યો હતો.

"તમારે અને મરનારને કોઇ દીવસ કોઇપણ બાબતમાં ખાનગી તકરાર થઈ હતી ?"

"નહીં બિલકુલ નહિં તે ધણીતો મારો એક વિશ્વાસુ મુનિમ હતો કોઇ પણ દીવસ તકરાર થાય એવી વર્તણુક તેણે ચલાવી નથી."

"નાનસીગ નામનો તમારો ખાનગી નોકર કયાં છે?" આ સવાલથી ભદ્રસીંગ વિચારમાં પડયો કે આતે મને શું પુછે છે.?! આ બાબતમાં તેણે મને કંઇ સુચના પણ કરીનથી રખેને કંઈ ખરાબીતો નહિં થાય!! શું મને ફસાવવા માટે તેના તરફથી આવા સવાલો પુછવામાં આવતા હશે?! એવા એવા અનેક વિચાર તેના મનમાં પેદા થયા, જેથી તે બોલ્યો. આ સવાલ નો જવાબ આ કામે આપવા હુ ખુશી નથી."

"મારા સવાલનો જવાબ સાક્ષીએ આપવા હુ તેનાપર ફરજ પાડવા કોરટને અરજ ગુજારૂં છું" ડીટેકટીવે ન્યાયાધીશ તરફ ફરીને જણાવ્યું.

"એ સવાલ આ કામે અગત્યનો હોય એમ હું ધારતો નથી: તોપણ તે પુછવાની જરૂર છે. એમ તમે કારણો બતાવી ખાત્રી કરશો. તો અલબતે પુછવા પરવાનગી આપીશ માટે કારણો. બતાવો."

"મારી દરેકં નસોમાં ગુસ્સાએ પ્રવેશ કર્યોછે ઈનસાફ દેવીને એક આડા રસ્તામાં ભુલાવી ગોથાં ખરાવવાની વેતરણ આ કામમાં થઈછે: એ હકીકત જયારથી મારા જાણવામાં આવીછે. ત્યારથી હું આ સ્થિતી એ પહોંચ્યો છુ. પણ આપની સ્વચ્છ અપક્ષવાત ન્યાયતરફની વલણથી અત્રે મારા લોહીને શાંતિ મળે છે. હુંમારો વેશ હવે ખુલ્લો કરવા ધારૂં છુ: સાહેબ, જે સવાલ પૂછવા હું માગું છું તે બહુ અગત્યનો છે આ કામે હું એમ બતાવવા કોશીશ કરવાનો છું કે પેલો મુશાફર. જેને ખુની તરીકે ઉભો રાખવામાં આવેલો છે. તે તદન નિર્દોષ છે. એક નીચ કાવતરાનો ભોગ થઈપડયો છે. જેથી હાલના સવાલનો જવાબ આવી ગયા પછી એક ખરા ખુનીને કોર્ટમાં રજુ કરવા હું શક્તીવાન થઈશ." ડીટેકટીવે ભદ્રસીંગ સામે આંખો ચડાવી. ઉપલા બોલો જોસબંધ બોલતો હતો.

તેના આવા ભેદી બોલીથી કોર્ટના મકાનમાં ગડબડ થઇ રહી ભદ્રસીંગ તદન ગભરાઇ ગયો. નંબર ૨ ના ડીટેકટીવના ચહેરાપર ગમગીની પ્રસરી રહી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે 'આ શો ગજબ? નંબર ૧ વાલો શું કરવા ધારે છે?'

'તમારે એ સવાલનો જવાબ આપવો જોઇયે' આમ ન્યાયાધીશે સૂચના કરવાથી ભદ્રસીંગ બોલ્યો:—

'તે મારો નોકર આજ ઘણા દીવસ થયા બાહેર ગામ ગયોછે.'

'શું એ વાત ખરેખરી કહો છો?" ડીટેકટીવે તોરમાંજ પુછ્યું. ભદ્રસીંગ અવલ તો ગાભરો બની ગયો અને હવે શો જવાબ આપવો એવા વિચારમાં પડયો. તોપણ તેણે જટપટ 'હા' કહી દીધી.

'ઠીક છે બહુ સારા અને સાચા જવાબ આપો છો.—જુવો આલ્યો" એમ કહી એક કાગળ ભદ્રસીંગના હાથમાં તેણે આપતાં પુછ્યુ "આ કાગળ તમે નાનસીંગને લખી આપ્યો હતો કે નહીં?"

ભદ્રસીંગે કાંઇ પણ જવાબ વાળ્યો નહીં.

"થોડી વાર રહીને" પછી વારૂ! તમારે જોઇએ તો હા કહો. અથવા ના કહો, જવાબ આપો અથવા ના આપો તેની મારે દરકાર નથી. પણ લ્યો જુવો આ છરીનું ખોખુ તમારૂં છે કે નહીં?"

એક પછી એક ગુપ્ત ભેદો ખુલતા જવાથી ભદ્રસીંગના ગભરાટનો કાંઇ પાર રહયો નહિં—તે હેબતાઇગયો જમીનપર હાય અફસોસ કરી પડયો. આ ઉપરથી ડીટેકટીવ નંબર ૧ વાળાએ ન્યાયાધીસને જણાવ્યું કે "આ માણસને કોર્ટે પોતાના સ્વાધિનમાં લેવો જોઇએ. હું કોર્ટનો વધારે વખત ખોવા માગતો નથી. નાનસીંગ નામનો એનો નોકર જે આ ખુન માટે એકરાર કરે છે, તેને આપ સમક્ષ ઉભો રાખીશ તે બધી બિના ખરા રૂપમાં કહી આપશે." આ ઉપરથી ભદ્રસીંગને કોરટના કબજામાં રાખવા ન્યાયાધીશે ચપડાશીઓને હુકમ કર્યો. અને ડીટેકટીવ નંબર ૧ વાળાએ પોતાના માંણસો મોકલી નાનસીંગને બોલાવ્યો. તે હાજર થતાંજ કોર્ટમાં બેઠેલા દરેક જણાની જીજ્ઞાસા તેના બોલો સાંભળવા તરફ ખેંચાયલી હતી. ન્યાયાધીશના પુછવાથી તેણે આ પ્રમાણે કબુલાત નોંધાવી.

પ્રકરણ ૧૯ મું.

ખુની કાવતરૂં.

ભદ્રસીંગના કુટંબમાં તે પોતે તથા તેનો ભાઇ બનેસીંગ અને તેના છોકરા ઉપરાંત ભદ્રસીંગની એક છોકરી લાલબા એટલા જણો હતા. લાલબાની ઉમર આ વખતે વીશ વર્ષની હતી. તે ઉછાંછલા સ્વભાવની હતી. સ્વરૂપમાં સંપૂર્ણ હતી. તેણીનો પ્રફુલીત શોડષકળાએ શોભી રહેલ ચહેરો—જેમાં અણીદાર નાક, ગોળકપાળ, મૃગના જેવી તેજસ્વી આંખો. સફાઈદાર સાથે રતાશ ભરેલ મુખ—જોનારને આનંદ પમાડે તેવો હતો તે પહેરવેશમાં સાદાઈથી વેગળી હતી. તેની ચાલ ઉપરથી તે પતિવ્રતા ઓરત નહિં હોય એવી કલ્પના સહજ થતી. જ્યારે તે બાહેર ફરવા નિકળતી ત્યારે જુદી જુદી રીતના જરીયાન પોશાક બંધબેસતા દાગીના પહેરી બહુજ તવંગરાઇથી ચાલી જતી હતી. રસ્તે ચાલનારા બદમાસો તેના તરફ ફરી ફરી જોતા કેટલાક આબરૂદાર ગ્રહસ્થો જોકે ખરાબ નિષ્ટાથી તે તરફ જોતા નહિ તોપણ તેની ખુબસુરતી માટે તો તારીફ કરતા હતાજ. તેણી ગમે તેવી હતી તોપણ પોતાની શીયળતાને ઝાંખ ન લાગે તે તરફ હુસ્યાર હતી. તે પરણી હતી. લેકીન તેના ધણી સાથે બનતુ ન હોવાથી લાંબી મુદત થઈ તે ભદ્રસીંગના ઘરમાંજ રહેતી હતી, રેવાશંગ નામના મુનિમ સાથે તેની પ્રિતી ભાઈ બહેન તરીકેની હતી. છતાં લોકોએ તેને ઉંધુ રૂપ આપી શહેરમાં ચરચા ચલાવા દીધી હતી. ભદ્રસીંગ મૂળથીજ વહેમી માણસ એટલે લોકોની બત્રીશી વચ્ચે જાહેર થયેલ બિના તેના જાણવામાં આવતાં પ્રથમ તેણે ખાનગીપણે રેવાસીંગને એ બાબતની કેટલીએક હકીકત પુછી. તેણે જવાબ દીધો કે :" એ વાતથી હું તદન અજાણ્યોછું. કોઇ લુચ્ચા લોકોએ આપને ફોકટ ભરમાવ્યાછે શેઠ, આપ નાહક પાપે શીદ ભરાઓછો, મને શું આપ વ્યભિચારી ગણો છો. હું તનમનથી આપની નોકરી બજાવું છું તેની આ સર્ટીફીકેટ આપો છો કે? શાબાશ! શેઠ, આપને શાબાશ. !!!

રેવાસીંગે ઉપર પ્રમાણેજવાબ આપ્યો છતાં ભદ્રસીંગ ના મનમાં ભરાયલ વહેમ નાબુદ થયો નહી. જેથી તેણે પોતાના બીજા નોકરોથી પુછ પડછ કીધી; જેમાં કેટલાક જણોએ સાભળેલી બિના ખરી હોવા જેવા શબ્દો કહયા આથી તેના વેહેમમાં ઓર વધારો થયો; તે પોતાના

મનમાં કહેવા લાગ્યો કે 'જે બિના લોકોમાં ચરચાયછે તે સમુલગી સહરાધાતવાલી હશે' એમતો કહી શકાયજ નહિં. હું આ શહેરમાં આબરૂદાર ગણાઉ છું- છતાં મારા ગરની નાલેશી થાય એ બહુ ખોટું. આ બાબતમાં પેલા લુચ્ચા ચંડાલ રેવાસીંગને મેં ખાનગી પુછી જોયું તોપણ તે ઇનકાર ગયો; ત્યારે શું મારા બીજા નોકરોએ જણાવેલી બાતેમી તદન ખોટી હશે કે? ના એમ તેઓ શા માટે કરે? મારો શક મજબુત થયો છે. માટે હવે મારે એ મુનિમને રજા આપવી જોઇએ. એટલે પીડા મટી. પણ નહિ તેમ કરીશ તોપછી એ બદમાશ ચોંકતો રહેશે એવા માણશો. નો તો ધાણજ કાઢી નાખવો જોઇએ. કહેવત છે કે "માલીયો મુવો અને ગોઠડી પરવારી." પોતાનો ઇરાદો શીરીતે પારપાડવો. એ વિચારમાં તે બહુ ગોથાં ખાવા લાગ્યો. છેવટે રેવાસીંગને નોકરીથી દુરતો કરવોજ એમ તેણે નકકી કર્યું અને બાકીની બાબત પાછળ ઉપર રાખી.

રેવાસીંગ ઉપર પોતાના પિતાને વહેમ ઉત્પન થયો છે. એ વાત જે દીવસથી લાલબાના જણાવામાં આવી તે દીવસથી લાલબા હરેક રીતે ભદ્રસીંગને સંતાપ આપતી અને પ્રસંગોપાત્ત રેવાસીંગપર ખાલી વહેમન લેતાં આગલનાં જેવી મેહેરબાની રાખવા માગણી કરતી હતી. ભદ્રસીંગનો પ્યાર આ છોકરીપર ઘણો હતો: તેણીને નાનપણમાંજ તેણે સ્વતંત્ર બનાવી મુકી હતી—લાડમાં ઉછેરી હતી. ઉપરાંત તેનાપેટે આ એક પુરી છોકરી હોવા શિવાય બીજા સંતાનની ગેરહાજરી હતી. જેથી કુદરતે તેના પર પ્યારની લાગણી હમેશ લગી રહેવા ભદ્રસીંગની છાંતીમાં ગોયા એક લેખ કોતર્યો હતો. હર વખતના જુદા જુદા બોલો ઉપરથી ભદ્રસીંગની ખાત્રી થઇ હતી કે, લાલબા રેવાસીંગ સાથેના પ્યારમાં જોડાઇ છેખરી. લોક ચરચા સમુળગી જુઠી નહીં હોય, આ દુઃખમાં તે હેરાન રહેતો હતો.

એક રોજ સવારે ડીટેકટીવ નંબર ૨ નો અમલદાર જે કે ભદ્રસીંગ સાથે દોસ્તી દાવો ધરાવતો હતો તે તેને ત્યાં આવ્યો. અને બોલ્યો "કેમ શેઠ આજે ઉદાસીમાં બેઠા છો? શું ધંધામાં કઇ ખોટતો નથી ગઇ? !"

"નહીં, વહાલા મિત્ર તેવું કંઇ નથી. આવો, બેશો." આ પછી ડીટેકટીવ ત્યાં બેઠો. કેટલીક વાતો ચાલ્યા પછી તે બોલ્યો.

"શેઠ મને જણાવતા બહું શરમ થાય છે—બોલતાં જુબાન અટકે છે પણ લાચાર છું કે મારા જીગરમાં જે બનાવ રમ્યા કરે છે. તે

આપને જણાવ્યા વગર ચાલે તેમ નથી. હું જણાવું છું કે આપ આબરૂદાર ગૃહસ્થ ગણાઓ છો. છતાં આપની પુત્રી નાલેશીભર્યા રસ્તાપર સહેલ કરવા આગળ વધે છે. શું તે બિના આપના જાણવાથી બહાર છે?"

"દોસ્ત, એ તમે શું બોલો છો? આ બાબત મારા સમજવામાં આવતી નથી." ભદ્રસીંગ અજાણ્યો હોય તેવું રૂપ ધારણ કરી ગંભીરાઇથી બોલ્યો.

"મારા વહાલા શેઠ! લાંબી મુદત થઇ આવાત લોકોમાં ચરચાય છે. છતાં આપ તેથી અજાણ્યા છો. એ બિના તાજુબી પેદા કરે છે. મારા જાણવામાં એ વાત આગળથીજ આવી હતી પરંતુ પક્કી ખાત્રી કર્યા વગર આપને તે બાબતની ચેતવણી કરવા મેં મુનાસબ ધાર્યું નહિં. ગઈકાલે જે બનાવ મેં મારી નજરે જોયો છે તેથી આપને વાકેફ કરવા માટેજ હમણા હું અહીં આવેલો છું." ડીટેટટીવે કહ્યું.

"સાહેબ, આપે શું અને કેવી રીતનો બનાવ જોયો છે તે વીગતવાર મને જણાવવો જોઇએ. હું તે સાંભળવાને ઇન્તેજાર છું. અને હવે કહું છું કે મારી પુત્રીની ચાલ બાબે મને પણ શક છે ખરો. તે હરામજાદીને સાસરે રહેવું મુદલ ગમતું નથી. ત્યાં જવાનું કહીએ છેએ તો જતીપણ નથી." ભદ્રસીંગે દાંત કચકચાવી ગુસ્સાથી કહ્યું.

"આપ રેવાસીંગને નોકરીપરથી રજા આપવાનાછે. આમ શામાટે બોલાતું હશે તે વાત હું જાણી શક્યો નથી. પરંતુ લોક અફવા એવી છે કે તમારી પુત્રીની નાલેશી સબબે તમે તેને રજા આપવાનાછો. મારો ધંધો શહેરમાં ફરવાનો અને ખાનુગી ભાગો તપાશવાનો છે. આ વાત આપના જાણવાથી અલગ નથી. ગઇ સાંજે લાલબા રેવાસીંગના ઘરમાં દાખલ થઇ હતી. અને ત્યાં લગ ભગ બે કલાક રોકાઇ હતી. ત્યાં જવાનું તેણીને કારણ શું? ત્યાં શા માટે ગઇ હશે? મારૂં અનુમાન એવું છે કે, તે માત્ર પ્યારના આવેશમાંજ ત્યાં ગયેલીહોવી જોઇએ. અથવા તો ત્યાં કાંઇ મસલતનું કારણ હોવું જોઇએ, એ પ્રમાણે માનવાને વિશેષ હકીકત પણ મોજુદ છે. લોકોના મહોંથી મેં સાંભળ્યું છે કે લાલબા રેવાસીંગને જુદી જુદી જગોએ મળે છે."

રેવાસીંગનું નામ સાંભલી ભદ્રસીંગ લાલચોળ બની ગયો. અને બોલ્યો. "બરોબર મિત્ર, તારૂં કહેવું સત્ય છે, એ લુચ્ચો અને લાલબા કોઇપણ રીતે એક બીજાને ભેગા થતા હશે ખરા, આપ મારા મહેરબાન

મિત્ર છો, મને આ નાલેશીમાંથી મુક્ત કરવા જેવો રસ્તો શોધી આપો. કોઇપણ રીતે રેવાસીંગને હાલ બેહાલ બનાવવો. કે જેથી આ 'વાત બંધ થાય."

"શેઠ, તમે કહો તો હું એને એવી જગ્યોએ પહોંચતો કરી દઉં કે જેનો પતો પણ લાગે નહીં પરંતુ તેવું કામ કરવું જોખમ ભરેલુ છે. તેમાં પૈસાની છુટ જોઇએ, હું છુપી પોલીસનો અમલદાર છું. મારા હરેક કામપર વિશ્વાસ રાખવામાં આવે છે. હું જે માણસને શિક્ષાએ પહોંચાડવા ધારૂં તેને તેમ કરી શકું છું. પૈસાથી બધુ બની શકે તેમછે."

"સાહેબ. હું પૈસાને ગણકારતો નથી. એકથી દશહજાર ખરચાઇ જાય તોપણ શું? પણ પેલા નિમકહરામીનો ઘાટતો ઘડી નાં-ખવો જોઇયે. તમે મારા જીગરજાન દોસ્ત છો. તમારાથી કોઈ વાત અજાણી રાખવા હું માગતો નથી. હું જ્યારે મારા મિત્ર હઠીસંગના ગામે તેની મુલાકાતે ગયો હતો ત્યારે તેની ભત્રીજી તરફ મારી લાગણી ખેંચાઇ હતી. તેની જોડે લગ્ન કરવા ધાર્યું પણ તે છોકરીની મરજી મારી સાથે પરણવાની થઈ નહીં. કારણ તે એક લુચ્ચાના ભરૂસાપર લોભાઈ હતી. આ હકીકત જ્યારે મારા જાણવામાં આવી ત્યારે મેં પૈસાનો વ્યય કરી પેલા માણસને ખુબ હેરાન કર્યો હતો. અર્થાત પૈસાથી હરેક કામ બની શકે છે. એ આપનું કહેવું રાસ્ત છે. હું આ કામ માટે જોઇતા પૈસા પુરાપાડીશ પણ થતી ચરચા બંધ પાડો. ભદ્રસીંગે કહ્યું.

"પણ શેઠ, આપે જે હરીફને હેરાન કર્યો હતો તેનું નામ શું. અને કેવી રીતે? કયે રસ્તે, આપ કેટલે દરજ્જે ફાવ્યા હતા? વિગેરે સવિસ્તર જાણવા હું માગું છું." ડીટેકટીવે જણાવ્યું.

"તે ગામમાં રહેતા સરકારી નોકરો મારા મિત્ર સાથે બહુ સારો સંબંધ રાખતા હતા ખરૂં પૂછોતો પ્રતાપ બધો પૈસાનો. મારા હરીફને મેં કેદમાં જોંકાવી દીધો. જેમ કરવામાં મને જરાએ મહેનત પડી નહતી. ત્યાં પેલા અમલદારોએ બધી તજવીજ પોતાથી કરી લીધી હતી. જેને અમે ફસાવ્યો હતો તેનું નામ બેચરસીંગ કહે-વાતું હતું."

"ત્યારે અહિં એક મુશાફર એજ નામનો હાલે આવી રહ્યો છે. ગઇ પરમે એક ગલીમાં મને તે મળ્યો હતો, અને ચંદ્રબા નામની ઓરતના શોધમાં તે ફરે છે. એમ બોલ્યો હતો." આપનો હરીફ એતો નહોતો?

"હા હાં, જે છોકરીપર હું મોહીત થયો હતો, તેણીનું નામ ચંદ્રબાજ હતું. રખેને બેચરસીંગ એજ નીવડે. પણ તે કયાં છે ? એને મારે જોવો છે. હજી મારા દીલમાંથી તેનાપરનો વૈરભાવ નાબુદ થયો નથી." ભદ્રસીંગે અધીરાઇથી પૂછ્યું.

"શેઠ, એક વચ્ચે વળી બીજી વાત શામાટે જોડી આપો છો. તોપણ પેલા મુશાફરને આપ જોવાને ઇન્તેજાર બન્યા છો. તો વગર મહેનતે તેને જોઇ શકશો, તે ધણી આપના મુનિમના ઘર પાસે એક ઓરડી ભાડે લઇ રહયો છે પણ આપ હવે તેના સાથેનો વૈરભાવ છોડી આપો. બની ગયેલા બનાવની યાદ ફરી તાજી કરવામાં માલ નથી."

"એ લુચ્ચાને જ્યાં દેખું ત્યાં ઠાર કરૂં. અથવા કરાવું નહીં ત્યાંસુધી મારૂં જીવવું વૃથા છે. તેણે મારી ભવિષ્યની ઉમેદભરી આશાઓને ધુળધાણી કરી નાખી છે. એવા દુષ્ટોનેતો ખુબ પીલવા જોઇયે. તેના દેશમાં મેં તેના કૃત્યનો બદલો જેવી રીતે આપવા ધાર્યું હતું તેવી રીતે બની શક્યું નથી. કારણ ત્યાં તેની સાથે પિછાન ધરાવનાર લોકોએ પાછળથી તેને કેદમાંથી છોડાવવાની યુક્તિઓ કામે લગાડી હતી. હવે અહિં તેની સંભાળ લેનાર કોઇ છેજ નહીં એટલે વેરનો બદલો મનમાનતી રીતે વાળીશ."

આ ડીટેકટીવ પૈસાનો ઘણો લાલચુ હતો, ભદ્રસીંગ તેના હાથમાં ગોયા એક પૈસાનું પુતળું આવ્યું હતું એટલે આવા કામમાં તે શામાટે ના કરે ? હાજીહા કરી પૈસા મેળવવામાં તે બહુ હુંશિયાર હતો. જેથી તે બોલ્યો "ઠીક છે શેઠ, જેમ આપની મરજી હશે તેમ હું કરી આપીશ."

"ત્યારે મહેરબાન આપે એ કામ જલદી કરવું જોઇએ." ભદ્રસીંગ બોલ્યો.

"આપના કોઇ વિશ્વાસુ નોકરના હાથે આ કામ બની શકશે એમ હું ધારૂં છું, તેનાથી સલાહ કરી બાદ વરદી આપો કે રેવાસીંગનું કાટલુજ કાઢી નાખે. પાછળથી તપાસમાં ખુની તરીકે પેલા મુશાફરને હું પકડીશ એટલે બન્ને કામ પાર પડશે. આ કામ ખબરદાર માણસના હાથે થવું જોઇએ. પેલા તમારા નોકર નાનસીંગમાં મારી નજર પોચે છે એ માણસના હાથે આગળ એવા ઘણા કામો થયેલા છે. માટે આપ ગોઠવણ કરો. હવે હું રજા લઇશ."

"ઠીક આપની સુચના પ્રમાણે હું વર્તીશ. લ્યો આ પાન સો-

પારી" એમ કહી રૂપૈયા એક હજાર ।। થેલી ભદ્રસીંગે તેને આપી જે લઇ ડીટેકટીવ ચાલતો થયો. પણ દરવાજા બાહેર તે નિકળે તે પેલા તો નાનસીંગે દેખાવ દીધો તેને જોઇ તે ત્યાંજ થોભ્યો. નાનસીંગે તેને સલામ કરી જેથી તે હસ્તે ચહેરે બોલ્યો, "કેમ નાનસીંગ ખુશીમાં છોના?" "હા સાહેબ" તેણે જવાબ દીધો.

"ભદ્રસીંગની નોકરી બરાબર બજાવજે હો! કેમ અહીં તને પેલા કરતાં ઠીક છે કે નહીં?" ડીટેકટીવે પુછ્યું નાનસીંગે 'હા'નો જવાબ દીધો.

ચોકમાંથી આ વાતચીતનો સાદ ભદ્રસીંગના સાંભળવામાં આ-વતા તે જોય છે તો જે માણસ તેના મનમાં હાલ રમી રહ્યો છે. તેને ડીટેકટીવ પાસે ઉભેલો જોવાથી તેણે બન્ને જણાને પોતા પાસે આવવા હાંક મારી.

"મારે કામ છે માટે હું તો જઇશ" ડીટેકટીવે જવાબ દીધો. પણ ભદ્રસીંગે આગ્રહ કરવાથી તે અંદર દાખલ થયો, નાનસીંગ પણ ત્યાં આવ્યો. ત્રણે જણાએ વાતો ચલાવી જેમાં ભદ્રસીંગે નાનસીંગને કહ્યું કે મારા દુષ્મનપર વેર લેવા હું તને ફરમાવું તો તે કામ તું બરોબર બજાવી શકે કે નહીં?"

નાનસીંગ માથું નીચુ કરી શરમાવા લાગો. જેથી ભદ્રસીંગ ફરી બોલ્યો. "મારા વિશ્વાસુ નોકર, આ બેઠેલા માણસથી શરમાવા કંઇ કારણ નથી. એતો આપણી મદદમાંજ છે. ધારેલુ કામ તું બરોબર રીતે બજાવી શકીશ એવી સુચના પણ એણેજ કીધી છે." મનમાં મલકાઇ ખુલ્લા અવાજથી નાનસીંગ બોલ્યો." શું મુનિમ સાહેબનો ઘાટ ઘડવાની વેતરણ કીધી છે?"

આ જવાબથી ડીટેકટીવ તક જોઇ વચ્ચે બોલ્યો. "કેમ શેઠ જોયું કે, કેવો ચાલાક માણસ છે? આપણા મનની વાત જાણી લીધી."

"હા, એજ વાત છે" ભદ્રસીંગે નાનસીંગને કહ્યું.

"તમે કહોતો એના શરીરને વીંધી નાખુ, અથવા છુંદી ના-ખી તેની લાસને કુવા કે તળાવમાં હોમાવી દઉં. જેમ આપનું ફ-રમાન હોય તેમ કરવા હાજરછું, પણ ભવિષ્યમાં મને કંઈ ઇજા થાય તો મારા છોકરાઓની સંભાળ લેવા માટે ખાત્રી મળવી જોઇયે."

"તે માટે તારે કાંઈ ફિકર કરવી નહિં. તારા માટે પણ તું નિશ્ચિંત રહે" ભદ્રસીંગે જવાબ દીધો.

"મને રજા આપો વખત બહુ થવા આવ્યો છે" આમ બોલી ડીટેકટીવ ઉઠયો, નાનસીંગે પણ જમવા જવાની રજા માગી. બન્ને જણા ચાલતા થયા. તેમના જવા પછી ભદ્રસીંગ પોતાના મનમાં મલકાવા લાગ્યો કે 'ઠીક છે, પૈસાતો ખરચાશે પણ રેવાસંગની પીડાતો ટળશે. એ લુચ્ચાએ મારી વહાલી દીકરીના મનને ભમાવી નાંખ્યું છે તો એવાનેતો મરાવીજ નાખવાં જોઇયે. વળી પેલો બેચરસીંગ જેણે મારી ઉમેદોમાં ભંગાણ પાડયું છે. મારા સુખના રસ્તામાં લુટ ચલાવી છે તેને રીબાવી રીબાવી માર્યા વગર મુકુંતો મારી ખરી શેઠાઈ શાની? ધુળ પડી મારા જીવંવામાં અને પૈસાના ગંજમાં જો હુ કરવા ધારૂં તે કામ હમણા પૈસાથકી કરી શકું તેમ છે છતાં વેરનો બદલો ન લેતાં બેશી રહું તો. મારેતો એ કામ જેમ બને તેમ જલ્દી કરી દીલમાં ભમતી દુશ્મનાઈને ભોગ આપી રવાને કરવી જોઇયે.' આવી રીતના અનેક વિચારોમાં તે ગરકાવ બની ખુશી થતો જમવાં ઉઠયો.

વહાલા વાંચનાર! પૈસાથી કેવા કેવા કાવતરાં થાય છે તેનાથી માણસ જાત ધારેલું કામ કરી શકે છે કે નહીં. એ બાબતનો આપને અનુભવ તો હશેજ કહેવત છે કે "જર ચાહેસો કર" બુરા માણસને તે સારો કહેવરાવે છે મુર્ખ પાસે ગુણીજનને નમાવે છે, ગમે તેવા સખત સ્વભાવના માણસને તે પીગળાવી નાખે છે. પૈસાવાલાને કોઇ આવો કોઇ પધારો, કોઇ હઝરત, કોઇ મહેરબાન, કોઇ શેઠ સાહેબ, કોઇ કદરદાન, એવી રીતે કોઇ કાંઇ તો કોઇ કાઇ એવાં માન વાળા શબ્દોથી આવકાર દઇ બોલાવે છે. ખરૂ કહો તો પૈસાનીજ બલિહારી છે. માણસ જાત પાસે પૈસાનો ગંજ ભરાયો હોય છતાં સુખી પણે જીદંગી નહીં ગુજારતા નીચ કામો કરવા તરફ દીલ દોડાવે ત્યારે તેના માટે કેવી રીતના ખબરો સમજવા? તેની પડતીના દહાડા નજીક આવ્યા'—બસ એજ" પૈસાના મદમાં માણસો આગળ પાછળનો કંઇ પણ ખ્યાલ કર્યા વગર હરેક નીચ કામ કરવા તૈયાર થઇ જાય છે. પરંતુ પરિણામે જ્યારે તે મુસિબતમાં આવી પડે છે. ત્યારે બેહદ પરીતાપ કરે છે.

હરેક કામ કરવા પહેલા તેના ભવિષ્ય માટે પ્રથમ વિચાર કરવો જોઇએ કુદરતે આંખો આગળ શા માટે કીધી? આગળ પગલા ભરવા સહેલ કરી પાછળ ભરવાંમાં મહેનત નાખવાનું કારણ શું? બસ એજ કે હરેક કામ કરવા પહેલા ભવિષ્યમાં પાછા પગલા ભરતાં કેટલી મુશીબત છે તેનો ખ્યાલ બાંધ્યો એમ સમજવા માટે.

—:૦:—

પ્રકરણ ૨૦ મું.

ખુનીને શિક્ષા-બેચરસીંગનો છુટકારો.

ખુનનો કેશ ફરી તપાસ માટે નીકળતા કોર્ટ તરફથી નાનસીંગની જુબાની લેવી શરૂ થઇ.

'મારૂં નામ નાનસીંગ, મારા બાપનું નામ સરદારસીંગ, ઉમર વર્ષ ૩૮, ધંધો નોકરી, રહીશ અહીંનો હાજર છુ.'

સવાલ—"ગઇ તારીખ સન ની રાત્રે રેવાસીંગનું ખુન થયેલું છે. તે બાબતમાં તમે શું શું જાણો છો?"

જવાબ—"રેવાસીંગ મારા શેઠ ભદ્રસીંગનો મુનિમ હતો. પણ પોતાની દીકરી લાલબા 'સાથે આડો વ્યહવાર તે રાખે છે. આમ શેઠને વહેમ આવવાથી તેણે મારા હાથે તેનું ખુન કરાવ્યું છે.

સવાલ--"તમે ખુન કેવીરીતે અને શાથી કરેલ છે. ?"

જવાબ—"તારીખ ની રાતે નવ બજ્યાના અરસામાં શેઠે મને કહયું કે રેવાસીંગને બોલાવી આવ. જેથી હું તેને બોલાવવા ગયો. તે પોતાનાં દીવાન ખાનામાં બેઠેલો હતો. "તમને શેઠ બોલાવે છે" એમ મારા તરફથી કેહેવામાં આવતાં તે મારી સાથે, ચાલ્યો હું અધવચ માંથી વલી ગયો અને પરબારે તેના ગરમાં છુપાઇ બેઠો, રેવાસીંગ ત્યાંથી જઇ આવી બિછાનાપર સુઇ ગયો. લગભગ અગીઆર બજ્યાના અરશામાં નિદ્રાદેવીને તે શરણ થયો. તે તકનો લાભ લઇ હું ઉઠયો. અને મારા પાસેની છરીનો તેનાપર ઘા કર્યો. અણચિંત્યો હુમલો થતો જોઈ તે ઉઠવા જતો હતો પણ તેણે પોતાની ડોક ઉપાડી કે મેં મારા હાથથી તેના મહોંપર દબાણ કરી તેને બિછાના પર પાડી નાખ્યો અને છરીના ઘા વધારે કર્યો. આ ઘા મેં તેનાં ગલામા કર્યો જેથી તે બે હોંસ બની જઇ સ્વધામ પહોંચ્યો. બાદ મેં નાશવાની તૈયારી કીધી. પરંતુ ખુનની તપાસમાં તપાસ કરનારને ગુંચવણમાં નાખવા શારૂ મે યુકિત

કરવા વિચાર્યું. જેમા પ્રથમતો મરનારના દીવાન ખાનામાં જે સરસમાન હતો તે વિંખી નાંખ્યો. પછી તેની બંદુક જે હમેશાં ભરી રહેતી તે મારા જાણવામાં હતી તે ઉપાડી અને મરનાર ઉપર તેનો ધડાકો કીધો. બાહેર જઈ ફેંકી બંદુક હું ચાલ્યો ગયો."

સવાલ—"આ રજુ છે, તે બંદુક અને છરી જોઈને કહો કે તમે જે ખુન કરવામાં કામે લગાડી હતી. તેજ છે કે નહીં?"

જવાબ—"બંદુક તો તેજ છે, પરંતુ છરી, આ ન હોય.

છરી માટે તેણે ઇનકાર કરતાં ડીટેકટીવ નંબર ૧ વાલો બોલ્યો "ભાઇ હવે ખરી બિના શા માટે છુપાવે છે? નાહક અમને મહેનતમાં પડવું પડશે."

"ના સાહેબ, આપ શા માટે અધિરા બનો છો? હું જે ખરી બિના છે તેજ કોર્ટને જણાવીશ. મારા પાપમાં હવે જુઠુ બોલી વધારો કરવા માગતો નથી." નાનસીંગે જવાબ દીધો.

સવાલ—"ત્યારે કહો, જે છરીથી તમે ખુન કર્યું, તે છરી આ-જ કે નહીં?"

જવાબ—"નહીં સાહેબ, હું ફરીવાર કહું છું કે આ છરી તે ન હોય. આતો મારા શેઠ ભદ્રસીંગના ઘરમાં મેં ઘણી વખત જોઇ હતી તેજ છે. જે છરીથી મેં ખુન કરેલુ છે, તે છરી હું જ્યારે ખુનવાલી જગ્યા પરથી નાઠો ત્યારે મારી સાથે હતી. મારો ઇરાદો શહેર બાર જવાનો હતો પણ તેમાં હું ફાવ્યો નહીં. દરવાજા બંધ હતા જેથી દરવાજા નજીક નુરખાન નામનો એક મજુર રહે છે તેના ઘરમાં હું દાખલ થયો. રાત્રીનો બાકીનો ભાગ ત્યાંજ ગુજારી ત્યાંથી નીકળતી વખતે મારા પાસેની છરી મેં એક કાલરના ગંજમાં ખોંચી દીધી છે."

આ હકીકત ન્યાયાધીશના સાંભળવામાં આવી કે એકદમ મજકુર કાલરવાળી જગ્યાપર ચોકી માટે માણસો મોકલી આપ્યા.

સવાલ—"તુરખાનનું ઘર છોડયાપછી તું કયાં ગયો અને છેવટે શીરીતે નંબર ૧ ના ડીટેકટીવે તને પકડયો?"

જવાબ—"હું ત્યાંથી ચાલ્યો જુદા જુદા ગામોમાં ભટકયો અને છેવટે ભવાનીપર જઇ મારા પાસે એક કાગળ ભદ્રસીંગનો લખી આપેલ રૂપિયા પાંચસોનો ગુલાબસીંગની પેઢીપરનો હતો તેના નાણા લીધા. પછી ત્યાંથી ચાલ્યો સહેલકરતો આ શહેરમાં આવતાં ડીટેકટીવ નંબર ૧ વાલાએ સાદા પોશાકથી ભુલવણી કરી મને પકડયો."

આ જવાબ પછી નંબર ૧ ના ડીટેકટીવે પોતા પાસેનો કાગળ ન્યાયાધીશને આપ્યો. અને તે બાબતમાં તૃહોમતદારને પુછવા માગણી કીધી. જે ઉપરથી ન્યાયાધીશે પૂછયું:-

સવાલ—"આ કાગળ તમને બતાવવામાં આવે છે તે ભદ્રસીંગે તમને લખી આપેલો. અને જેના ગુલાબસીંગની પેઢીયેથી તમે રૂપિયા પાંચસો મેળવ્યા તેજ કે નહિં?"

જવાબ—"હા તે એજ કાગળ છે."

સવાલ—"તમને મળેલા રૂપિયા પાંચસોનું તમે શું કીધું ?"

જવાબ—"રૂપિયા ચાલીશનો એક ઘોડો લીધો છે. રૂપિયા ૭ ખર્ચમાં વપરાયા. અને બાકીના આ રહ્યા મારીપાસે" આમ બોલી પોતાની કમરે બાંધેલ વાંસડી કાઢી તેમાંથી રૂપિયા ચારસો ચોપન્ રજુ કર્યા."

સવાલ—"ખુન કરવા માટેની મસલત તમે અને ભદ્રસીંગે કઇ જગ્યાએ કરી હતી, અને ત્યાં શી શી વાતચિત થઇ તે લખાવો?"

જવાબ—"અમારી મસલત શેઠના ખાનગી ઓરડામાં થઇ હતી જ્યાં આ કોર્ટમાં બેઠેલ નંબર ૨ નો ડીટેકટીવ પણ હાજર હતો. મને ખુન કરવા માટે કેટલુંક ઉ-તેજન તેમના તરફથી પણ મળ્યું હતું. અમારા વચ્ચે થયેલી મસલતમાં આ પાસે ઉભેલા મુશાફરની ઓળખાણ પણ નિકળી હતી. વળી તેને ફસાવવાની મસલત પણ ત્યાંજ થઇ હતી."

આ જવાબથી કોર્ટમાં બેઠેલા સર્વ લોકોને અચંબો થવા લાગ્યો કે, નંબર ૨ ના ડીટેકટીવને આ કેવી મત સુજી હશે?! કેટલાક કહેવા લાગ્યા કે, એમ હોયજ નહિં. આ લુચ્ચો ખોટી રીતે તેને સપડાવવાનું કરે છે.' કેટલાક કહેવા લાગ્યા કે, 'એને તે સાથે શું આડાઇ હોયકે ખોટું બોલે?! નંબર ૨ વાલો ડીટેકટીવ એવાજ કામોનો કરનાર છે.' નાનસીંગે લખાવેલી હકીકત નંબર ૨ ના ડીટેકટીવે સાંભળવાથી તેના ચહેરાપર એકદમ સીહા રંગ પ્રસરી ગયો. તે શરમાઇ જઇ જમીન તરફ જોવા લાગ્યો.

સવાલ—"જે છરી કોર્ટમાં રજુ છે તે પેલા મુશાફરની ઓરડીમાં શી રીતે ગઇ તે બાબત તમે કાંઇ જાણો છો?"

જવાબ—"ના. એ બિના મારા જાણવાથી બાહેર છે. પણ મારા જવા પછી એ કાવતરૂં થએલું હોય એમ હુંને લાગે છે."

આ પછી નંબર ૧ ના ડીટેકટીવે કાગળનો તથા લુગડાંનો કટકો તહોમતદારને બતાવી તેનો ખુલાસો માગવા સૂચના કરવાથી ન્યાયાધીશે તહોમતદારને પૂછ્યું.

સવાલ—"તમને આ કાગળ અને લુગડું એમ કટકા બે બતાવવામાં આવે છે તે કોના છે?"

જવાબ—"આ કાગળનો કટકો જે કાગળ ઉપરથી મેં પૈસા મેલવ્યા છે. તેના એક ભાગનો છે. અને લુગડાં નો કટકો મારા બદનનાં ખીસા નો છે. જે વખતે મે રેવાસીંગ પર પહેલો છરીનો ઘા કર્યો, અને તેથી તે ઉભો થવા જતો હતો ત્યારે મેં તેને દાબી નાખવા કોશીશ કીધી જેથી તેણે પોતાના હાથનું ઝાવું મીરાપર કરતા મારા બદનનાં ખીસાપર તેનો હાથ અટકયો. તેણે જીક મારવાથી ખીસાનો ભાગ તેના હાથમાં આવી ગયો. કાગલ પણ એજ ખીસામાં હતો જેથી તેમાંનો થોડે ભાગ રહી ગયો છે.

સવાલ—"ભદ્રસીંગની છોકરી જોડે મરનારને આડો વ્યહવાર હોવાની વાત ખરી હતી કે નહીં?"

જવાબ—"તદન ખોટી! શાપ જુઠી!! નાહક ભદ્રસીંગ વહેમથી ભરાયો હતો."

સવાલ—"તમારે ખુન શા માટે કરવું પડયુ?"

જવાબ—"માત્ર પૈસાની લાલચ વળી જણાવવા દયો કે હું પકડાઇ જઇશ નહીં. એ બાબતમાં નંબર ૨ ના ડીટેકટીવની ખાત્રી આપવામાં આવ્યાથી આ કૃત્ય મારાથી બન્યુ છે."

ઉપર પ્રમાણે નાનસીંગની કબુલાત નોંધી લીધા બાદ નુરખાનની જગ્યામાં ન્યાયાધીશ. તહોમતદાર અને બીજા ઘણા માણસો સાથે ગયા. ન્યાયાધીશના કહેવાથી તહોમતદારે કાલરમાંથી છરી કાઢી આપી, જે બાબતનું મેજર કરી લઇ નુરખાનને કેટલીક હકીકત પુછી તેણે તહોમતદારની કબુલાતને મળતી બિના લખાવી. બાદ ત્યાંથી ચાલ્યા બધા કોર્ટમાં હાજર થયા. જ્યાં ભદ્રસીંગની જુબાની ચાલુ કરવામાં આવી.

સવાલ—"રેવાસંગનું ખુન તમારા માણસ નાનસીંગને ઉશ્કેરી તમે કરાવેલું છે કે નહિં?"

જવાબ—"હા સાહેબ, મારૂં નશીબ ફુટયું તેથી એવી નીચ બુદ્ધિ મને સુજી."

સવાલ—"આ છરી કોની છે?" (જે નંબર ૨ વાલાએ રજુ કરેલ હતી તે બતાવીને).

જવાબ—"મારી છે."

આ જવાબ સાંભળી નંબર ૧ ના ડીટેકટીવે પોતા પાસે જે છરીનું ખોખું હતું તે ન્યાયાધીશને આપી ભદ્રસીંગ પાસે તેનો ખુલાશો માગવા માગણી કીધી. જેથી તેને ખોખું બતાવી પુછવામાં આવ્યું:-

સવાલ—"આ છરીનું ખોખું કોનું છે?"

છરીનુ ખોખું જોઇ ભદ્રસીંગ વિચારમાં પડયો કે "આ ખોખું અહિં ક્યાંથી? કોણ લઇ આવેલું હશે? શું ઘરની જડતી લીધી હશે? હેબતમાં હેરાન થઈ તેણે જવાબ આપ્યો. હા સાહેબ, એ ખોખું મારૂં છું. અને જે છરી મને બતાવવામાં આવી તેનુંજ તે છે."

સવાલ—"એ છરી તમે કોને આપી હતી.?"

જવાબ—"ડીટેકટીવ નંબર ૨ વાલાએ મારા પાસેથી લીધી હતી."

આ પછી વૈદ્ય અને બીજા લાગતા વલગતા માણસોની જુબાની લઇ ન્યાયાધીશે બેચરસીંગને પુછયું; કેમ મુશાફર, આ કામે તારાપર ખોટું

તરકટ રચવામાં આવેલું દેખાયછે. જેના પરિણામે તને બહુ શોશવું પડયું છે. તારાપર તેમ કરનાર વિરૂદ્ધ તારે કંઇ બોલવાનુ કે કરવાનુ છે?"

"નાહીં મહેરબાન હું કંઇ કરવા કે બોલવા માગતો નથી. તેઓની કરણી માટે ઇશ્વર તેમને ગેબી રીતે પોતે બદલો આપશે. એક શાહેરે કહ્યું છે કે:—

ગર કીસી દર રાહે મન. ખાર નેહદ મન ગુલનેહમ
ઉસ જાએ. ખારયા બદ મન એક જાએ.

મતલબ કે, જો કોઇ મારા રસ્તામાં કાંટા નાખશે તો હું તેના રસ્તામાં ફુલ નાખીશ. કાંટા નાખનારને કાંટાનું ફળ મળશે અને મને તો ફુલનો બદલો મળશે." બેચરસીંગે શિર નમાવી જવાબ દીધો.

ત્યાર બાદ ન્યાયાધીશે આ કામનો એક લંબાણ ફેશલો લખી સંભળાવ્યો. જેમાં ભદ્રસીંગ અને નાનસીંગને ફાંસીની શિક્ષા ફરમાવી તથા ડીટેકટીવ નંબર ૨ વાલાના અપરાધ માટે તેની યોગ્ય તપાશ કરવા તેના ઉપરીપર લખાણ કરવા જણાવ્યું.

આ ફેસલામાં નંબર ૧ ના ડીટેકટીવની ચાલાકી માટે બહુજ તારીફ કરી તેની સારી ચાલ માટે ગોયા સર્ટીફીકેટ આપી હતી. બેચરસીંગ આ તરકટમાંથી મુકત થયો તે વખત તેની ખુશાલીનો પાર ન રહયો. કોર્ટમાંથી રજા મળ્યા બાદ ડીટેકટીવ નંબર ૧ વાલો બેચરસીંગને પોતાને ઘેર તેડી જતો હતો રસ્તામાં તેના બે મીત્રો મળ્યાથી સેહેલ કરવા માટે ચારે જણાએ ઉતરી પડયા. ત્યા આ કેશ બાબે ગોફતેગો થતાં. છેવટ બેચરસીંગ બોલ્યો:—

"ગૃહસ્થો, હું એક પર ભુમીનો રહીશ આ જમીનપર મુશાફર તરીકે હાજર છું. મારા નીખાલસ અને સાચા અંતઃકરણ માટે આપ અજાણ્યા છો. મારી કિસમતે જ્યારથી બદચારી આપી ત્યારથી હું આવીજ હાલતમાં ફસાતો આવ્યો છું. પેલા એજ ભદ્રસીંગે મારા દેશમાં મારા પર જુઠા તરકટ ઉભા કરી મને કેદમાં મોકલાવી દીધો હતો. જેવી રીતે અહીં હું આ ભલા ગ્રહસ્થ નંબર ૧ ના ડીટેકટીવની સ્વચ્છ અને સ્વતંત્ર તપાસથી બચવા પામ્યો છું તેવીજ રીતે આગળ બની ગયલા બનાવમાં એના જેવા એક ભલા અમલદાર "બહાદુર" સાહેબે મને છોડાવ્યો હતો. એ બન્ને જણની સારી નેકચાલ અને ભલાઇ માટે હું ગરવર દીગાર હજુર ખરા દીલથી બંદગી કરીશ.

આજે પૈસાવાળાં જેમ ચાહે છે તેમ કરી શકે છે. બધા તેમને માન આપી બોલાવે છે. તેઓ કોઇ ગંભીર પ્રકારના ગુન્હા કરે છે. અથવા કરાવે છે તોપણુ લોકો તેમના પ્રત્યે શકની નજરથી જોતા નથી. જુવો, તે બાબતનો આ પ્રત્યક્ષ દાખલો! જો નંબર ૧ નો ડીટેકટીવ નંબર ૨ ના ડીટેકટીવ જેવો હતો તો મારા સરખાની શી વલે થાત! એ બિના આપ સહેજ સાજ સમજી શકો તેવી છે. પણુ જ્યાં પક્ષપાત વગરના અને લાલચને ધિક્કારનાર સ્વતંત્ર અમલદાર હોય છે. ત્યાં જુઠાણું જમીનમાં પણુ સમાઇ શકતુ નથી. કુદરત પણુ તેવા કાવતરાં છુપાવી શકતી નથી. તે અવલ તેવા કામો કરનારને ઉંચે ચડાવી છેવટે નિચે ગબડાવે છે; પણુ સાચને કદી આંચ આવવા દેતી નથી. મને જ્યારથી પકડવામાં આવ્યો ત્યારથી મારા મનમાં આ વિચારે ધીરજ રૂપી દવાથી શાંતી આપી હતી, નહીંતર હું કેદમાંજ મરી જતે. લુચ્ચા લોકો ન જેવી બાબત માટે અથવા લાલચ સારૂ બદકૃત્યો કરે છે. કુદરતના નિયમ પ્રમાણે તેઓ તાત્કાલિક પાધરા થવા જોઇએ પણુ કદાચ કર્મ સંયોગે એકવાર બચી ગયા તો બીજી વાર હરગીઝ ગાજતે વાજતે દેખાવ આપે છે. એક વાર બચી જનારૂં માણસ ફરીવાર તેવાં કાવતરાં કરવાનો મનસુબો કરે છે—નહીં, તે નથી કરતો પણુ કુદરત તેના ભોપાળાં પાધરાં કરવા માટેજ તેને તે રસ્તાપર પ્રવેશ કરાવી મક્કમ પણે પોતાના કબજામાં લેછે. જેમ એક ઉંડાણુ વાલી ગુફામાંથી સહી સલામત બાહેર નિકલવું મુશીબત ભરેલું થઇ પડે છે તેવીજ રીતે નીચ કામો કરનારને પાછળથી પસ્તાવું પડે છે. આ દુનીયામાં પેદા થયલા પ્રાણીને છેવટે મર્ણ તો સરજેલું છે. ત્યારે અહીંથી તેના જવા પછી વિચાર કરતા "નેકી અને બદી" શીવાય બીજી બાબત હસ્તી ભોગવશે નહીં. નેકી કરનારને હમેશા આરામી મલે છે ત્યારે ભુંડા કામો કરનાર વખોડાય છે.

ગઝલ.

આજ કોઇ કાલ કોઇ એમ સહુ ચાલ્યા જશે,
નામ નેકીનું હમેશાં જગતમાં જાહેર થશે. ટેક.
મેળવી દોલત ઘણી કારૂન જેવા થઇ ગયા,
કંજુસની શિર છાપ લઇ. નહીં દસ્તે પુરથી તે ગયા. ૧
મહેર થઇ માલીક તણી ત્યારે હુંધ્યાને પામીયા,
રાંકપર સીતમ કરીને સીહાઇ મેહેરાથી ગયા. ૨
ખાર નહીં મનમાં કંઇ પીછાને નહીં વળી પાકને,

અંત કાળે સુખી થસે એમ કોણ કહેસે કહો મને. ૩
મિત્ર પરસોત્તમઓ તણી મદદ કરે જે જોસમાં,
જીવંતા તો શું વળી સુખી થશે પરલોકમાં. ૪
ગંદગી લાલચ તણી ધિકારીને સ્વર્ગે ગયા,
"ઠક્કર" કહે સુણ દોસ્ત હે એવા અહીં થોડા થયા. ૫

"મેહેરબાનો, આ વચનોને સત્ય કરી માનજો. સાચનો બેલીરામજી? હું આ પ્રપંચી જુઠાણામાંથી છુટવા પામ્યો છું. તે માત્ર નંબર ૧ ના ડીટેકટીવની કિમતી ચાલાકીભરેલી તપાશનું પરિણામ છે. એનો ઉપકાર મારી જીંદગી પર્યંત ભુલીશ નહીં. બેચરસીંગના ભાષણથી તથા તેના મીત્રોએ શાબાસી આપવાથી ડીટેકટીવે ટુંકામાં એટલો જવાબ આપ્યો. "મારી ફરજ બજાવવા શીવાય વિશેષ મેં કર્યું નથી." ગાડી પાછી ફેરવી ઘર તરફ વળ્યા. ત્યાં આવી પહોંચતા પોતાના ભાઇ અને પેલા મુશાફરને આવતાં જોઇ ડીટેકટીવની બહેન બહુજ આનંદીત થઇ. તેણીને હર્ષના અશ્રુ આવ્યા અને બેચરસીંગ ભણી નજર કરી બોલી. "ભાઇ જ્યારથી આ ખુની કાવતરામાં તુ ફસાઇ ગયો હતો. ત્યારથી હું બહુજ ફિકરમંદ હતી કે તારી શી વલે થશે!! પરંતુ ઇશ્વર અંતે સાચાનો બેલી થયો છે. પાપીઓ પોતાના પાપની શિક્ષાએ પહોંચ્યા છે."

"પરોપકારી દયાળુભાઇ, મારા સાથે તમારા કુટુંબ ને કશો સંબંધ નહી, વલી હું એક કંગાલ અજાણ્યો મુશાફર તમારી સાથે કંઇ પણ ઓળખાણ રાખનાર નહીં, માત્ર એકજ વખત આપના દર્શન નો લાભ લીધેલ. આટલાજ ઉપરથી મારા દુઃખમાં આપે ભાગ લીધો તેના માટે હું ખરે ખર ઉપકાર માનું છું. જો તમારા ભાઇએ આ કેશમાં પક્કી જુસ્તેજો કરી ન હોત તો હું બિન અપરાધી છતાં માર્યો જાત આ વાત નક્કી હતી." તેની સ્તુતિ કરતો બોલ્યો.

બેચરસીંગે અંહીજ આસાએસ લીધી. વલતેરોજ તેણે. વિનતી કરી કહયું કે "મને રજા આપો તો હું મારા દેશ તરફ જાંઊ," નંબર ૧ના ડીટેકટીવે જવાબ દીધો કે "ભાઇ થોડા રોજ અહિં ઠેરો; એક અઠવાડીયા પછી અમારે ભદ્રાગિરી તરફ મુશાફરીએ જવાનું છે. જેથી આપણે બધા સાથેજ નીકલશું."

"પણ મહેરબાન, મારી વહાલી ચંદ્રબા ક્યાં અને કેવી હાલતમાં હશે. એ ફિકરમાં હું હેરાન છું. માટે જેમ બને તેમ તેની શોધમાં જલદી જવા મારો ઇરાદો છે. મને રજા આપો." બેચરસીંગે કહયું.

"વહાલા બેચરસીંગ તમારા પહેલા શબ્દો મને યાદ છે. તમોએ તમારા દુઃખની હાલત જયારે મને સંભલાવી હતી. ત્યારે તમે બોલ્યા હતા કે ચંદ્રબાની જન્મભુમી. ભદ્રાગિરી શહેર છે. આ ઉપરથી તેણી" રજલતી રખડતી દુઃખમાં રીબાતી હેરાન થતી તે દેશતરફ ગઇ હશે એમ આપણે શામાટે ન માનવું? તમારે અહિંથી જુદા પડવા કરતાં અમારી સાથે મુશાફરીમાં ચાલવાનું ઠીક પડશે." પેલી બાઇએ કહ્યું.

"પણ કોણ જાણે આપ કયારે ચાલવાના હશો? હું જ્યાં લગી મારી મનમોહનને દેખતો નથી ત્યાં લગી આ જીંદગી મને અકારી લાગે છે. મારા હૈયામાં તેજ મુર્તી રમે છે. જેવી રીતે હું હેરાન છું તેવી રીતે તે પણ હશે. માટે મારે જવું જોઇએ" બેચરસીંગે કહ્યું.

"તેમ નહીં બન્ને તું ખાતર જમા રાખ અમે જલદીથી ચાલવાના છઇએ તું અમારી સાથે હશે. તો અમોને પણ રસ્તો કાપવો સહેલ થશે. જો તારી ઉતાવળ છે તો અમે આવતી પરમે ચાલવાની તૈયારી કરીશું." ડીટેકટીવે કહ્યું.

પ્રકરણ ૨૧ મું.

બેચરસીંગ અને ચંદ્રબાનો મેલાપ.

સંકેત પ્રમાણે બે રોજ પછી સઘળા અહીંથી રવાના થયા. ડીટેકટીવ ઘોડા ઉપર હતો, અને તેની બહેન તથા બેચરસીંગ સાંઢીયાપર હતા. રસ્તો કાપતા ત્રીજે રોજ એક બીયાબાન જંગલમાં તેઓ પહોંચ્યા વખત સવારનો હતો પક્ષીઓ મધુર અવાજ કરી રહ્યા હતા. થોડે દુર ચાલતાં એક સુશોભિત જગ્યા તેમના જોવામાં આવી. "અહીં દાતણ પાણી કરી જરા નાસ્તો કર્યા પછી ચાલવાનું કરીશું. આ જગ્યા બહુ સુંદર છે." પેલી બાઇ બોલી.

"ઠીક છે" ડીટેકટીવે જવાબ દીધો. ધર્મશાળામા ઉતરી દાતણ પાણી કરી સર્વ બેઠા છે. મુશાફરીની વાતો ચાલે છે, એટલામાં એક શખશે ત્યાં દેખાવ દીધો. તેને જોતાંજ ડીટેકટીવે પુછયું "ભાઈ તું કોણ છો?"

"હું મુશાફર છું. શેઠ" પેલાએ જવાબ દીધો.

"આપ ક્યાં જવાના છો. આપની સાથે બીજા કોઇ સંગાતી છે કે નહીં?" ડીટેક્ટીવે પુછયું.

"હું એક રખડતો આદમી છું કિસમત મને અહીં ઉપાડી લાવી છે. મારે ભદ્રાગિરી શહેર તરફ જવાનું છે. મારી સાથે મારી એક દુઃખી બહેન છે. બશ અમ બે શિવાય બીજો કોઇ સાથ નથી." એટલું બોલતાં તેનું હૈયું ભરાઇ આવ્યું. આવી સ્થિતી જોઇ ડીટેક્ટીવે તેનાકનેથી વધુ ખુલાસો માગ્યો. ગમગીન ચેહેરે પેલો શખશ બોલ્યો.

રાગ—સસઇ.

"કીસમત કોઠે હત આંધા, અસાકે હી દીં કીં વસરધા. ટેક.
વતન અસાંજો જાદ પવે તો. સભરેં સુખ અચે રૂંધા—અસાકે૦
કતવ્યા મા. પે અસી ન જાણો. નાયે દીસ કોય દીંધા—અસાકે૦
મારૂડા હન મુલકજા ઉ અસાંસે અસેંધા—અસાકે૦
ભેણુ ભની વઇ સોસમે શાઇ. કો ભેયા કત ઉ હુંધા—અસાકે૦
નેહ જીનીકે કયો નમાણુ સો દુઃખ લોહી કે ખેંધા—અસાકે૦
ડાઢે દુગરે પેર ગસ્યોં તે છપર સોણે શંભરધા—અસાંકે૦
પલ પલ બોલે 'કતવ્યો પ્યારો' વળી ચવે 'કડે ઇંધા'—અસાકે૦
ખેર ગુંરોતા. અસી ભમોતા સભરસે દીં ખાધા—અસાકે૦
વતન વસાયોં વ્યા મલાયોં કડે ઉ દીં અચીંધા—અસાકે૦
દુખ મથે દુખ ડાઢા પેંતા હાણે દીં ન નકરધા—અસાકે૦
મેહેર કયો ઉ ચ્યો તે "કુંવરજી" હાલ દીસી ભાલ કૈધા—અસાકે૦

બેચરસીંગ બોલ્યો "ભલા માણુશ, દુનીયાએ તારાપર બાળ અવસ્થામાજ પોતાની જંજાળીઅત નાંખી છે. મારાંપર બની ગયલા બનાવોની યાદ તારી હાલત જાણુવામાં આવતા મને તાજી થાય છે. દુનીયા એ દગોછે. તેમાં સુખની આશા રાખવી ફોકટ છે. સુખ મળે તો પણુ તે સ્વપ્ના સમાન છે, માટે શબુરી ગ્રહણ કરવામાંજ માલ છે. તું હેરાન ન થા. કલ્પાંત ન કર.

રાગ—સસઇ.

રમે બધાથી ઠગ બાજી. યાર ન થા દુનિયાથી રાજી. ટેક.
જુવાનીમાં તે એશ બતાવે, ભીતર છે દગલ બાજી—યાર૦
ખુબી બતાવી મતી ભુલાવે નહીં રાખે સુખ આજી—યાર૦
બહુ રીઝાવી એબ છુપાવે કરે પછી જુની તાજી—યાર૦

ખદીમા પૂરણ નેક ન જાણો રાખો એ પર ઇતરાજી—યાર૦
વફાઇ વાલી કોઇ ન કહેસે બોલે મુરખ તે 'હાજી'—યાર૦
મરણ સમય તે બહુ પસ્તાયા રહ્યા. એ ઉપર જે ગાજી—યાર૦
રીતી એની એવી જાણો માનો છો જેને પાજી—યાર૦
ચેતો પ્રાણી સુણી આ વાણી મોત રહ્યો ઉપર ગાજી—યાર૦
દગો દગો આ યાર દગો છે "ઠક્કર' શું કહું જાજી—યાર૦

બેચરસીંગનું બોલવું પુરૂ થતાંજ પેલી બાઇએ પુછ્યું. "તારી બહેન કયાં છે?"

"બાઇ. તે આ પાસેના મંદીરમાં માતાના દર્શન અર્થે ગઇ છે. અજાણ્યા મુશાફરે જવાબ દીધો. આ બાઇની જીજ્ઞાસા તેને જોવાની થતાં ત્યાંથી તે માતાના મંદીર ભણી ગઇ. ત્યાં જોય છે તો એક જુવાન છોકરી ચોધાર આંસુ પાડી રોતી અને માતાની સ્તુતિ કરતી તેના જોવામાં આવી.

આ બાઇને જોતાંજ તેણી ચુપ થઇ ગઇ અને તેની સામે જોવા લાગી. આ ઉપરથી ડીટેકટીવની બહેને પુછ્યું. "બાઇ તું કોણ છો, અને શા માટે વિલાપ કરે છે? તારા દુઃખની વાત મને સંભળાવતો ખરી?"

ચંદ્રબા બોલી "બ્હેન મારા દરદની વાત તમારા સાંભળવામાં આવશે. તો તમે મને મુર્ખાઇના નમુના તરીકે ગણી નાદાન ઠરાવશો. માટે મને પુછો ના."

"બહેન એક દુઃખી દીલના માણસના દુઃખની તવારીખ જોકે હસવા સરખી હોય તોપણ જેને એવાજ દુઃખનો અનુભવ થયો હોય તેને તે બાબત વિચાર કરવા સરખી જણાય છે. તારા બોલવા પરથી તું એક હુશીઆર છોકરી લાગેછે. માત્ર હાલના દુઃખે તારી હાલ હવાલી કરી નાંખી તને ભ્રમિત કરી દીધી છે. પોતાના દુઃખની કહાણી બીજાને સંભલાવવાથી કંઇને કંઇ ફાયદો થાય છે. માટે તારે ખુલાસો કરવો જોઇએ." આ ઉપરથી ચંદ્રબા બોલી.

કાફી—રાગ.

"કીસમત માંસે હી કેર કયો,
વિસાર્યો પરીયર્ન મુકે ન વિસરે—કીસમત માંસે૦ ટેક.
કારે ડુંગરે ડુમ્બ ખ્યા ડોઢા, મુંજા માંકે મલાએ હ્યો—વિસા૦

કો લૈયાં કત હુંધા ઉ કીં, ખી જ્યું ખબર આણુદયો—વિસા૦
ધીધાર ઉનજો ચંગું દસણમે, હૈયે મેં મચ બારે વ્યો—વિસાં૦
બાદ પવેતો હોથ 'કુંવરજી' મું હાલ મુંઇજો તોકે ચ્યો—વિ૦

કાફી.

મારૂ ઝંધો—એ રાગ.

હાલ સુનો તુમ મેરા, મેરા સો ગંમકા. હાલ સુનો. ટેક.
જુદાઇસે આંઉ જુરી મરાતી. સઠા પિરીયન લાય દુખ કેરા;
કેરા સો ગંમકા હાલ સુનો૦ ૧
પાણી વિન્યા મછ જુરી મરેજી, દુખ મુંઇજા એરા;
એરા સો ગંમકા હાલ સુનો૦ ૨
પુછધી પુછધી પેર ફરાતી, દીના ડુંગર તે ફેરા;
ફેરા સો ગંમેકા હાલ સુનો૦ ૩
'કુંવરજી'ચે મું દીઠા અત. સુરૂ અનીકે ભેરા;
ભેરા સો ગંમકા હાલ સુનો૦ ૪

ચંદ્રબાના વીલાપ યુક્ત ભાષણથી આ બાઇની ખાત્રી થઇ કે જેના માટે બેચરસીંગ હેરાન છે તે સ્ત્રી તો આજ હોવી જોઇએ. માટે તેને અહીં બોલાવું. આ વીચારથી તેણી બેચરસીંગને બોલાવી લાવી; સાથે ડીટેકટીવ પણ આવ્યો. બન્નેની નજર એક થતાજ તેઓમાં નવા પ્રાંણ આવ્યા. ચંદ્રબા એકદમ ઉઠી ઉભી થઇ—ભેટી પડી. ખુશીના અશ્રુ વરશાવ્યા. ઉમેદ પુરી થઇ. વીતિ ગયલા સંકટો અને હાલની ખુશાલીનો માંહો માંહે, ઝઘડો ચાલ્યો. ખુશાલીના પ્રસંગથી સંકટોની યાદ સજેત થતાં બેચરસીંગે શરૂઆત કરી:—

ગઝલ.

સરારારે—એ રાગમાં.

"રહેગા યાદ ગયા જો દિન કહું કયા મેં મેરે જાની,
લિખાથા હાલ વો મુજપર બતાઇ જીસને વેયરાની. ટેક.
જુદાઇ હુઇ તેરી મેરી ફસાયા મુઝકો કાફરને,
ન થા માલુમ મુજે કુછ ઓર હુઇથી જીસસે હયરાની. ૧
વહાંસે જબ હુઇ રૂખસદ તુજે ઢુંઢામે જંગલમે,
જીગર મેરા ભવાનીસીંગ ગુમાઇ જીસકી જુવાની. ૨
મદદ મય જીસકી આહાતાથા નહીં થા કોઇ મેરા ઉસ જા,

હરીફાને કીયા હયરાં, બાહાદુરને કી મેરબાની. ૩
મુસીબત કયા કહું તુજકો, જુકાયા કેદમેં મુજકો;
લગાયા પાંઉમેં જંજીર, દુઃખથી બહોત હયરાની. ૪
મુજે ઉમીદ મીલનેકી, શબરસેં રાતો દીન કાટા,
જીસે માલુમ "કુંવરજી યાર, કહેગા સબકો વો કાહાની." ૫

"મારી વહાલી પ્યારી દુનીઆ દુઃખરૂપ છે. તેમાં સબુરીથી દહાડા ગુજારવા શીવાય બીજો માર્ગ ફોકટ છે. દુઃખના અંતે સુખ છે. આપણને આવી રીતે કુદરતે હેરાની આપી તો તેમાં પણ કાંઈ ભેદ હશેજ."

ત્યારપછી ચંદ્રબાએ પોતાપર વીતેલા બનાવો ટુંકામાં કહ્યા બાદ સર્વેએ માતાના દર્શન કરી પ્રાર્થના કીધીઃ—

લાવણી.

ચંદ્રબા—ચળકે છે ચંદ્રસમાન હે મૂર્ત્તી તારી,
તુજ મહીમાનો નહીં પાર તું પર હું વારી.
ઉપકાર કીધો તેં માત રાંકને જાણી,
મને સહાય થઈશ તું આજ ગેબી થઈ વાણી.
લુટારે કીધી કેદ ગુફા અંધારી,
તુજ મહેર થકી હું બચી કહું શું ભારી.
ઓ સત્તા ધારી માત. નમું હું તુજને,
મુજ માત હશે હવે કયાંય મેળવ તું મુજને.

ખેચરસીંગ—હું રહયો કેદની માંહે ગુન્હો નહીં તનમાં,
બિન અપરાધી હું માત મુંજાયો મનમાં.
વળી હરીફે કીધું કૃત્ય કહું વિસ્તારી,
ઠેરાવ્યો ખુની મને આપી ગમ ખ્વારી.
જો મહેર હતી તુજ માત બચી હું આવ્યો,
થઈ ઉમેદ પૂરી સર્વ મને હરખાયો.
આ મિત્ર ખરો છે માત દયા બહુ કીધી,
બિન અપરાધીની દાઝ હૃદયમાં લીધી.
શું કહું દુઃખની વાત કર્મની કહાણી,
ગઈ ગુજરી માની મન સબુરી આણી.
આ ધીરજનો પ્રતાપ માનું હું મનમાં,
તુજ મૂર્ત્તી હમેશાં રમી રહેશે મુજ તનમાં.

ડીટેકટીવ—મેં ફરજ બજાવી મારી વધુ નથી કીધું,
બિન ઉપકારે એહેશાન માની એણે લીધું.

સર્વે—હવે ઉમેદ મનમાં એમ અહીંથી જઇએ,
નંદીબાઇ જે રાંક તેને જઇ મળીયે.
જે બનવાનું તે બન્યું સહાય હવે રેહજો,
સ્તુતિ ભક્તો તણી કબુલ માજી તમે કરજો.

ઉપર પ્રમાણે સ્તુતિ કર્યા પછી બધા જણો અહિંથી ચાલ્યા નવમે દિવસે ભદ્રાગિરી શહેરમાં દાખલ થયા. શહેરના માણુસોએ ચંદ્રબા અને ભાણસીંગને ઓળખી લીધા. કેટલાએક લોકો દોડતાં દોડતાં દુઃખી દીલની નંદીબાઇને તેની ખબર આપવા આગળ વધ્યાં. પોતાના વહાલાં ફરઝંદોના આવવાની ખબર સાંભળી નંદીબાઇ તેઓને સામી જઈ રસ્તામાં ભેટી. સર્વેના મને પૂર ખુશાલી થઈ. ગામના લોકો તેમના તરફ દયાભાવ બતાવવા લાગ્યા. ડીટેકટીવ તથા તેની બેહન અને બેચરસીંગની ભાણસીંગે બધાને ઓળખાણુ કરાવી. બાદ એક સારી જગ્યા લઇ તેમાં ઉતર્યા. અને ખુશાલીમાં દહાડા પસાર કરવા લાગ્યા. દરરોજ જુદા જુદા ગ્રહસ્થોની મુલાકાત થતી હતી. થોડી મુદત આ પ્રમાણે ચાલ્યા બાદ ડીટેકટીવે પોતાનો જવા બાબેનો ઇરાદો જણાવ્યો. જે ઉપરથી કેટલીક રકજક થતાં "ચંદ્રબા અને બેચરસીંગના લગ્ન કરાવ્યાં પછી આપ જવાનું કરો તો વધારે ઉપકાર થશે" આમ ભાણસીંગ અને નંદીબાઇ તરફથી તેને વિનંતી કરવામાં આવી. આ વાત તેણે કબુલ કરી. થોડી મુદત પછી ચંદ્રબાના લગ્નની ધામધુમ થવા લાગી. ઉછરંગમાં બિચારી નંદીબાઇને હરપળે આજ હીસો સંતાપ આપતો કે, "હું કેવી અભાગણી કે, મારી વહાલી પુત્રીના લગ્નમાં એક ખરી માતા તરીકે જે લહાવો લેવો જોઈયે તે મારા નશીબમાં સરજેલ નથી. હશે, હરીઈચ્છા!"

રઘુપતી—એ રાગ.

મુંજો ધણી અજ ખપે મુંવટ રે;
ઓસેયો ઉ, દુખ ડ્યા સટો સટ—મુંજો૦
હુઓ સારો અસાંકે સુખરે, તેમેં ઓચિંધો આયો દુખરે;
હલ્યો વખન મથે જીં વખ—મુંજો૦
વેઓ કત કીં આઉં ન જાણારે, અજ આયા અંઇ સુખજા ટાણારે;
કેર સાચવે ઉનજા ઠેકાણા—મુંજો૦

થીયે હીલા હવાલા કૈકરે, બઇ નપ્રમે કૈયાંતી ભકરે;
દરીયા લાલ પુરી કર સિક-મુન્જો૦
સુણ 'કુંવરજી'જી વાણી રે, આયા છોકરા સુખંજી એધાણીરે;
મ વાય તું અખીએ મેં પાણી-મુન્જો૦

રાગ-ઉપરનોજ.

મારો સ્વામી આજ જોઇએ આહીંરે;
મને તે વિન્યા સુજે ન કાંઇ—મારો૦
રૂડા ગીત સોહાગણો ગાયરે, તેનો ઉછરંગ અતિશે થાય રે;
એક દુઃખ મુજ મનને ખાય—મારો૦
જન પાળક દર્શન આપોરે, કષ્ટ નષ્ટ ભક્તોના કાપોરે;
છાપ સુખની અમપર થાપો—મારો૦
નીરખી બાળકો રાજી થાઉં રે, તારો મહીમા ગણુરો ગાઉં રે;
વહાલા પતિ વીન્યા મનમાં મુંજાઉં—મારો૦
'ઠકકર' જોઇને મનમાં મુંજાયોરે, ચક્ષુમાથી નીર જાએ ચાલ્યો રે;
રાખ શબર પતી આવે હાલ્યો—મારો૦

દોહરો.

'સંકટમાં ધીરજ ધરે, હટી ન આપે શુર;
પરિણામે સારૂ થશે, જાણશો આપ જરૂર.'

પ્રકરણ ૨૨ મું.

પદ્મસીંગ અને એક સરદારની છોકરી.

વહાલા વાંચનાર મિત્ર! અહીં જ્યારે ભદ્રાગિરી શહેરમાં ચંદ્રપ્રભા અને એચરસીંગનાં લગ્નની ધામધુમ થઇ રહેવાની બિના તારા હૈયામાં રમી રહી છે ત્યારે આ નીચેની હકીકત જાણવાથી તને ઓર વિશેષ ખુશાલી થશે.

અત્યાર સુધીની હકીકત ઉપરથી તમારા પુરાના મિત્ર પદમસીંગને દેવલોકમાં દાખલ થવાની વાત તમોએ તમારા મનમાં નક્કી કરી હશે. પણ તેમ નથી. વહાણ જ્યારે દરીયાના તોફાનનું ભોગ થઇ ભાંગી પડયું, ત્યારે તેમાં બેઠેલા પદ્મસીંગ દરીયાના મોજાઓ વચ્ચે જીવવાની આશા છોડી, પછાડા મારતો હતો. દરમ્યાનમાં વાહાણના પાટીયાનો એક કટકો તેના હાથમાં આવ્યો. જેની સહાય લઇ જે તરફ પાણીનાં મોજાઓએ તેને ચાલવા ફરજ પાડી. તે તરફ ચાલતાં છેવટ છ રોજ પછી એક બીયાબાન જંગલની સપાટી પાસે ધસડાઇ આવ્યો. ઓટ થતાં તે ત્યાંજ પડી રહ્યો. આ વખતે તે બિચારાને પોતાના શરીરનુ પણ ભાન ન હતું. ભૂખના દુઃખથી તેની આંખોમાં અંધારી છવાઇ રહી હતી. શરીરની દરેક નસો ગોયા કાચાંસુતરની મીશાલે કમજોર થઇ ગઇ હતી. આ જંગલમાં વસ્તા લોકો ક્રુર અને દયાહીન હતા. તેઓ પોતાની ખોરાકી માટે પશુ પ્રાણી વગેરની શોધ કરી જે હાથ આવે તેને ભક્ષ કરતાં હતા. પદમસીંગ અહીં ત્રણ ચાર કલાક લગી પડી રહયો બાદ સુરજની ગરમીથી. તેના શરીરમાં થોડી ઘણી હોંસ આવતાં તે બેઠો થયો. એટલામાં સામેથી ચાર વિકાળ ચહેરાવાળા ત્યાના શીખો આવી પહોંચ્યા. પદમસીંગને જોતાંજ તેઓ હરખાઇ ખુશાલીના આવેશમાં નાચવા કુદવા લાગ્યાઃ—

બધા—મેરે પરવર દીગાર, મેરે પરવર દીગાર;
    આજ ખુશી હુવે હમ પર તુમ—મેરે૦ ૧
પેલો—દેખો યારો પડા શિકાર,
બીજો—મારૂંગા મેં ઇશકો ઠાર;
ત્રીજો—તુમ લગતે હો બડે ગમાર,
ચોથો—ઠેરો ઠેરો કરો બિચાર—મેરે૦ ૨
પેલો—કોન હોયગા બોલો યાર,

બીજો—ખબર મુજે નહીં મેં લાચાર;
ત્રીજો—યાં ખડે કયા કરો બિચાર,
ચોથો—ચલો દેખીયે હો તૈયાર—મેરે૦ ૩

તેઓ પદ્મસીંગ પાસે આવ્યા અને તેને ઉપાડી એક કોથળામાં નાખી તેનું મો બંધ કરી એક જણાના માથાપર તે બોજો ઉઠાંવી ખુશ થઇ ગાતા ગાતા ત્યાંથી ચાલ્યાઃ—

રાગ–મરશીયા.

બધા—હોરે સાઇ અજ ખુશીકેં ધીલમેં,
હલો હલો રમધા સધડમેં—હોરે૦ ૧
પેલો—અજ વડો થીયો કંમ,
બીજો—ખુશી થીયો હાકમ;
ત્રીજો—પાંજો ચંગુ થીયો ઉધંમ,
ચોથો—ખણી ઇનકે હલ્લો પાંણુ ધરમે—હોરે૦ ૨
પેલો—દીયું ખાન કે હીમાલ,
બીજો—કંધો પાકે નીહાલ;
ત્રીજો—અચીધાંસી પાણુ કાલ,
ચોથો—ખુબ પરધાંસી પેઓ હીનવનમે—હોરે૦ ૨

છેવટે પોતાના સરદાર પાસે પોતા. અને હાથ આવેલા શિકારને કોથળામાંથી કાઢી તેના પગ પાસે મુકી અવેજમાં ઇનામ માગ્યું.

બધા—અજ ઇનામ દૈને ધ્યાન, વઠતું ખાન ન્યાલકાર. ટેક.
પેલો—અસી સવારો ચાર જણા,
બીજો—ગુમ્યા પટ પંધ ગણા;
ત્રીજો—ધરીયા સંધી રેલ તણા,
ચોથો—ગરટ કઇ ઘર ભ ઘર—અજ૦ ૧
પેલો—ઉત આધમ સંધી જાત,
બીજો—દીઠી અંસી સભહીં સાથ;
ત્રીજો—ભયું ખરાઇધાંસી નાત,
ચોથો—પણ આય તોફો તોજે ઘર—અજ૦ ૨

હાથ આવેલો શિકાર જોઇને સરદાર ઘણો ખુશી થયો અને તેઓને ઘણી શાબાશી આપવા સાથે ઇનામ દઈ રવાને કર્યા. પદ્મસીં-ગને એક જગ્યામાં બંધ કરી તાળુ વાશી તેની કુંચી પોતાના કબજામાં

રાખી. ગુલામીધંધો અહીં ધીકતો હતો. પોતાનું વતન વિસ્મૃત થાય, અને સુંકટો સેહેવામાં ઘડાઇ જાય તોપછી નાશી જવાનો પ્રયત્ન કરે નહીં. એ માટેજ તેને હાલ કેદ કરવામાં આવ્યો. કારણ કે તેની ખુબ સુરતી તથા ચાલાકી જોઇ સરદારનું મન તેને છુટો થતાં તેના જેવા માટે મુકરર કરેલા પૈકી એક ઉંચપદ આપવાનું હતું, અને તે ઉંચપદ સરદારના અંગત ગુલામો માંહેનો. આ કેદખાનામાં પદમીસીંગને દર રોજ એક વખત ખાવાનું પહોંચતું કરવામાં આવતું પણ દુઃખમાં હેરાન થયેલો, વલી જુલમગારોના ફાંદામાં ફસાઇ પડેલો તેને ખાવાની રૂચી કયાંથી હોય? તેતો હરવખત છાતી ફાડી નાંખે એવા શબ્દો વડે હાય અફસોસના અવાજ કઢયા કરતો હતો. એક વખત પેલો સરદાર તેને જોવા ગયો ત્યાં તેને કલ્પાંત કરતો જોઇ મનમાં શકંમદ થયો કે રખેને લાગ ફાવે આ માણસ નાસી જશે. તો મારી સર્વ ધારણા ફોકટ જવાની, માટે તેના પગમાં બેડી નાંખવી જોઇયે. આ ઉપરથી તેણે પદમીસીંગના પગમાં બેડી ઠોકાવી કંઇ પણ બોલ ચાલ કર્યા વગર તે ચાલતો થયો.

આ સરદારની એક જુવાન વયની ઉમરે પુગેલી છોકરી હતી. જેના લગ્ન અદ્યાપી લગી થયાં નહતાં જે વર તેનાં મા બાપો પસંદ કરતા તેને તેણી કબુલ કરતી નહીં. એકને એક બાનું બતાવી. તેણી પરણવાને ના પાડતી હતી. આ છોકરીનું રહેઠાંણ, પદમસીંગને જે જગ્યામાં કેદ કરવામાં આવ્યો હતો તેની પડોસ માંજ હતું. પદમીસીંગ વખતો વખત પોતાપર વિતેલા સંકટો સંબંધી જુદી જુદી રીતે ઉદગાર કાહાડી વિલાપ કરતો હતો.

વખત સાંજના પાંચ બજ્યાનો હતો. પેલા સરદારની છોકરી માળની બારીમાં બેઠી હતી. મંદ મંદ વાતા સમીરની લહેકીઓ તેના પ્રફુલીત વદન કમળને ઠંડક આપી રહી હતી. એકાએક તેને કાને કોઇ રૂદન કરતુ હોય તેવો અવાજ આવ્યો—સાંભળ્યું શું?:—

ગઝલ.

તેરે દીદારકે—એ રાગ.

કેઆ અપરાધ હુંધા મું, પેઆ હી હાલ મુંજે સિર. ટેક.
કુટંબસે આંઉ થ્યો ન્યારો, કૈયા કીં નાય હીત આરો;
ભરાયો નિર અખીયે ખારો, છોડાયે ઇશ માફી કર—કેઆ૦ ૧.
વચાડા છોકરા મુંજા, મુંધારા કી કંધા હુંધા;
અરે કિસમત કેં જુદા, ફસાયે માંકે જાલમગર—કેઆ૦ ૨

દુઃખેંજા દીં લખ્યા હુંધા, તદે તોફાન કઇ મસ્તિ;
જુરીપૈ ઉ મુંજી કિસ્તી, દીશો ખ્યા હી પગે જાંજાર—કેઆ૦ ૩
ન અન આડે જરા ધલકે, કયાં કિત દુ.ખજી ધાંઉ;
'કુંવરજી'કીં કૈયાં આંઉ, ઉનીચ્યો તે સબુરી કર—કેઆ૦ ૪

શાંભળતાં શાંભળતાંજ આ છોકરીની વૃતી જ્યાંથી અવાજ આવતો હતો તે તરફ વિશેષ ખેંચાતી ગઇ. આ દુઃખી માણસને નિહાળ-વાને તે આતુર થઇ તેણી પેલા કેદીવાલા ઘર પાસે આવી પરંતુ દર-વાજો બંધ હોવાથી તેનાથી અંદર જઇ શકાય તેમ ન હતું તોપણું ઓરડીની એક જાળી વાટે જોતાં એક સ્વરૂપવાન માણશ એકકી ટસે જમીન તરફ નીહાળેતો, હાય અફસોસ ના પોકારો કરતો જણાયો. આ સ્વરૂપ નીહાળતાંજ તેના મનમાં આજ સુધી નહીં જણાયલી લાગણી ઉત્પન્ન થઇ. તેના હ્દયે પ્યારને જગ્યા આપી તેંણીને, જાણે આંધળી બનાવી. તેણીએ મનથી ઠરાવજ કર્યો કે બસ ગમે તેમ કરીને પણ આને પ્રિયતમ કરવો આના ટેકામાં તેણીની પાસે દલીલો તૈયારજ હતીઃ— "આહા ! એની મુર્તી કેવી રળીયામણી જો 'કે તેના પર દુઃખનો વર્ષાદ' વરશી રહેલો છે છતાં તેનો ચ્હેરો કેવો શોભાયમાન મનોહર દીસે છે? ! ચાલ જીવ, મારા પિતાને કહીં આ માણસને મારી' પાસે બોલાવી લઉં. પછી મારી ધારણા પરીપૂર્ણ થશે" આમ વિચાર કરી તે પોતાના ઘરમાં દાખલ થઇ જ્યાં એક ગુલામડીને પોતાના પિતા—સરદારને બોલાવી લાવવા તેણીએ હુકમ કર્યો. આજ્ઞા ઉપરથી પેલી ગુલામડી સરદાર પાસે જઇ તેને હકીકત નિવેદન કરતાં તે પુત્રી પાસે આવ્યો.

"પિતાજી પિતાજી, આ મારી બાજુની કોટડીમાં જે માણસને આપે કેદ રાખેલોછે તેને અહિં મારી પાસે મોકલવા મહેરબાની કરો. એ માણસ હિંદુસ્તાનનો વતની હોય એમ તેના બોલવા ઉપરથી જણાયછે. તે મુલકનો હેવાલ તેના કનેથી સાંભળવા મારી ઈચ્છા છે" છોકરીએ ગંભીરાઇથી જણાવ્યું.

"બહુ ખુશી સાથે દીકરી, એમાં કાંઇ હરકત નથી. હું હમણા-જ બેઠકમાં જઈ તાળાની કુંચીં તને મોકલાવી આપું છું. તાળું ઉઘાડી એ માણસને તારી પાસે તું બોલાવી લેજે, પરંતુ તેના ઉપર દેખરેખ સારી રખાવજે' નહીં તો તે નાશી જશે" આમ બોલી તે ચાલતો થયો. છોકરીએ કુંચી આવવાથી પોતાની એ ગુલામડીને મોકલી પદમસીંગને પોતા પાસે બોલાવી લીધો. પદમસીંગને તેણીએ પુછતાં તે બોલ્યો.

"મને મારો દેશ અને છોકરાં યાદ આવે છે મારો આગળનો વૈભવ, અરે ! મારી સુખી જીંદગી. જમાનાના તોફાની પવને વીખી પીખી કયાંને કયાં ઉડાવી દીધાં છે. જમાનાના ચકકરનો પરછાયો હર વખત અવળી સવળી બન્ને બાજુએ ફરે છે. તેમાં જે વખતે જે માણસ ઉપર જેવી છાયા પડેછે. તે માણસને તેવો વૈભવ પ્રાપ્ત થાયછે. દુઃખી જીવોને એકદમ સુખની ગાદીપર બેસાડી 'ખમા, ખમા' ખીદમતગારોથી બોલાવે છે. સુખી સંતોષી જીંદગી ગુજારતા કુટુંબોને પાયમાલીમાં નાખી દેછે. દુઃખના વર્શાદનો મારો તેનાપર યાહોમ કરી મુકેછે. વાહવા જમાના ધન્યછે તારી ઉલટ સુલટ ગતીને ! બસ, તારી કરડી નજર સામે સબુરી શિવાય બીજો ઇલાજ હું જોતો નથી." નીશ્વાસ નાંખતો તે આગળ વધ્યો:—

'કરમની છે ગતી–એ રાગ.

બડી કિસ્મતકી બલિહારી; આઇ મુજપર યે લાચારી. ટેક.
નાંજાનું એ કયા હુવા, દીલકો નહીં કરાર,
બંદ કીયા કાફીરે મુજે. કરેગા મુજકું ઠાર.
દેખો યારો યે ગમ ખ્વારી, છોડાદે ઇશ ત્રિપુરારી. ૧
ઉમેદ સબ દીલમેં રહી. નહિ મીલનેકા ઉપાય,
કેસે મીલું ફરજંદકો. યેહી બાત દીલ ખાય. ૨
હવસ દીલમે યેહય ભારી, બના હું મનમે આજારી. ૨
માલીક મુંતે મેર કર. મિલાય મુંજા બાળ,
રોંસે વિજ ઈન ફતકે. છોડાય તું તત્કાળ.
કૈયેતા જુલ્મ ઇ ભારી, દીસણુમે ઐન અહંકારી. ૩
નથી કાંઇ અપરાધમેં કીધાં પાપના કામ,
સત્ય ધર્મથી ચાલતો ભજતો તારૂં નામ.
છતાં કેમ થઇછે આ ખ્વારી, પડીછે ખુબ લાચારી,
બિનતસીરે પાંઉમે જંજીર આન પડા.
રંગ રૂપ સબ ઉડગયો. હુવા સિહા મુખડા,
સબર ને દીલકું હયઠારી. 'ઠકકર' ને દીથી દીલદારી. ૫

"બસકર મહેરબાન તું દુઃખી નથા. તારા માટે મારા મનમાં સારા વિચારોની ગોઠવણ થયા કરે છે. તારી હાલત જોઇ મારા જીગરમાં બહુ દયા આવે છે. હવે તારા દુઃખનો અંત આવ્યો જાણજે. આવતી કાલે મારા મનની વાત તને જણાવીશ. હમણા રાત પડવા આવી છે.

માટે આરામ લ્યો" પેલી છોકરી બોલી. પોતાની ગુલામડી તરફ ફરી હુકમ કર્યો કે "જાઓ આ માણસને પાસેના ઓરડામાં રાખો. તેને સારો ખોરાક આપજો. બિછાના માટે મન પસંદ ગોઠવણ કરજો. રાત્રી વીત્યા બાદ સહવારમાંજ એને ફરી મારી પાસે હાજર કરજો." પદમસીંગના મનને ખાત્રી આવી કે આ છોકરી દયાલુ ખવાસની હોવાથી પોતાને અહીંથી છોડાવવા જરૂર પ્રયત્ન કરશે.

સવારના સાત બજ્યાના વખતે પેલી લોંડીઓ પદમસીંગને પોતાની બાઈ પાસે તેડી લાવી. વાતો શરૂ થઇ:—

"અયે આદમી, હું તારાથી ટુંકામાં જાણવા માગું છું કે તારા દીલમાં શી ઉમેદછે?"

"નેક બાનુ, મારા દીલમાં મારૂં વતન અને મારાં બચ્ચાં રમી રહ્યાં છે. કઈ પળે તેમને જઈ ભેટું એ ઉમેદમાં આઠે પહોર હું હેરાન છું. આપ દયા કરી મને અહિંથી છોડાવવાની તજવીજ કરી આપો. પરમેશ્વર આપતું કલ્યાણ કરશે" પદમસીંગે હાથ જોડી જવાબ દીધો.

"ઘેલા ઈનસાન, આ તારી ઉમેદને ભુંશી વાળ." તેણીએ દમમાંજ જણાવ્યું અને આગળ વધી.

ઈંદ્રસભા—એ રાગ.

સુરત તારી જોઇને હેરાન હું થઈ,
બશ કાંઈપણ વિચાર નહીં વરૂં તને સહી.
ઉમેદનો શરાબ ભરી પાઉં હું તને,
દીલમાં મુરાદ ભેટું હાય થાયછે મને.
તુજ દાસી થઈ હજુરમાં હું ચાકરી કરૂં,
જો આશ મારી તુટેતો જરૂર હું મરૂં.
અય હાર મુજ ગલા તણા કલ્પાંત ના તું કર,
છે પ્રેમ મુજ ખરેખરો વીદિત કરે 'ઠક્કર'

"વ્હાલા, જ્યારથી મેં તારી સુંદર છબી નીરખી છે ત્યારથી હું તારાપર દીવાની બની ગઇ છું, બેચેનીએ મારા હૈયામાં જગ્યા કીધી છે, ખાવાની રૂચી ગઇ છે, નિદ્રા દેવીએ પોતાની મહેરબાનીથી મને અલગ કરી મૂકી છે, અને આઠેપહોર એક તારીજ મૂર્તી મારી સામે રમી રહી છે. બસ તું મને કબુલકર તારી દાસી બની શેવા કરીશ, જે હુકમ કરશે. તે માથે ચઢાવીશ, અહીંજ તારૂં કાયમ રહેઠાણ કરી

ખા, પી, અને ઐશ આરામમાં મસ્તાન બન. મારી વિનંતી કબુલ કરવાથી તને ફાયદો છે. તારી જીંદગી સુખી બનશે."

"તમારી માંગણી હું કેવી રીતે કબુલ રાખી શકુ? કારણ":—

ગઝલ.

દીલકું અપને—એ રાગ.

વાત ઇસ્કની બોલમાં ગમમાં જીગર બેજાર છે,
શું કરૂં હું શું કહું, મુજપર દુઃખો અપાર છે. ટેક.
ખાવું પીવું એશ રંગ ઉડી ગયા કીસ્મત થકી;
આશના તખ્તા પર બેઠો હૈયામાં દુઃખનો હાર છે. ૧
માગી લઊ હું તુજકને દયા કરી છોડવ મને,
ઇશ બદલો આપશે સરદાર દીલે શિકાર છે. ૨
રંગ પતંગી જેવી કાયા, દુઃખમાં બરબાદ થઇ;
શું હાલ અહીં મારા થશે? એ ફિકર દીલમાં અપાર છે. ૩
નેક બાજુ નેક થઇને દુઃખ તરફ તું ધ્યાન કર;
'ઠક્કર' કહે છે સસ્ત વાણી, સબુરીમાં બહુ સાર છે. ૪

"મારી આવી હાલત વચ્ચે હું બીજી રીતે કેમ વર્તવા હા પાડી શકું? મારા પર આપ દયા કરો, મને રજા આપો અથવા અપાવો હું મારી જીંદગી પર્યંત આપને યાદ કરી ઉપકાર માનીશ."

"તું તારા દુઃખમા ઓર વધારો કરવા જેવી વર્તણુક ચલાવે છે. ખના કિરણોને ભાંગી નાખવા આગલ વધે છે. તેમ ન કર અને મારી વિનતી સ્વિકારગ.

પદમસીંગે મનમાં વિચાર કર્યો કે હાલ હા કરવા માંજ સાર છે. તેમ કરીશતો છુટો ફરી હરી શકીશ. લાગ આવે એ દુષ્ટોના પંજામાંથી સટકી જવાનુ" બની આવશે. આવા વીચારથી તે બોલ્યો "ઠીક મેહેરબાન જેમ આપની ઇચ્છા હું તમારી મરજી પ્રમાણે કબુલ કરવા તૈયાર છું."

આ શબ્દો શાંભલી પેલી છોકરી બહુ ખુશી થઇ. તેણીનું મન આનંદથી ઉભરાઇ જવા લાગ્યું. તેજ વખત તેણે પદમસીંગ ના પગમાંથી બેડીઓ કઢાવી નાખી પોતાના બાપને બોલાવી આ ખબરથી વાકેફ કર્યો જે વાત તેને પણ પસંદ આવતાં લગનનો દીવસ નકકી કરી તેમાટે ધામ ધુમ ચાલુ કીધી.

પદમસીંગ પોતાની મરજી પ્રમાણે હવે છુટો ફરવા લાગ્યો. તેનો ઇરાદો સટકી જવાનો માર્ગ બનતી ઉતાવળે હાથ કરવાનો હતો. એક

રાજ સહવારના તે દરીયા કિનારે સહેલ કરતો હતો. તેવામાં સામે છેટેથી એક વહાણુ જતું તેના જોવામાં આવ્યું. એ વહાણમાં દાખલ થવા તેની મરજી થઇ પણ તે પ્રમાણે 'બને કેમ?' આ વિચરમાં તેણે ઘણા ગોથા ખાધા. છેવટે એક યુક્તિ સુજી કિનારા પર એક મોટો વાસ પડયો હતો. તે ઉપર પોતા પાસેની પછેડી બાંધી વાંસ ઉભો કરી વહાણ વાલાને ઇશારત કરી. મદદ યુકતી સફળ થઇ. વહાણ વટીઓએ આ નિ-શાની સમજી પોતાના વહાણ સાથેના મછવામાં બે ખલાશીઓને બેસાડી તે કીનારા ભણી હંકાર્યો. મછવો આવી પહોંચતા કંઇ પણ પુછ પડછ કર્યા વિના પદમસીંગ તેમાં ચડી બેઠો. ખલાશીઓએ તેને પુછવા માંડયું કે "આપ કોણ છો—અહીંઆ કયાંથી આવ્યા છો?" જવાબમાં "મને વહાણ ઉપર પહોચાડો ત્યાં બધી હકીકત કહીશ" એટલાજ શબ્દો તેણે ઉચાર્યા. થોડી વારે મછવો વહાણની શોડમાં આવતાં બધા જણા તેમાં દાખલ થયા. આ વહાણ તો પેલા હઠીસંગનું હતું જે પોતે તેમાં હાજર હતો વહાણમાં માલ ભરાવી ભદ્રાગીરી શહેર તરફ તે જતો હતો. હઠી-સંગ પદમસીંગને જોતાંજ એકદમ કુદકો મારી ઉભો થયો. અને તેના પગ પાસે માથું નમાવી હર્ષના આંસુ પાડવા લાગ્યો.

"ભાઇ, વાહાલા ભાઇ. તમે જીવતા કયાંથી? શું બીજો અવતાર લઇ મને દર્શન આપવા માટેજ અહિં આવ્યા છો તમારી હૈયાતી માટે કોઇ આગાહી આંપતો નથી. ભદ્રાગિરિ શહેરમાં તો તમારાં નામ નિશાન ઉડી ગયાં છે." હઠીસીંગ બોલ્યો.

"પણ પ્યારા ભાઈ, તું ભદ્રગિરીમાં કયારે ગયો હતો.? માર કુંટુબની કેવી હાલત છે. ત્યાં મારાં વહાલાં બચ્ચાંઓ કેવી દિશા ભોગવે છે.?" પદમસીંગે પુછયું. આ ઉપરથી હઠીસીંગે બન્નેલા તમામ બનાવની તવારીખ શંભળાવી અને પોતાની નાદાની માટે માફી ચાહી.

હઠીસંગના મ્હોડાંથી પોતાના કુંટુંબથી હાલહવાલી શાંભલી પદ્-મસીંગને બહુ સંતાપ થયો. પરંતુ 'ઓધવજી પ્રાલબ્ધકી ગતન્યારી' એ ન્યાય વાકય વિચારી સંતોષ માન્યો. પુરઆશાનીથી વહાણ ભદ્રાગીરીના કીનારાપર આવી પહોચ્યું.

—:o:—

પ્રકરણ ૨૩ મું.

કુટંબનો મિલાપ અને ખુશાલી.

ઇશ્વરની શું ગહન ગતી કે તે પળમાં સંયોગ અને પળમાં વિયોગ કરાવે છે! જે રોજ આ વહાણ અહીં આવી પહોંચ્યું તે દીવસજ ચંદ્રબાના લગ્નનો દીવસ નક્કી થયેલો હતો. આ બન્ને ભાઇઓએ ગામમાં દાખલ થઇ રસ્તામાં લોકોને ભેટતાં ઘેર આવી ચાલુ ઉછરંગમાં વધારો કર્યો. પદમસીંગના દર્શનથી તે બાળકો અને નંદીબાઇને કેટલી ખુલાશી થઇ હશે. તે બાબતનો આબેહુબખ્યાલ એક કવિ અને ચિતારાની ભેગી મહેનતે પણ આંવવો મુશ્કેલ છે. આજ રોજે ચંદ્રબાના લગ્ન બહુ ધામધુમ સાથ બેચરસીંગ જોડે થયા ખુશાલીમાં કેટલાક પદો ગવાયાઃ-

કચ્છી કાફીના રાગમાં.

દુઃખજા દીં કેં દુર. આયો મોં તે ખુશીજો નુર;
ખેર ગુરેં ઉન ખાવિંદજી, પાજા દુઃખજા દીં કેં દુર. ટેક.
દરદ જુદાઇ જે ખાધો દીલકે, સભર સેવ્યા સુર—ખેર૦ ૧
ગમરે ગુંદરસે નાંયકી આરો, સમજો દીલમે જરૂર—ખેર૦ ૨
દુઃખમે દવાઇ સભરજી સારી, બ્યા હીલા એં કુડ—ખેર૦ ૩
'કુંવરજી'ચે મેર મંગો એં, સંકટ થઇવ્યા ધુર—ખેર૦ ૪

ગઝલ.

દીલકો અપને—એ રાગ.

થઇ મહેર દરીયાલાલ જી પાંજે સુખજા દીંયરાં અચી ચુકા,
સુખજા દીયંરા અંચી ચુકા પાંજે દુઃખજા દીયંરા લડેવ્યા—થઇ૦ ૧
મથે ભમ્યો તે દુઃખજો ચકર, હેરાન કેં કીં નાય કસર,
ઘણા દીઠા વેરાનમેં પાણી પાણી ચોંધે લભ સુકા—થઇ૦ ૨
કેયાં કેયાં આઉં મળે કેયાં, આધમ બકે તો વેઠો સદા;
પણનાં વઠે મેહેર માલક ઉંનતે ત છો થીએ માર વકા—થઇ૦ ૩
દુઃખ અચી પોંધે ઓચીંધા, સભરજી કર તું જમો દવા;
સભરજી હી,તો દઠે હવા દીસ મારૂડા ધરમે જુકો—થઇ. ૪
હીલા હવાલા હજાર કયાં. રાતોયે દીં હેરાન થ્યા,
અહંકાર મે ઘણા ભુલ્યા હી નાય પાંજી કીં. ભુકા.—થઇ ૫

કિસ્મત કરેતી બેવફાઇ, જુદા કરેતી પરીયનસેં પ્યારા,
સબર શિવાય જે કયા તેં મારા 'ઠકકર'ચે ખાધો ડાઢા ધ્રુકા.–થઈ૦ ૬

બનજારા

પડે સંકટ જો દીલજાની, નાં કરો તમે પશેમાની.
એનો દુનિયા પર છે વાસો, ધરશો બીક તો સુકાશોજી;
પીડયાં એણે બડા જે ગ્યાની, નાં કરો તમે પશેમાની. ૧
છે સુખને દુઃખ બેઉ સાથે, દુઃખ નહીં રેહે હમેશાં માથે,
નથી સુખની હમેશાં જુવાની, નાંકરો તમે પશેમાની. ૨
ઘણાં રાજા રાણા જોયા. કેક દુઃખની આખર રોયાજી,
તેના સુખની કહું શું કહાની. નાં કરો તમે પશેમાની. ૩
જે હોય લખ્યું તે લલાટે, પડે ભોગવવું સહી સાટેજી:
શીદ કરો અરે નાદાની, નાં કરો તમે પશેમાની. ૪
છે ધીરજ એમાં સબુરી, નહીં ફાવે એમાં મગરૂડીજી;
એમ 'કુંવરજી' મન માની, નાં કરો તમે પશેમાની. ૫

દોહરો.

સબુરી સારા ગુણ થકી, જણાય છે ભરપુર;
જે જન તેને ગ્રહણ કરે, તો ચળકે તેનું નુર. ૧
સંકટમાં સબુરી કરો, પ્રસંન થશે જગતાત;
'કુંવરજી'યે સાંભળી, લખી તેવી આ વાત. ૨

છેવટ.

સુણાયાં હાલ મુંજો લેઇ, જુકો ચીત દેઇને સુણજા ઐંઇ. ટેક.
જનમ મુંજો કચ્છ કેરેમે, વસાંતો શહેર મુંદરેમે;
રોજીનો આયે અદાલતમેં, કેયાં તો ઉત વકીલાઇ–સુણાયાં૦
અસાંતે અમલ આય જેંજો, ભલોઆય ભાદશા ભારી;
ખેંગારજી નાલે અસીં વારી, છેવટ જેંજી મું તારીફ ચેઇ–સુણાયાં૦
સવંત ઉંને એકાવનજી મુબારક સાલમેં કયો કમ.
મેણો હુવો માગ સુદ આઠમ, ભલેદીતવાર પુરી થઇ–સુણાયા,
'કલ્યાણજી' સુત લુવાણો ચો 'કુંવરજી' નાલો નંઢપણજો,
કેડાયાં હાલ ગરીબજો, સબરસેં ખેર હાંસલ કેઇ–સુણાયાં.

કુદરતી પ્યાર.

રાગ—માડ

હરદમ નામ હૈયામાં રમી રહયું છે. પલ પલ રાવ ખેંગાર—ટેક.

દેશ જોયા મુલક જોયા જોયાં ગામ અપાર,
ખુબી કચ્છ મૂલકના જેવી કયાં ન દીઠી યારરે.— ૧

સુખ શાંતિ છે કચ્છમાં નહીં દુઃખતણી ફરીયાદ,
ન્યાય રૂડો પવિત્ર દીઠો મળે બધાને દાદરે:— ૨

ગરીબ લોકો કરે ગુજારો ધંધામાં હોશિયાર;
સંકટના શાઇયાથી છુટા જેને દેહેસ્ત નહીં ખેગારરે.— ૩

કરૂણાકારી શ્રીમુરારી ઇશ છો દાતાર,
'કુંવરજી'ની વિનતી રાખો કાયંમ આ શરદારરે.— ૪

ભેગાનાં અચો અઇ કચ્છ નેરયો,
છવાઇ રહ્યો હત સુખ શાઈયો.—ટેક.

જાહોજલાલી છો ચાં આંવટ,
પધરો દેશ થ્યો કેસરેહિંન્દ વટ;
હન મુલકમે નાયે કો ખટપટ,
વસ્તી રખેતી જાજો માઇયો—ભેગાના૦ ૧

શુણી ખુસી થઇ હિંન્દજી માઈ,
રા કે ભનાયે જી. સી. આઈ. ઈ.
બાહાદુરને વળી કે રે શવાઈ,
સુધારો હલી ને હત આયો.—ભેગાના૦ ૨

આશાપુરા રખવાલી આઈ,
રેઠાણ જે જો હન નવાઈ;
બ્યો ભુખારી ધુલો શાંઇ,
ચોફેર ફરેતો પરછાયો—ભેગાના૦ ૩

ખેર ખુસીશે 'ઠકકર' ચવેતો,
દઠે ખેંગારજી દુખ લડે તો;
ગરીબપરવર રાજ કરેતો,
જુગોજુગજીયે અસીં માંઇયો.—ભેગાના૦ ૪

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રહસ્થોનાં મુબારક નામો.

જંગબાર.

૧૦ શેઠ પ્રસોતમ નરસી.
૪ ,, દ્વારકાદાશ સુંદરદાસ,
૮ ,, મુરારજી દેવજી;
૧ ,, લાલજી આણંદજી.
૧ ,, કુંવરજી ચાંપસી,
૧ ,, હાથીભાઇ શાકરચંદ;
૧ ,, ગોવંદજી આસકર્ણ
૨ ,, જેઠા લીલાધર દલાલ,
૧ ,, લધા હરીદાશ;
૧ ,, લખમીદાશ રામજી.
૧ ,, જમનાદાશ દુગરસી,
૨ ,, જીવણદાસ ભાણજી;
૧ ,, કરીમજી જીવણજી.
૧ ,, હાશમભાઇ હીરજી,
૧ ,, શાલેમામદ મેઘજી; લીલાણી
૧ ,, શેઠ હંસરાજ લખમીદાશ
૨ ,, પોપટભાઇ વીરજી દલાલ
૧ ,, સાં રવજી રણછોડ
૧ ,, કૃસ્નદાસ હીરજી
૧ ,, કૃસ્નદાસ ચાંપસી
૨ ,, જતી જીવરાજજી મેઘજી
૨ ,, મુરારજી કારાણી
૧ ,, વલભદાસ પુજા
૧ ,, વાઘજી લખમીદાસ
૧ ,, દેવસી ભગવાનજી
૧ ,, ગુલાબચંદ કચરા હરીઆણાવાલા
૨ ,, શીવજીભાઇ હાજી
૧ ,, હાશમભાઇ દાતુ
૧ ,, ગુલામહુશેન ભલુકુંવરજી
૧ ,, રાસીદભાઇ કાનજી રાજપાલ
૧ ,, સાલેમામદભાઈ લાખાવેલજી
૧ ,, મામદભાઇ માર્ણજી
૧ ,, તાજભાઇ ગુલામહુસેન
૧ ,, મનજીભાઇ લાલજી
૧ ,, મામદભાઈ શેખહુશેન
૧ ,, ધાલાભાઇ જીવરાજ
૨ ,, હમીરભાઈ હાશમાણી
૧ ,, ફાજલભાઇ ઇશા શરાફ
૧ ,, મહમદઅલીભાઈ વલીનજરઅલી
૧ ,, અલીડનાભાઈ જાફર.
૧ ,, દીનાભાઈ થાવર
૧ ,, ઇસાભાઈ થાવર
૧ ,, ગુલામહુસેન વલીમથુ

કચ્છ મુદ્રા

૧ માહારાઓ શ્રી ખેંગારજી લાયબ્રેરી
૧ રા. રા. સીવલાલ ધનેસ્વર ન્યાયાધિસ સાહેબ
૧ રા. રા. હીરાસંકર મયાશંકર વહીવટદાર સાહેબ
૨ શેઠ જીવણદાશ ઇબજી સોહાલી
૧ શેઠ ખીમજી જેરામ શોહાલી
૧ ,, રામજીભાઇ લાલચંદ
૧ ,, મુલચંદ દેવચંદ
૧ ,, વીસનજી ઠાકરસી
૧ ,, વીસનજી મેઘજી
૧ ,, દોસાભાઇ નરશી દેસાઇ
૫ રા. રા. મનુંભાઈ ઇસ્માલ સોલંકી ફોજદાર સાહેબ
૧ ,, હીરજીભાઇ રંસરાજ ડાકટર
૧ ,, દલપતરામ દયાસંકર કસ્ટમ દરોગા
૧ ,, મુરારજી ભગવનજી સીરસ્તેદાર
૧ ,, છગનલાલ ઉતમરામ અવલ કારકુન

૧ ,, લાલજી રૂડા ગેધર
૧ ,, વેજનાથ ભવાનીદાસ મ્યુ. સે-
ક્રેટરી
૧ ,, તેજાભાઇ મેઘજી વકીલ
૧ ,, હરીસંકર હીરજી વકીલ
૧ ,, રૂઘનાથજી ગોવંદજી વકીલ
૧ ,, મેઘજીભાઇ જયરામ મેહેતા
૧ ,, વેલજી પીતાંબર
૧ ,, જીવરાજ દેવકર્ણલધા
૧ ,, સિવજી લાલચંદ ખંગાર
૧ ,, અબ્દુલાભાઇ રામજી મુરાજ
૧ ,, મુલા અબદુલહુસેન મુલા
નુરભાઇ
૧ ,, અબદુલા હાજી જાનમહમદ
૧ ,, હાજી જાફર હાજી જાનમામદ
૧ ,, વેલજી આણંદજી કાપડીવા
૧ ,, માવજી લાલજી કાપડીયા
૧ ,, કેસવજી લાલજી કાપડીયા
૧ ,, દોસાભાઇ ઇબજી
૧ ,, દેવકર્ણ ઇબજી
૧ ,, માધવજી દેવજી
૧ ,, કેસવજી રતનસી ટોડાઇ
૧ ,, વેલજી રતનસી બેડીવાલા
૨ ,, ખીમજી દેવજી મુરારજી
૧ ,, જેરામ ગોપાલ ગાજાવાલા
૧ ,, જયરામ લધા બગડાઇ
૧ ,, પારપેઆ પરસોતંમ
૧ ,, વીસનજી લધા રતનસી
૧ ,, ગેલાભાઈ નારણજી મુરારજી
૧ ,, જીવણદાસ દામોદર
૨ ,, ટોકરસીભાઈ જયરામ વેદ્ય
૨ ,, ભાણજીભાઇ જયરામ વેદ્ય
૧ ,, સીવસંકર પ્રભુજી
૧ ,, હરીસંકર ક્રસનજી ઠાકર
૧ ,, પ્રસોતંમ રામજી હી. કા.
૧ ,, જીવરામ વાઘજી
૧ ,, મુગટરામ અમૃતરામ
૧ ,, નારાણલાલ મણીસંકર
૧ ,, ભવાનજી વિ. ક્રસ્યાણજી

૧ ,, જોશી મથરાદાશ ભીમજી
૧ ,, મેતા રવજી ભગવાનજી
૪ ,, જોશી મમુનારણજી હસ્તે
મમુ નારણજી
૧ ગોરધનદાસ રામજી
૧ નાગજી રતનસી
૧ હીરજી કાનજી સોની
૧ ,, દોસા શંકરજી સાસ્ત્રી
૧ ,, રતનસી લાલજી
૧ ,, વીસનજી મુલજી
૧ ,, ધરમસી નથુ
૧ ,, અશકર્ણ રતનસી
૨ ,, સીવજી અમરચંદ
૪ ,, ઇભરામ તાલબ પોસ્ટમેન
૧ ,, લાલજી લખમસી
૧ ,, મુલજી ખેરાજ ચાંપસી
૧ ,, દામોદર હંસરાજ
૧ ,, નરસી જેઠુ જોસી
૧ ,, ભચુ ઘોરધંન શોની
૧ ,, અબ્દુલહુસેન અલીડંના
૧ ,, બંદાલી ઈસ્માલ
૧ ,, જાનમામદ વાયડંના
૧ ,, ઇભરામ આમદ
૧ ,, લધુભાઈ કાનજી
૧ ,, મુરારજી મમલા
૨ ,, વીરજી લાધા
૧ ,, શૈદ આમદસા ભારાપરવાલા
૧ ,, દેસાઇ જગસી હેશરાજ
વાંકીવાલા
૧ ,, રતનસી હીરજી
૧ ,, વેરા અબદુલ હુસેન આદં-
મજી
૧ ,, વેરા એભરામજી જીવણજી
૧ ,, સઘવી દેવજી ઘનજી
૧ ,, ગોપાલજી આશકર્ણ
૧ ,, અદકારી મુલજી અમરશ
૧ ,, મુલજી ક્રસનદાસ
૧ ,, રૂઘનાથજી નારાણજી
૧ ,, ગોકલ નથુ સોની

૧ ,, દેવીદાસ ત્રીકમદાસ

૧ ,, પ્રતાપસી નેમીદાસ

૧ ,, તેજમાલજી માનશંગજી

૧ ,, ચાકી સાલે ઈબ્રાહ્મ

કુંચ્છ અંજાર.

૧ ,, રા. ખીમજી દેસા વકીલ

૧ ,, જેઠુ દેસા

૧ ,, જાદવજી દેવકર્ણ

૧ ,, પોપટ વસ્તાણી

૧ ,, પ્રસોતંમ હીરાચંદ

૧ ,, સાકરચંદ ભગવાનજી ગાધી

૨ ,, લધાભાઇ હેમરાજ વૈદ્ય

૧ ,, ગોવંદજી હરીરામ જોશી

૨ ,, મોતીરામ જીવરાજ

૧ ,, ગેલા વલભજી કારભારીં

૧ ,, દલપતરામ જેઠા વકીલ

૧ ,, લાલજી ધારસી

૨ ,, નરસીભાઈ દેવકર્ણ કુભારીયા વાલા

ભમાઉ કુચ્છ.

૫ રા. રા. રતનશંકર ભાઇશંકર ન્યા. સાહેબ

૧ ગોવર સાંધા માલા વકીલ

૧ ,, કરમચંદ હીરાચંદ વકીલ

૧ ,, સીવચંદ રાયચંદ

૧ ,, વલભજી મેઘજી વકીલ

નખત્રાણા કુચ્છ

૧૫ રા. નથુ કૃસ્નજી વકીલ મારફતે

૨ રા. નથુ કસ્નજી

૧ ,, દયાશંકર જીવણભાઇ થાણદાર સાહેબ

૧ ,, કુંવરજી પ્રસોતમ ફોજદાર સાહેબ

૧ ,, ગોવીંદજી મેઘજી

૧ ,, કાનજી વસ્તા.

૧ ,, વેલજી માધવજી

૧ ,, ઉમરસી વીસનજી વીરાણી વાળા.

૧ ,, પ્રસોતમ વાલજી

૧ ,, વીસનજી શંકરજી સીરસ્તેદાર

૧ ,, મોનજી જીવરામં વાકુ સીનેટર

૧ ,, ભગવાનજી કેશવજી વકીલ

૧ ,, ગોવંદજી એચર ધકીલ

૧ ,, વલભજી ગોકલદાસ વકીલ

૧ ,, હરીરામ નથુ.

લખપત કુચ્છ.

૧ રા. રા. વેજનાથ ભાઇ પ્રભુજી ન્યા. સાહેબ

૧ રા. સુરજી હંસરાજ ભોતલાના પ્રભુ

જખૌ કુચ્છ.

૧ રા. કુંવરજી વલભજી પ્રભુ

૧ રા. કાશીરામ વ્રજેશંકર

ભુજનગર.

૨ રા. હીરજી અરજણ વકીલ

૧ ,, નુરમામદ જાનમામદ

૧ ,, ગુસાઇ ભવાનગરજી ગણેશ ગરજી

૧ શેઠ રૂપચંદ પ્રાગજી હા. શાંતીદાસ વીરચંદ

૧ શેઠ ધાલાભાઇ જાપર માનકુઆ વાલા

કોટડા (રોહા.)

૧ કોઠારી હરીરામ વાલજી

૧ પ્રાગજી દેવજી

બીજાણ.

૧ માવજી આતમારામ જોસી

૧ નારાણદાસ સુંદરદાસ

ભદ્રેસર.

૩ હાલા અદાભાઇ બાવાજી

૨ શેઠ લધા ચત્રભુજ

૨ શેઠ લક્ષ્મીદાસ મુરારજી

૨ શેઠ જમુભાઇ નરશી

૨ શેઠ ભચાભાઇ સામજી
૨ પંડયા નારાણજી દેવકર્ણ
૧ શેઠ વલભદાસ રણછોડદાસ
૧ હાલા ભલુજી મેરજી
૧ હાલા પ્રાગજી નાગજી
૧ પ્રેમસંઘજી બાવાજી
૧ ભાભાજી સીવાજી
૧ વાઢેર ભાઇજી બાપજી
૧ રા. પ્રસોતમ કુંવરજી માસ્તર
૧ શેઠ મોનજી કેશવજી
૧ શેઠ ઉમરશી દોસા
૧ શેઠ ધરમશી લીલાધર

વડાલા.

૧ જાડેજા જાલમશેઘજી વેશલજી
૧ કુંવર વેરાજી દાનસંઘજી
૧ રા. વીસનજી રામજી માસ્તર
૧ સીવજી મુરારજી ગામોટ લુણી પોષ્ટ માસ્તર

સંભાધોધા.

૧ સાધુ વલભદાસજી
૧ શેઠ હાશમ સુમાર

પત્રી.

૨ શેઠ ભાગચંદ નાગજી
૧ કુંવર મેરામણજી કાનજી
૧ શેઠ ઉમરસી દેવરાજ
૧ શેઠ રતનસી દેવજી
૧ શેઠ લાલજી જેતસી વેરા
૧ શેઠ પ્રસોતમ જાદવજી
૧ શેઠ ડુંગરશી લધા

મોટી ખાબર.

૨ ,, શેઠ મોણસી હધુ
૨ ,, રવજી કુરપાલ
૧ ,, ભીમસી સોજપાલ
૧ ,, લાલજી લીલાધર પંડયા

છસરો.

૧ ,, મુરારજી અખઇ
૧ ,, ગોવદજી સામજી

દેસલપર.

૧ ,, શેઠ ગેલા પીતાબર
૧ ,, કરમસી જીવન
૧ ,, કોઠારી વીરજી બાણજી

ભુજપર.

૧ શેઠ પુજા પત્રામલ
૧ ,, પટેલ ભવાનજી ઠાકરસી તુંબડીવાલા
૧ ,, પટેલ મુલજી જેઠાણંદ કુદરડીવાલા
૧ ઠક્કર ફકીર લાલજી વડજર વાલા

ખેડાઈ અંજાર

૧ ,, જાડેજા જોકારસંગજી અખેરાજજી

ભોજાય માડવી.

૨ ,, જાડેજા ખાનજી વેસલજી
૧ ,, રામજી પુજા પટેલ સડાઉવાલા

કચ્છ માડવી.

૧ ,, વેરા મુસભાઈ મહમદભાઇ
૧ શેઠ મુરારજી લાલચંદ બીદરાવાલા

મેસાણા ગુજરાત.

૧ રતનસી દામોદર બાબડીયા

ખાવડા.

૧ રા. રા. થાણદાર સાહેબ મુનસી મહમદઅલી ક.

કપાયા મુંદ્રા.

૧ રા. રવજી વીસનજી ધ્રુ
૧ ,, રાયસી લાલાણી
૧ ,, જાપર લાડક
૧ ,, પ્રધાન નાનજી
૧ ,, માણેક મુલજી
૧ ,, ગુણપત હંસરાજ

જેસલમેર.

૧ રા. રા. જગજીવન જીવણભાઇ દીવાન

કરાંચી સીંધ.

૧ રા. રા. રામદાસ મુરારજી ગુજરાતી ઉ. ના. સે. પી. ડી. પટેલ

મુંબઇ બંદર.

૨૧ મી. નારાણજી હરીરામ દેવસી મારફતે.
૫ નારાણજી હરીરામ દેવસી
૨ સામજી ભાઇ અખઇ તુળસીદાસ
૨ મોતીરામ જાદવજી
૧ ક્રસનદાસ કરમશી
૧ વેલજી મુલજી દલાલ
૧ ગોપાલજી રામજી વાગોરીયા
૧ જેઠાભાઇ આણંદજી
૧ હંસરાજ ટલાણી
૧ હરીદાસ ભીમજી દલાલ
૧ માવજી લધા
૧ દેવજી ગોપાલજી
૧ પ્રાગજી લાધારામ બારોટ
૧ મોનજી રવજી
૨ અખઇ આણંદજી
૧ શેઠ કેશવજી નથુ સેલર
૨ શેઠ જેઠાભાઇ પારપીઆ તેલવાલા
૨ શેઠ કુંવરજી વીસનજી
૨ શેઠ ઓભાયા ડેરાજ
૨ શેઠ ગોવર હેમાણી

રાયધણ પુર.

૧૧ રા. રા. મણીલાલ વખતરામ દેસાઇ મારફત
૨ નેકનામદાર ખું. શ્રી ફતેહ જંગ ખાનજી સાહેબ બહાદુર
૧ ને. કુમાર શ્રી મુહમદ સફદરખાનજી ફતેહખાન જંગખાનજી સાહેબ બહાદુર
૧ નેકનામદાર ખું. કુમાર શ્રી મરદાન અલીખાનજી સાહેબ
૧ નેક. કુમાર શ્રી જોરાવર ખાનજી નસીબ ખાનજી
૨ રા. રા. વખતરામ માધવજી દીવાનજી સાહેબ
૧ રા. રા. નથુ મીયાં સુઇદું મીયાં કારભારી
૧ શેઠ હાજી મુસાજી એહેમદ કચ્છી ડીસા કાંપ
૧ શેઠ પ્રસોતમ અમતલાલ રેસમવાલા અમદાવાદ
૧ રા. મોતીલાલ દામોદર અમદાવાદ

મુંબઇ.

૧ શેઠ આસકર્ણ રતનસી ભીમજી
૨ શેઠ વાલજી પદમશી
૨ શેઠ લાલજી પદમશી ખેરાજ
૨ શેઠ ખીમજી દામજી બગડાઇ
૧ મી. વી. જે. ઠક્કર
૨ શેઠ ગાગજી હીરજી
૧ શેઠ લાધા દેવજી સમાઘોઘા વાલા
૨ શેઠ ભાણજી હરજી
૨ શેઠ ગંગાજર આસુ
૨ શેઠ મુળજી વીજપાલ
૨ શેઠ કલ્યાણજી ઉમરશી
૧ શેઠ મુલજી કુંવરજી લધાણી
૧ શેઠ મુલજી વેલજી રેસમવાલા
૧ શેઠ ડુંગરશી ગાગજી
૧ શેઠ વલભજી પુંજાભાઇ
૧ લખપશી હીરજી
૧ લાલદાસ ગીરધારી
૧ આણંદજી રામજી
૨ મુલજી ભીમજી દલાલ
૧ અંબાલાલ માણકેશ્વર બડોલીવાલા
૧ પીતાંબર મેઘજી
૨ ભોજા કરમણ
૧ શીવજી કેશવજી

નવાનગર.

૧ રા. સાલમભાઇ અજાન વકીલ